તરફ ૧૯૮૪-૮૬ દરમ્યાન ૨૦૦ થી ૮૦૦ મીટર નીચે દરિયામાં સંશોધન કરવામાં આવ્યું. ૧૯૮૭ના નવેમ્બર-ડિસે.ના સંશોધન વખતે સમુદ્ર નારાયણ મંદિરના દરિયા તરફથી ચૂનાના પથ્થરનું બાંધકામ મળ્યું. મંદિરની ચંદ્રશિલા જે ડૂબી ગયેલ પ્રાચીન મંદિરની હોવાનું જણાય છે. ૧૯૮૬ના એપ્રિલમાં થયેલ સંશોધન દરમ્યાન ત્રિકોણ અને ત્રિપાર્શ્વ આકારના પથ્થરનાં ૧૨૦ જેટલાં લંગરો (Anchors) મળ્યાં. દરેક લંગરને છિદ્રો હતાં. આ પ્રકારનાં છિદ્રોવાળાં લંગરો ઈ.પૂ. ૧૪ મીથી ૧૨મી સદી દરમ્યાન સાઈપ્રસ અને સિરિયામાં વપરાતાં હતાં. આ પુરાવા અનુસાર ઈ.પૂ. બીજી સહસ્રાબ્દીના મધ્યમાં આ સ્થળે વહાણ લાંગરવાનો ડક્કો (jetty) હોવો જોઈએ. ૧૯૮૬ના ડિસેમ્બરના સંશોધન વખતે કિલ્લેબંધ નગરના અવશેષો પ્રાપ્ત થયા હતા. દરિયાની સપાટીથી ૫.૭૪ થી ૬.૧૪ મીટર નીચેથી કિલ્લાનો બુરજ અને કોટ મળ્યા છે. કોટ પાસેથી છિદ્રવાળું પથ્થરનું લંગર મળી આવ્યું (પરમાર. ૨૦૦૩, ૧૮-૧૯).

૧૯૯૭-૨૦૦૨ દરમ્યાન શ્રી એ.એસ.ગૌર અને એમની ટીમને સમુદ્રીય ઉત્ખનન દરમ્યાન પ્રાપ્ત અવશેષોમાંથી છ પથ્થરનાં અને સીસાનાં લંગર, સીસાની લગડી (ingot), માટીના બે બાજુ હેન્ડલવાળા સાંકડા મોઢાના ઊભા પોટ (Amphorae) અને સાદા ઘડા પ્રાપ્ત થયા છે (ગૌર, સુંદરેશ, ત્રિપાઠી, બંદોદકર ૨૦૦૩, ૭૧-૭૨).

**કાનમેરના હડપ્પાકાલીન ટીંબા પરના ઉત્ખનનનો પ્રાથમિક અહેવાલ :**

કાનમેરનો હડપ્પાકાલીન ટીંબો કચ્છના રાપર તાલુકામાં કચ્છના નાના રણ પાસે આવેલો છે. ૧૯૮૫-૮૬ દરમ્યાન ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણના નિયામક ડૉ. આર.એસ. બિસ્તે કાનમેરના હડપ્પીય સ્થળે સર્વેક્ષણ કરેલું. ૨૦૦૫-૦૬માં ઉદેપુરની JRN રાજસ્થાન વિદ્યાપીઠના રાજસ્થાન સ્ટડીઝ ઇન્સ્ટિટ્યૂટ, ગુજરાત રાજ્ય પુરાતત્ત્વ ખાતું અને ક્યોટો, જાપાનના રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ ઑફ હ્યુમેનિટિ એન્ડ નેચરના પુરાતત્ત્વવિદોના સહયોગથી ઉત્ખનન હાથ ધરવામાં આવ્યું હતું.

કાનમેરના ટીંબાની ઉત્તરપૂર્વીય બાજુએ ઉત્ખનન કરતાં કિલ્લાની દીવાલ મળી આવી છે. જેના પાયાના ભાગમાં ૨મી. x ૮૦ સે.મી. x ૩૦-૪૦ સે.મી. ના મોટા પથ્થરના સ્લેબ મૂકેલા છે. ઉપરની તરફ જતાં એનું કદ નાનું થતું જાય છે. બંને તરફ કથ્થઈ રંગની માટી (સ્થાનિક ભાષામાં lilva)ના જાડા થર કરેલા છે. ટીંબાના ઉત્તરપૂર્વીય ઢોળાવ પર ખોદકામ કરતાં પક્વ હરપ્પીય કાલનાં મૃત્પાત્રો પ્રાપ્ત થયાં છે.

ટીંબાની પૂર્વ તરફના ખોદકામ દ્વારા કિલ્લાનું પ્રવેશદ્વાર મળ્યું હોવાનું જણાય છે. અહીંથી પક્વ, ઉત્તર હરપ્પીય અને ઐતિહાસિક કાલનાં મૃત્પાત્રો મળે છે. પરંતુ રહેઠાણના અવશેષો પ્રાપ્ય નથી. દક્ષિણ-પૂર્વ બાજુએ પણ કિલ્લાની બહારના ભાગમાં વસતી હોવાનું જણાતું નથી. ઉત્તર-ઉત્તરપૂર્વ તરફથી દક્ષિણ-દક્ષિણપશ્ચિમ તરફ જતી દુર્ગની દીવાલને અડીને એક લંબચોરસ ઓરડા જેવી રચના મળી છે. ઓરડાની પશ્ચિમ તરફની દીવાલને અડીને બીજો એક ઓરડો મળ્યો જેની પૂર્વની દીવાલ ૩.૭૨ મી માપની છે. બીજા સ્તરમાં ખોદકામ કરતાં નીચે ચાર માળ જેટલા લેવલ મળ્યા જેમાં સહુથી નીચેનો પક્વ હરપ્પીય કાલનો અને એની ઉપરના ત્રણ માળના લેવલ ઉત્તર હરપ્પીય કાલના છે. આ બધાં માળના લેવલ ઉપર ઘંટીઓ, હથોડાના પથ્થર, ખરબચડા લાલ માટીના ઘડાના ટુકડા, કાળા-લાલ રંગના સફેદ ચિત્રવાળા વાડકાના ટુકડા, આછાં પીળા અને લાલ રંગનાં મૃત્પાત્રો, માટીના મણકા, સેલખડી, છીપલાં વગેરેના અવશેષ પ્રાપ્ત થયા છે. સૌથી નીચેના માળ પરથી પક્વ હરપ્પીય મૃત્પાત્રો, વજનિયાં, અકીકની અને સેલખડીની પતરીઓ, સેલખડીના અને કાર્નેલિયનના મણકા મળ્યા છે. યુ-આકારનું રાંધવાનું વાસણ, પક્વ હરપ્પીય કાલના માળ પરથી મળ્યું છે, જે ૩૦ સે.મી.નું છે. કિલ્લાની દીવાલના ઉપરના ભાગમાં આવેલા એક મકાનના ફ્લોર પરથી લાલ માટીના અને સાંકડા મોંવાળા તૂટેલા ઘડામાં ભરેલા સેલખડીના અને અન્ય ૧૧,૭૦૭ જેટલા મણકા પ્રાપ્ત થયા છે.

સાંસ્કૃતિક કાલના ૧લા તબક્કામાં મળેલાં મૃત્પાત્રો, ઘડાના ટુકડા, ડ આકારની છિદ્રોવાળી બરણીઓ, પક્વ માટીનાં ચોસલાં, વજનિયાં અને મણકા પૂર્વ હડપ્પાકાલીન જણાય છે (ખરકવાલા et al. 2007 ).

૨જા તબક્કામાં પક્વ હડપ્પાકાલીન અશ્મીભૂત અવશેષો, બાંધકામની રચનાઓ અને કિલ્લાની દીવાલ ઉત્ખનનમાં મળે છે, આ સાંસ્કૃતિક તબક્કાના અંત ભાગનાં બે પ્રકારનાં મૃત્પાત્રો મળે છે : ૧. સફેદ રંગથી ચિતરેલાં કાળા અને લાલ મૃત્પાત્રો અને ૨. ખરબચડા લાલ રંગનાં મૃત્પાત્રો.

૩જા તબક્કામાં પક્વ હડપ્પાકાલીન મૃત્પાત્રો મળે છે. એના આકાર, ડિઝાઇન વગેરેમાં થોડું પરિવર્તન જોવા મળે છે.

૪થા તબક્કામાં ઐતિહાસિક કાલના પથ્થરનાં મકાનો, ચળકતાં લાલ મૃત્પાત્રો, બે હેન્ડલવાળા રોમન એમ્ફોરા, લોખંડની ચીજો, બ્રાહ્મી લિપિનાં મુદ્રાંકો (ઈ.સ.ના આરંભિક તબક્કાનાં) મળ્યાં છે.

૫મા તબક્કામાં મધ્યયુગીન પથ્થરની રચનાઓ ટીંબાના આસપાસના વિસ્તારમાંથી મળેલ છે. ઉત્ખનિત ખાડાના મધ્યભાગમાં બીજા અને ૩જા સ્તરોમાંથી મધ્યયુગીન લાલ મૃત્પાત્રો મળ્યાં છે.

ડેક્કન કૉલેજ, પુણેના ડૉ. પી.પી.જોગલેકર અને પંકજ ગોયેલે અસ્થિઓના અવશેષોનું પૃથક્કરણ કરેલું. આ ટીંબાના અવશેષો પર માટીના થર જામેલા. આંચળવાળા પ્રાણીઓ, પક્ષીઓ, માછલીઓ, સરકતા પ્રાણીઓ, કાચબા, ગોકળગાય વગેરેનાં હાડકાં ઓળખાયાં છે.

ઉત્તર હડપ્પાકાલના બળદ, ભેંસ, ઘેટા, બકરાં, ડુક્કર, હરણ, માંસાહારી પ્રાણીઓ, નાનાં સસલાં, ઉંદર જેવાં પ્રાણીઓનાં હાડકાં મળે છે. પક્વ હડપ્પાકાલના મુખ્યતઃ બળદ, ભેંસ, ઘેટાં-બકરાં, નીલગાય, હરણ, શાહુડી જેવાં પ્રાણીઓનાં હાડકાં (૯૬%) ઓળખાયાં છે. કુલ મળી ૨૫ જેટલાં પ્રાણીઓનાં હાડકાં ઓળખાયાં છે; જેમાં ૮ પાળેલાં પ્રાણીઓ (બળદ, ભેંસ, ઘેટું-બકરું, ભૂંડ, કૂતરો, બિલાડી, ઘોડો) અને ૧૪ જેટલાં જંગલી પ્રાણીઓ (નીલગાય, જંગલી હરણ, શાહુડી, સસલું અને ઉંદર)નો સમાવેશ થાય છે. બાકીનાં પક્ષીઓનાં, સરિસૃપ્, માછલીઓ, ગોકળ ગાય, કોચલું વગેરેનાં હાડકાં ઓળખાયાં છે (જોગલેકર et al. 2007).

આ પરથી હડપ્પાકાલ અને આરંભિક ઐતિહાસિક કાલમાં પાલતું પ્રાણીઓ મહત્ત્વની આર્થિક સંપત્તિ ગણાતી. પ્રજાની અનિવાર્ય પ્રવૃત્તિમાં પશુસંપત્તિ અને પશુપાલન મહત્ત્વનું ઘટક હતું એમ જણાય છે.

**વનસ્પતિજન્ય અવશેષો :**

ડૉ. અનિલ પોખરિયા (બિરબલ સાહની ઇન્સ્ટિટ્યૂટ ઑફ પૅલિયોબૉટની, લખનૌ)એ વૉટર ફ્લોટેશન ટેકનીક દ્વારા કરેલા સંશોધનમાં જુવાર, ઘઉં, ચોખા,વટાણા અને લીલા ચણા, બરૂ, કપાસ જેવા અનાજ અને કઠોળના અવશેષો ઓળખવામાં આવ્યા.

આમ કાનમેરના ટીંબામાં હાથ ધરાયેલ ઉત્ખનનમાંથી પક્વ અને ઉત્તર હડપ્પાકાલ તેમજ આરંભિક ઐતિહાસિક કાલના અવશેષો ઉપલબ્ધ થયા છે (ખરકવાલા, રાવત, ઓસાડા ૨૦૦૬-૦૭).

**વડનગરમાં ઉત્ખનન :**

મહેસાણા જિલ્લાના વડનગરમાં ગુજરાત રાજયના પુરાતત્ત્વ ખાતાના અધ્યક્ષ શ્રી વાય.એસ. રાવતની રાહબારી હેઠળ ૨૦૦૫-૦૬ થી ઉત્ખનન કાર્ય ચાલે છે. વડનગર એ ગુર્જરભૂમિનું એક પ્રાચીન નગર છે. આ નગર પ્રાચીનકાલમાં બૌદ્ધવિદ્યાનું એક મહત્ત્વનું કેન્દ્ર હતું, એમ પુરાતત્ત્વીય અને સાહિત્યિક સ્રોતો દ્વારા જણાય છે. ચીની મુસાફર યુ-અન-શ્વાંગ (ઈ.સ. ની ૭મી સદી)ની નોંધ અનુસાર વડનગર બૌદ્ધ વિદ્યાનું એક મોટું કેન્દ્ર હતું. અહીં આવેલા દસ બૌદ્ધ મઠોમાં હજાર કરતાં પણ વધુ બૌદ્ધ ભિક્ષુઓ રહેતા હતા. વડનગરનાં પ્રાચીન નામ આનર્તપુર, આનંદપુર, ચમત્કારપુર, વૃદ્ધનગર, સ્કંદપુર છે. શ્રીપાલ કવિરચિત વડનગર

પ્રશસ્તિ (વિ.સં. ૧૨૦૮ = ઈ.સ. ૧૧૫૨)માં આનંદપુર ઉપરાંત 'નગર' નામ પણ વડનગરનું જણાવાયું છે. એને 'અર્કસ્થલી' અને 'કાલનગર' પણ કહેતા (પરીખ શાસ્ત્રી શેલત. ૨૦૦૪).

પ્રાચીન નગર વડનગરના છ દરવાજાઓમાંના એક ઘાસકોલ દરવાજા નજીક કરવામાં આવેલ ઉત્ખનનમાંથી બૌદ્ધ મઠ(વિહાર)ના અવશેષો ઈ.સ.ની ૨જીથી ૭મી સદીના પ્રાપ્ત થયા છે (ચિત્ર નં.૪). ઉત્ખનન સ્થળનો ઘેરાવો ૧૪.૦૪ ચોરસ મીટર છે. ઉત્તર તરફ પગથિયાંની બે સીડીઓ સાથેના પ્રવેશદ્વારથી જોડાયેલ સાંકડો વરંડો મળ્યો છે. મઠની ઉત્તરપૂર્વ તરફની બાજુએ બે અર્પિત (Votive) સ્તૂપ મળ્યા છે, જેમાંનો એક વૃત્તાકાર અને બીજો ચોરસ છે. આ સ્તૂપ લગભગ ૫મી સદીના જણાય છે (ચિત્ર નં. ૫).

ઉત્ખનનમાંથી ઘણી કિમતી પ્રાચીન વસ્તુઓના અવશેષો મળ્યા છે, જેમાં અલગ અલગ જાતનાં મૃત્પાત્ર, ઈ.સ.ની ૩જી-૪થી સદીમાં મેસોપોટેમિયામાં ઉપલબ્ધ મોટી 'ટૉરપેડો' બરણી જેવા બરણીના અવશેષો મળ્યા છે. કિલ્લેબંધ નગરના દક્ષિણ મધ્ય ભાગમાં દુર્ગા માતાના મંદિરનો વિસ્તાર છે, જ્યાં ૧૮ ચો.મી.ના વિસ્તારમાં ઊંડું ખોદકામ કરતાં ૪થી સદી ઈ.પૂ. થી અત્યાર સુધી નગરની ક્રમબદ્ધતા જોવા મળે છે. રહેણાંકનાં મકાનોના અવશેષોવાળો લાંબો કોણાકાર વિસ્તાર ઉદ્દ્ઘાટિત થતાં લગભગ ઈ.સ.ની ૧લીથી ૧૨મી સદી સુધીના ૧૨૦૦ વર્ષ દરમ્યાન થયેલ નગરવિકાસની પ્રતીતિ કરાવે છે. સૌથી જૂની ઇંટેરી રચના, જેના ઉપરના ભાગમાં કાળી બળેલી ઇંટોનું બાંધકામ છે એ પ્રાક્ ક્ષત્રપકાલની જણાય છે. એ દીવાલમાં વપરાયેલી ઈંટોનું માપ લંબાઈ, પહોળાઈ અને જાડાઈમાં ૪૧ સેમી. x ૧૭ સેમી x ૮ સેમી. છે.

અહીંથી પ્રાપ્ત પ્રાચીન વસ્તુઓમાં એક સુવર્ણની વૃત્તાકાર મુદ્રા મળી છે, જેના પર બ્રાહ્મી લિપિમાં 'श्रीबालिशरस्य' એવું લખાણ વંચાય છે (ચિત્ર નં. ૬). આ ઉપરાંત થોડાક રાજા શર્વ ભટ્ટારકના તાંબાના સિક્કા, મનુષ્યો અને પ્રાણીઓનાં માટીનાં પક્વ શિલ્પો, કિમતી પથ્થર અને પક્વ માટીના મણકા, શંખની બંગડીઓ અને બ્રાહ્મી લખાણવાળાં પક્વ માટીનાં મુદ્રાંકો મળ્યાં છે.

ખારી કૂઈ વિસ્તારના ઉત્ખનનમાંથી પ્રાપ્ત ઈંટેરી ચણતર પરથી આ નગરનો ક્રમશઃ ધીરે ધીરે વિકાસ થયેલો જોવા મળે છે. અહીં લગભગ ૧૭.૮૫ મીટર સુધી ઊંડું ખોદકામ કરવામાં આવ્યું હતું. ઉપલબ્ધ પુરાવાઓને આધારે જણાય છે કે નગરના આ વિભાગમાં એક શેરી ઉત્તરથી દક્ષિણ તરફ પસાર થતી હતી જે દક્ષિણમાં કિલ્લાની લગોલગ પસાર થતી મુખ્ય શેરી સાથે ઉત્તરમાં દરબારગઢને સાંકળતી હતી. સૌથી ઉપરના સ્તરમાં ઈ.સ.ની ૧૯મી સદીના અંતભાગનાં મકાનો જોવા મળ્યાં. ૫.૭૦ મીટર ઊંડાણમાં પ્રાક્ ક્ષત્રપકાલીન ઇંટેરી રચના પ્રાપ્ત થાય છે. મધ્ય સ્તરમાં કેટલાક થાંભલા ગોડવા માટેનાં કાણાં સફેદ માટીના થરવાળા માળ (ફ્લોર) ઉપર મળ્યાં છે. જે વસાહતના આરંભકાલની (ઈ.પૂ. ૪ થી ઈ.પૂ. ૧લી સદી) લાકડાના બાંધકામની રચના હોવાનું જણાવે છે.

આ ટીંબામાંથી ઉપલબ્ધ લાલ અને કાળા માટીના વાડકા, ફૂલદાની, બરણીઓ અલગ અલગ આકારના હોવાથી અહીં માટીકામનો ઉદ્યોગ પ્રચલિત હોવાનું જણાય છે. આહત સિક્કા, ચાંદી અને તાંબાના અન્ય સિક્કા, મણકા, બંગડીઓ, શિલ્પો, પાસાં, પક્વ માટીનાં મુદ્રાંક અને ધાતુની વસ્તુઓ અહીંથી પ્રાપ્ત થઈ છે. એક પક્વ માટીના મુદ્રાંક પર એક બાજુ બ્રાહ્મી લખાણની છાપ અને બીજી બાજુ રોમન સિક્કાની છાપ હોવાથી (ચિત્ર નં. ૭) આરંભિક ઐતિહાસિક કાલમાં આ સ્થળે રોમાન સામ્રાજ્ય સાથે વેપારી સંબંધો હોવાનું સૂચન કરે છે (રાવત ૨૦૦૮-૦૯).

**તારંગાના ગિરિદુર્ગનું સર્વેક્ષણ :**

તાજેતરમાં ગુજરાત રાજ્ય પુરાતત્ત્વ ખાતાના નિયામક શ્રી વાય.એસ.રાવત અને એમની ટીમે તારંગા ડુંગરનું ઔપચારિક સર્વેક્ષણ કર્યું હતું. એનો મુખ્ય હેતુ ઉત્તર ગુજરાતની બે પ્રાચીન બૌદ્ધ વસાહતો તારંગા અને વડનગર વચ્ચેના સંબંધો સ્થાપિત કરવાનો હતો. આ બંને સ્થળ એકબીજાથી ૨૦ કિમી.ના અંતરે

આવેલ છે. પ્રાથમિક સર્વેક્ષણ પરથી તારંગા ડુંગર પર એક વસાહતની સાથે એક દુર્ગાશ્રિત (fortified) વસાહત પણ જોવા મળી. પર્વતના અલગ અલગ શિખરોના ઢોળાવો પર ઘણા બાંધેલા આવાસોના અવશેષો પ્રાપ્ત થયા. સાંકડા ટેરેસોની સાથે કુદરતી શૈલાશ્રયો જોવા મળ્યા.

અહીંના પ્રાચીન દુર્ગ વિશે સાહિત્યિક કે આભિલેખિક ઉલ્લેખો પ્રાપ્ત થતા નથી. મૈત્રકોનાં તામ્રપત્રો (ઈ.સ. ૪૭૦-૬૪૮ સુધીના)માં આનર્તપુરના ઉલ્લેખ છે, જેને ઇતિહાસવિદો વડનગરના એક પ્રાચીન નામ તરીકે ગણાવે છે. ગુર્જર પ્રતીહાર રાજા મિહિરભોજ (ઈ.સ. ૮૩૬-૮૮૫)ની ગ્વાલિયર પ્રશસ્તિમાં આનર્તના ગિરિદુર્ગનો ઉલ્લેખ છે.

તારંગાના સૌથી ઊંચા શિખરની દક્ષિણપૂર્વ તરફ દુર્ગાશ્રિત વસાહત અને બીજી એ શિખરની પશ્ચિમ બાજુએ ખુલ્લી વસાહત હતી. દુર્ગના બે દરવાજા પૂર્વ અને પશ્ચિમ તરફ હતા અને એની વચ્ચેનો ઘેરાવો ૩ કિમી. કરતાં વધુ હતો. કિલ્લેબંધ રચનામાં સિદ્ધશિલા-મલ્લીનાથ શિખર એક તરફ અને બીજી તરફ અજિતનાથ મંદિરને ફરતો ટેકરીઓવાળો સહેજ નીચાણમાં નજીકનો વિસ્તાર હતો. કિલ્લેબંધ વિસ્તારની દક્ષિણપૂર્વે અજિતનાથ મંદિર આવેલું છે.

કિલ્લાનું બાંધકામ આરંભિક ઐતિહાસિક કાલનું હોવાનું માલૂમ પડે છે. તારણમાતા ધારણમાતાનાં મંદિર ખડકની વચ્ચે બનાવેલાં નાનાં પગથિયાંવાળા કુંડની ઉપર આવેલાં છે. કુંડની પાસેના ઈંટેરી ચણતર પર પદ્માસનમાં બેઠેલ બે બુદ્ધની મૃણ્મય મૂર્તિઓ પ્રાપ્ત થઈ છે, જે દેવની મોરી (શામળાજી પાસે)ના મહાસ્તૂપમાંથી પ્રાપ્ત ઈ.સ.ની ૪થી સદીની મૂર્તિઓ સાથે સામ્ય ધરાવે છે. આ ઇંટેરી ચણતરની ઈંટોનું માપ ૪૦ સેમી. x ૨૪/૨૬ સેમી. x ૪ સેમી. લંબાઈ, પહોળાઈ અને જાડાઈમાં છે. તારંગાની સાઈટ પરથી પ્રાક્ ક્ષત્રપ અને ક્ષત્રપ કાલના મૃત્પાત્રોના અવશેષો મળ્યા છે. એક ગુફાશ્રયમાંથી લોખંડના પાત્રનો ભાંગેલો ટુકડો મળ્યો છે. માટીકામની વસ્તુઓમાં લાલ, ભૂખરા, કાળા અને લાલ રંગનાં પોલીશવાળાં મૃત્પાત્રોમાં પ્યાલા-રકાબી જેવાં ઢાંકણાં, બહિર્ગોળ વાડકા, હલકી મધ્યમ માપની બરણીઓ, સાંકડા લાંબા મોંવાળી અણઘડ કિનારીવાળી ફૂલદાની વગેરે ઉપલબ્ધ થયાં છે.

સિદ્ધ-શિલા શિખરની પશ્ચિમે ૨૦ મીટર નીચે તારંગાનું બીજું ઊંચું શિખર જોગીડા શિખર છે. એમાં અસંખ્ય મોટી ગ્રેનાઈટની શિલાઓ અને જોગીડા ગુફા છે. જેમાં આ મોટી શિલાઓની નીચે ચાર ધ્યાની બુદ્ધોની પેનલ છે. તારણમાતાની દેરીની નીચે નાનો શૈલમાં કોતરેલો કુંડ છે, જેમાં પાક ઉગાડવા માટે વરસાદના પાણીનો સંગ્રહ કરવામાં આવતો. ધારણ અને તારણમાતાની દેરીઓની નીચે ઝરા આગળ પથ્થરની દીવાલના અવશેષો મળ્યા છે, જે ૧૧૦ સે.મી. x ૮૦ સે.મી.ના છે. સાંકડા ઝરા વચ્ચે નાનો બંધ બાંધેલો હોવો જોઈએ.

તારંગા ડુંગર પરના આ સર્વેક્ષણ પરથી જણાય છે કે તારંગાનો ગિરિદુર્ગ ખૂબ મજબૂત હતો, જેની દીવાલોના અવશેષ અત્યારે તારંગાનાં ઊંચાં શિખરો પર જોવા મળે છે. અહીં પ્રાક્ ક્ષત્રપકાલથી કિલ્લેબંધ વસાહત હોવાનું અને આનર્તપુર નામ આ વસાહત માટે પ્રયોજાયું હોવાનું જણાય છે. આ કિલ્લો નાગરિકોના રક્ષણ માટે અને સૈન્યના ઉપયોગ માટે હશે અને પર્વતના શિખરોના ઢોળાવો પરની વસાહતો બૌદ્ધ ગુફાઓમાં આશ્રય કરતી હશે. પર્વત પરની કુદરતી ગુફાઓમાં નિવાસ કરતી આવી વસાહતો પ્રાચીન ભારતમાં ભાગ્યે જ જોવા મળતી.

મૈત્રક રાજાઓનાં તામ્રપત્રો (ઈ.સ. ૫૦૫-૬૪૮)માં આનર્તપુર - આનંદપુરના બ્રાહ્મણોને ભૂમિદાન આપ્યાનાં ઉલ્લેખો આવે છે. આ બ્રાહ્મણો આ નગરના નિવાસી હોય કે બહારથી આવીને વસેલા હોય. મૈત્રક રાજાઓએ ઈ.સ. ૭૮૮ સુધી રાજ્ય કર્યું, પરંતુ ઈ.સ. ૬૪૮ પછીના મૈત્રકોના તામ્રપત્રોમાં આનર્તપુરનો નિર્દેશ નથી. આથી ઈ.સ. ૬૪૮ પછી આનર્તપુર નામ વહીવટી દસ્તાવેજોમાં પ્રયોજાતું ન હોય. યુ-અન-શ્વાંગની આનંદપુર(વડનગર)ની મુલાકાત (ઈ.સ. ૬૪૧)થી આ હકીકતને સમર્થન મળે છે.

પુરાતત્ત્વીય ઉત્ખનનોથી પણ વડનગર એક કિલ્લેબંધ નગર શરૂઆતથી જ હોવાનું અને ૧૦મી સદી સુધી વિશાળ વિસ્તારમાં પથરાયેલું હોવાનું પુરવાર થયું છે (સુબ્બારાવ અને મહેતા. ૧૯૫૪). વડનગર, તારંગા અને શામળાજી પાસે દેવની મોરીનો પણ સમાવેશ ઉત્તર અને ઉત્તર-પૂર્વ ગુજરાતના આ વિસ્તારમાં થતો હોય. આ બધા વિસ્તારોમાંથી બૌદ્ધ અવશેષો મળે છે. જો કે યુ-અન-શ્વાંગે વડનગરથી માત્ર ૨૦ કિમી. દૂર આવેલા તારંગાનો નિર્દેશ કર્યો નથી. તાજેતરના તારંગા ડુંગરના સર્વેક્ષણથી અહીં બૌદ્ધ વસાહત હોવાનું પુરવાર થાય છે. આમ ઈ.સ.ની ૭મી સદીના મધ્ય ભાગથી આનર્તપુર નામ લુપ્ત થયું હોવું જોઈએ (રાવત. ૨૦૦૯).

## અભિલેખો અને સિક્કાઓ

અભિલેખો અર્થાત્ શિલા, ધાતુ વગેરે ટકાઉ પદાર્થો પર કોતરેલાં લખાણો 'સાહિત્યિક સાધનોની જેમ વ્યક્તિ વિશેષો, ઘટનાવિશેષો અને સ્થળવિશેષો વિશે વિપુલ માહિતી પૂરી પાડે છે. એ સમકાલીન ઘટનાઓનું પ્રમાણિત નિરૂપણ છે અને કેટલીક વાર ભૂતકાળના બનાવોની નોંધ પણ કરે છે. અભિલેખોની અગત્ય એ છે કે એમાં લખાણોનાં મૂળ લિપિમરોડ અને ભાષાસ્વરૂપ એવા ને એવા સ્વરૂપે જળવાઈ રહે છે.

ઐતિહાસિક કાલના સહુથી જૂના અભિલેખો મૌર્ય સમ્રાટ અશોક(ઈ.પૂ. ૨૭૩-૨૩૭)ના ગિરનાર શૈલલેખો છે. એ આ મહાન મૌર્ય સમ્રાટે કોતરાવેલ ધર્માનુશાસનો કે ધર્મલિપિઓ તરીકે પ્રસિદ્ધ છે. આજ સ્થળે અશોકના શૈલલેખોની બાજુમાં કાર્દમક મહાક્ષત્રપ રુદ્રદામાનો શૈલલેખ (શક સં. ૭૨ - ઈ.સ. ૧૫૦) અને તેની પાસે ગુપ્ત- સમ્રાટ સ્કંદગુપ્તનો (ગુપ્ત સં. ૧૩૬, ૧૩૭, ૧૩૮ - ઈ.સ. ૪૫૫-૫૭) નો શૈલલેખ કોતરેલ છે. રુદ્રદામાના શૈલલેખમાં ગિરિનગરનું સુદર્શન તળાવ અગાઉ મૌર્ય રાજા ચંદ્રગુપ્તના રાષ્ટ્રીય (રાજયપાલ) પુષ્યગુપ્ત વૈશ્યે બંધાવેલું અને સમ્રાટ અશોકના રાષ્ટ્રીય યવનરાજ તુષાસ્ફે એમાંથી નહેરો કઢાવી સિંચાઈની સગવડ કરેલી એવો પૂર્વકાલીન વૃત્તાંત આપવામાં આવ્યો છે. આરંભમાં સુદર્શન તળાવના તૂટી ગયેલા બંધનું સમારકામ કાબેલ અમાત્ય સુવિશાખે કર્યું તેની વિગતો આપવામાં આવી છે. ગુપ્ત સમ્રાટ સ્કંદગુપ્તના શૈલલેખમાં અતિવૃષ્ટિ અને પૂરથી સુદર્શન તળાવના સેતુનો નાશ થયાની (ગુ.સં. ૧૩૬) ને બીજે વર્ષે ગિરિનગરના ગોપ્તા (નગરપાલક) ચક્રપાલિતે સમરાવ્યાની (ગુ.સં. ૧૩૭) તેમજ ગુ.સં. ૧૩૮માં (ઈ.સ. ૪૫૭-૫૮) જળાશયના પરિસરમાં ચક્રભૃત્ વિષ્ણુનું મંદિર બંધાવ્યાની વિગતો પ્રાપ્ત થાય છે. આમ એક જ શૈલ ગિરનારના આ શૈલલેખો ગુજરાતના ઇતિહાસના પોણા આઠસો વર્ષની તાસીર રજૂ કરે છે અને ભાષા તથા લિપિને ક્ષેત્રે થયેલ વિકાસ અને પરિવર્તનો પ્રજાજીવન, સમાજોપયોગી કાર્યો, ધર્મ વગેરેની ઝાંખી કરાવે છે અને એ રીતે ગુજરાત તેમજ ભારતના ઇતિહાસમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

મૌર્યકાલ પછી ભારતીય યવન રાજાઓના સમયમાં તેમના સિક્કા ગુજરાત અને સૌરાષ્ટ્રમાં મળ્યા છે. અપલદત અને મિનેન્ડર (ઈ.પૂ. ૨જી સદી)ના સિક્કા ભરૂચમાં ઈ.સ.ની ૧લી સદી સુધી ચલણમાં હતા. મિનેન્ડરના ચાંદીના ગોળ દ્રમ્મ પર ગ્રીક અને પ્રાકૃત ભાષામાં અને ગ્રીક તેમજ ખરોષ્ઠી લિપિમાં Basilios soteros Menandrau-રાજા તારણહાર મિનેન્ડર (સિક્કાનો અગ્રભાગ)- महरजस त्रतरस मेनद्रस (પૃષ્ઠભાગ) એવું લખાણ છે. અપલદતના ચાંદીના અને તાંબાના ગોળ સિક્કા મળે છે.

ક્ષત્રપકાલ એ ગુજરાતના પ્રાચીન ઇતિહાસનો એક દીર્ઘ કાલ છે. પશ્ચિમી ક્ષત્રપ રાજાઓમાં ક્ષહરાત કુલના ભૂમક અને નહપાનનું રાજ્ય હતું. નહપાનના નાસિકના ગુફાલેખોમાંના ઉલ્લેખો પરથી તેમના રાજ્યમાં રાજસ્થાન, ગુજરાત, માળવા અને મહારાષ્ટ્રનો સમાવેશ થતો. ક્ષત્રપોના બીજા કુલ કાર્દમક ક્ષત્રપોમાં રાજા ચાષ્ટનના કચ્છના અંધૌ ગામમાંથી પ્રાપ્ત ચાર યષ્ટિલેખ (પથ્થરની ઊભી લાટ પરનું લખાણ) શક વર્ષ પર (ઈ.સ. ૧૩૦)ના છે. તાજેતરમાં ત્યાંથી પ્રાપ્ત લેખ શક વર્ષ ૧૧ નો તેમજ બીજો કચ્છના દોલતપુરમાંથી પ્રાપ્ત શક વર્ષ ૬નો છે. ચાષ્ટનના સમયના નવા શોધાયેલા આ બે લેખો દ્વારા શક સંવતનો પ્રવર્તક કાર્દમક

ક્ષત્રપ રાજા ચાષ્ટન હોવાનું નિશ્ચિત રીતે પુરવાર થઈ શક્યું છે. એના 'ક્ષત્રપ' અને 'મહાક્ષત્રપ' બંને બિરુદોવાળા સિક્કા મળે છે. ચાષ્ટનનો પૌત્ર રુદ્રદામા પશ્ચિમી ક્ષત્રપ રાજાઓમાં સૌથી મહાન અને પ્રભાવશાળી રાજા હોવાનું એના જૂનાગઢ શૈલલેખ પરથી જણાય છે. એના સમયના અંધૌ અને ખાવડામાંથી શિલાલેખ અને સિક્કાઓ પ્રાપ્ત થયા છે. રુદ્રસિંહ ૧લાના સિક્કાઓમાં સહુ પ્રથમ વાર શક સંવતની મિતિ જોવા મળે છે. એના મૂલવાસરના શક વર્ષ ૧૨૨ (ઈ.સ. ૨૦૦)ના શિલાલેખમાં એને મહાક્ષત્રપ કહ્યો છે. ક્ષત્રપ રાજા વિજયસેન, રુદ્રસેન અને વિશ્વસિંહના ચાર સિક્કા માણસામાંથી મળ્યા છે. ૧૯૮૬માં ક્ષહરાત ક્ષત્રપ રાજા નહપાનનો ૬૨ સિક્કાનો નિધિ ખામટા(જિ. રાજકોટ)માંથી મળેલો. આ સિક્કાના અગ્રભાગ પર રાજાની મુખાકૃતિ અને પૃષ્ઠ ભાગ પર ગ્રીક-રોમન ભાષામાં લખાણ છે. મધ્યમાં વ્રજ જેવું ચિહ્ન છે. (જમીનદાર ૨૦૦૫).

ક્ષત્રપ કાલના ચાંદીના, લખાણવાળા સિક્કા આ સમયના ઇતિહાસનું મુખ્ય સાધન છે. આ સિક્કા ગોળ ચાંદીના અને કદમાં નાના હોવા છતાં એના પૃષ્ટ ભાગ પર સિક્કા પડાવનાર રાજાનું નામ, તેના પિતા કે પુરોગામીનું નામ, તેમનાં બિરુદો, પ્રાકૃત ભાષા અને બ્રાહ્મી લિપિમાં તથા અગ્રભાગ પર રાજાનું ઉત્તરાંગ અને સિક્કા પડાવ્યાનું વર્ષ આપવામાં આવતું. ક્ષહરાત અને કાર્દમક કુલના લગભગ ૨૦ રાજાઓની વંશાવલી અને સમય એમના સિક્કાલેખો અને શિલાલેખો પરથી જાણવા મળે છે (ચિત્ર નં. ૮).

૧૯૮૫ માં જૂનાગઢમાંથી ક્ષત્રપ રાજાઓના ચાંદીના સિક્કાઓનો એક નિધિ મળ્યો છે, જેમાં મોટા ભાગના સિક્કા કાર્દમક વંશના છેલ્લા રાજા સ્વામી રુદ્રસેન ૩જાના છે. બે સિક્કા પર શક વર્ષ ૩૩૩ (ઈ.સ. ૪૧૧) અને ૩૩૭ (ઈ.સ. ૪૧૫) આપેલાં છે. આ સિક્કાની શોધ પહેલાં સ્વામી રુદ્રસેન ૩જાના શક વર્ષ ૩૨૦ સુધીના સિક્કા મળતા હતા. આ સિક્કા પર શક વર્ષ ૩૩૭ હોઈ આ રાજાનું શાસન શક સં. ૩૩૭ (ઈ.સ. ૪૧૫) સુધી ચાલુ હોવાનું જણાય છે (જમીનદાર. ૨૦૦૬).

શામળાજી પાસે દેવની મોરીના ઉત્ખનનમાંથી (૧૯૬૦-૬૩) મળી આવેલ સ્તૂપની અંદર માટીના પાત્રમાં રહેલ પથ્થરના દાબડા પર સંસ્કૃત પદ્યમાં લેખ કોતરેલો છે. લેખમાં જણાવ્યા અનુસાર પહેલાં આ સ્થળે મહાવિહાર બંધાયો હતો અને એના આશ્રયે રાજા રુદ્રસેનના રાજ્યકાલ દરમ્યાન કથિક રાજાઓના ૧૨૭મા વર્ષે અગ્નિશર્મા અને સુદર્શન નામના બે બૌદ્ધ ભિક્ષુઓએ વિહારની ઉત્તરે મહાસ્તૂપ બંધાવ્યો અને શૈલસમુદ્ગક(પથ્થરના દાબડા)માં ભિક્ષુ મહાસેને દશબલ(બુદ્ધ)ના દેહાવશેષ પધરાવ્યા હતા. દાબડાના ઢાંકણાની બહારના, બાજુના અને અંદરના ભાગમાંના લેખમાં પાલિ ત્રિપિટકમાંનું બાર નિદાનોની ઉત્પત્તિ અને એના નિરોધનું રહસ્ય દર્શાવતું સૂત્ર કોતરેલું છે (મહેતા અને ચૌધરી. ૧૯૬૩).

અમરેલીના ગોહિલવાડ ટીંબાના ઉત્ખનન (૧૯૩૫ અને ૧૯૪૫, ૧૯૫૨-૫૩)માંથી ૨૦૦૦ જેટલા ગુપ્ત સમ્રાટ કુમારગુપ્તના અને ૩૦૦ જેટલા ક્ષત્રપ રાજાઓના સિક્કા પ્રાપ્ત થયા છે. એમાં ક્ષત્રપોના ચાંદીના સિક્કાઓમાં રુદ્રસેન ૨જાના ત્રણ, વિશ્વસિંહનો એક, ભર્તૃદામાના બે અને મહાક્ષત્રપ સ્વામી રુદ્રસેન ૩જાના બે સિક્કાઓનો સમાવેશ થાય છે. તાંબાના સિક્કામાં ૭ ચોરસ સિક્કા રુદ્રસેન ૩ જાના જણાય છે. સીસાના બધા સિક્કા આ રાજાના છે, જ્યારે પૉટનના સિક્કા વીરદામાના હોવાનું જણાય છે (અહેવાલ, બરોડા સ્ટેટ આર્કિયોલોજી, ૧૯૩૬-૩૭. પૃ. ૧૭થી).

ગુપ્ત સમ્રાટ કુમારગુપ્ત ૧લાના સમય દરમ્યાન (લગ. ઈ.સ. ૪૧૫-૪૫૫) ગુજરાતમાં ગુપ્ત સામ્રાજ્યની સત્તા પ્રસરી. આ રાજાના ચાંદીના સિક્કા અમદાવાદ, સાણંદ, ભૂજ, ભાવનગર, વલભીપુર, મોરબી, જૂનાગઢ, અમરેલી, ખેડા અને આણંદમાંથી મળ્યા છે. એમાં કેટલાંક સ્થળોએ તો સેંકડો અને હજારો સિક્કાઓના નિધિ પ્રાપ્ત થયા છે, જેમાંના ઘણા સિક્કા ગુજરાતનાં મ્યુઝિયમોમાં જળવાયા છે. વીરમગામ તાલુકાના કુમરખાણ ગામમાં ગુપ્ત સમ્રાટોના સોનાના સિક્કાઓનો એક નાનો નિધિ મળેલો, જેમાં સમુદ્રગુપ્તનો

૧, કાચગુપ્તના ૨, ચંદ્રગુપ્ત ૨ જાના ૫ અને કુમારગુપ્ત ૧લાના ૧ સિક્કાનો સમાવેશ થાય છે. એમાં કુમારગુપ્તનો સિક્કો ધનુર્ધારી પ્રકારનો છે (સિંઘલ ૧૯૫૩). કુમારગુપ્તના ચાંદીના સિક્કાના અગ્રભાગ પર રાજાનું ઉત્તરાંગ અને પૃષ્ઠ ભાગ પર ગુપ્તવંશના રાજચિહ્ન ગરુડની આકૃતિ તથા વર્તુળાકારે કિનારી પર परमभागवत-महाराजाधिराज श्रीकुमारगुप्त-महेन्द्रादित्य એવું લખાણ સંસ્કૃત ભાષા અને ગુપ્તકાલીન બ્રાહ્મી લિપિમાં લખેલું હોય છે. ચંદ્રગુપ્તના પણ ચાંદીના સિક્કા પશ્ચિમ ભારતમાં ઘણા મળે છે. ગુજરાત સૌરાષ્ટ્રમાં પૃષ્ઠ ભાગ પર ગરુડ કે નંદિના ચિહ્નવાળા અને કચ્છમાં વેદીના ચિહ્નવાળા સિક્કા મળે છે.

ગુપ્તશાસન બાદ વલભીના મૈત્રક રાજાઓની સ્વતંત્ર સત્તા ગુજરાતમાં સ્થપાઈ. આ રાજાઓનાં ઘણાં દાનશાસનો છેલ્લાં પચાસ વર્ષ દરમ્યાન ગુજરાત સૌરાષ્ટ્રનાં વિવિધ સ્થળોએથી પ્રાપ્ત થયાં છે. એમાં દાતા રાજાની અને એના પુરોગામી રાજાઓની પ્રશસ્તિ અને (વલભી) સંવતનું વર્ષ આવેલું હોય છે, જેના પરથી મૈત્રક રાજાઓની વંશાવળી અને સાલવારી ગોઠવી શકાય છે. વિજય છાવણીઓનાં સ્થાન, વહીવટી વિભાગો, અધિકારીઓનાં નામ, હોદ્દાઓ, વિવિધ કરવેરા, જમીન માપવાની પદ્ધતિઓ વગેરે વિશે જાણકારી પ્રાપ્ત થાય છે.

આ સમય દરમિયાન દક્ષિણ ગુજરાતમાં થયેલાં બીજાં નાનાં નાનાં રાજયો વિશે પણ તેમનાં તામ્રપત્રો પરથી માહિતી પ્રાપ્ત થાય છે. તળ-ગુજરાતમાં દખ્ખણના રાષ્ટ્રકૂટ રાજાઓની લાટ શાખાના રાજા ધારાવર્ષ ધ્રુવરાજનું શક સંવત ૭૪૪ (ઈ.સ. ૮૨૨) નું કલોલી તામ્રપત્ર તાજેતરમાં પ્રાપ્ત થયું છે. આ દાનપત્રમાં કોલીપલ્લિકા ગામનું દાન બ્રાહ્મણોને અપાયું છે, જે હાલનું કલોલી (તા. માતર, જિ. ખેડા) હોવાનું મનાય છે (શેલત. ૨૦૦૪).

મૈત્રક રાજા ધ્રુવસેન ૧લાના કુકડ દાનશાસન(વલભી સં. ૨૦૬-ઈ.સ. ૫૨૫)માં હસ્તવપ્ર (હાલનું હાથબ) આહરણી (જિલ્લો)માંના કુક્કુટ ગ્રામ (હાલનું કુકડ - તા. ઘોઘા, જિ. ભાવનગર) માં પ્રતીહાર મમ્મકે આદિત્યદેવના પૂજન માટે તેમજ મંદિરના સંસ્કરણ માટે અમુક ભૂમિનું તથા એક વાવ અને બે કૂવાઓનું દાન આપ્યું હોવાનો ઉલ્લેખ છે (પરીખ, શેલત. ૧૯૮૮)

ધ્રુવસેન ૨જાના વલભી સં. ૨૦૭ (ઈ.સ. ૫૩૬) ઘુનડા-ખાનપર (જિ. રાજકોટ, તા. મોરબી) દાનશાસનમાં કચ્છના પુષ્યતરીના નિવાસી ભાગુરી ગોત્રના મૈત્રાયણી શાખાના બ્રાહ્મણ કુમારને રાજમિત્રાણકપદ નામે ગામ દાનમાં આપ્યાનો ઉલ્લેખ છે. શીલાદિત્ય ૬ઠ્ઠાના વલભી સં. ૪૨૫ (ઈ.સ. ૭૪૪)ના આસોદર તામ્રપત્રમાં આનંદપુર (વડનગર)થી આવેલા, શાર્કરાક્ષિ ગોત્રના ઋગ્વેદની બહ્‌વૃચ શાખાનો સ્વાધ્યાય કરતા બે બ્રાહ્મણોને બદરસિદ્ધિ (બોરસદ) પંથક (તાલુકા)માં આવેલ અસત્થપદ્ર (આસોદર) ગામની ભૂમિ દાનમાં આપી હતી એમ જણાવાયું છે (શાસ્ત્રી, પરીખ, અત્રિ. ૧૯૭૨).

સને ૧૯૫૫ માં થાણા જિ.ના દહાણું તાલુકાના ચિંચણી ગામની સીમમાંથી પાંચ દાનશાસન મળેલાં, જેમાંનું શક સં. ૮૪૮ વૈશાખ સુદ (ઈ.સ. ૯૨૬, ચોથી એપ્રિલ) નું દાનપત્ર ત્રણ પતરાં પર અંદરની બાજુએ કોતરેલું છે. રાષ્ટ્રકૂટ રાજા ઈન્દ્રરાજ ૩જા આ દાનપત્રમાં સંયાન (સંજાણ) ને લગતો પ્રાચીન ઉલ્લેખ છે. ઈન્દ્રરાજ ૩જાના માંડલિક અરબ જાતિના મહમદ સુબકતે સંયાનમાં આવેલ મઠિકાને ભૂમિદાન આપ્યું એ ખાસ નોંધપાત્ર છે. સંયાનમાં ત્યારે પંચગૌડીય બ્રાહ્મણોની મહાપર્ષદ હોવાનું આ લેખ પરથી જણાય છે. લેખમાં સંબોધિત 'હંયમાન' (અંજુમન) અર્થાત્ પારસી વસાહતનો નિર્દેશ છે. કૃષ્ણરાજ ૩જાના સમયના ચિંચણી દાનશાસનમાં કૌતુકકૃત મઠિકાને દાન આપ્યાનો નિર્દેશ છે. એ મઠિકામાં ભગવતીનું મંદિર હતું ને વેદાભ્યાસીઓની મહાપર્ષદ હતી. દેવસેવા કરનાર ભિલ્લમાલના વણિક અમાત્યો હતા.

સોલંકી કાલ એ ગુજરાતના ઈતિહાસનો સુવર્ણકાલ હતો. આ કાલનાં આભિલેખિક સાધનો વિપુલ પ્રમાણમાં મળે છે. સોલંકી રાજા કર્ણદેવ ૧લાના વિ.સં. ૧૧૪૦ પોષ વદિ ૧૪(૮ જાન્યુ., ઈ.સ. ૧૦૮૪)ના

લાડોલ (જિ. મહેસાણા) તામ્રપત્રો (સંસ્કૃત ભાષાના)માં કર્ણદેવે ટાકવધી (હાલનું ટાકોદી) ગામના મહામાત્ય શ્રી પ્રદ્યુમ્ને બંધાવેલ સુમતિનાથ દેવના મંદિરને ભૂમિદાનરૂપે ગંભૂતા(હાલનું ગાંભુ)ના ૧૪૪ ગામના જથ્થામાં આવેલ કાણોદા ગામની પૂર્વ સીમામાં આવેલ જમીન આપ્યાનો ઉલ્લેખ છે. સિદ્ધરાજ જયસિંહના વિ.સં. ૧૧૫૬, આષાઢ સુદિ ૧૫, સોમવાર (૨૫ જૂન, ઈ.સ. ૧૧૦૦) ના લાડોલ દાનશાસનમાં ટાકવધી ગામમાં વીહવલે બંધાવેલી વાવના નિભાવ માટે ગંભૂતા ગામની સમીપમાં આવેલી ભૂમિનું દાન આપ્યું હોવાનો નિર્દેશ છે (શાસ્ત્રી. ૧૯૫૩).

ભીમદેવ રજાના વિ.સં. ૧૨૬૩(ઈ.સ. ૧૨૦૬)ના તરભ (તા. વિસનગર) દાનશાસનમાં રાજા દ્વારા તરભમાંની ભૂમિનું દાન ધનસંક્રાન્તિના અનુષંગે જાહેર કરવામાં આવ્યું હતું. દાનનો પ્રતિગ્રહીતા નાગર જ્ઞાતિનો બ્રાહ્મણ ભૂમિગ હતો. ભીમદેવ રજાના સમયનાં આ તામ્રપત્રમાં વિસનગર નજીકના વાલમ, કરલી, તરભ, દેણપ જેવાં ગામો વિશે માહિતી પ્રાપ્ત થાય છે. ભીમદેવ રજાનું 'અભિનવ સિદ્ધરાજ' બિરુદ પણ મળે છે.

સોલંકી કાલના સમકાલીન રાજાઓના સમયના કેટલાક અભિલેખ પ્રાપ્ત થયા છે. પરમાર રાજા-ભોજદેવના સમયનું વિ.સં. ૧૦૬૭, જ્યેષ્ઠ સુદિ ૧, રવિવાર (૬ મે, ઈ.સ.૧૦૧૧)નું દાનશાસન મોડાસામાંથી પ્રાપ્ત થયું છે. દાનપત્રમાં દેદાક નામના ઉપાનસ્ય ગોત્રના હર્ષપુર (હરસોલ)થી આવેલા બ્રાહ્મણને શયનપાટ (હાલનું સેણવડ-મોડાસા નજીક) ગામની ભૂમિ દાનમાં આપી હોવાનો નિર્દેશ છે.

વાઘેલા સોલંકી રાજ્યના અંતિમ શાસક કર્ણદેવ રજા (ઈ.સ. ૧૨૯૬-૯૭ થી ૧૩૦૪)ના સમય દરમ્યાન દિલ્હીના સુલતાન અલાઉદ્દીન ખલજીએ ઉલુઘખાન અને નુસરતખાનની સરદારી હેઠળ સૈન્ય મોકલી ગુજરાત પર આક્રમણ કર્યું અને કર્ણદેવ મુસલમાનોના હાથે સખત રીતે હાર્યો. એ બનાવ 'વિવિધતીર્થકલ્પ' અનુસાર વિ.સં. ૧૩૫૬ (ઈ.સ.૧૩૦૦)માં બન્યો. 'વિચારશ્રેણી' અનુસાર કર્ણ ૨ જાનો રાજ્યકાલ સં. ૧૩૫૩ થી ૧૩૬૦નો નોંધેલો છે. આ પરથી ગુજરાતમાં મુસલમાનોનાં બે આક્રમણ થયાં હોવાનું જણાય છે. એક વિ.સં. ૧૩૫૬માં અને બીજું વિ.સં. ૧૩૬૦માં. આ સાહિત્યિક પુરાવાને તાજેતરમાં શોધાયેલ કર્ણદેવ રજાના સાંપલા (તા. પાદરા, જિ. વડોદરા) ગામમાંથી મળેલા વિ.સં. ૧૩૬૦, ભાદ્રપદ વદિ ૨ (ઈ.સ. ૧૩૦૪, ઓગસ્ટ ૪)ના શિલાલેખથી સમર્થન મળે છે. આમ ઈ.સ. ૧૩૦૪માં ગુજરાતના મહાન સુવર્ણયુગ સમા સોલંકી-વાઘેલા કાલનો અંત આવ્યો.

ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ ખાતા દ્વારા ખંભાત, જૂનાગઢ, વેરાવળ, પ્રભાસપાટણ અને અણહિલવાડ પાટણમાં ૧૯૫૯-૬૦ દરમ્યાન ૯ જેટલા સોલંકીકાલીન અરબી-ફારસી શિલાલેખો શોધાયા, જેમાંના ત્રણ મસ્જિદના બાંધકામને લગતા છે, બાકીના છ કબરલેખો છે (JOI, March, 1961, 353). પ્રસિદ્ધ તીર્થધામ સોમનાથ-પ્રભાસમાં ઈ.સ. ૧૨૬૪માં હોર્મુઝના નાવિક તથા વેપારી પીરોજે સ્થાનિક મહંત તેમજ પંચકુલોની અનુમતિ અને સહાયથી મસ્જિદ બંધાવી હતી, જેના સંસ્કૃત અરબી શિલાલેખ વેરાવળ અને પ્રભાસમાં મોજૂદ છે.

ઈ.સ. ૧૩૦૦માં ખંભાતના એક વેપારી હાજી હુસેન મક્કીના આઝાદ કરવામાં આવેલા ગુલામ ખ્વાજા અમીનુદ્દીન જૌહરે એકથી વધુ માળવાળી ઊંચી મસ્જિદ બંધાવી હતી, જેના નીચલા માળની ત્રણ દુકાનો એણે મસ્જિદના નિર્વાહ-ખર્ચ માટે વકફ કરી હતી.

ખંભાત અને પાટણના કબરલેખોમાંથી વિદેશો સાથે વેપાર સંબંધ ધરાવતા વેપારીઓ અને વહાણના માલિકો અંગેના ઉલ્લેખો સોલંકીકાલીન ગુજરાતના આર્થિક ઈતિહાસની દૃષ્ટિએ મહત્ત્વના છે. આ ઉપરાંત આ લેખો ફારસી સાહિત્યમાં ગઝલ અને રુબાઈ પ્રકારના કાવ્યના નમૂના પૂરા પાડે છે. કચ્છના ભદ્રેશ્વરમાં અબુલઅઝ્મ અબ્દુલ્લાહસુત ઈબ્રાહીમનો રોજો ઈ.સ. ૧૧૫૯-૬૦માં બંધાયો. ઈ.સ. ૧૧૭૪ અને ૧૧૭૭ની

તેમજ બે ત્રણ સમકાલીન મૃત્યુલેખોવાળી કબરો મળી આવી છે (દેસાઈ. ૧૯૬૫). પેટલાદમાં ઈ.સ. ૧૨૩૬ના મૃત્યુલેખમાં જેમનો મહાન સંત તરીકે ઉલ્લેખ છે, તે બાબા અર્જુનની કબર પર રોજો છે. ચૌદમી સદીના બીજા ત્રીજા દાયકામાં બંધાયેલા રોજા પાસે અનુક્રમે એક મસ્જિદ અને એક કૂવો બંધાયો ત્યારે એ રોજો બંધાયો હશે એમ જણાય છે. અહીંના વિ.સં. ૧૩૮૦ (ઈ.સ.૧૩૨૩)ના એક દ્વિભાષી શિલાલેખના સંસ્કૃત લેખમાં સંતનું ઘોરી ઉપનામ જોવા મળે છે. એમાં જણાવ્યા અનુસાર દિલ્હીના સુલતાન ગ્યાસુદ્દીન તુઘલુક (ઈ.સ. ૧૩૨૦-૧૩૨૫)ના રાજ્યકાલ દરમ્યાન પેટલીપદ્ર (પેટલાદ)ના અધિકારી અબુ બક્ર અહમદ અમીર કોહની હાજરીમાં સ્કંભતીર્થ (ખંભાત)ના વતની ઇસ્માઈલ ઉસ્માન શિરાજે ૨૦ કુભા જમીન વાવના નિભાવ જીર્ણોદ્ધાર વગેરે માટે આપી હોવાનો ઉલ્લેખ છે (શેલત. ૨૦૦૮).

ઘોઘાની બાબા પીરાનપીરની દરગાહનો હિજરી સન ૫૯૧ (ઈ.સ. ૧૧૯૫)નો અરબી શિલાલેખ, સૈયદ હસન શરફુદ્દીન મશહદીની ભરૂચની દરગાહનો હિ.સ. ૮૧૯ (ઈ.સ. ૧૪૧૬-૧૭)નો ફારસી શિલાલેખ, હસનપીરની તળાજાની દરગાહનો હિ.સ. ૯૭૪ (ઈ.સ. ૧૫૬૬) નો ફારસી કબરલેખ, લાલનશાહ પીરના ખરકડી (ભાવનગર પાસે)ના રોજાનો અરબી શિલાલેખ (હિ.સ. ૧૨૪૫ = ઈ.સ. ૧૮૨૯-૩૦), પાટણના સંત હુસામુદ્દીન મુલતાનીની દરગાહના કંપાઉન્ડમાં આવેલી મસ્જિદમાંનો અરબી નસ્ખ શૈલીનો લેખ (હિ.સ. ૯૯૬ = ઈ.સ. ૧૫૮૮), મૌલાના યાકુબની દરગાહના પરિસરમાંની મસ્જિદનો અરબી નસ્ખ શૈલીનો હિ.સ. ૯૯૯ (ઈ.સ. ૧૫૯૦)નો શિલાલેખ તેમજ પાટણના પવિત્ર સંત કાઝી અહમદ જુધની દરગાહનો શિલાલેખ (હિ.સ. ૧૦૨૬ = ઈ.સ. ૧૬૧૭) નોંધપાત્ર છે.

અમદાવાદની સૂફી દરગાહોમાં સરખેજની શેખ અહમદ ખટ્ટની દરગાહ (જન્નતનશીં - હિ.સ. ૮૪૯ ઈ.સ. ૧૬૬૪, ૧૩ જાન્યુ.), કુત્બ-ઈ-આલમનો વટવાનો રોજો (મસ્જિદમાંનો લેખ હિ.સ. ૮૭૪ = ઈ.સ. ૧૪૬૯), શાહઆલમના રોજાના પ્રવેશ દ્વાર પર કોતરેલા ફારસી શિલાલેખ, પીર મહમ્મદશાહની દરગાહમાં લાકડા પર કોતરેલા બે કાષ્ઠલેખ (જેમાંનો એક લેખ હિ.સ. ૯૬૯ (ઈ.સ. ૧૫૬૧) ફ્રેમ કરેલી પેનલમાં રાખેલો છે), ઝવેરીવાડનો શેખ અલ-ઐદ્રુસનો રોજો વગેરે રોજા અને દરગાહોના શિલાલેખોનો સમાવેશ થાય છે.

ગુજરાતના સૂફી સંતોની દરગાહોના શિલાલેખોમાંથી સૂફી મતના મહાન સંતોના જીવન, તેમની ધાર્મિક પ્રવૃત્તિઓ, આધ્યાત્મિક જ્ઞાન, તેમના ઉપદેશો, વિદ્વત્તા અને મૃત્યુ વર્ષનો પરિચય થાય છે. આ સંતોનું જીવન ગુજરાતમાં પસાર થયું અને એમની કબરો પર દરગાહો પણ અહીં જ બાંધવામાં આવી હતી (શેલત. ૨૦૦૮).

સોલંકીકાલ દરમ્યાન જૈન ધર્મને ખૂબ પ્રોત્સાહન મળ્યું. આ સમયના જૈન મંદિરોના **ધાતુપ્રતિમા** લેખો ઠીક પ્રમાણમાં ઉપલબ્ધ થાય છે. અમદાવાદના ઝવેરીવાડમાં આવેલી વાઘણ પોળમાંના અજિતનાથના દેરાસરની ભમતીમાં ડાબી બાજુની પહેલી દેવકુલિકામાં અજિતનાથની ધાતુપ્રતિમાના પબાસણ ઉપર લેખ કોતર્યો છે. લેખમાં જણાવ્યા અનુસાર થારાપદ્ર ગચ્છના શાલિભદ્રસૂરિના શિષ્ય પૂર્ણભદ્રે પોતાના ગુરુના પુણ્યાર્થે અજિતનાથનું બિંબ ભરાવી રઘુસેન જિનાલય (રામસેન-બનાસકાંઠા)માં વિ.સં. ૧૧૧૦, ચૈત્ર સુદિ ૧૩ (૨૪ માર્ચ, ઈ.સ. ૧૦૫૪)ના દિવસે પ્રતિષ્ઠા કરી. આ જ મંદિરમાં શાંતિનાથ તીર્થંકરની સપરિકર પંચતીર્થી પ્રતિમા પરના વિ.સં. ૧૨૩૫, જ્યેષ્ઠ સુદિ ૧૪, સોમવાર (૨૧ મે, ઈ.સ. ૧૧૭૯)ના લેખમાં નાણાકીય ગચ્છના ધિરપાલની ભાર્યા હેમતિ અને પુત્રોએ આ બિંબ ભરાવ્યું હોવાનું અને મહેન્દ્રસૂરિએ એની પ્રતિષ્ઠા કરી હોવાનું જણાવ્યું છે. રાયપુર વિસ્તારની કામેશ્વરની પોળમાંના સંભવનાથ દેરાસરમાં સંગૃહીત મહાવીરસ્વામીની એકતીર્થી ધાતુ પ્રતિમાના લેખમાં શ્રેષ્ઠી ધણદેવના પુત્રો અને પૌત્રોએ સં. ૧૨૫૩, અષાઢ સુદિ ૨, સોમવારે (૨૩ જૂન, ઈ.સ. ૧૧૯૭) બિંબ ભરાવ્યું અને જિનસેનસૂરિએ એની પ્રતિષ્ઠા કરી હોવાનો નિર્દેશ છે.

અમદાવાદના લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરના સંગ્રહમાં લાડોલ (તા. વીજાપુર, જિ. મહેસાણા)થી લાવેલી આરસની લેખયુક્ત ૧૦ જૈનપ્રતિમાઓ વિ.સં. ૧૩૧૩ થી સં. ૧૩૩૭ની મિતિ ધરાવે છે. અભિલેખો લાટાપલ્લી(લાડોલ)ના કાન્હૂવસહિકા ચૈત્યની અંદર પ્રતિષ્ઠિત થયેલી જિનમૂર્તિઓના છે. આઠ મૂર્તિઓના પ્રતિષ્ઠાપક આચાર્ય ચૈત્રવાલ ગચ્છના શાલિભદ્રસૂરિના શિષ્ય ધર્મચંદ્ર છે. બે પ્રતિમાઓ નાણાકીય ગચ્છના ધનેશ્વરસૂરિ દ્વારા પ્રતિષ્ઠિત થયેલી છે.

શ્વેતાંબર જૈન સંપ્રદાયના મહાતીર્થ શત્રુંજય ગિરિનાં મંદિરોમાં વિધર્મી આક્રમણોને કારણે તેમજ પુનરુદ્ધાર થવાથી પ્રાચીન શિલાલેખો નાશ પામ્યા છે. છેલ્લાં ત્રીસેક વર્ષમાં જે લેખો પ્રકાશમાં આવ્યા તેમાં સહુથી જૂના લેખો સં. ૧૦૬૫ (ઈ.સ. ૧૦૦૯)ના ગણધર પુંડરીકસ્વામીની પ્રતિમા પરના અને સં. ૧૧૩૧(ઈ.સ. ૧૦૭૫)ના શ્રેષ્ઠી નારાયણની પ્રતિમા પરના બે લેખો છે. આ લેખોના અભ્યાસ પરથી જણાય છે કે તીર્થંકરોની પ્રતિમાઓ સાથે કપર્દિ યક્ષ અને ગણધર ગૌતમની પ્રતિમાઓ ભરાવી પ્રતિષ્ઠિત કરવામાં આવી. જૈન સૂરિઓના ગચ્છોમાં વાયટીય, બ્રહ્માણ, હર્ષપુરીય, નાગેન્દ્ર, પૂર્ણિમા, રૌદ્રપલ્લીય, ચૈત્ર, બૃહદ્ગચ્છ, ખરતરગચ્છના નિર્દેશ આવે છે. શ્રાવકોની જ્ઞાતિઓમાં પલ્લીવાલ, ગલ્લક, શ્રીમાલ અને ઉકેશના ઉલ્લેખ છે. તીર્થંકરો ઉપરાંત ગુણસેનસૂરિ અને નેમિચંદ્રસૂરિ જેવા ગુરુઓની પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરેલી જોવા મળે છે. પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરનાર સૂરિઓમાં યશોભદ્રસૂરિ, મહેન્દ્રસૂરિ, જિનપ્રબોધસૂરિ, જિનભદ્રસૂરિ, રત્નાકરસૂરિ વગેરેના ઉલ્લેખ છે (શેલત. ૨૦૦૮).

પોરબંદરના પ્રાચીન શાંતિનાથ મંદિરમાં આરસની વાસુપૂજ્ય તીર્થંકરની પ્રતિમા વિશેષ પ્રાચીન છે. પદ્માસન પર બેઠેલા જિન વાસુપૂજ્ય અશોક વૃક્ષના આશ્રયે સ્થિર છે, વૃક્ષના મૂળ ભાગે હરિણયુગલ છે. જિનના પૃષ્ઠ ભાગે રેખાવાળા પર્ણ અને પુષ્પાદિ જણાય છે. પ્રતિમાઓની નીચેની રથિકાઓમાં જમણી બાજુ સ્ત્રીમૂર્તિ અને ડાબી બાજુ પુરુષમૂર્તિ જિનેન્દ્રનું આરાધન કરે છે. બંને વચ્ચે વિ.સં. ૧૩૦૪ (ઈ.સ. ૧૨૪૮)નો લેખ છે. જેમાં દેદ્દાના પુત્ર ભાનુશાલી (ભણશાલી) વાલાકે પત્ની સોહિણીના શ્રેય માટે વાસૂપૂજ્ય જિનનું બિંબ ભરાવ્યું, જેની પ્રતિષ્ઠા ચંદ્રગચ્છના શ્રી ચંદ્રપ્રભસૂરિએ કરી એમ જણાવ્યું છે.

ગુજરાતના સોલંકી રાજાઓના સિક્કાનો ઉલ્લેખ પ્રબંધોમાં તથા 'લેખપદ્ધતિ'માં મળે છે. અલાઉદ્દીન ખલજીની દિલ્હીની ટંકશાળના ઉચ્ચ અધિકારી ઠક્કુર ફેરુની પ્રાકૃત કૃતિ 'દ્રવ્યપરીક્ષા' (૧૩મી-૧૪મી સદી)ના 'ગુર્જરી મુદ્રા' પ્રકરણમાં ગુર્જરપતિ રાજાઓની મુદ્રાઓમાં કુમરપુરી (કુમારપાલની), અજયપુરી (અજયપાલની), ભીમપુરી (ભીમદેવની), લાવણસાપુરી (લવણપ્રસાદની), અર્જુનપુરી (અર્જુનદેવની) મુદ્રાઓ અને એનાં વજનનો ઉલ્લેખ છે. ઝાંસી પાસે પંડવાહામાંથી મળેલા કેટલાક સિક્કાઓ ઉપર 'સિદ્ધરાજ' અક્ષર વંચાય છે. પિલવાઈ (મહેસાણા પાસે)માંથી ચાંદીના 'श्रीमज्जयसिंह' લખાણવાળા સિક્કા મળ્યા છે, જે સિદ્ધરાજ જયસિંહના હોવા સંભવ છે. અમદાવાદના ભો.જે.વિદ્યાભવન મ્યુઝિયમમાં સિદ્ધરાજ જયસિંહના બે ગોળ ચાંદીના સિક્કા સંગૃહીત છે. આ સિક્કાના અગ્રભાગમાં ડાબી તરફ મુખ રાખી આગળ ચાલતા હોય એવા હાથીનું ચિત્ર છે. પૃષ્ઠ ભાગ પર નાગરી લખાણ 'श्रीमज्जसिंह प्रिय' છે. અમરેલીના ગિરધરભાઈ મ્યુઝિયમમાં પણ આ રાજાનો એક સિક્કો સંગૃહીત છે (શેલત, કુરેશી. ૨૦૦૭).

ગુજરાત, રાજસ્થાન અને માળવાના પ્રદેશોમાંથી ભારતીય સાસાની વંશના સિક્કાઓના અનુકરણરૂપ ગધૈયા સિક્કા વિપુલ પ્રમાણમાં લગભગ ૭મી સદીથી પ્રાપ્ત થાય છે. આ સિક્કાઓ ચાંદીના નાના અને જાડા છે. એમાં અગ્રભાગ પર કઢંગી રાજાની મુખાકૃતિ અને પૃષ્ઠ ભાગ પર અગ્નિકુંડની આકૃતિ જોવા મળે છે. ગુજરાતના મોટા ભાગના મ્યુઝિયમોમાં આ પ્રકારના સિક્કા સંગૃહીત છે.

સલ્તનત અને મુઘલકાલના રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ માટે અરબી-ફારસી તવારીખો, શિલાલેખો, પાળિયાલેખો, વાવોના લેખો અને ફારસી સિક્કાઓ મહત્ત્વનું સાધન છે. ગુજરાતમાં મુઘલ

બાદશાહોનાં જુદાં જુદાં સ્થળોએ વહીવટ કરતા અમલદારો અને જાગીરદારોનાં નામ અને તેમના સમયની માહિતી ફારસી અને સંસ્કૃત અભિલેખોમાંથી મળે છે; જેમકે ડભોઈ પરગણાના શાહજહાંના સમયના જાગીરદારે પ્રજા અને ખેડૂતોની જુદી જુદી તકલીફો દૂર કરવાનાં પગલાં દર્શાવતો આદેશ ડભોઈના ફારસી ભાષાના હિ.સ. ૧૦૫૪ (ઈ.સ. ૧૬૪૪)ના લેખમાં છે. રાજ્યાધિકારીઓ તરફથી વેપારીઓને કેવી કનડગત થતી એનો ખ્યાલ માંગરોળ, પ્રભાસ અને જૂનાગઢના ફારસી લેખોમાંથી મળે છે. મહમૂદ બેગડાના સમયની સાંપા (દહેગામ)ની વાવના શિલાલેખ (વિ.સં. ૧૫૧૮ અને ૧૫૩૭ = ઈ.સ. ૧૪૬૨ અને ૧૪૮૧) અને ગાંગડ (ધોળકા)ની વાવના બે મુઘલકાલીન શિલાલેખો (સં. ૧૭૬૩)માંથી તત્કાલીન રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસની માહિતી મળે છે (પરીખ, શેલત. ૧૯૯૧).

મહેસાણા જિલ્લાના ખેરાળુ ગામમાં બારોટવાડામાંના રાણાના ઢાળની પાસેની ગટરના ખોદકામમાંથી ૧૪ જેટલાં પ્રાચીન જૈન મંદિરના અવશેષો તાજેતરમાં પ્રાપ્ત થયા છે. એમાંના મોટા ભાગના તીર્થંકરોની પ્રતિમાઓના પરિકરોના અવશેષ છે. બે દાતાઓની પ્રતિમાઓ છે. નીલા રંગના આરસનો સિદ્ધરાજ જયસિંહના સમયનો એક શિલાલેખ વિ.સં. ૧૧૮૭, કાર્તિક વદિ ૫ (૨૩ ઑક્ટો, ઈ.સ. ૧૧૩૦)નો છે. જેની ભાષા સંસ્કૃત અને લિપિ દેવનાગરી છે. વહુદેવ અને આસચંદ્રે (ખદિરાલુકા - ખેરાળુ નિવાસી) વ્યવહારી વઉલા ના શ્રેયોર્થ તીર્થંકરોના પંચકલ્યાણનો મહોત્સવ ઊજવ્યો હોવાનો ઉલ્લેખ લેખમાં છે. આમ ખેરાળુનું પ્રાચીન નામ 'ખદિરાલુકા' અહીં જોવા મળે છે. અજિતનાથ તીર્થંકરની પ્રતિમા આસભદ્ર અને સાવદેવે માતા-પિતાના પુણ્યાર્થે સં. ૧૨૪૪ (ઈ.સ. ૧૧૮૮)માં બનાવી હોવાનો ઉલ્લેખ પરિકરની પીઠિકા પર કોતરેલો છે (શેલત. ૨૦૦૬).

સફેદ આરસની ખેરાળુમાંની સૂર્યપ્રતિમાની પીઠિકા પર સં. ૧૨૬૭ (ઈ.સ. ૧૨૧૧)નો લેખ છે. ઊભેલા સૂર્યના બંને હાથમાં કમળ છે. કરંડ મુકુટ અને લાંબા બૂટ પહેરેલાં છે, ઉષા અને પ્રત્યુષા બંને સૂર્યની બંને બાજુ ઊભેલી છે. નીચેની તરફ પગ પાસે જમણી બાજુ પિંગલ અને નિક્ષુભા તેમજ ડાબી બાજુએ દંડી અને રાજ્ઞી ઊભેલાં છે.

લુણાવાડા (જિ. પંચમહાલ)માં દેરાફળીમાં આવેલા વાસુપૂજ્યના દેરાસરના ગર્ભગૃહની બહારની દીવાલ પર શ્યામ પથ્થરની બે તક્તીઓ ઉપર વિ.સં. ૧૬૯૭, શક સં. ૧૫૬૩ શ્રાવણ સુદ ૨ (૩૦ જુલાઈ, ઈ.સ. ૧૬૪૧) અને વિ.સં. ૧૭૯૨, શક સં. ૧૬૫૮, વૈશાખ સુદ તૃતીયા શનિવાર (૩ એપ્રિલ, ઈ.સ. ૧૭૩૬)ની મિતિવાળા સંસ્કૃત-દેવનાગરી લેખ કોતરેલા છે. પ્રથમ લેખમાં મહારાણા ચંદ્રસેનજીના વિજય રાજ્યમાં અમૃતપુર (લુણાવાડા)માં સમસ્ત સંઘે દેરાસર બનાવ્યું અને શ્રી જસવિમલસૂરિએ પ્રતિષ્ઠા કરાવી હોવાનું જણાવ્યું છે. આ મંદિરની રચના પછી ૯૫ વર્ષે પુનઃ મંદિરનો જીર્ણોદ્ધાર કરીને મોટું મંદિર બનાવવામાં આવ્યું. બીજા લેખમાં લુણાવાડાનું પ્રાચીન નામ લવણપુર જણાવવામાં આવ્યું છે. ઈ.સ. ૧૮૯૫માં આ મંદિરનો ફરી જીર્ણોદ્ધાર કરાવી નીમા વંશની વૃદ્ધ શાખાના શાહ સા. કેવલદાસના પુત્ર કુબેરદાસના પત્ની જમનાબાઈએ સં. ૧૯૫૧, મહા સુદ ૧૩ને ગુરુવારે લોંકા ગચ્છના પૂજ્ય શ્રી નરપતિચંદ્રસૂરીશ્વરના હસ્તે પ્રતિષ્ઠા કરાવી (શેલત. ૨૦૦૮).

પાટણમાં ઢલૂ કૂવા ઉપર હિજરી સન ૮૨૧ (ઈ.સ. ૧૪૧૯)નો ફારસી શિલાલેખ છે. તેમાં જણાવ્યા અનુસાર એનું બાંધકામ નહરવાલા (પાટણ)ના કોટવાલે કરાવેલું. એ કૂવો રાજ્યની માલિકીનો હતો. અહીં ઔરંગઝેબના સમયનો સં. ૧૭૫૭(ઈ.સ. ૧૭૦૧)નો ગુજરાતી શિલાલેખ છે, જેમાં એ કૂવાને સમસ્ત સાળવીઓનો કૂવો રહ્યો છે. સ્થાનિક અનુશ્રુતિ મુજબ મુઘલ સૂબાએ પટોળાંનો મશરૂ ધોવા માટે આ કૂવો ત્યાંના સાળવીઓને બક્ષિસ કરેલો.

વિક્રમની સત્તરમી સદીના ઉત્તરાર્ધના આરંભમાં અમદાવાદના નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીનો

પ્રભાવ દિલ્હી અને ગુજરાતના શાસકો ઉપર, જૈન સંઘમાં તેમજ પ્રજામાં ક્રમશઃ ફેલાતો ગયો. એમની ધર્મ માટેની ધગશ, કાર્યકુશળતા, બાહોશી, રાજદ્વારી કુનેહને લીધે તેઓ ભારતના જૈન સંઘોના અગ્રણી બન્યા હતા અને મુઘલ શાસકો પાસે એમનું ઘણું ચલણ હતું.

**અમદાવાદના શિલાલેખો :**

અમદાવાદના બીબીપુર (સરસપુર)માં સં. ૧૬૭૮ (ઈ.સ. ૧૬૨૧-૨૨)માં શેઠ શાંતિદાસે પોતાના ભાઈ વર્ધમાન સાથે મળી ચિંતામણિ પાર્શ્વનાથ મંદિર બંધાવવું શરૂ કર્યું અને સં. ૧૬૮૨માં એ પૂર્ણ થયું અને રાજસાગરસૂરિના હસ્તે ચિંતામણિ પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરવામાં આવી. આ મંદિરની કોતરેલી પ્રશસ્તિ હાલ મળતી નથી પરંતુ સાહિત્યિક સ્વરૂપે તે ઉપલબ્ધ છે.

અમદાવાદના કાળુપુરમાં આવેલી શાંતિનાથની પોળમાંના શાંતિનાથના જૈન દેરાસરમાં ગર્ભગૃહની બહારની ડાબી તરફની દીવાલ પર અલગ અલગ ઉપર નીચે ગોઠવેલી છ તક્તીઓ પર વિ.સં. ૧૬૪૬, વિજયાદશમી (૨૮ સપ્ટે, ઈ.સ. ૧૫૯૦)ના શિલાલેખ કોતરેલા છે. એમાં જણાવ્યા અનુસાર બાદશાહ અકબરના સમયમાં અમદાવાદ નગરમાં ૨૫ દેવકુલિકાઓથી અલંકૃત શ્રી શાંતિનાથ તીર્થંકરનું ચૈત્ય બનાવ્યું. પ્રશસ્તિ પં. સકલચંદ્રગણિ સહિત વાચક કલ્યાણકમલ ગણિ અને વા. મહિમરાજ ગણિએ લખી. ગજધર (સલાટ) ગદુઆકે કોતરી (શેલત. ૧૯૯૬).

શામળાની પોળના શામળા પાર્શ્વનાથ મંદિરનો શિલાલેખ સં. ૧૬૫૩, ઈલાહી સન ૪૨ (ઈ.સ. ૧૫૯૭)નો છે. (ચિત્ર નં. ૯). એમાં આચાર્ય જિનચંદ્રસૂરિના ઉપદેશથી પ્રાગ્વાટ જ્ઞાતિના શ્રેષ્ઠી સંઘપતિ શ્રી સોમજીએ સાધુ લટકણની પોળમાં (શામળાની પોળ) પોતાના દ્રવ્ય વડે વિધિપૂર્વક બનાવેલા નવા દેરાસરમાં શામળા પાર્શ્વનાથના બિંબની પ્રતિષ્ઠા કરી હોવાનું જણાવ્યું છે (શેલત. ૨૦૦૬).

રખિયાલ વિસ્તારના નીલકંઠ મહાદેવના મંદિરનો ગુજરાતી શિલાલેખ વિ.સં. ૧૬૪૧ (ઈ.સ. ૧૫૮૫)નો છે. લેખમાં જણાવ્યા અનુસાર 'રખિયાલ' ગામના નિવાસી રામી લહૂઆની પત્ની લીલાદેના પુત્ર બના અને પુત્ર માંકાની પત્ની સાણી તથા પુત્રી બાઈ સોનાઈએ મંદિર બંધાવ્યું. અને બનાએ પોતાના ખર્ચે નીલકંઠ મંદિર પર કળશ ચઢાવ્યો. લેખમાં ગુજરાતમાં પાતશાહ અકબરના શાસન દરમ્યાન વજીર તરીકે રાજા ટોડરમલ, કાદી ગજફર અને કાશિમ, કાદી હવાલુખાન અને વહીઉલા રાયમલજી, સારણજી અને માંડણજીનો ઉલ્લેખ છે (શેલત. ૨૦૦૮).

મરાઠા કાલ દરમ્યાન સંસ્કૃત-ગુજરાતી અભિલેખોમાં પૂર્તનિર્માણને લગતા અભિલેખ ઠીક પ્રમાણમાં મળે છે. ગોવિંદરાવ ગાયકવાડના સમયનો મરાઠાકાલીન શિલાલેખ (વિ.સં. ૧૮૬૦, શક ૧૭૨૬ = ઈ.સ. ૧૮૦૪) અમદાવાદના ઝવેરીવાડમાં વાઘણ પોળના અજિતનાથ દેરાસરમાં છે. એમાં જણાવ્યા અનુસાર ઓસવાલ જ્ઞાતિના વૃદ્ધ શાખાના શેઠ શાંતિદાસ ઝવેરીના પુત્ર લક્ષ્મીચંદ અને એમના પુત્ર શેઠ ખુશાલચંદે ઋષભદેવનું મંદિર કરાવ્યું. ખુશાલચંદના પુત્ર વખતચંદ = પત્ની જડાવબાઈ અને પુત્રો ઇચ્છાભાઈ, પાનાભાઈ, મોતીભાઈ, હેમાભાઈ, અનુપભાઈ, સૂર્યમલ્લ, મનસુખ વગેરેએ તપાગચ્છની સાગરશાખાના ઉદયસાગરસૂરિના ઉપદેશથી આ અજિતનાથનું મંદિર બંધાવ્યું (પરીખ, શેલત. ૧૯૯૧).

ફતેહસિંહરાવ ગાયકવાડના સમયનો વિ.સં. ૧૮૬૮, શક ૧૭૩૪ (ઈ.સ. ૧૮૨૧)નો શિલાલેખ ત્રણ દરવાજાના વચલા અને ઉત્તરના દરવાજા વચ્ચેના પૂર્વ બાજુના ભાગ ઉપર નીચલા ગોખલામાં મૂકેલો છે. શિલાલેખનો મુખ્ય વિષય મિલકતનો વારસો મેળવવા માટે સરકાર તરફથી થતી ડખલગીરી દૂર કરવાનો છે. અમદાવાદના શેઠ વખતચંદ ખુશાલચંદની આગેવાની નીચે નાગરિકોએ ફત્તેસિંહરાવ ગાયકવાડને અરજ કરીને એ પરથી એમણે ઠરાવ્યું કે મિલકતનો વારસો દીકરાને મળે છે, તેમ (તેના અભાવે) દીકરીને મળે. દીકરીને પુત્ર ન હોય ત્યારે એને પોતાને મળે; પરંતુ જો એને પુત્ર હોય તો એ વારસો એ પુત્રને મળે. ફત્તેસિંહરાવ

ગાયકવાડ પોતાના સૂબેદારોને એ પ્રમાણે અમલ કરવા તેમજ એ અંગેનો લેખ કોતરાવી બજારમાં લગાવવા આજ્ઞા કરી અને આ નિયમનું ઉલ્લંઘન કરનારને નૈતિક ભય દર્શાવ્યો છે (શાસ્ત્રી અને શેલત. ૧૯૯૭).

ઈડર રાજ્યનાં ત્રણ મરાઠાકાલીન ગુજરાતી તામ્રપત્રો (સં. ૧૮૩૭, ૧૮૪૮ અને ૧૮૭૫) અનુક્રમે રાઠોડ રાજા શિવસિંહજી, ગંભીરસિંહજી અને ઉમેદસિંહજીના છે. તામ્રપત્રોમાં 'ગનીમવેરો', 'ફોજ-ખીચડી' વેરો વગેરેનો ઉલ્લેખ છે. ગનીમ વેરો એ આક્રમક પેશવાઓ તરફથી શત્રુઓ પર નાંખેલો વેરો છે. એ 'દુશ્મનના ઘોડાનો વેરો' કહેવાતો. એવી રીતે 'ખીચડી' એ ખંડિયા રાજા પાસેથી લેવામાં આવતી ખંડણીનો એક પ્રકાર છે (પરીખ, શેલત. ૧૯૯૧).

બ્રિટિશ કાલ દરમ્યાન અમદાવાદમાં શેઠ હઠીસિંહે બંધાવવા માંડેલા અને એમની હયાતી બાદ સં. ૧૯૦૩માં હરકુંવર શેઠાણીએ પૂર્ણ કરેલ દેરાસરમાંના સંસ્કૃત અને ગુજરાતી બે શિલાલેખ (વિ.સં. ૧૯૦૩ = ઈ.સ. ૧૮૪૭) શેઠ હઠીસિંહના કુટુંબ વિશે તેમજ એ દેરાસરના ૨૧ દિવસ ચાલેલા પ્રતિષ્ઠા મહોત્સવ વિશે વિગતવાર માહિતી પૂરી પાડે છે (પરીખ, શેલત. ૧૯૯૧).

પારસીઓની અગિયારીઓમાં પણ તક્તી લેખો જોવા મળે છે. અમદાવાદમાં ખમાસા ચોકી પાસે બુખારા મહોલ્લામાંની અગિયારીમાંના તકતીલેખમાં શેઠ નવરોજી પેશતનજી વકીલ અને જહાંગીરજી પેશતનજી વકીલે માતાપિતાના પુણ્ય માટે વિ.સં. ૧૯૪૦(ઈ.સ. ૧૮૮૪)માં આતશ દાદગાહ સ્વરૂપે અગિયારી બંધાવી. એ દાહગાહમાં નવરોજજીના દીકરીઓએ રૂ. ૧૨,૦૦૦ના ખર્ચે સુધારા વધારા કરી એને 'આતશ આદરિયાન'માં વિકસાવી હતી. કાંકરિયા પાસે આવેલી અગિયારી ઈ.સ. ૧૯૨૫માં અરદેશર ડોસાભાઈ વાડિયાએ રૂા. ૩૦,૦૦૦ના ખર્ચે બંધાવી હોવાનું એમાંના તક્તીલેખમાં જણાવાયું છે (શાસ્ત્રી, શેલત. ૧૯૮૦).

બુખારા મહોલ્લામાં યહૂદીઓનું સિનગૉગ આવેલું છે. જેમાં પ્રવેશદ્વાર આગળ બહારની દીવાલ પર જમણી બાજુએ હિબ્રૂ, મરાઠી અને અંગ્રેજી એ ત્રણ ભાષામાં લેખ કોતરેલો છે એમાં જણાવ્યા અનુસાર 'માગેન અબ્રાહમ' નામના આ સિનગૉગની કોણશિલા ઈ.સ. ૧૯૩૩માં ડૉ. મિસિસ આબીગાએલ બેન્જામીન ઐઝક ભોનકરના (એલ.સી.પી.એસ, મુંબઈ) હસ્તે સ્થાપવામાં આવી હતી (પરીખ, શેલત. ૧૯૯૧).

અમદાવાદમાં સરસપુરમાં આવેલા ગુરુદ્વારામાં એક અંગ્રેજી-ગુજરાતી દ્વિભાષી શિલાલેખ છે. જેમાં શીખ ધર્મના પ્રેમસભા અકાલી દલ અને ગુરુ નાનક ખાલસા સ્કૂલની શિલારોપણ વિધિ સંત નેચલસિંઘજીના હસ્તે વિ.સં. ૨૦૨૭, ઈ.સ. ૧૯૭૦માં થઈ હોવાનું જણાય છે.

**પાળિયા લેખો :**

ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાંથી વિપુલ સંખ્યામાં પાળિયા લેખો પ્રાપ્ત થયા છે. આ પાળિયાલેખ પથ્થરની ઊભી લાટ પર કોતરેલા હોય છે. ઉપરના ભાગમાં સૂર્ય-ચંદ્રની આકૃતિ અને મધ્ય ભાગમાં ઘોડેસવાર યોદ્ધો કે પદાતિની આકૃતિ તો કેટલીકવાર સતી સ્ત્રીનો કંકણવાળો કોણીથી ઊંચો કરેલો હાથ કોતરેલો હોય છે. વીરગતિને પામેલ યોદ્ધાની સ્મૃતિમાં પાળિયા ઊભા કરવામાં આવે છે અને એના નીચેના ભાગમાં લેખ કોતરેલો હોય છે. પાળિયા, ખાંભી, શૂરાપૂરા, ઠેસા અને સૂરધન એમ પાંચ પ્રકારનાં હોય છે.

આદિવાસીઓના પાળિયા જુદા જુદા વિસ્તારોમાં અલગ અલગ નામોથી ઓળખાય છે; જેમકે પંચમહાલના ભીલોમાં 'ગટલા' અને 'ચીર', દક્ષિણ ગુજરાતના વસાવાઓમાં 'ખાંભા', બનાસકાંઠા અને સાબરકાંઠાના ગરાસિયાઓમાં 'રિહમ', ગરાસિયા સ્ત્રીના પાળિયા 'સોકલી' અને પુરુષના પાળિયા 'અગથ', સુરત જિલ્લાના ચૌધરી અને ગામીતોના પાળિયા 'વેત્ર', વડોદરા વિસ્તારના રાઠવા અને નાયકાઓના પાળિયા 'ખત્રી' અને ચૌધરી ગામીતોના 'ખત્રુ' તરીકે ઓળખાય છે. અકસ્માતે મૃત્યુ પામેલ, ખૂન થયેલ અથવા પુરોહિત કે ગામનો મુખી મૃત્યુ પામે તો તેમની 'ખત્રી' ઊભી કરવામાં આવતી.

પાળિયા ઊભા કરવાની પરંપરા ઈ.સ.ની ૨જી સદીથી જોવા મળે છે. મૃત વ્યક્તિની સ્મૃતિમાં પથ્થરની યષ્ટિઓ ઊભી કરવામાં આવતી. પાકિસ્તાનના ભાવલપુરના સુઈવિહાર તામ્રપત્ર (ઈ.સ. ૮૯ કે ૧૩૯)માં મૃત વ્યક્તિની યાદમાં યષ્ટિ ઊભી કરાઈ હોવાનો ઉલ્લેખ છે. કાર્દમક ક્ષત્રપ ચાષ્ટનના કચ્છના અંધૌમાંથી પ્રાપ્ત શક વર્ષ ૧૧ અને ૫૨ ના યષ્ટિ લેખોમાં મદને પોતાની બહેન, ભાઈ અને પત્ની માટે બનાવેલ યષ્ટિ નો ઉલ્લેખ છે. શક વર્ષ ૬ના દોલતપુર યષ્ટિલેખમાં આભીર રેગરેશ્વરદેવે વસુ ગોત્રના પ્રીતિસ્વામી માટે યષ્ટિ બનાવ્યાનો ઉલ્લેખ છે. કચ્છના ખાવડા અને દ્વારકા નજીક મૂલવાસરના લેખોમાં યષ્ટિ કરાવ્યાના નિર્દેશ છે. ગુજરાતમાં સહુથી જૂનો પાળિયો આભાપુર(પોળો-ઈડર)માંથી મળે છે. એ પદાતિનો ગોવર્ધન પ્રકારનો પાળિયો વિ.સં. ૮૧૨ (ઈ.સ. ૭૫૬)નો છે. પોળોના વિ.સં. ૧૩૫૭ના પાળિયામાં પુરુષ અને સ્ત્રી આકૃતિઓને બારીક ગ્રીક શૈલીના વસ્ત્રો કોતરેલાં દર્શાવ્યાં છે. વિ.સં. ૧૩૬૨ના ઉજેડિયા (પ્રાંતીજ-સાબરકાંઠા)ના પાળિયામાં રાજા સમરસિંહ ઘોડેસવારી કરે છે. તેમાં ઘોડાને ગ્રીક શૈલીના બખ્તરમાં સજાવેલો દર્શાવ્યો છે.

યેલુ કુસ્તીબાજ અને એની પત્નીને દર્શાવતી ખાંભી દેલમાલ(મહેસાણા જિ.)માંથી મળેલ છે. વડાલી (ઈડર)ના ૧૬મી સદીના પાળિયામાં ગોધનને બચાવવા વાઘ સાથે તલવારથી લડતા વીર યોદ્ધાની આકૃતિ કોતરેલી છે. દેસર (હાલોલ-પંચમહાલ) માંથી વિ.સં. ૧૩૪૭, ૧૩૫૮, ૧૩૬૯, અને ૧૩૭૨ના લેખવાળા ચાર પાળિયા મળ્યા છે.

ગુજરાતમાંથી ઘણા સતીના પાળિયા પણ ઉપલબ્ધ થયા છે. ચડોતર (પાલનપુર)માંથી ઘોડેસવાર અર્જુનજી અને તેની પદ્માબાઈ અને અમરીબાઈ નામની બે સતી રાણીઓની આકૃતિ અને ૧૭મી સદીનો લેખ કોતરેલ પાળિયા મળ્યો છે. અમદાવાદમાં દૂધેશ્વરમાંથી રૂપચંદનો સં. ૧૬૭૨ (ઈ.સ. ૧૬૧૫)ના લેખવાળો સતી પાળિયો મળ્યો છે, કનીસા (ખંભાત)ના શિવમંદિરમાં તેજબાનો સુંદર કોતરેલો સતી પાળિયો આવેલો છે. સૂર્ય ચંદ્રની આકૃતિની નીચે બે હાથના બે થાપા પાડેલા છે. ગણેશ અને બુદ્ધિ સિદ્ધિની આકૃતિ વચ્ચે છે. નીચેના ભાગમાં સિંહવાહિની દુર્ગાની આકૃતિ કોતરેલી છે. કરજણ નદી પર મંડાલામાંથી પ્રાપ્ત બે ખાંભીઓ પર સં. ૧૪૧૯ (ઈ.સ. ૧૩૬૨-૬૩) અને સં. ૧૫૧૪ (ઈ.સ. ૧૪૫૮)ના બે લેખ કોતરેલા છે.

સૌરાષ્ટ્રમાંથી સહુથી જૂનો પાળિયો અમરતવેલ (ભાવનગર)નો વિ.સં. ૧૦૪૨ (ઈ.સ. ૯૮૬)નો છે. ઘૂમલીમાંથી જેઠવા રાણા રામદેવજીના સમયનો ખાંભી લેખ મળ્યો છે, જેમાં ગોધન અને ગોચર જમીન પરનો કર બંધ કર્યાનો ઉલ્લેખ છે. દ્વારકામાંથી લોહાણા ઠક્કર બે પુરુષોના અને રાજગોર બ્રાહ્મણોના બે પાળિયા લેખ પ્રાપ્ત થયા છે. ધ્રોળ (જામનગર) પાસે ભૂચર મોરીનો પાળિયાલેખ આઝમખાનની સામે અજાજી રાજકુમારના પક્ષે લડતા બારડ જ્ઞાતિના ગોપાલદાસના મૃત્યુની નોંધ દર્શાવે છે.

કચ્છના ભૂજમાં સંતોષી માતાના મંદિર પાસે સં. ૧૮૭૨(ઈ.સ. ૧૮૧૬)નો સતીનો પાળિયાલેખ, સં. ૧૨૬૮(ઈ.સ. ૧૨૧૨) અને ૧૨૭૭(ઈ.સ. ૧૨૨૧)ના ગેડીનો પાળિયાલેખ, ભૂજ મ્યુઝિયમનો ઝારાના યુદ્ધમાં વીરગતિને પામેલ ખવાસ ગોવર્ધનનો પાળિયા લેખ, અબડાસા નજીક લખાણિયાનો સં. ૧૮૪૨ (ઈ.સ. ૧૭૮૬)નો પાળિયા લેખ, અંજારના બ્રાહ્મણ સતી સ્ત્રીઓના પાળિયા લેખ પ્રસિદ્ધ છે.

આમ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના પાળિયાલેખોના સંશોધન પરથી આ પ્રદેશના ઇતિહાસ અને સંસ્કૃતિ વિશે ઘણી માહિતી ઉપલબ્ધ થાય છે (શેલત. ૨૦૦૬).

## સંદર્ભો

Gaur, A. S., Sundaresh, S. Tripathi and Bandodkal, S.M. 2003. 'Marine Archaeological Investigations in Okhamandal Region of Saurashtra, West Coast of India. In 'દીઠી મેં દ્વારાવતી' (ગોકાણી-પરમાર - સંપા.). સ્મરણિકા, ગુજરાત ઇતિહાસ પરિષદ ૧૫મું જ્ઞાનસત્ર

દ્વારકા. ૬૪-૭૫

Kharakwal, J.K., Rawat, Y.S., Toshiki, Osada. 2008. 'Preliminary Observations on the Excavation at Kanmer'. In Toshiki, Osada and Akinori Useugi (eds.). *Occasional papers : Linguistic, Archaeology and the Human Past.* Kyoto, Japan : Research Institute for Humanity and Nature, 21-46.

Parikh, P.C., Shelat, B.K. 1997. *The Image Inscriptions of Ahmedabad.* Ahmedabad : B. J. Institute. no. 2

Rawat, Y. S. 2009. 'Hill Fort of Ānarta : Discovery of a Unique Early Historical Fort with Cave dwellings, Buddhist Idols and Remains at Taranga in North Gujara'. In Dikshit, K. N. (ed.). *Puratattva*, 39.

– 2009. Excavations at Vadnagar District Mehsana, Gujarat (Report submitted to ASI. (2008-09).

Sankalia, H. D. 1965. *Excavations at Langhnaj*, part I, Archacology, Poona.

Shastri, H. G. 1953. 'Ladol Plates of Karṇadeva I, V.S. 1140. In *Journal of Oriental Institute*, Vol. II, Baroda, 364-360.

– 1953. 'Ladol Plates of Siddharāja Jayasiṁha, V.S. 1156. In *Journal of Oriental Institute*. Vol. II, Baroda, 366-369.

– 1989. *A Historical and Cultural Study of the Inscriptions of Gujarat.* Ahmedabad. B. J. Institute, 272.

– 2000. *Gujarat under the Maitrakas of Valabhī.* Vadodara, Oriental Institute.

Shelat, Bharati, 2009. 'Patan in the Inscriptions of Gujarat'. In Prajapati, M. K. (ed.) '*The Glorious History and Culture of Anadhilwad Patan (Gujarat).* Patan : Prof. M. P. Brahmakshatriya Sanmān Samiti. 262-281.

– 2006. 'The Memorial Stone (Paliya) Inscriptions : The Cultural Heritage of Gujarat, Saurashtra and Kutch. In Gail, Adalbert J., Mevissen, Gerd J. R., Salomon, Richard (eds.). *Script and Image.* Delhi : Motilal Banarsidass Pub. 185-216.

– ૨૦૦૮. 'અમદાવાદના રખિયાલ વિસ્તારમાંના શ્રી નીલકંઠ મહાદેવના મંદિરનો શિલાલેખ, વિ.સં. ૧૬૪૧', ''ગુજરાત સંશોધન મંડળનું ત્રૈમાસિક', અમદાવાદ, Vol. LIII, nos. 1-2 (Jan.-June, 2008)

– ૨૦૦૮ 'લુણાવાડાના વાસુપૂજ્ય દેરાસરના અભિલેખો'. ''વિદ્યાપીઠ'' વર્ષ ૪૬, અંક ૪ (ઓક્ટો.-ડિસે., ૨૦૦૮

Shelat, Bharati and Qureshi, Zubair, (eds.) 2007. *The Catalogue of the Coins in Girdharbhai Sangrahalaya Amreli.* Amreli : Girdharbhai Sangrahalaya. Intro.

જમીનદાર, રસેશ. ૨૦૦૬. 'ક્ષત્રપકાલીન ગુજરાત : ઇતિહાસ અને સંસ્કૃતિ', અમદાવાદ : લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, ૧૪૧.

પરમાર, થોમસ. ૨૦૦૩. 'શ્રીકૃષ્ણનું સ્થળાંતર અને દ્વારકાનાં ઉત્ખનનો'. ગોકાણી, પુષ્કરભાઈ અને પરમાર,

થોમસ (સંપા.), 'દીઠી મેં દ્વારાવતી'. દ્વારકા : ગુજરાત ઇતિહાસ પરિષદ, ૧૫મું જ્ઞાનસત્ર. સ્મરણિકા ગ્રંથમાં, પૃ. ૧૬-૧૯.

પરીખ પી.સી., શેલત, ભારતી. ૧૯૯૧. 'ગુજરાતના અભિલેખો : સ્વાધ્યાય અને સમીક્ષા'. અમદાવાદ.

પરીખ, રસિકલાલ, શાસ્ત્રી, હરિપ્રસાદ, શેલત, ભારતી, (સંપા.) ૨૦૦૪. 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ', ગ્રંથ ૧, અમદાવાદઃ ભો. જે. વિદ્યાભવન, પુરવણી ૧.

– ૨૦૦૫. 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ', ગ્રંથ ૨. અમદાવાદ : ભો.જે.વિદ્યાભવન, પુરવણી ૧.

– ૨૦૦૪. 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ', ગ્રંથ ૩, અમદાવાદ, ભો. જે. વિદ્યાભવન, પુરવણી ૧.

– ૨૦૦૫. 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ', ગ્રંથ ૪, અમદાવાદ : ભો. જે. વિદ્યાભવન, પુરવણી ૧.

મહેતા, મકરન્દ, શેલત ભારતી, અને સાવલિયા, આર.ટી. ૨૦૦૮. 'મધ્યકાલીન ગુજરાતમાં ભક્તિ અને સૂફી આંદોલન'. અમદાવાદ : દર્શક ઇતિહાસ નિધિ, પૃ. ૭૪-૮૩.

**Journals**

*Bharatiya Vidya*, Vol. V, 37

*Epigraphia Indica*, Vol. XXVIII, pp. 192 ff.

*Journal of Oriental Institute*, Vol. X, no. 4, (March 1961), pp. 353 ff.

*Journal of Oriental Institute*, Vol. XXII, no. 1-2, (Sep.-Dec., 1972), pp. 79-83

'પથિક'. પુ. ૪૩, અંક ૧૦-૧૨ (૨૦૦૩), અમદાવાદ. પથિક કાર્યાલય, ભો. જે. વિદ્યાભવન, પૃ.૨૦-૨૪

'બુદ્ધિપ્રકાશ', પુ. ૧૦૯ (૧૯૬૨), પુ. ૧૨૭ (૧૯૮૦), પૃ. ૪૮૫-૪૮૭. પૃ. ૬૪-૬૫

'સંબોધિ', Vol. III, nos. 2-3 (July-Oct., 1974), pp. 21 ff.

– Vol. XIX, 1994-95, 125 ff.

– Vol. XVIII, 1992-93, pp. 78 ff.

'સામીપ્ય', પુ. ૧, અંક ૩ (ઓક્ટો., ૮૪), પૃ. ૧૭૧-૧૭૬, પુ. ૧, અં. ૨ જુલાઈ (૧૯૮૪), પૃ. ૭૭-૮૪

– પુ. ૫, અંક ૧-૨ (એપ્રિલ-સપ્ટે., ૧૯૮૮), પૃ. ૪૩-૪૮

– પુ. ૬, અંક ૩-૪, (ઓક્ટો.૮૯ - માર્ચ, ૯૦), પૃ. ૧૦૪-૧૦૯

– પુ. ૬, અંક ૩-૪, (ઓક્ટો.૮૯ - માર્ચ, ૯૦), પૃ. ૧૦૫, પૃ. ૧૩૧-૩૨

– પુ. ૭, અંક ૧-૪ (એપ્રિલ, ૯૦ - માર્ચ, ૯૧), પૃ. ૩૪-૩૫

– પુ. ૧૦, અંક ૧-૨ (એપ્રિલ, ૯૩- સપ્ટે., ૯૩), પૃ. ૨૪-૨૭.

'સ્વાધ્યાય', પુ. ૨૦ (૧૯૮૨), પૃ. ૬૦-૬૪



ધોળાવીરા - ઉત્તર તરફનો દરવાજો



માટીની પક્વ મુદ્રાઓ - ધોળાવીરા



શામળા પાર્શ્વનાથ મંદિર
(શામળાની પોળ, રાયપુર, અમદાવાદ)નો
વિ.સં. ૧૬૫૩, ઈલાહી સન ૪૨નો શિલાલેખ



કાર્દમક ક્ષત્રપોનાં ચાંદીના સિક્કા - અગ્રભાગ (અમરેલી સંગ્રહાલય)

# ભગવદ્‌ગીતાના સંદર્ભમાં 'મૃચ્છકટિકમ્'

◆

ડૉ. હર્ષદેવ માધવ

ભગવદ્‌ગીતા ૧૬મા અધ્યાયને દૈવાસુરસંપદ્‌વિભાગ યોગ કહે છે. આ અધ્યાયમાં કહેવાયું છે કે –

अभयं सत्त्वसंशुद्धिर्ज्ञानयोगव्यवस्थितिः ।
दानं दमश्च यज्ञश्च स्वाध्यायस्तप आर्जवम् ॥
अहिंसासत्यमक्रोधस्त्यागः शान्तिरपैशुनम् ।
दया भूतेष्वलोलुप्त्वं मार्दवं ह्रीरचापलम् ॥
तेजः क्षमा धृतिः शौचमद्रोहो नातिमानिता ।
भवन्ति संपदं दैवीमभिजातस्य भारत ॥[1]

આનાથી વિરુદ્ધ –

દંભ, દર્પ, અભિમાન, ક્રોધ, પુરુષતા, અજ્ઞાન, કંજૂસાઈ વગેરે આસુરી સંપદ છે.[2]

મૃચ્છકટિકના પાત્રો જાણે દૈવાસુરસંપદ્‌નું દૃશ્યરૂપ હોય એવાં છે.

**અભય –** ચારુદત્ત અને વસંતસેનાને મરણનો ભય પણ નથી. ચારુદત્ત રાજા પાલકની કેદમાંથી નાસી છૂટેલા આર્યકને અભયદાન આપતાં કહે છે-

अपि प्राणानहं जह्यां न तु त्वां शरणागतम् ॥[3]

**સત્ત્વસંશુદ્ધિ** - ચારુદત્ત સ્વભાવથી સાત્ત્વિક વૃત્તિવાળો છે. વિદૂષકને તે કહે છે કે -

तपसा मनसा वाग्भिः पूजिता बलिकर्मभिः ।
तुष्यन्ति शमीनां नित्या देवताः किं विचारितैः ॥[4]

વસંતસેના તેના ઘરમાં પ્રવેશી છે એ જાણીને તે કહે છે કે -

कथं देवतोपस्थानयोग्या युवतिरियम् ।

સોનાને ઘસવાથી ઊજળું બને છે એમ ચારુદત્ત અને વસંતસેના આકરી કસોટીમાંથી પસાર થાય છે અને મૃત્યુના મોંમાં હોવા છતાં તેઓ ડગતાં નથી.

**દાન –** ચારુદત્ત અને વસંતસેના બંને દાનવીર અને ઉદાર છે. દ્યૂતકર સંવાહકને છોડાવવા વસંતસેના પોતાનું ઘરેણું માથુરને મોકલાવે છે.[5] ચારુદત્ત કર્ણપૂરકને પોતાનો ઉપરણો આપી દે છે.[6] ચારુદત્તને ઘરમાં ખાતર પડ્યું છે તે જાણીને શોક થવા કરતાં ચોર પોતાના ઘરમાંથી ખાલી હાથે પાછો ફર્યો હશે તેનું દુઃખ થાય છે.[7]

**આર્જવ –** બંને પાત્રો ઋજુતાવાળાં છે. ચારુદત્ત સજ્જનોનો કુટુંબી, ચારિત્ર્યની ભરતીનો સમુદ્ર, ઉદાર સત્ત્વવાળો છે.[8]

**જ્ઞાન –** ચારુદત્ત શિક્ષિતોનો આદર્શ કહેવાયો છે.[9]

**યજ્ઞકર્તા** - ચારુદત્તે અસંખ્ય યજ્ઞો કર્યા છે. તે અત્યંત પવિત્ર અને ધાર્મિક છે. ચારુદત્ત કહે છે કે-

मखशतपरिपूतं गोत्रमुद्भासितं मे
सदसि निबिडचैत्यब्रह्मघोषैः पुरस्तात् ।

मम मरणदशायां वर्तमानस्य पापै-
स्तदसदृशमनुष्यैर्घुष्यते घोषणायाम् ॥[१०]

ચારુદત્તના ઘરના ઊંબરે નાખેલ બલિ હંસો અને સારસોનાં ટોપાં ખાઈ જતાં હતાં.[११]

**સત્ય –** ચારુદત્ત સત્યવાદી છે. આથી જ ન્યાયાધીશ એને ચારિત્ર્યથી સુપરિચિત છે. ચારુદત્ત અસત્ય ન બોલે તેની ખાતરી ન્યાયાધીશને પણ છે.[१२]

**ભૂતમાત્ર પ્રત્યે દયા** - ચારુદત્ત દયાવાળો માણસ છે. તે કહે છે કે ફૂલીફાલી વેલને પણ તે ફૂલએકઠાં કરવા માટે ન ખેંચે તેવી તેનામાં દયા છે.[१३]

શકાર ચારુદત્તને શરણે આવે છે ત્યારે ચારુદત્ત તેને પણ ઉદારતાથી માફ કરી દે છે.

शत्रुः कृतापराधः शरणमुपेत्य पादयोः पतितः ।
शस्त्रेण न हन्तव्यः उपकारहतस्तु कर्तव्यः ॥[१४]

શત્રુ અપરાધ કરનારો શત્રુ શરણે આવીને પગમાં પડે તો તેને શસ્ત્રથી નહિ, ઉપકાર કરીને હણવો એવું ચારુદત્ત માને છે, વસંતસેના પણ દ્યૂતકર સંવાહકને દયાને લીધે જુગારીઓથી છોડાવે છે.

બંને પાત્રોનો સ્વભાવ મૃદુ છે. સંવાહક કહે છે કે - यस्तादृशः प्रियदर्शनः प्रियवादी न कीर्तयति अपकृत विस्मरति । किं बहुना प्रलपितेन । दक्षिणतया परकीयमिवात्मानमवगच्छति शरणागतवत्सलश्च ।[१५] માટીની ગાડીને લીધે રડતા રોહસેનને જોઈને વસંતસેના રડવા માંડે છે. ચાંડાલો પણ 'सुजनशकुनाधिवासं सज्जनपुरुषद्रुममेतम्' કહે છે એટલી એના ગુણોની સુવાસ છે.[१६] ચારુદત્તના દૈવી ગુણોમાં મૃદુતા પણ છે તેથી જ તે શકારને પણ મરવા દેવા ઇચ્છતો નથી.

**આસુરી સંપદ્** - શકારના પાત્રમાં આસુરી સંપદનાં બધા અવગુણો મળે છે.

**ભય –** શકાર બીકણ અને બાયલો પુરુષ છે. જ્યારે પ્રવહણમાં બેઠેલી વસંતસેનાને એ જુએ છે ત્યારે તે ભયથી વિટને ગળે વળગી પડે છે અને કહે છે કે भाव भाव ! मृतोऽसि मृतोऽसि । प्रवहणाधिरूढा राक्षसी चौरो वा प्रतिवसति । तद्यदि राक्षसी तदोभावपि मुषितौ । अथ चौरः तदोभावपि खादितौ ।[१७] બીજાને મારી નાખવા ઉત્સુક તેને મરણનો ડર લાગે છે. આથી જ તે ચારુદત્તને શરણે જાય છે.

**સત્ત્વની અશુદ્ધિ** - શકાર દૂષિત મન અને બુદ્ધિવાળો છે. એ પોતે જ પોતાની જાતને દુઃશાસન સાથે સરખાવતાં કહે છે કે –

एषोऽहं गृहीत्वा केशहस्ते दुःशासनस्यानुकृतिं करोमि ।[१८]

**અજ્ઞાન** - શકાર ઘોર અજ્ઞાની છે. તે પુરાણકથાઓમાં ગોટાળા કરે છે, શબ્દો અવળ સવળ બોલે છે. વસંતસેના 'શાન્ત' બોલે છે, ત્યારે તે 'શ્રાન્ત' સમજે છે. વસંતસેનાના તિરસ્કારને તે પ્રેમ સમજે છે.

**આસક્ત** - શકાર કામાતુર અને આસક્ત વ્યક્તિ છે. તે કહે છે કે -

रमय च राजवल्लभं ततः खादिष्यसि मत्स्यमांसकम् ।
एताभ्यां मत्स्यमांसाभ्यां श्वानो मृतकं न सेवन्ते ॥[१९]

હિંસા-શકાર હિંસક અને ઘાતકી સ્વભાવવાળો છે.

असिः सुतीक्ष्णो वलितं च मस्तकं
कल्पये शीर्षमुत मारयामि वा ॥[२०]

વસંતસેનાના નમેલા મસ્તક પર તે પ્રહાર કરવા તૈયાર થઈ જાય છે.[२१] બૌદ્ધસાધુ સંવાહકને તે મારે છે, વસંતસેનાનું ગળું દાબી દે છે.

**અસત્યવાદી** – વ્યવહારના દશ્યમાં શકાર જુઠ્ઠાબોલો છે. તે સ્પષ્ટ થાય છે. તે ન્યાયાધીશોની સમક્ષ કહે છે કે -

मदीयं पुष्पकरण्डकजीर्णोद्यानं प्रविश्यार्थनिमित्तं
बाहुपाशबलात्कारेण मारिता ।[२१]

**ક્રોધી** – શકાર ક્રોધી સ્વભાવવાળો પણ છે, તે વસંતસેનાને મોંએ ચારુદત્તનું નામ સાંભળીને ઉશ્કેરાઈ જઈને તેની હત્યા કરતાં કહે છે, 'अद्यापि तस्यैव पापस्य नाम गृह्णाति । .... म्रियतां गर्भदासि म्रियताम् ।'[२२]

**પિશુનતા** - શકાર ચાડી-ચુગલીખોર છે. તેના બનેવી પાલકને ખોટી ચાડી ખાઈને તે લોકોને રંજાડે છે. તે વિટને ધમકી આપીને હેરાન કરે છે.

मदीये पुष्पकरण्डकजीर्णोद्याने वसन्तसेनां मारयित्वा कुत्र पलायसे । मम आवृत्तस्याग्रतो व्यवहारं देहि ॥[२३]

ન્યાયાધીશોને પણ આવી જ રીતે ધમકી આપીને વસંતસેનાના ખૂનનો મુકદ્દમો ચલાવવા વિવશ કરે છે.

यदि न दृश्यते तदाऽऽवृत्तं राजानं पालकं भगिनीपतिं विज्ञाप्य भगिनीं मातरं च विज्ञाप्यैतमधिकरणिकं दूरीकृत्यान्यत्रान्यमधिकरणिकं स्थापयिष्यामि ।[२४]

**નિર્દય** - શકારમાં દયાનો છાંટો નથી. તે ચારુદત્તને વેર લેવાની ધમકી આપે છે, સંવાહકને મારે છે, ચારુદત્તને ઝડપથી ફાંસીએ ચડાવવા ઉતાવળ કરે છે. તે રડતા રોહસેનને જોઈને કહે છે :

अरे ननु भणामि सपुत्रकं चारुदत्तं व्यापादयतमिति ।[२५]

**લોલુપતા** - શકાર ઇન્દ્રિયલોલુપ છે. તે સોનાની લાલચ આપીને વસંતસેનાનો પ્રેમ ખરીદવાની કોશિશ કરે છે.[२६]

ભગવદ્ગીતા કહે છે કે

दैवी संपद्विमोक्षाय निबन्धायासुरी मता ।
मा शुचः संपदं दैवीमभिजातोऽसि पाण्डव ॥[२७]

ચારુદત્ત અને વસંતસેના દૈવીસંપદવાળાં હોવાથી બંને મુક્ત થાય છે. ચારુદત્ત આરોપમાંથી મુક્ત થાય છે. વસંતસેના મૃત્યુના મોંમાંથી પાછી ફરીને ચારુદત્તને પામે છે. તેઓ દૈવીસંપદવાળાં હોવાથી જ તેમનો શોક દૂર થાય છે અને આનંદની પ્રાપ્તિ થાય છે.

આ રીતે મૃચ્છકટિક માનવ-જીવનના ઊર્ધ્વીકરણનું સૂચન કરતું રૂપક છે.

## પાદટીપ

૧. ભગવદ્ગીતા, ૧૬-૧ થી ૩
૨. ભગવદ્ગીતા, ૧૬-૪
૩. 'मृच्छकटिकम्', ડૉ. સી.એલ. શાસ્ત્રી અને અન્ય, સરસ્વતી પુસ્તક ભંડાર, ૧૯૭૯, ૭.૬
૪. मृच्छकटिकम्, ૧-૧૬
૫. तस्य कारणादार्येदं हस्ताभरणं प्रतिपादयति । मृच्छकटिकम्, અંક ૨, પૃ. ૭૮
૬. तत आर्ये एकेन शून्यान्याभरणस्थानानि परामृश्य ऊर्ध्वं प्रेक्ष्य दीर्घं निःश्वस्यायं प्रावारको ममोपरि क्षिप्तः । मृच्छ., અંક ૨, પૃ. ૮૨

૭. मृच्छकटिकम्, ૩.૨૩
૮. मृच्छकटिकम्, ૧.૪૮
૯. 'आदर्शः शिक्षितानाम्', ૧-૪૮
૧૦. मृच्छकटिकम्, ૧૦.૧૨
૧૧. मृच्छकटिकम्, ૧.૯
૧૨. मृच्छकटिकम्, ૯.૧૬
૧૩. मृच्छकटिकम्, ૯.૨૯
૧૪. मृच्छकटिकम्, ૧૦.૫૫
૧૫. मृच्छकटिकम्, ૨, પૃ. ૭૨
૧૬. मृच्छकटिकम्, ૧૦.૪
૧૭. मृच्छकटिकम्, ૮, પૃ. ૨૩૪
૧૮. मृच्छकटिकम्, ૧.૩૦
૧૯. मृच्छकटिकम्, ૧.૨૬
૨૦. એજન, ૧.૩૦
૨૧. मृच्छकटिकम्, ૯મો અંક, પૃ. ૨૯૦
૨૨. मृच्छकटिकम्, આઠમો અંક, પૃ. ૨૫૪
૨૩. मृच्छकटिकम्, ૮મો અંક, પૃ. ૨૬૦
૨૪. मृच्छकटिकम्, ૯મો અંક, પૃ. ૨૭૬
૨૫. मृच्छकटिकम्, ૧૦મો અંક, પૃ. ૩૩૪
૨૬. मृच्छकटिकम्, ૮.૩૧
૨૭. ભગવદ્ગીતા, ૧૬.૫

# વ્યાકરણદર્શનની સામ્પ્રતકાલમાં ઉપાદેયતા : એક વિમર્શ+

◆

**પ્રા. ડૉ. મહાકાન્ત જે. જોશી***

**ભૂમિકા :**

ભારતીય શાસ્ત્ર-પરંપરામાં છ આસ્તિક દર્શનો અને ત્રણ નાસ્તિક દર્શનોની[1] દર્શનના શાસ્ત્રગ્રન્થો તરીકે ગણના થાય છે. જ્યારે માત્ર સાધુ[2] શબ્દોના ઉપદેશ પૂરતું જ વ્યાકરણશાસ્ત્રનું કાર્ય છે, એમ મનાતું આવ્યું છે. પરન્તુ વ્યાકરણશાસ્ત્ર જ્યારે શબ્દ એટલું શું ?, શબ્દ નિત્ય છે કે અનિત્ય ?, શબ્દ-અર્થનો સમ્બન્ધ કેવો છે ? - જેવા પ્રશ્નોની ચર્ચા ઉપાડે છે, ત્યારે તે પણ દર્શનશાસ્ત્ર બને છે. પ્રસ્તુત લેખમાં એક દર્શનશાસ્ત્ર રૂપે વ્યાકરણદર્શન સામ્પ્રતકાલમાં કેટલું ઉપયોગી છે, તે દ્યોતિત કરવાનો વિનમ્ર પ્રયાસ કરેલ છે.

**૧. વ્યાકરણદર્શન : ઉદ્ભવ અને વિકાસ :**

'વ્યાકરણ' એટલે - व्याक्रियन्ते पृथक्क्रियन्ते शब्दाः अनेन इति व्याकरणम् । (कस्यापि)- ''શબ્દોમાં રહેલા પ્રકૃતિ અને પ્રત્યયને પૃથક્કૃત કરીને દર્શાવવા તેને 'વ્યાકરણ' કહે છે. દા.ત.

गम् (गच्छ्) + अ + ति = गच्छति

↓ ↓

મૂળ પ્રકૃતિ (= ધાતુ) (પ્રથમ ગણનો વિકરણ પ્રત્યય) (વ.કા., પ.પ.નો ત્રી.પુ.એ.વ. નો પ્રત્યય)

અહીં √गम् (गच्छ्) એ મૂળ ધાતુ અર્થાત્ પ્રકૃતિ છે અને 'ति' એ.વ.કા., પ. પણ ત્રી.પુ.એ.વ.નો પ્રત્યય છે. આમ 'गच्छति' એવા ક્રિયાપદમાંથી પ્રકૃતિ √गम्(गच्छ्) [મૂળ ધાતુ] અને પ્રત્યય ('ति' વ.કા., પ.પ., ત્રી.પુ.એ.વ.નો પ્રત્યય)ને છૂટાં પાડીને દર્શાવવાં, તેને વ્યાકરણ કહે છે.

વ્યાકરણનું મુખ્ય કાર્ય સાધુ શબ્દોનો ઉપદેશ કરવો એ છે. સાથે સાથે તે અપભ્રંશ શબ્દોથી ભાષાને રક્ષે પણ છે. છતાંય વ્યાકરણશાસ્ત્ર જ્યારે શબ્દ અને અર્થ સમ્બન્ધી ચિંતન શરૂ કરે- જેમકે; શબ્દ એટલે શું ?, શબ્દ નિત્ય છે કે અનિત્ય ?, અર્થ એટલે શું ? શબ્દ અને અર્થનો સમ્બન્ધ એટલે શું ? આ શબ્દાર્થ સમ્બન્ધને જોડનારાં પરિબળો ક્યાં ક્યાં છે ? વગેરે - ત્યારે તે દર્શન બને છે. આમ વ્યાકરણશાસ્ત્રના બે પ્રવાહો બને છે : (૧) શબ્દસાધુત્વવિષયક અને (૨) પદ-પદાર્થ અને તત્સમ્બન્ધી ચિન્તન વિષયક. અલબત્ત આ બન્ને પ્રવાહોનું મૂળ વેદકાળ જેટલું પ્રાચીન હોવાનું વિદ્વાનો સ્વીકારે છે. હવે આપણે અતિ સંક્ષિપ્ત રૂપે વ્યાકરણદર્શનના ઉદ્ભવ અને વિકાસને તપાસીશું.

વૈદિકસાહિત્યમાં વ્યાકરણને દાર્શનિક ભૂમિકાનાં મૂળ દૃષ્ટિગોચર થાય છે. ત્યાં 'વાક્' વિશેના ઉલ્લેખોમાં શબ્દની તત્ત્વવિચારણા પ્રાપ્ત થાય છે. ઋગ્વેદના દસમા મંડળમાં એક 'वागाम्भृणीय सूक्त' આવેલું છે.[3] આ સૂક્ત 'આધ્યાત્મિકી' પ્રકારની ઋચાઓમાં ગુંથાયેલું સૂક્ત છે.[4] અહીં 'વાક્' ઋષિકા સ્વયં પરબ્રહ્મ સાથે તાદાત્મ્ય અનુભવી, 'હું વાણી જ સર્વભુવનોનું નિર્માણ કરું છું' વગેરે પ્રકારનાં વાક્યો ઉચ્ચારે છે. આમ, ઋગ્વેદના કવિને મન 'વાક્'નું સવિશેષ મહત્ત્વ છે.

---

+ શેઠ એચ.પી. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, તલોદ દ્વારા 'યુ.જી.સી. સ્પોન્સર્ડ નેશનલ સેમીનાર'માં દર્શનશાસ્ત્રની આજના કાળમાં પ્રસ્તુતતા વિષયક પરિસંવાદમાં (તા. ૧૬-૧૨-૨૦૦૮, મંગળવારના દિવસે) આ લેખ પ્રસ્તુત કર્યો.

* અધ્યક્ષ, સંસ્કૃત વિભાગ, પ્રમુખસ્વામી સાયન્સ ઍન્ડ આર્ટ્સ કૉલેજ, કડી, જિ. મહેસાણા

ઋગ્વેદોત્તરકાલમાં પણ 'વાક્' અંગે ભિન્ન-ભિન્ન પ્રકારના ઉલ્લેખો મળે છે. 'તૈત્તિરીય સંહિતા'માં 'વાક્'ની શબ્દ અને ધ્વનિ સાથે તુલના કરવામાં આવી છે. 'વાક્'નું સવિશેષ મહત્ત્વ બ્રાહ્મણગ્રન્થોમાં અને તેમાંય 'તૈત્તિરીય બ્રાહ્મણ'માં સવિશેષ છે.[૫] આ ઉપરાંત બ્રાહ્મણગ્રંથોમાં કેટલીક વ્યાકરણશાસ્ત્રની પ્રસિદ્ધ સંજ્ઞાઓ પણ છે. જેમકે, 'ગોપથ બ્રાહ્મણ'માં ૐકારને ઉદ્દેશીને વ્યાકરણચર્ચા થયેલી છે.[૬] અહીં વ્યાકરણશાસ્ત્રની પ્રસિદ્ધ સંજ્ઞાઓ સુસ્પષ્ટ રીતે મળે છે.

બ્રાહ્મણ ગ્રન્થો પછી આરણ્યકગ્રન્થોમાં 'વાક્' વિશે કોઈ ખાસ ઉલ્લેખો નથી. પરન્તુ એ પછીના ઉપનિષત્કાળમાં ઉદ્ગીથ, પ્રણવ અને ઓંકારના એકત્વની સાથે 'વાક્' અથવા 'અક્ષર'ની વિચારણા થઈ છે. આ સમયગાળામાં જ અક્ષરરૂપ એવા શબ્દતત્ત્વની પરમ તત્ત્વ રૂપે પ્રસ્થાપના થઈ અને તેને જ ઉપનિષદ્ બ્રહ્મનો દરજ્જો મળ્યો.

આ શબ્દતત્ત્વની ચર્ચા વેદાંગોમાં[૭] એક એવા 'નિરુક્ત'માં પણ થઈ છે. તેમાં શબ્દ નિત્ય છે કે અનિત્ય ? તેની રસપ્રદ ચર્ચા છે. યાસ્કાચાર્ય શબ્દને નિત્ય માને છે.[૮] તેઓ બધા જ શબ્દો ધાતુજ છે માટે પ્રત્યેક શબ્દનું નિર્વચન કરવું જ જોઈએ, એમ દઢપણે માને છે.[૯] તેઓ અર્થને ધ્યાનમાં રાખી શબ્દની પરીક્ષા કરવા જણાવે છે.[૧૦] આ સિદ્ધાન્તોને લક્ષમાં રાખી, તેમણે અત્યન્ત રૂઢ એવા हस्त, वृक्ष જેવા શબ્દોનું પણ નિર્વચન કર્યું છે. નિરુક્તનું પ્રત્યેક નિર્વચન 'अर्थ नित्यः परीक्षेत' એ નિયમને અનુસરે છે.

'अष्टाध्यायी' માં સંજ્ઞાઓનું પ્રમાણત્વ સિદ્ધ માનવામાં આવ્યું છે. પરિણામે લિંગ અને વચનના નિયમોની આવશ્યકતા નથી, એમ સર્વસ્વીકૃત થયું છે; એ શબ્દનિત્યત્વને આભારી હશે, એમ અનુમાની શકાય. વળી, નિત્ય એવા શબ્દના પાણિનિએ દ્રવ્ય (= વ્યક્તિ) અને જાતિ (= આકૃતિ) એવા બે અર્થો પણ સ્વીકાર્યા.[૧૧] अष्टाध्यायी માં આવાં બે પ્રકારનાં સૂત્રો પણ મળે છે. अष्टाध्यायी નાં સૂત્રોમાં સૂત્રવિદોએ આપેલી સૂત્રની વ્યાખ્યા.[૧૨] મહદંશે ચરિતાર્થ થઈ છે. તેથી વ્યાકરણની પ્રસિદ્ધિ વધી.

પાણિનિએ 'अष्टाध्यायी' માં પરિભાષાસૂત્રો અને સંજ્ઞાસૂત્રો પણ રચ્યાં છે. વળી કેટલાક પારિભાષિક શબ્દોનાં લક્ષણ પણ આપ્યાં છે. આ પણ એક પ્રકારની તાત્ત્વિક કે દાર્શનિક ચર્ચા જ કહેવાય. આમ પાણિનિએ સ્વયં વ્યાકરણદર્શનની એક સુયોગ્ય અને વિસ્તૃત પૃષ્ઠભૂમિ રચી છે. પાણિનિ દ્વારા પ્રયુક્ત विभाषा, पदविधि, आदेश, विप्रतिषेध, उपमान, लिङ्ग, क्रियातिपत्ति, આદિ સેંકડો શબ્દોથી એ સિદ્ધ થાય છે કે, પાણિનિ તત્કાલીન પ્રચલિત દાર્શનિકવાદોથી પૂરેપૂરા વાકેફ હતા. તો अष्टाध्यायी નાં કેટલાંક સૂત્રો તો સ્વતન્ત્ર-દર્શનની ગરજ સારે તેવાં છે.[૧૩] પાણિન્યોત્તરવર્તી વૈયાકરણોએ વ્યાકરણ સમ્બન્ધી જે કાંઈ વિચાર દર્શાવ્યા છે તે મહદંશે પાણિનિ આધારિત જ છે.

વ્યાકરણશાસ્ત્ર સમ્બન્ધિત વિષયો ઉપર દાર્શનિક ગ્રન્થો ક્યારથી રચાયા એ કહેવું મુશ્કેલ છે. છતાંય સૌથી પ્રાચીન વ્યાકરણદર્શનકાર સ્ફોટાયન હોવાનું અનુમાની શકાય. કેમકે પાણિનિએ સૂત્રમાં તેમને ઉલ્લેખ્યા છે.[૧૪]

ઈ.સ. પૂર્વે થયેલા યાસ્કાચાર્યે 'નિરુક્ત'માં નામ, આખ્યાતાદિનું વિવરણ કર્યું છે. સાથે સાથે કેટલાક પૂર્વાચાર્યોના મતોને પણ યથાસ્થાન ઉલ્લેખ્યા છે. અતઃ એ તો સ્પષ્ટ જ છે કે, ઈસુના સમયથી સેંકડો વર્ષ પૂર્વે વ્યાકરણની દાર્શનિક પ્રક્રિયાનો વિકાસ થઈ ચૂક્યો હતો. અલબત્ત પાણિનિ પૂર્વેના આચાર્યોના ગ્રન્થો સમ્પ્રતિ અનુપલબ્ધ છે. આચાર્ય વ્યાડિ, કાત્યાયન, પતઞ્જલિ,વસુરાત અને ભર્તૃહરિ આટલા દાર્શનિક પ્રાચીન આચાર્યોના વિચારો અધુના ઉપલબ્ધ થાય છે.

છઠ્ઠીથી અગિયારમી સદી સુધીના ભારતના મહાન ચિન્તકો ઉપર ભર્તૃહરિદર્શનની (અર્થાત્ 'વાક્યપદીય' ગ્રન્થની) સ્પષ્ટ અસર વર્તાય છે. આ સમયમાં કાશિકાકાર (જયાદિત્ય અને વામન), ન્યાસકાર

(જિનેન્દ્રબુદ્ધિ), કૈયટ (પ્રદીપ'કાર) અને ભોજદેવ ('सरस्वतीकण्ठाभरणम्'ના કર્તા) મુખ્ય વૈયાકરણો હતા. એમની ટીકાઓમાંથી વ્યાકરણદર્શન સમ્બન્ધી ઘણી વિગતો મળે છે. ભોજદેવના 'शृङ्गारप्रकाश'માં વ્યાકરણદર્શન-સમ્બન્ધી અનેક વિચારો છે. (જગદીશ તર્કાલઙ્કારે)

અગિયારથી સત્તરમી સદી સુધીમાં વ્યાકરણદર્શન ઉપર સારું કાર્ય થયું છે. તેમાં પાણિનીય પરમ્પરામાં પુરુષોત્તમદેવ, સાયણ, શેષ શ્રીકૃષ્ણ, ભટ્ટોજિ દીક્ષિત વગેરેએ સ્વકીય ગ્રન્થોમાં વ્યાકરણદર્શન વિશે લખ્યું છે. અપાણિનીય પરમ્પરામાં પણ હેમચન્દ્રાચાર્ય અને ગુણરત્નમહોદધિકાર વર્ધમાનસૂરિએ વ્યાકરણદર્શનક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન કર્યું છે.

સત્તરમી સદીથી ઓગણીસમી સદી સુધીમાં પણ વ્યાકરણદર્શન ઉપર સારું એવું કાર્ય થયું છે. ૧૭મી સદીના પૂર્વાર્ધમાં જગદીશ તર્કાલઙ્કારે 'शब्दशक्तिप्रकाशिका' નામક ગ્રન્થમાં વ્યાકરણ અને તત્ત્વજ્ઞાન એમ બન્નેની ચર્ચા કરી છે. આ સમયમાં મુખ્યત્વે કૌણ્ડ ભટ્ટ, નાગેશ ભટ્ટ (वैयाकरणसिद्धान्तमञ्जूषा, परमलघुमञ्जूषा) જગદીશ ભટ્ટાચાર્ય વગેરેએ વ્યાકરણદર્શન ઉપર સારું કાર્ય કર્યું.

આ ઉપરાન્ત પણ શ્રી ગિરિધર ભટ્ટાચાર્યે 'विभक्त्यर्थनिर्णय' અને ગોકુલનાથે 'पदवाक्यरत्नाकर' લખી વ્યાકરણદર્શનક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન કર્યું છે.

વીસમી સદીના પ્રારંભમાં વ્યાકરણદર્શન ઉપર અલ્પકાર્ય થયું છે.[૧૫]

**૨. વ્યાકરણદર્શનની પ્રમુખ દાર્શનિક વિચારણાઓ : એક સંક્ષિપ્ત અવલોકન**

વ્યાકરણશાસ્ત્ર જ્યારે શબ્દ અને અર્થ સમ્બન્ધી ચિન્તનની દિશામાં દોડે છે, ત્યારે તે વ્યાકરણદર્શન બને છે. વ્યાકરણની પ્રમુખ દાર્શનિક વિચારણાઓ સંક્ષેપમાં અહીં નિરૂપી છે. જેમકે, વ્યાકરણદર્શનના પ્રમુખ આધારગ્રન્થ મહાભાષ્યમાંથી કેટલીક દાર્શનિક ચર્ચાઓ સંક્ષેપમાં આપણે જોઈશું. જેમકે,

**(૧) શબ્દ એટલે શું ?**

મહાભાષ્યકારે 'गौः' એમ ઉચ્ચારણથી જે જ્ઞાન થાય છે, તેમાં શબ્દ કોને કહેવો ? એમ કહી શબ્દની દાર્શનિક ચર્ચા ઉપાડી છે. ભાષ્યકાર કહે છે કે, શું આ જે સાસ્ના (= ગળામાં લટકતી ચામડીની ગોદડી), લાઙ્ગૂલ (= પૂંછડી), કકુદ (=ખૂંધ), ખૂર (= ખરી) અને વિષાણ (= શિંગડા) વાળું જે અર્થરૂપ (એટલે કે પશુ) છે, તે શબ્દ છે ?" એમ કહી તેની ક્રિયા, ગુણ, દ્રવ્ય અને આકૃતિ વર્ણવી શું તેને શબ્દ કહી શકાય ? એવો માર્મિક પ્રશ્ન પૂછ્યો છે; સાથે સાથે આ બધાં તો દ્રવ્યાદિ છે, એમ ઉત્તરો પણ આપ્યા છે.[૧૬] આમ પ્રશ્નોત્તર શૈલીમાં શબ્દચર્ચાનો પ્રારમ્ભ કર્યો છે. અન્ય શબ્દોમાં આ વાતને કહીએ તો, શબ્દોચ્ચારણથી જે વ્યક્તિ/વસ્તુનો (=દ્રવ્યનો) બોધ થાય છે, તે (દ્રવ્ય)માં જાતિ, ગુણ, ક્રિયા પણ અભેદથી પ્રતીત તો થાય છે જ. આથી પ્રશ્ન થાય છે કે, શું દ્રવ્ય (વ્યક્તિ)ની સાથે જાતિ, ગુણ, અને ક્રિયાને પણ શબ્દ કહેવાય ?

પણ ભાષ્યકાર આ શંકાને દૂર કરવા માટે શબ્દનાં બે લક્ષણો રજૂ કરે છે : (૧) "જે (વર્ણાત્મક ધ્વનિ)ના ઉચ્ચારણથી ગળાની ગોદડી, પૂંછડી, ખૂંધ, ખરી અને શિંગડાંવાળીનો બોધ/જ્ઞાન થાય છે તેને (તે સાર્થક ધ્વનિને)શબ્દ કહેવાય છે. અને (૨) (સાધક કે) અનર્થક વર્ણ રૂપ ધ્વનિસમૂહને પણ શબ્દ કહેવામાં આવે છે." દા.ત. લોકમાં કોઈક કોઈકને કહેતું હોય છે કે शब्दं कुरु / मा शब्दं कार्षीः । "તું અવાજ કર', કે 'તું' (નિરર્થક શબ્દ) અવાજ ન કરીશ."[૧૭]

ઉપર્યુક્ત બન્ને લક્ષણોને ચકાસતાં જણાય છે કે, પહેલું લક્ષણ 'સાર્થક ધ્વનિ' તે શબ્દ છે એમ કહે છે. જ્યારે બીજું લક્ષણ પહેલાના વિરોધમાં રજૂ થયું છે. આ લક્ષણ મુજબ, નિરર્થક ધ્વનિ પણ શબ્દ કહેવાય છે. 'પ્રતીતપદાર્થક'નો અર્થ છે લોક પ્રચલિત અર્થ. અહીં જે શબ્દનાં બે લક્ષણો આપવામાં આવ્યાં છે તેમાં પ્રથમ લક્ષણમાં નિત્ય શબ્દને આવરી લેવામાં આવ્યો છે. આવો શબ્દ સ્ફોટરૂપ હોવાથી વૈયાકરણોને માન્ય છે. જ્યારે

બીજા લક્ષણમાં અનિત્ય શબ્દને આવરી લેવામાં આવ્યો છે. આવો શબ્દ માત્ર ધ્વનિરૂપ છે અને એ નૈયાયિકોને માન્ય છે. પણ વ્યાકરણશાસ્ત્ર તો આ બન્ને પક્ષમાં પ્રવૃત્તિશીલ રહેવાનું છે.[૧૮]

### (૨) શબ્દ નિત્ય છે કે અનિત્ય ?

પતઞ્જલિ મહાભાષ્યમાં આ ચર્ચા ઉપાડે છે- શું શબ્દ નિત્ય છે કે કાર્ય (=અનિત્ય) છે ? એના ઉત્તરમાં તેઓ જણાવે છે કે, (किं पुनर्नित्यः शब्द आहोस्वित्कार्यः ।) संग्रह एतत्प्राधान्येन परीक्षितं नित्यो वा स्यात्कार्यो वेति । तत्रोक्ता दोषाः प्रयोजनान्युपयुक्तानि । तत्र त्वेष निर्णयो यद्येव नित्योऽथापि कार्य उभयथापि लक्षणं प्रवर्त्यमिति ॥[૧૯] ''સંગ્રહ''નામના ગ્રન્થમાં આ વિશે પ્રાધાન્યરૂપેણ (= વિગતથી) પરીક્ષા (=વિચારણા) કરવામાં આવી છે કે શબ્દ નિત્ય છે કે કાર્ય છે. ત્યાં (બન્ને પક્ષોનો અને કોઈ એક પક્ષના સ્વીકારથી થતા) દોષો પણ કહ્યા છે અને (એ મતો સન્દર્ભે શાસ્ત્રની પ્રવૃત્તિના) પ્રયોજનો પણ કહ્યાં છે. (આવી વિશદ વિચારણાને અન્તે) ત્યાં એવો નિર્ણય (લેવાયો) છે કે શબ્દ નિત્ય હોય કે કાર્ય, બન્ને પક્ષમાં લક્ષણ (=શબ્દશાસ્ત્ર) તો પ્રવર્તાવવું જ જોઈએ.''

અહીં પતઞ્જલિ  જણાવે છે કે, શબ્દને નિત્ય કહેવો કે અનિત્ય તેનો નિર્ણય સંગ્રહ' (નામના વ્યાડિરચિત) ગ્રન્થમાં છે. વળી આ ગ્રન્થમાં જ નિર્ણય લેવાયો છે કે, શબ્દને ભલે નિત્ય માનવામાં આવે કે કાર્ય પણ વ્યાકરણશાસ્ત્રે તો આ બન્ને મતોને સ્વીકૃત ગણી, એના ઉપર સૂત્રો રચવાં પડશે.

### (૩) શબ્દ, અર્થ અને તે બન્ને વચ્ચેનો સમ્બન્ધ નિત્ય છે.

શબ્દ નિત્ય છે. અર્થ પણ નિત્ય છે. વળી, તે બન્નેનો સમ્બન્ધ પણ નિત્ય છે, એમ દર્શાવવા પતઞ્જલિએ કાત્યાયનનું એક વાર્તિક 'પસ્પશાહ્નિક'માં પ્રસ્તુત કર્યું છે - सिद्धे शब्दार्थसम्बन्धे[૨૦] । અર્થાત્ ''(જયારે) શબ્દ, અર્થ અને તેમનો સમ્બન્ધ સિદ્ધ છે (ત્યારે આ શબ્દાનુશાસન પ્રવર્તાઈ રહ્યું છે).'' આ વાર્તિકમાંના 'સિદ્ધ' શબ્દને નિત્યપર્યાયવાચી લેવાનો છે, એમ મહાભાષ્યકારે જાહેર કર્યું છે.

આ વાર્તિકમાં વપરાયેલો 'સિદ્ધ' શબ્દ ક્યારેક 'નિત્ય' તો ક્યારેક 'અનિત્ય' અર્થમાં પણ વપરાય છે. દા.ત. (૧) सिद्धाद्यौः । सिद्धा पृथिवी । सिद्धम् आकाशम् – દ્યુલોક સિદ્ધ (નિત્ય) છે; પૃથિવી સિદ્ધ છે; અને આકાશ પણ સિદ્ધ છે. તો બીજી તરફ सिद्ध ओदनः । सिद्धः सूपः । सिद्धा यवागूः । ''ભાત સિદ્ધ (એટલે કે તૈયાર થઈ, રંધાઈ ગયો), દાળ સિદ્ધ (તૈયાર) થઈ ગઈ છે.[૨૧] અહીં અનિત્ય પદાર્થો માટે પણ 'સિદ્ધ' શબ્દ પ્રયોજાયો છે. તો પછી પ્રસ્તુત વાર્તિકમાં 'સિદ્ધ' શબ્દનો શો અર્થ કરવો ? તેના જવાબમાં પતઞ્જલિ જણાવે છે કે, અહીં 'નિત્ય'ના પર્યાયવાચી તરીકે જ 'સિદ્ધ' શબ્દનો પ્રયોગ થયો છે. તેઓ તેના સમર્થનમાં જણાવે છે કે, (૧) 'સંગ્રહ' ગ્રન્થમાં પણ કાર્ય (= અનિત્ય) શબ્દના વિરોધી શબ્દ તરીકે (સિદ્ધ શબ્દનો પ્રયોગ થયો છે, માટે અહીં પણ 'સિદ્ધ' શબ્દ નિત્ય અર્થમાં જ વપરાયો છે.''[૨૨]

(૨) अब्भक्षः । वायुभक्षः । જેવાં એકપદવાળાં (એકપદના અવધારણવાળા) વાક્યોનો અર્થ अप एव भक्षयति । वायुमेव भक्षयति । ''પાણી જ પીવે છે; પવન જ ખાય છે.'' એવો કરવામાં આવે છે, તેવી જ રીતે અહીં 'સિદ્ધ'નો નિત્ય જ અર્થ કરવો.

(૩) अत्यन्तसिद्धः જેવા સામાસિક શબ્દમાંથી પૂર્વપદનો લોપ થઈ, કેવળ 'सिद्ध' શબ્દ શેષ રહ્યો છે. જેવી રીતે देवदत्त ને दत्त કે सत्यभामा ને भामा રૂપે પણ બોલાવવામાં આવે છે, તે રીતે અહીં પણ પૂર્વપદનો લોપ થવાથી માત્ર 'सिद्ध' શબ્દ જ પ્રયોજાયો છે. વળી, (૪) ''અથવા - વ્યાખ્યાન દ્વારા વિશેષ સમજૂતી મળી રહી છે; પણ સન્દેહ થવાથી શાસ્ત્ર અશાસ્ત્ર બની જતું નથી. માટે હું પતઞ્જલિ આ વાર્તિકમાં 'સિદ્ધ' શબ્દ 'નિત્ય'ના પર્યાય તરીકે જ વપરાયો છે, એ આગળ ઉપર વ્યાખ્યાનથી સાબિત કરી આપીશ.''[૨૩]

આમ, પતઞ્જલિએ પદના અર્થ તરીકે જે જાતિ, વ્યક્તિ કે આકૃતિનો બોધ થાય છે, તે ત્રણેયને નિત્ય

દર્શાવી ઉક્ત વાર્તિકનો 'सिद्धे शब्दे अर्थे सम्बन्धे च' એમ વિગ્રહ કરવો; એવી જાહેરાત કરી છે.

વળી, આ 'सिद्ध' શબ્દ 'शब्दार्थसम्बन्धे' એવા દ્વન્દ્વસમાસની પૂર્વે આવેલો હોવાથી, 'सिद्धे' શબ્દનો પ્રત્યેક પદની સાથે સમ્બન્ધ થશે. જેમકે, 'सिद्धे शब्दे सिद्धे अर्थे, सिद्धे सम्बन्धे च । અર્થાત્ ''શબ્દો સિદ્ધ (=નિત્ય) છે ત્યારે, અર્થો નિત્ય છે ત્યારે અને તેમના સમ્બન્ધો નિત્ય છે ત્યારે (અર્થાત્ એમ માનવામાં આવ્યું છે ત્યારે) આ વ્યાકરણશાસ્ત્રનો આરમ્ભ કરવામાં આવે છે.''

આમ શબ્દો, અર્થો અને (તેમના) સમ્બન્ધો નિત્ય જ છે. અને આ ત્રણેય નિત્ય હોય તો જ વ્યાકરણશાસ્ત્ર લખવાનો અર્થ છે.

**ઉપસંહાર :**

વ્યાકરણનું મુખ્ય કાર્ય સાધુ શબ્દોના ઉપદેશનું તથા અપભ્રંશ શબ્દોથી ભાષાને બચાવવાનું છે. પરન્તુ જ્યારે વ્યાકરણશાસ્ત્ર શબ્દ અને અર્થ સમ્બન્ધી ચિંતનમાં સરી પડે છે - જેમકે, શબ્દ એટલે શું ?, શબ્દ નિત્ય છે કે અનિત્ય ?, શબ્દ અને અર્થ વચ્ચેનો સમ્બન્ધ કેવો છે ? વગેરે - ત્યારે તે દર્શન બની જાય છે. આમ તો વ્યાકરણદર્શનનો પ્રારમ્ભ છેક ઋગ્વેદના 'વાક્' વિશેના ઉલ્લેખોથી થયો છે અને તેમાંથી કાલક્રમે વિકાસ પામ્યો છે. 'નિરુક્ત', 'અષ્ટાધ્યાયી', 'વ્યાકરણ-મહાભાષ્ય' અને 'વાક્યપદીય' આ ચાર ગ્રન્થો વ્યાકરણદર્શનના પાયાના ગ્રન્થો છે. વળી, મહાભાષ્ય તો સાક્ષાત્ વ્યાકરણદર્શનનો ખજાનો છે. વ્યાકરણે શબ્દ, અર્થ અને અન્ય વિષયોને લગતી જે દાર્શનિક ચર્ચા કરી છે એ સાર્વકાલિક અને સાર્વત્રિક છે. જ્યારે અને જે સ્થળે વ્યાકરણનો જિજ્ઞાસુ આ શબ્દાર્થ સમ્બન્ધી દાર્શનિક વિચારણાઓ જાણશે ત્યારે તેને કંઈક વિશેષ જાણ્યાનો-માણ્યાનો સંતોષ અનિવાર્ય થશે જ. માટે આ વ્યાકરણદર્શનની ચર્ચાઓ તત્કાલ પૂરતી જરૂરી હતી અને આજે નથી એમ કહેવું એક સાહસ અને મૂર્ખામીનું પ્રદર્શન હોય ! તેથી વ્યાકરણની આ દાર્શનિક ચર્ચાઓની જરૂર કાલે હતી, આજે છે અને આવતીકાલે પણ રહેવાની જ છે; એ નિર્વિવાદ બાબત છે.

### પાદટીપ

૧. આસ્તિક દર્શનો છ છે : (૧) સાંખ્ય (૨) યોગ (૩) ન્યાય, (૪) વૈશેષિક, (૫) પૂર્વમીમાંસા અને (૬) ઉત્તર મીમાંસા (=વેદાન્ત) દર્શન. જ્યારે નાસ્તિક દર્શન ત્રણ છે : (૧) ચાર્વાક, (૨) બૌદ્ધ અને (૩) જૈન દર્શન. આમ ભારતીય શાસ્ત્ર-પરમ્પરામાં કુલ ૯ દર્શનોનો સમાવેશ થાય છે.

૨. સાધુ શબ્દનો અર્થ છે - પ્રયોગાર્હ. અર્થાત્ - પ્રયોગને માટે યોગ્ય. સંસ્કૃતમાં કોઈ પણ શબ્દનો પ્રયોગ કરવા માટે તેને વ્યાકરણનો સંસ્કાર આપવો પડે છે. શબ્દકોષમાં જોવા મળતા મૂળ શબ્દો જેવા કે રામ, રમેશ, મહેશ, સુરેશ કે સીતા, ગીતા, કવિતા, કુન્તા કે સુંદર, વન, ફળ જેવા શબ્દોનો સીધો સંસ્કૃતમાં પ્રયોગ થઈ શકતો નથી. એ માટે નિયમ છે કે, नाऽपि केवला प्रकृतिः प्रयोक्तव्या नाऽपि केवलः प्रत्ययः માત્ર પ્રકૃતિ (= મૂળ શબ્દ) કે માત્ર પ્રત્યયનો સ્વતંત્ર રીતે સંસ્કૃત ભાષામાં પ્રયોગ થઈ શકતો નથી.'' પરિણામે શબ્દકોશનો જે શબ્દ સંસ્કૃતમાં પ્રવેશવા આવે તેને વ્યાકરણનો સંસ્કાર સૌ પ્રથમ આપવો પડે છે. (એટલે કે રામ વગેરે શબ્દોને सु, औ, जस् એ सुप् પ્રત્યયો લાગે છે અને भू (જોવું) જેવા ધાતુઓને, 'तप्-तस्-झि એ लिङ् પ્રત્યયો લાગે છે). આ રીતે સંસ્કાર પામેલો શબ્દ સ્પષ્ટ 'સાધુ' બને છે એ પછી જ તેનો પ્રયોગ (रामः, भवति એ રીતે) થઈ શકે છે.

૩. જુઓ - ऋग्वेद संहिता १०-१२५, सायणाचार्यभाष्यसंहिता, सम्पा० श्रीमन् मोक्षमूलर भट्ट; चतुर्थो भागः, वाराणसी, पृ. ४१२-४१५

૪. યાસ્કાચાર્યે 'નિરુક્ત'ના સપ્તમાધ્યાયમાં ઋચાઓના ત્રણ પ્રકાર દર્શાવ્યા છે. तास्त्रिविधाऋचः । परोक्षकृताः । प्रत्यक्षकृताः । आध्यात्मिकाश्च । ... आध्यात्मिक्य उत्तमपुरुषयोगाः । अहमिति चैतेन सर्वनाम्ना । ...

वागाम्भृणीयमिति ॥२॥ 'निघण्टु और निरुक्त' दैवतकाण्डम्, सम्पा० लक्ष्मणसरूप, दिल्ली, पृ. २०८-२०९

५. अनन्तामन्तादधिनिर्मितां महीम् । वाचं देवा उपजीवन्ति विश्वे ॥
वाचं गन्धर्वा पशवो मनुष्याः । वाचीमा विश्वा भुवनान्यर्पिता ॥
वागक्षरं प्रथमजातस्य । वेदानां मातामहस्य नाभिः । 'तैत्तिरीय ब्राह्मण, सम्पा० महादेव शास्त्री, दिल्ली, १९८५

६. 'ओं कारं पृच्छामः को धातुः, किं प्रातिपदिकम्, किं नामाख्यातम्, किं लिङ्गम्, किं वचनम्, का विभक्तिः, कः प्रत्ययः इति । 'गोपथ ब्राह्मणम्' ।१।२४, सम्पा० विजयपालो विद्यावारिधिः, कलकत्ता, सं. २०३७, पृ. १३

૭. વેદાંગો છ છે : શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છન્દ અને જ્યોતિષ.

૮. (१) तद् यानि चत्वारि पदजातानि नामाख्याने चोपसर्ग निपाताश्च तानीमानि भवन्ति, (२) इन्द्रियनित्यं वचनमौदुम्बरायणः । तत्र चतुष्टयं नोपपद्यते । - 'निघण्टु और निरुक्त', प्रथमोऽध्यायः, दिल्ली, पृ. १०३

૯. तत्र सर्वाणि नामानि आख्यातजानीति शाकटायनो नैरुक्तसमयश्च । एजन, पृ. ११२
વળી તેઓ કહે છે - न त्वेव न निर्ब्रूयात् । એજન, द्वितीयोऽध्याय, पृ. १२०

૧૦. अर्थो नित्यः परीक्षेत । न संस्कारम् आद्रियेत । એજન, पृ. १२०

૧૧. किं पुनराकृतिः पदार्थ आहोस्विद् द्रव्यम् । उभयमित्याह । ...उभयथा ह्याचार्येण सूत्राणि पठितानि । आकृतिं पदार्थं मत्वा... आरभ्यते ॥ 'व्याकरण महाभाष्य', प्रथमं खण्डम्, दिल्ली, पृ. ४४

૧૨. स्वल्पाक्षरं असन्दिग्धं सारवत् विश्वतोमुखम् । अस्तोभमनवद्यं च सूत्रं सूत्रविदो विदुः ॥ (कस्यापि)

૧૩. દા.ત. (१) अर्थवद्धातुरप्रत्ययः प्रातिपदिकम् ।१।२।४५, (२) तद्शिष्यं सञ्ज्ञाप्रमाणत्वात् १।२।५३, (३) स्वतन्त्रः कर्ता ।१।४।५४, (४) कर्मणि च येन संस्पर्शात् कर्तुः शरीरसुखम् । ३।३।१२६, (५) प्रकारे गुणवचनस्य વગેરે.

૧૪. अवङ् स्फोटायनस्य ।६।१।१२३. આ સૂત્ર ઉપર કાશિકાકાર લખે છે કે, स्फोटोऽयनं परायणं यस्य स स्फोटायनः स्फोटप्रतिपादनपरो वैयाकरणाचार्यः । काशिका वृत्ति, ६।१।१२३

૧૫. દાર્શનિક વૈયાકરણોની વધુ વિગતો મેળવવા માટે જુઓ- 'ગણરત્નમહોદધિ અને એનો શબ્દાર્થ વિચાર', અધ્યાય-૧ ('દાર્શનિક વૈયાકરણોનો પરિચય' પૃ. ૬૬ થી ૭૮. લેખક-પ્રકાશક, ડૉ. મહાકાન્ત જોશી, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૭, પૃ. ૫૯ થી ૭૮

૧૬. अथ गौरित्यत्र कः शब्दः । किं यत्तत्सास्नालाङ्गूलककुदखुरविषाण्यर्थरूपं स शब्दः । नेत्याह । द्रव्यं नाम तत् ॥ यत्तर्हि तदिङ्गितं चेष्टितं निमिषितं स शब्दः । नेत्याह । क्रिया नाम सा । यत्तर्हि तच्छुक्लो नीलः कृष्णः कपिलः कपोत इति स शब्दः । नेत्याह । गुणो नाम सः ॥ यत्तर्हि तद्भिन्नेष्वभिन्नं छिन्नेष्वच्छिन्नं सामान्यभूतं स शब्दः । नेत्याह । आकृतिर्नाम सा । 'व्याकरण महाभाष्य', प्रथम खण्डम्, पस्पशाह्निकम्, प्रतिभा प्रकाशन, पृ. ८-१२

૧૭. कस्तर्हि शब्दः ? येनोच्चारितेन सास्नालाङ्गूलककुदखुरविषाणिनां संप्रत्ययो भवति स शब्दः । अथवा प्रतीतपदार्थकः लोके ध्वानेः शब्द इत्युच्यते । तद्यथा । शब्दं कुरु । मा शब्दं कार्षीः । એજન, पृ. १२-१४

૧૮. અર્વાચીન વ્યાખ્યાકાર ડૉ. એસ.ડી.જોશીનું કહેવું છે કે, આ પા.વ્યા.નાં સૂત્રો દ્વારા બન્ને લક્ષણોથી લક્ષિત બનતા શબ્દો ઉપર કામ કરવાનું છે. જેમકે કેટલાંક સૂત્રો દ્વારા સાર્થક એકમો અર્થાત્ પ્રકૃતિ-

પ્રત્યયોનું વિધાન કરવામાં આવનાર છે. તો કેટલાંક સૂત્રો દ્વારા માત્ર ધ્વનિને ધ્યાનમાં રાખીને (સન્ધિ વગેરે) કેટલોક વિધિ કરવામાં આવનાર છે. માટે સાર્થકની સાથે અનર્થક ધ્વનિને પણ 'શબ્દ તરીકે સ્વીકારવામાં આવેલ છે. આ વિશે વધુ વિગત માટે જુઓ - 'પાણિનીય વ્યાકરણવિમર્શ', લેખક - ડૉ. વી.એમ. ભટ્ટ, ૧૯૯૪, પૃ. ૧૩૯-૧૪૦ તથા જુઓ - व्याकरण-महाभाष्य-पस्पशाह्निक, ડૉ. કે.સી. ચોક્સી, ૨૦૦૬, સ. પ્રકાશન, પૃ. ૨૦-૨૧

૧૯. व्याकरण महाभाष्य, प्रथम खण्ड, पस्पशाह्निक, पृ. ४६

૨૦. એજન, પૃ. ૪૭

૨૧. अथ सिद्धशब्दस्य कः पदार्थः । नित्यपर्यायवाची सिद्धशब्दः । कथं ज्ञायते । ... सिद्धा द्यौः पृथिवी, सिद्धमाकाशमिति । ननु च भोः कायेष्वपि वर्तते । तद्यथा - सिद्ध ओदनः, सिद्ध सूपः, सिद्धा यवागूरिति। એજન,

૨૨. यावता कायेष्वपि वर्तते तत्र कुत... संग्रहे तावत्कार्यप्रतिद्वन्द्विभावान्मन्यामहे नित्यपर्यायवाचिनो ग्रहणमिति । इहापि तदेव ॥ એજન

૨૩. अथवा सन्त्येकपदान्यप्यवधारणानि । तद्यथाब्भक्षो वायुभक्ष...अत्यन्तसिद्धः सिद्ध इति । तद्यथा-देवदत्तो दत्तः, सत्यभामा भामेति । अथवा व्याख्यानतो विशेषप्रतिपत्तिर्न हि संदेहादलक्षणमिति नित्यपर्यायवाचिनो ग्रहणमिति व्याख्यास्यामः ॥ એજન

# મેઘદૂતમાં કાલિદાસીય જીવનદર્શન : એક અભ્યાસ

◆

પ્રા. બલાભાઈ એસ. રબારી*

કવિવર કાલિદાસની સાહિત્યસૃષ્ટિના પ્રશસ્ત પ્રાસાદનો સુવર્ણકળશ 'મેઘદૂત' છે. આ ખંડકાવ્ય તો વાસ્તવમાં સંસ્કૃત સાહિત્યરૂપી નંદનવનમાં અનેક મહાકાવ્યોરૂપી કલ્પવૃક્ષોની વચ્ચે પોતાના પમરાટથી પ્રાણીમાત્રને પ્રફુલ્લિત કરનાર પારિજાત સમાન સોહાય છે. કાલિદાસની પ્રતિભાને ઘડવામાં રામાયણનો મોટો ફાળો છે. મલ્લિનાથ ટીકાકારના મત પ્રમાણે મેઘદૂતની રચનામાં કાલિદાસને રામાયણમાં રામના સીતા પ્રત્યેના હનુમાનના દૂત પ્રસંગ પરથી પ્રેરણા મળી હોય એવી વિચારધારાની પુષ્ટિ કરનારા કેટલાક વિદ્વાનો છે. सीतां प्रति रामस्य हनुमत्संदेशं मनसि निधाय मेघसंदेशं कविः कृतवानित्याहुः ।[1]

ઋગ્વેદમાં 'દૂત' શબ્દનો પ્રયોગ જોવા મળે છે. अग्निं दूतं वृणीमहे (ઋ. ૧-૧૨-૧). ઋગ્વેદના ૧૦-૧૨૮માં સરમા દેવદૂતી બનીને પણિઓ પાસે ગઈ એવી કથા વિસ્તારથી મળે છે.

ઉપનિષદ્ સાહિત્યમાં કૌશિતકી ઉપનિષદમાં કહ્યું છે કે प्राणस्य ब्रह्मणो मनोदूत, मनोदूतं वेद दूतवान् भवति ।[2] ત્યારબાદ અનન્તકદૂત, વાસૂકિદૂત, તક્ષકદૂત, કર્કોટકદૂત વગેરે ઉલ્લેખો જોવા મળે છે.

મનુસ્મૃતિમાં દૂતનું મહત્ત્વ, લક્ષણો, ગુણો વગેરેની ચર્ચા વિસ્તૃત રીતે કરેલ છે. दूतं चैव प्रकुर्वीत सर्वशास्त्रविशारदम् । इङ्गिताकारचेष्टज्ञं शुचिं दक्षं कुलोद्गतम् ।[3]

મહાભારતમાં નલોપાખ્યાનમાં હંસનું દૂતકાર્ય અત્યંત પ્રસિદ્ધ છે.[4] દૂતવાક્ય, દૂતઘટોત્કચ જેવાં રૂપકો દૂતકથા પર આધારિત છે. कर्णभारम्, स्वप्नवासवदत्तम्, पंचरात्रम् વગેરેમાં દૂતની વાત પ્રાપ્ત થાય છે.

પ્રસ્તુત અભ્યાસલેખમાં 'મેઘદૂત'ના ભાવપક્ષ અંતર્ગત કાલિદાસના જીવનદર્શનનો વિચાર કરેલ છે. ભાવપક્ષનું નિરૂપણ કરતાં પહેલાં મહાકવિ કાલિદાસના જીવન વિશે થોડુંક વિહંગાવલોકન કરી લઈએ જે ભાવપક્ષના નિરૂપણમાં ઉપાદેય બની રહે તેમ છે.

સંસ્કૃત સાહિત્યમાં ધ્વનિને કાવ્યનો આત્મા માનવામાં આવે છે મહાકવિ કાલિદાસને ધ્વનિસ્વામી એવું હુલામણું બિરૂદ આપવામાં આવ્યું છે, કાલિદાસ વ્યંજનોનો સ્વામી છે, જે વિષયનું નિરૂપણ કરવા માટે કવિ સંક્ષેપમાં જ રજૂ કરી દે છે. ભાવોની સૂક્ષ્મ અને માર્મિક વ્યંજના કવિને વિશેષ પસંદ છે. શ્રી બ.ક. ઠાકોરે યોગ્ય રીતે જ તેમના શબ્દોને 'ઘૂંટેલી રોનક' કહ્યાં છે.[5]

**૧. મહાકવિ કાલિદાસનું જીવન :**

'વિક્રમોર્વશીયમ્' નાટકમાંના વિભિન્ન પુરાવાઓથી એટલું તો નિશ્ચિત થાય છે કે કાલિદાસ કોઈ પ્રસિદ્ધ વિક્રમાદિત્યની સાથે સંકળાયેલા છે, તે બ્રહ્મવાદી છે, પરમાત્માને મુખ્યત્વે સાકારરૂપે પૂજતાં તે શંકરના પરમભક્ત છે. અને ઉજ્જયિનીના વર્ણન બાબતે જે મુગ્ધકર આત્મીયતા 'મેઘદૂત'માં બતાવી છે, તે જોતાં કાલિદાસને ઉજ્જયિની સાથે નિકટવર્તી સંબંધ હોય એમ લાગે છે. વિક્રમના દરબારના નવરત્નોમાંનો એક તે હોય કે ન હોય પણ તે સમાજના ઉચ્ચ, સમૃદ્ધ અને કલાપારખું વર્ગની વચ્ચે જ જીવનનો મોટો ભાગ રહ્યો હશે, એમ લાગે છે. સર્વશાસ્ત્રો અને કલાઓનો તે જ્ઞાતા અને દૃષ્ટા છે. કાલિદાસના જીવન વિશે વધુ ન જાણતાં તેનું સમગ્ર વ્યક્તિત્વ એક સંસ્કારી, અભ્યાસુ, ધર્મપરાયણ અને ઉચ્ચકુલના બ્રાહ્મણોનું જ લાગે છે એમ એમની

---

* અધ્યાપક, સંસ્કૃત વિભાગ, શ્રીમતી આર.ડી.શાહ આર્ટ્સ એન્ડ શ્રીમતી વી.ડી. શાહ કૉમર્સ કૉલેજ, ધોળકા, જિ.અમદાવાદ-૩૮૨૨૨૫

કૃતિઓના પરિશીલનથી જણાય છે. વાલ્મીકિ અને વ્યાસનો તે પક્ષપાતી જ લાગે છે.

## ૨. મેઘદૂતમાં કાલિદાસીય જીવનદર્શન : એક અભ્યાસ

ભામહથી મમ્મટ સુધીના આચાર્યોએ જીવનના પુરુષાર્થચતુષ્ટયની સિદ્ધિનો જ વિચાર કર્યો છે. મહાકાવ્યના પ્રયોજન સંદર્ભે કહ્યું છે કે ''નાટ્ય ધર્મ, યશ, કામ, આયુનું સાધક, હિત અને બુદ્ધિનું વર્ધક તથા લોકોપદેશક થશે. આમેય, કવિ એના જમાનાનો સાક્ષી છે. એમના જીવનદર્શનમાં તે આદર્શોન્મુખ વાસ્તવવાદમાં માનનારો જણાય છે. અમીર મનનો લેખક ઉચ્ચજીવનની ઉપાસના કરવા છતાં સમગ્રસ્પર્શી જીવન આપી શકતો હોય તો આપણે એમને સ્વીકારવા જોઈએ. તેમનું હૃદય उदारचरितानां तु वसुधैव कुटुम्बकम् । એવો અનુભવ કરાવનારું હતું.[૬] તેમનામાં શિષ્ટતા અને સંસ્કારિતા, પુરુષાર્થ, સંયમ, ધીરજ અને સ્વસ્થતા સાથે માનવ જીવે અને જીવનનો આનંદ માણે એવી દઢ ભાવના હતી. તપસ્વિતા અને વિશ્વવ્યાપ્તિ એ સ્વાભાવિક રીતે જ નીતિ અને ભક્તિના ઉપાસક છે. તદ્દ્યુગીન જીવનદર્શનનાં અનેક આધારભૂત તત્ત્વો મેઘદૂતમાં પ્રસ્ફુરિત થયાં છે. જેમનું વર્ણન નીચે પ્રમાણે છે :

**I.** મહાકવિ કાલિદાસ ખંડકાવ્યની કથાવસ્તુનો વ્યાપ ધાર્મિક માન્યતાઓના પરિપ્રેક્ષ્યમાં કરે છે. તથા ભારતીય સંદર્ભમાં 'ધર્મ' શબ્દની વ્યાપકતા કર્તવ્યાકર્તવ્યના પરિપ્રેક્ષ્યમાં પલ્લવિત કરે છે. કવિ અનેક દેવતાઓમાં અતૂટ શ્રદ્ધા રાખે છે. તેમણે हरशिरश्चन्द्रिकाधौतहर्म्या ।[૭] કહીને શંકર પ્રત્યે તેમની શ્રદ્ધા અને આસ્થા પ્રગટ કરી છે. મેઘદૂતનાં અનેક સ્થળે વિષ્ણુના કૃષ્ણાવતારની વાત 'गोपवेषस्य विष्णोः ।[૮] જણાવેલ છે. એક પદ્યમાં કાલિદાસની રામોપાસક તરીકેની દૃષ્ટિ પણ જોવા મળે છે. वन्द्यैः पुसां रघुपतिपदैरङ्कितं मेखलासु ।[૯]

મહાકવિકાલિદાસ હિન્દુધર્મ અંતર્ગત શૈવધર્મના અનુયાયી હોવા છતાં અન્ય ધર્મો પ્રત્યે પણ તેમની નિષ્ઠા વ્યક્ત થાય છે. વિશેષતઃ તેમનાં નાટકોમાં શિવ પ્રત્યેનો આદરભાવ જણાઈ આવે છે, છતાં ચુસ્તશૈવ નહીં પણ બિનસાંપ્રદાયિકતાની ભાવનામાં માનવાવાળા હશે, એવું એમનાં રઘુવંશ, કુમારસંભવ જેવાં મહાકાવ્યોમાં વિષ્ણુ, બ્રહ્મા, રામ વગેરે દેવો પ્રત્યેનો આદર તેમના ભક્તિભાવ પરથી જણાય છે.

**II.** મહાકવિ કાલિદાસનાં ઉપર્યુક્ત ઉદ્ધરણો એમની ધર્મપરાયણ વૃત્તિનાં દ્યોતક છે. અહીં ધર્મ કેવળ ઈશ્વર વિષયક વિશ્વાસનું દ્યોતક ન, હોઈને સમગ્ર કર્તવ્યવિધાનનું બોધક છે. આમ, કાલિદાસના મેઘદૂતમાં સમાજના વિવિધ ઘટકોના ધર્મો (કર્તવ્યો)નો નિર્દેશ થયો છે. જેમાં અતિથિસત્કાર, કીર્તિની મહત્તા, સંયમ, મિતભાષિતા, આદર, સ્વાગત વગેરેની ચર્ચા સ્પષ્ટ રીતે પરિલક્ષિત થાય છે.

૧. કાલિદાસ એક ગૃહસ્થ હતા. તેઓ મેઘદૂતના પ્રથમ ભાગમાં અતિથિસત્કારનું વર્ણન કરતાં કહે છે કે कैलासस्य त्रिदशवनितादर्पणस्यातिथिः स्याः ।[૧૦] યક્ષનો આ વિનયપૂર્ણ સેવાભાવ કાલિદાસની अतिथि देवो भव'ની ભાવનાને વ્યક્ત કરે છે.

૨. કાલિદાસ કીર્તિની મહત્તા નમ્રતાના ગુણો અને સંગીતવાદ્યની રચના જ્ઞાન સાથે નિરૂપી દે છે. 'એ કાર્તિક દેવની આરાધના કરી, વૃષ્ટિના ભયથી વીણાધારી સિદ્ધ યુગલોને તારે માર્ગેથી હઠાવી, થોડોક માર્ગ વટાવી જગત પર પ્રવાહરૂપે મૂર્ત થઈ અવતરેલ રંતિદેવની ગોહત્યાસંચિત કીર્તિને માન દેવા તું નીચે ઊતરજે'.[૧૧]

૩. સંયમ અને મિતભાષિતા કાલિદાસની દૃષ્ટિએ આદર્શ ગુણો છે. 'તરંગોના ખળભળાટને કારણે કલરવ કરી ઊઠતાં પંખીઓરૂપી ઝણકતી કંદોરાની સેરવાળી, વહેતી વહેતી મદમાતી ગતિથી સુંદર લાગતી, વમળોરૂપી નાભિ દાખવતી નિર્વિંધ્યા નદીનાં સમાગમ પામી માર્ગે રસશૃંગારી બનજે. ખરેખર, પ્રિય વ્યક્તિઓ તરફના વિલાસ એ જ સ્ત્રીના પ્રથમ પ્રણયબોલ છે'.[૧૨] અહીં પ્રકૃતિનાં તત્ત્વોમાંથી માનવસંબંધોની કલ્પના દેખા દે છે. સ્ત્રીઓનો સ્વભાવ છે કે બોલે ઓછું પણ વ્યક્ત વધારે કરે. હાવભાવ, કટાક્ષ,

લજ્જાનો ભાવ વગેરે સ્રીવર્ગમાં વિશેષ હોવાથી તે મુખથી રાગને પ્રદર્શિત કરતી નથી.

૪. આદર અને સ્વાગત વિશે કાલિદાસ કહે છે કે 'સ્વામીના કંઠ જેવી જ આની કાંતિ છે એમ વિચારતાં શિવગણો વડે સાદર નિરખાતો તું ત્રિલોકનાથ શિવના પુણ્યધામમાં જજે[૧૩]. સ્વામી શિવના કંઠના વર્ણવાળી સમાનતાના કારણે આદરપૂર્વક જુએ છે. સફેદ નેત્રખૂણાવાળા, સજલનયન મોરલાઓના ટહુકારથી સ્વાગત વચનો સાથે તારી મહેમાનગતિ થશે તો પણ તારે જેમ જલદી આગળ જવા તૈયાર થવું પડશે.[૧૪] અહીં મોરનો ટહુકો મેઘના સ્વાગત માટે કરવામાં આવ્યો છે. તેમજ મિત્ર પ્રત્યેના સ્નેહને કારણે ગૃહમયૂરો તને નૃત્યની ભેટ ધરશે.[૧૫]

III. કાલિદાસ મેઘદૂત અંતર્ગત સૂક્તિઓ કે અર્થાન્તરન્યાસોના માધ્યમથી જીવનનાં કેટલાંક અન્ય મૂલ્યોનું દર્શન કરાવતાં સમાજને સત્પ્રવૃત્તિઓ તરફ અંગુલિનિર્દેશ કરે છે, જેમાંથી કેટલાંક દૃષ્ટાંત અહીં દર્શનીય છે.

૧. કાલિદાસની નમ્રતા અને ઉપકારની ભાવના વ્યક્ત થતી જોવા મળે છે "હે મેઘ ! જો કે મેં અનુચિત માગણી કરી છે, છતાં મારા તરફના મિત્રલાભને લીધે કે વિરહવિહ્‌વલ છે, એમ માની મારા તરફ દયાની દૃષ્ટિથી પણ તું મારું આ પ્રિય કામ કરજે. તે પછી હે મેઘ ! વર્ષા વડે વિશેષ શોભા પામી તું ઇચ્છિત પ્રદેશમાં વિહરજે. આ રીતે ક્યારેય ક્ષણ માટે તારો અને વીજળીનો વિયોગ થજો નહીં[૧૬]. અહીં નમ્રતાનો ભાવ તેમજ વિવિધ યાચનાઓ છે.

૨. સજ્જન-પ્રશંસા અને મહાનતા વિશે કાલિદાસ કહે છે : હે સૌમ્ય, મારું આ મિત્રકાર્ય કરવાનું તેં નક્કી કર્યું ખરું ? સજ્જનો ઇચ્છિત કાર્ય સંપન્ન કરી આપે તે જ તેમનો યાચકોને ઉત્તર છે.[૧૭] સજ્જનો બોલતા નથી પણ કાર્ય કરી બતાવે છે. વળી, તેના પર તથા મારા પોતાના પર ઉપકાર કરવા માટે તેને તું આ પ્રમાણે કહેજે, બીજા પર ઉપકાર કરી કૃતકૃત્ય થવું તે સજ્જનોનું લક્ષણ છે. મેઘની મહાનતા વર્ણવતાં કવિ કહે છે. 'ખેતીના ઉત્પાદનનો આધાર તું છે'.[૧૮] ભારત ખેતીપ્રધાન દેશ હોવાને લીધે મેઘની મહત્તા વિશેષ માનવામાં આવે છે.

૩. ઉપકારની બાબતમાં કહેવાયું છે કે उपकारिषु यः साधुः साधुत्वे तस्य को गुणः ।[૧૯] ઉપકારની ભાવનામાં એમનું સાધુત્વ દૃષ્ટિગત થાય છે. 'વરસાદના ઝાપટાથી દાવાનળને ઠારનારો આમ્રકૂટ પર્વત, રસ્તામાં શ્રમિત થયેલા તને તેના શિખર ઉપર ધારણ કરશે. ક્ષુદ્ર માણસ પણ આશ્રય માટે આવેલ મિત્ર તરફ તેનાં પહેલાંના ઉપકારને સંભારી, ઉદાસીન નથી બનતો તો ઉચ્ચકોટિના માણસની તો વાત જ શી ?[૨૦] મહાન પુરુષોનો ભાવભીનો કરાયેલો સત્કાર અને ઉપકાર તરત ફળે છે.

૪. અહીં કાલિદાસ સર્વસનાતન સત્યને સમજાવવા માગે છે કે 'ખાલી પ્રત્યેક વસ્તુ ભારવિહોણી હોય છે, જ્યારે પૂર્ણતા ભાર માટે હોય છે.[૨૧] અર્થાન્તરન્યાસથી કવિ એમ સૂચવવા માગે છે કે જેનો વૈભવ ક્ષીણ થઈ ગયેલ છે, તે અપમાન કરવા લાયક અથવા તિરસ્કારને પાત્ર બને છે, પણ જે સંપત્તિવાળો છે, તે વ્યક્તિ આદરણીય માન પ્રાપ્ત કરે છે. કાલિદાસ તત્કાલીન સામાજિકતા ઉપર પ્રકાશ પાડે છે.

કવિએ સજ્જન-પ્રશંસા અને દુર્જનનિંદાને સૂચિત કરતાં કહ્યું છે કે વિશેષ ગુણોવાળા પાસે કરવામાં આવેલી પ્રાર્થના નિષ્ફળ જાય તો પણ સારી પરંતુ દુર્જન પાસે સફળ થયેલી પ્રાર્થના સારી નહીં.[૨૨] પ્રસ્તુત વિધાન દ્વારા કહે છે કે કામથી પીડિત વ્યક્તિ સમક્ષ તેને જડ-ચેતન એવો ભાવ ઉત્પન્ન થતો નથી. અહીં કોની પાસે પ્રાર્થના કરવામાં આવેલી છે, તેની કેવી પાત્રતા છે તેને કવિ મહત્ત્વની ગણતા હોય એમ સમજી શકાય છે. આવી જ વિચારધારા સુભાષિતકારે 'यं यं पश्यति तस्य तस्य पुरतो मा ब्रूहि दीनं वचः । વિધાનથી ગમે તેની પાસે માગણી કરવાની વૃત્તિનો નિષેધ કરેલ હોય એમ સમજી શકાય છે.

૫. કામુક વ્યક્તિઓમાં વિવેકશક્તિનો અભાવ જોવા મળે છે. એનું વર્ણન કરતાં કવિ કહે છે કે 'કામથી દુઃખી

થયેલા મનુષ્યો ચેતન તથા અચેતન વચ્ચેના તફાવતને પારખી શકતા નથી.[૨૩] વિરહી વ્યક્તિ દુઃખના અતિરેકને કારણે દીન વિવેક-વિહીન તથા વિચારહીન બની જાય છે. તે ક્ષુદ્રજન્તુ બની જાય છે. કોની પાસે પોતાની માગણી કરવી તેનો ખ્યાલ રહેતો નથી. એ ખ્યાલ શિશુમાં सर्वः स्वार्थे समीहते । તથા ભર્તૃહરિએ નીતિશતકમાં હાડકું ચૂસતા કૂતરાના રૂપક દ્વારા સમજાવ્યો છે.

૬. કવિ ઉદાત્ત ભાવનાને વ્યક્ત કરતા કહે છે કે દાવાનળના કારણે જંગલમાં અનેક પશુ અને વનસ્પતિઓ માટે દુઃખનું વાતાવરણ ઉત્પન્ન થતું હોય તો તારે દાવાનળને તારા જળથી શાંત કરવો જોઈએ તેમાં જ તારા કાર્યની શ્રેષ્ઠતા છે. ''ઉત્તમ માનવીઓની સંપત્તિ દુઃખી લોકોના દુઃખના નિવારણ માટે હોય છે.[૨૪] આ મતને અનુમોદિત કરતું વિધાન મળે છે. 'નદીઓ જાતે પાણી પીતી નથી, વૃક્ષો જાતે ફળો ખાતાં નથી, વાદળે ઉત્પન્ન કરેલ અનાજ ખાતા નથી, સજ્જનોની સંપત્તિ હંમેશાં બીજાઓના ઉપકાર માટે હોય છે.[૨૫]

આ[illegible]થી પરોપકારની ભાવના અપનાવવાની વાત સમજાવી આદર્શજીવન માટે ઉપયોગી સૂચન કરેલ છે.

૭. કવિ જીવનમાં પ્રારબ્ધનું પ્રાધાન્ય વર્ણવતાં કહે છે કે ''માનવીની દશા ચક્રના આરાની માફક નીચે અને ઉપર ફર્યા કરે છે.[૨૬] અહીં અલ્પકાલીન વિયોગ પણ અસહ્ય છે. તેમ છતાં મિલનની આશાથી યક્ષ તેના મનને ટકાવી રાખે છે. એક સુવિચાર છે કે કંઈ લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે.' ભાસ પણ ભાગ્યમાં માનનારો હતો. 'चक्रारपंक्तिरिव गच्छति भाग्यपंक्तिः ।

IV. મેઘદૂતમાં આદર્શ જીવનપદ્ધતિ, નારીધર્મ, નારીહૃદય તેના પ્રત્યેની પ્રીતિ, દૈહિક સૌંદર્ય, પરસ્પર આત્મીયતા, ઉદાત્તનાયિકા, ભારતીય સંસ્કૃતિ, ઉત્સવો, વ્રતો, શુકનશાસ્ત્ર વગેરેની માહિતી મળે છે.

૧. પતિવ્રતા વિરહી નારીના હૃદયની સ્થિતિ વર્ણવતાં કવિ કહે છે કે ફરી ફરી પોતે જ કરેલ ગીતના સ્વરસંયોજનને પણ ભૂલી જતી (તે તારી નજરે પડશે).[૨૭] અહીં ભારતીય નારીની ઉત્તમ વ્રતની વિભાવના વ્યક્ત થઈ છે. બીજા એક પદમાં ''બલિ આપવામાં તત્પર અથવા વિરહથી દુર્બળ બનેલ તથા કલ્પનાગમ્ય મારું ચિત્ર દોરતી કે મીઠું બોલતી પાંજરામાં રહેલી સારિકાને 'હે રસિકા તારા સ્વામીની તને યાદ આવે છે ખરી ? તું તો એમની લાડકી હતી'. એ પ્રમાણે પૂછતી તત્કાળ તારી નજરે પડશે.[૨૮]

૨. પતિવ્રતા નારીની જેમ પત્નીવ્રતા પુરુષો પોતાની પત્નીનું ઉચ્ચકક્ષાનું દેહસૌંદર્ય જુએ છે એ ભારતીય પ્રેમસૌંદર્યની ભાવનાનાં દર્શન કરાવતાં કવિ કહે છે કે પાતળીકાય, જોબનભરી, અણિયાળા દાંતવાળી, પાકા ટીંડોળા જેવા હોઠવાળી, પાતળી કેડવાળી, ભયભીત મૃગલી શાં નેણવાળી, ઊંડી ડૂંટીવાળી, નિતંબના ભારથી મંદ ચાલવાળી, સ્તનભારે સહેજ નમેલી જે સ્ત્રી ત્યાં હશે તે સકલ યુવતીઓમાં બ્રહ્માની પ્રથમ રચના સમી છે.[૨૯]

૩. કવિ વ્રતના પ્રસંગને વર્ણવે છે. મેઘદૂતમાં યક્ષપત્નીના વિરહીવ્રતના પ્રસંગને વર્ણવ્યો છે. વાસ્તવમાં વિરહિણી આવું કોઈ વ્રત કરતી નથી. પણ સાચી પ્રણયિનીની આવી દશા આપોઆપ થઈ જાય છે. વ્રતની ત્યાગ, દઢતા તથા નિયમાભિમુખતાને એક જ શબ્દમાં વ્યક્ત કરવા ધ્વનિસ્વામી કાલિદાસે વિરહને વ્રત કહી દીધું છે. યક્ષપત્નીનું વર્ણન કરતાં કહે છે કે વિરહિણી મેલાં કપડાં પહેરે, નિયમનું પાલન કરે, પરિણામે સૂકાઈ જાય, એક વેણી ધારણ કરે, ભારેખમ દિવસો વારંવાર નિશ્વાસ નાખીને વ્યતીત કરે. સ્વરચિત પતિના ગોત્રનું વર્ણન કરતું પદ ગાવાનો પ્રયત્ન કરે. પાંજરાની સારિકાને પ્રશ્ન કરે કે 'તને સ્વામી યાદ આવે છે ખરા ? ઉંબરા પર પુષ્પો મૂકીને પતિના આવવાના દિવસો ગણે. અલંકારોનો ત્યાગ કરે, દિવસ દરમિયાન પૂજાપાઠમાં વ્યગ્ર રહે, રાત્રે નિદ્રા ન આવવાથી પથારીના એક ભાગમાં પડી રહે. કાલિદાસના કાવ્યમય શબ્દો ચોરીને કહીએ તો પૂર્વના મૂળમાં રહેલ ચંદ્રની શેષ કલા જેવી, શિશિર ઋતુમાં મથિત પદ્મિની જેવી એકલી પડેલી ચક્રવાકી જેવી અથવા વાદળીયા દિવસે દેખાતી સ્થલકમલિની

જેવી ન જાગતી કે ન સૂતી એવી તે મેઘ આવવાથી ઝાંખી પડેલી ચંદ્રની કાંતિને ધારણ કરે.[૩૦]

૪. કવિને શુકનશાસ્ત્રનું જ્ઞાન જણાઈ આવે છે. ''સાનુકુળ પવન તને મન્દ-મન્દપણે યોગ્ય રીતે જ ખેંચે છે. આ સિવાય અભિમાની ચાતક તારા ડાબા પડખે મધુર ગાય છે. ગર્ભાધાન વખતે પરિચયના કારણે હારમાળામાં ગોઠવાઈ ગયેલી બગલીઓ નેત્ર માટે સુંદર તને અવશ્ય સેવશે.[૩૧] અહીં મેઘના ગમન માટેના વિવિધ શુભશુકનો સૂચવવામાં આવેલા છે. શુકનશાસ્ત્રની દૃષ્ટિએ ચાતક, હરણ, મોર વગેરે ડાબી બાજુએ હોય તો શુભશુકનકારક ગણાય છે. શુકન-અપશુકન એ ભારતીય જીવનશૈલીનો એક ભાગ મનાય છે જે ભારતીય સમાજમાં પરંપરાથી જોવા મળે છે. કાલિદાસે નાટકોમાં આ વિશે વિગતે ઉલ્લેખ કરેલો છે.

૫. કાલિદાસમાં ભારતીય સંસ્કૃતિ વ્યાપક સ્વરૂપે રહેલી છે. મેઘદૂત જેવા ઊર્મિકાવ્ય દ્વારા પણ કાલિદાસ વ્યંજના દ્વારા અનેક આદર્શ જીવનશૈલીનું દર્શન સુપેરે રજૂ કરે છે. કાલિદાસ ભારતીય 'ઋષિ' નહીં પણ મહર્ષિ છે.

## પાદટીપ

૧. 'મેઘદૂત', અનુ. મનસુખલાલ સાવલિયા, પ્રવીણ પ્રકાશન, રાજકોટ, પ્ર.આ.૧૯૮૮, પૃ. ૩૪

૨. કૌશિતકી ઉપનિષદ (૨.૧), '૧૦૮ ઉપનિષદ', સંપા. રામશર્મા આચાર્ય, બ્રહ્મવર્ચસ પ્રકાશન, શાંતિકુંજ, હરિદ્વાર, પ્ર.આ. ૧૯૯૮

૩. 'મનુસ્મૃતિ', ૭.૬૩, સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલય, અમદાવાદ, નવમી આવૃત્તિ, ૨૦૦૭

૪. મહાભારત, વનપર્વ, 'નલોપાખ્યાન', ૫૨-૭૯, વ્યાસ, સંપા. શ્રી પાદ દામોદર, સાતવલેકર, પારડી, ૧૯૭૮

૫. 'મેઘદૂત', સરસ્વતી પુસ્તક ભંડાર, પ્ર.આ. - માર્ચ, ૧૯૯૧, પૃ. ૧

૬. 'મેઘદૂત', સંપા. ડૉ. આર.એસ. બેટાઈ, ધી પોપ્યુલર પબ્લિસિંગ હાઉસ, સુરત, પ્ર.આ. ૧૯૬૪, પૃ. ૪૫

૭. 'મેઘદૂત', સંપા. આચાર્ય દલપતભાઈ એલ. મુનીમ, સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ, બીજી આવૃત્તિ પં જુલાઈ ૬૯ પૂર્વમેઘ ૭, પૃ. ૬૨

૮. એજન, પૂર્વમેઘ, ૧૫, પૃ. ૬૪

૯. એજન, પૂર્વમેઘ, ૧૨, પૃ.૬૩

૧૦. એજન, પૂર્વમેઘ, ૫૮, પૃ. ૭૯

૧૧. आराध्येनं शरवणभवं देवमुल्लङ्घिताध्वा सिद्धद्वन्द्वैर्जलकणभयाद्वीणिभिर्मुक्तमार्गः । व्यालम्बेथाः सुरभित-नयालम्भजां मानयिष्यन्स्त्रोतोमूर्त्या भुवि परिणतां रन्तिदेवस्य कीर्तिम् ॥ पूर्वमेघ, ४५, पृ. ७५

૧૨. स्त्रीणामाद्यं प्रणयवचनं विभ्रमो हि प्रियेषु ॥ एजन, २८, पृ. ६९

૧૩. भर्तुः कण्ठच्छविरिति गणैः सादरं वीक्ष्यमाणः पुण्यं यायास्त्रिभुवनगुरोर्धाम चण्डीश्वरस्य । एजन, ३३, पृ. ७१

૧૪. शुक्लापाङ्गैः सजलनयनैः स्वागतीकृत्य केकाः प्रत्युद्यातः कथमपि भवान्गन्तमाशु व्यवस्येत् । एजन २२, पृ. ६७

૧૫. °र्बन्धुप्रीत्या भवनशिखिभिर्दत्तनृत्योपहारः ॥ ३२, एजन, पृ. ७१

૧૬. एतत्कृत्वा प्रियमनुचितप्रार्थनावर्तिनो मे, सौहार्दाद्वा विधुर इति वा मय्यनुक्रोशबुद्ध्या । इष्टान् देशान् जलद विचर प्रावृषा सम्भृतश्रीर्मा भूदेवं क्षणमपि च ते विद्युता विप्रयोगः ॥

१७. कच्चित्सौम्य व्यवसितमिदं बन्धुकृत्यं त्वया मे । उ.मे. ५१
प्रत्युक्तं हि प्रणयिषु सतामीप्सितार्थक्रियैव ॥ एजन, ५४, पृ. ९९
१८. त्वय्यायत्तं कृषिफलमिति । एजन, पूर्वमेघ, १६, पृ. ६४
१૯. મેઘદૂત, સંપા. ડૉ. આર.એસ.બેટાઈ, ધી પોપ્યુલર પબ્લિસિંગ હાઉસ, સુરત.
૨૦. એજન, પૂર્વમેઘ, ૧૭
૨૧. रिक्तः सर्वो भवति हि लघु पूर्णता गौरवाय । એજન, પૂર્વમેઘ, ૨૦
૨૨. याञ्चा मोघा वरमधिगुणे नाधमे लब्धकामा ॥ एजन, पूर्वमेघ, ०६, पृ. ६१
૨૩. कामार्ता हि प्रकृतिकृपणाश्चेतनाचेतनेषु ॥ एजन, ०५, पृ. ६१
૨૪. आपन्नार्तिप्रशमनफलाः संपदो ह्युत्तमानाम् ॥ एजन, ५३, पृ. ७७
૨૫. पिबन्ति नद्यः स्वयमेव नाम्भः स्वयं न खाद्यन्ति फलानि वृक्षाः । नादन्ति सस्यं खलु वारिवाहाः परोपकाराय सतां विभूतयः ॥ સુભાષિત રત્નભાંડાગાર, સંપા. સસ્તુ સાહિત્ય મુદ્રણાલય, અમદાવાદ, તૃતીય આવૃત્તિ, ૧૯૭૫
૨૬. नीचैर्गच्छत्युपरि च दशा चक्रनेमिक्रमेण ॥ उत्तरमेघ, ४९, पृ. ९७
૨૭. भूयो भूयः स्वयमपि कृतां मूर्च्छनां विस्मरन्ती ॥ उत्तरमेघ, २६, पृ. ९०
૨૮. कश्चिद्भर्तुः स्मरसि रसिके त्वं हि तस्य प्रियेति ॥ एजन, २५, पृ. ८९
૨૯. तन्वी श्यामा शिखरिदशना पक्वबिम्बाधरोष्ठी मध्ये क्षामा चकितहरिणीप्रेक्षणा निम्ननाभिः । श्रोणीभारादलसगमना स्तोकनम्रा या तत्र स्याद्युवतिविषये सृष्टिराद्येव धातुः ॥ उत्तरमेघ, २२ पृ. ८८
૩૦. એજન, ઉત્તરમેઘ, ૨૩ થી ૭૫
૩૧. એજન, ઉત્તરમેઘ, ૨૨

# "द्व्याश्रय" મહાકાવ્યનું ઐતિહાસિક કૃતિ તરીકે મૂલ્યાંકન

◆


## પ્રા. શાન્તિકુમાર એમ.પંડ્યા*


ગુજરાતમાં પ્રાચીન ઐતિહાસિક કૃતિઓની રચના વિવિધ ઉદ્દેશોથી થઈ છે. ક્યાંક રૂપકોના વિવિધ પ્રકારોના આદર્શ નમૂના પેશ કરવાના હેતુથી, ક્યાંક મહાકાવ્યનો ઉદ્દેશ પરિપૂર્ણ કરવાના હેતુથી, મહાકાવ્યને સાહિત્યશાસ્ત્ર કે શબ્દશાસ્ત્ર બનાવવાના હેતુથી તો મોટે ભાગે આશ્રયદાતા રાજવીના વંશ અને એ વંશના રાજવીઓનાં પરાક્રમોને ગૌરવપૂર્ણ ઉઠાવ આપવાના હેતુથી થયેલી છે. द्व्याश्रय કાવ્ય એ શીર્ષકમાંથી બે અર્થઘટનો સ્પષ્ટ છે. ૧. આચાર્ય હેમચંદ્રે પોતે રચેલાં વ્યાકરણસૂત્રોનાં ઉદાહરણો આપવાનો અને ચૌલુક્યવંશની પ્રશંસા કરવાનો હેતુ અને ૨. મહાકાવ્યલક્ષણ અને શબ્દલક્ષણ એમ બન્ને બાબતો એક જ કાવ્યમાં પ્રસ્તુત કરવાનો હેતુ.

કવિના અગ્રતાક્રમોનો વિચાર કરીએ છીએ ત્યારે એ સ્પષ્ટ થાય છે કે સર્વપ્રથમ કવિ પોતાના પરમસુહૃદ સિદ્ધરાજ જયસિંહ અને એના પૂર્વજોનો પ્રતાપ પ્રગટ થાય એ પ્રકારનું વંશવર્ણન કરવા માગે છે. બીજા ક્રમે ભટ્ટિકાવ્યની જેમ વ્યાકરણસૂત્રમાં કાવ્યાત્મક ઉદાહરણોની સાથે મહાકાવ્યનું એક સાંગોપાંગ ઉદાહરણ પણ પ્રસ્તુત કરવા ઇચ્છે છે. ઐતિહાસિકતા તો કદાચ ત્રીજા ક્રમે આવે છે એટલું જ નહિ પણ પ્રથમ બે અગ્રતાક્રમો પૂરા કરવાના અભિનિવેશમાં મહાકાવ્યની ઐતિહાસિકતાને માઠી અસર થઈ છે.

द्व्याश्रय મહાકાવ્યનું ઇતિહાસ દૃષ્ટિએ મૂલ્યાંકન કરતાં નીચેની બાબતો નોંધપાત્ર જણાય છે :

**(૧) સમકાલીન માહિતીસ્રોતોમાં પ્રાપ્ત ન થતી પણ આ મહાકાવ્યમાં પ્રાપ્ત થતી વિગતો :**

૧. ચૌલુક્યવંશના સ્થાપક મૂળરાજને ગ્રાહરિપુ અને લક્ષ ઉપરાંત પર્વતીય પ્રદેશના અને સાગર કિનારાના પણ ઘણા શત્રુઓ હતા, (द्व्याश्रयम्, ૧.૧૭૯) ટીકાકાર અભયતિલકગણિ એમને ભીલ તરીકે ઓળખાવે છે.

૨. અંગ દેશના રાજાએ, વિંધ્યનરેશ પાંડુપતિએ અને કાશ્મીરના રાજા કીરે ચામુંડરાજની સર્વોપરિતા સ્વીકારી હતી અને એના પ્રતીક તરીકે રથ, હાથી કે કસ્તૂરીની રાજાને ભેટ ધરી હતી. એના પુત્ર વલ્લભરાજે જ્યારે માળવા ઉપર આક્રમણ કર્યું ત્યારે માર્ગમાં કોઈપણ પડોશી રાજાએ એનો પ્રતિરોધ કર્યો ન હતો, (द्व्या., ૭.૩૩) ચામુંડના કહેવાથી વલ્લભે માળવા ઉપર હુમલો કર્યો પણ કોઈક અસાધ્ય વ્યાધિ થવાથી તે પાછો ફર્યો અને મૃત્યુ પામ્યો. ચામુંડરાજ તે સમયે જીવતો હતો. એણે જ દુર્લભરાજને ગાદીએ બેસાડ્યો અને પોતે તપ કરવા ચાલ્યો ગયો, (द्व्या. ૭.૫૭)

૪. મરુદેશના રાજા મહેન્દ્રે, પોતાની બહેન દુર્લભદેવીએ સ્વયંવર સભામાં જ્યારે વલ્લભરાજને પસંદ કર્યો ત્યારે જ પોતાની નાની બહેનને પણ વલ્લભના નાનાભાઈ નાગરાજ સાથે પરણાવી.

૫. સ્વયંવર પછી દુર્લભરાજે હૂણો અને અન્ય પ્રતિપક્ષી રાજવીઓને યુદ્ધમાં પરાજિત કર્યા હતા. તુરુષ્ક અને પર્વતીય પ્રદેશના રાજાઓને પરાસ્ત કરનાર મથુરાનરેશને દુર્લભરાજે યુદ્ધમાં મારી નાખ્યો હતો. (द्व्या. ૭.૧૩૭-૩૯). આ ઉપરાંત આંધ્રના રાજા, કુરુ અને કાશીના રાજાને પણ એણે જીતી લીધા હતા. (द्व्या. ૭.૧૪૨-૪૬). એ.કે. મજમુદારને મતે મહાકાવ્યોનાં લક્ષણોની પૂર્તતા કરવા જ આચાર્ય હેમચંદ્રે આ વિગત ઉમેરી જણાય છે. (Majumdar, A.K., *Chaulukyas of Gujarat*, p. 4)

---


* પૂર્વ અધ્યક્ષ, સંસ્કૃત વિભાગ, સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ-૯

૬. એ પછી દુર્લભરાજ અને નાગરાજની વિનંતીથી જ ગાદી નશીન થયેલા ભીમે પણ વિરોધી રાજાઓને હરાવ્યા, સિંધુ રાજને કેદ કરી અણહિલપુર પાટણ પાછો ફર્યો. પોતાના સાંધિવિગ્રહિક દામોદરની કુનેહથી ચેદીરાજ અને ભીમ વચ્ચેનું યુદ્ધ અટક્યું. અલબત્ત ભીમે દુર્લભરાજના સમયથી ચાલી આવેલી કુરુદેશ વિરોધી નીતિ ચાલુ રાખી પણ આંધ્ર, મગધ અને વૃંદાવન સાથે સારા સંબંધો સ્થાપ્યા (દ્વયા. ૭.૪૮ થી ૫૦). ચેદિરાજ ઉપર આક્રમણ કરતાં પહેલાં ભીમને ભીલો સાથે પણ અથડામણ થઈ હતી (દ્વયા. ૯.૪).

૭. સપાદલક્ષના રાજા આન્ને, અવંતિના રાજા બલ્લાલને ઉશ્કેરી ગુજરાત પર આક્રમણ કરવા પ્રેર્યો. પણ કુમારપાલે આન્ન ને હરાવ્યો. એણે પોતાના બે સામંતો વિજય અને કૃષ્ણકને બલ્લાલ સામે મોકલ્યા પણ તે બલ્લાલ સાથે ભળી ગયા જોકે કુમારપાલના સેનાપતિ કાકે અવંતિના બલ્લાલને પરાજિત કર્યો.

૮. પ્રાકૃત દ્વયાશ્રય મહાકાવ્ય 'કુમારપાલચરિત'માં બીજી પણ કેટલીક અન્યત્ર અપ્રાપ્ય વિગતો પ્રાપ્ત થાય છે. કુમારપાળની જળક્રીડા સમયે હૂણો, માગધો અને કોશલ રાજાઓ પણ ઉપસ્થિત હતા તે કુમારપાલના જે તે રાજવીઓ સાથેના સુમેળભર્યો સંબંધોનું અનુમાન કરવા પ્રેરે છે.

**૨. અન્ય ઐતિહાસિક પ્રમાણોથી સમર્થિત ઐતિ. સામગ્રી :**

(૧) **દ્વયાશ્રય** મહાકાવ્યમાં મૂળરાજને જ ચૌલુક્યવંશનો એક માત્ર સ્થાપક રાજા ગણ્યો છે. એના પૂર્વજોનો વૃત્તાન્ત આપ્યો નથી. કુમારપાલના એક તામ્રપત્રમાં પણ એ બાબતનું સમર્થન છે. એ લેખમાં મૂળરાજને कुलकमलविकासनैकमार्तण्डः કહેવામાં આવ્યો છે. (Buhler, G., Eleven land grants of the Chaulukyas of Anahilwad, I.A. VI. p. 201)

(૨) મૂળરાજનો સૌરાષ્ટ્રના રાજવી ગ્રાહરિપુ સાથેનો સંઘર્ષ, ગ્રાહરિપુ નામાભિધાન, એના શાસનસ્થળ વામનસ્થલીનો અત્યારના બંટલી સાથે અભેદ, ગ્રાહરિપુને મળેલી મિત્રરાજાઓની સહાય, ભાદરને કાંઠે વસેલા એના પુત્રોની મદદ, ભીલોની સહાય, દ્વયાશ્રયમાં એનો આભીર રાજા તરીકે ઉલ્લેખ અને આભીરોએ જૂનાગઢના દુર્ગ ઉપર કોટની કરેલી બાંધણી વ. વિગતોને જુદા જુદા ઇતિહાસવિદોએ પ્રમાણી છે.

(૩) મૂળરાજ પર આક્રમણ કરનાર રાજા લક્ષ કે જે ગ્રાહરિપુનો મિત્ર હતો એમ ફૉર્બ્સ માને છે તેનો મૂળરાજે વધ કર્યો હતો. બર્જેસ નામના ઇતિહાસવિદ એને કચ્છના લાખા ફૂલાણી તરીકે ઓળખાવે છે. મૂળરાજના સૌરાષ્ટ્ર, સિન્ધુ, સોરઠ અને કચ્છ પરના વિજયો અને લાટરાજા પરના વિજયનું ઇતિહાસવિદોએ સમર્થન કર્યું છે.

(૪) ચામુંડરાજે કરેલા લાટદેશ પરના આક્રમણ, સિંધુરાજ પરના આક્રમણ અને વિંધ્યના પાંડુપતિ પરના આક્રમણને ઇતિહાસનું સમર્થન પ્રાપ્ત થાય છે. એના સિંધુરાજ પરના આક્રમણની વિગતને એનાજ એક 'અભિલેખ'થી સમર્થન મળે છે. એણે કરેલું પરમાર વંશનું સંપૂર્ણ ઉન્મૂલન ઐતિહાસિક છે.

(૫) ચામુંડરાજના પુત્ર દુર્લભરાજે પિતાના કહેવાથી માળવા પર જે સફળતાપૂર્વક આક્રમણ કરેલું એને પ્રબંધકારો અને કેટલાક અભિલેખોનું સમર્થન પ્રાપ્ત થાય છે.

(૬) ચૌલુક્યવંશીય રાજા દુર્લભ અને માળવાના રાજા સંભવતઃ ભોજ વચ્ચેના સંઘર્ષ તથા મરુદેશના રાજા મહેન્દ્રે યોજેલ પોતાની બહેનના સ્વયંવરની વિગતોને ઇતિહાસનું સમર્થન સાંપડે છે.

(૭) ભીમની દુર્લભરાજના ભત્રીજા અને નાગરાજના પુત્ર તરીકેની ઓળખનું સોમેશ્વરની ''કીર્તિકૌમુદી'' સમર્થન કરે છે. આ ઉપરાંત કચ્છનો ભીમશાસિત પ્રદેશ તરીકેનો ઉલ્લેખ પણ નોંધપાત્ર છે.

(૮) કર્ણના પુત્ર સિદ્ધરાજ જયસિંહ અને એના શકવર્તી વિજયો અને પરાક્રમોની ઘણી વિગતોને ઐતિહાસિક સમર્થન સાંપડેલું છે. સિદ્ધપુરના બ્રાહ્મણોને પજવતા બર્બરકનો એણે કરેલો પરાભવ અને એની

સાથે સંકળાયેલા અભિલેખોમાં **बर्बरकजिष्णु** તરીકેનું એનું વિશેષણ નોંધપાત્ર છે. પ્રબંધગ્રંથોએ એની નોંધ લીધી છે. બ્યૂહ્લરે, આ બર્બરકને ઉત્તર ગુજરાતના કોળી, ભીલ કે કદાચ મેર તરીકે ઓળખાવ્યા છે. ઇતિહાસવિદ ડી.જી. ગાંગુલીએ પણ રાક્ષસ તરીકે ઓળખાયેલા આ તિમિંગલને પર્વતીય આદિવાસી તરીકે ઓળખાવી સિદ્ધરાજે કરેલ એના પરાજયનું સમર્થન કર્યું છે. સિદ્ધરાજના અવંતિદેશ પરના આક્રમણ અને ઉજ્જયિની વિજયને પણ ઇતિહાસનું વ્યાપક સમર્થન સાંપડ્યું છે. યશોવર્મા પરના એના આક્રમણ અને એના કારણની પ્રબંધગ્રંથો, વસ્તુપાલ વિષયક કાવ્યો, જેમ્સ બર્જેસ, બ્યૂહ્લર, ફાર્બસ, બેલી અને ગાંગુલી જેવા ઇતિહાસવિદોએ પણ નોંધ લીધી છે. સિદ્ધરાજ જયસિંહે બંધાવેલાં સ્થાપત્યો રુદ્ર મહાલય, સહસ્રલિંગ વ. આજે પણ એની શિવભક્તિની શાહેદી પૂરે છે. સિહોર વ. ગામોની સ્થાપના અને વિષ્ણુના મંદિરનું નિર્માણ ઐતિહાસિક વિગત છે.

મહારાજા કુમારપાલ અને એનાં પરાક્રમોની આ મહાકાવ્યમાં મળતી વિગતો શ્રદ્ધેય છે અને એને ઇતિહાસનું સમર્થન સાંપડે છે. કુમારપાલ સિદ્ધરાજ જયસિંહના નાનાભાઈ ત્રિભુવનપાલનો પુત્ર હતો એ વિગતોને સંખ્યાબંધ પ્રબંધગ્રંથો અને અભિલેખોમાં પ્રાપ્ત થતી ચૌલુક્ય વંશાવલિનું સમર્થન સાંપડે છે.

કુમારપાલને રાજ્યારૂઢ થતાં જ અર્ણોરાજ સાથે જે સંઘર્ષ થયો એની 'દ્વયાશ્રય'માં પ્રાપ્ત થતી ઘણી વિગતોને ઇતિહાસ અને પ્રબંધગ્રંથોનું પ્રમાણ મળે છે, રાજા આન્ને ઘણા મિત્ર રાજાઓ સાથે મળીને કુમારપાલ પર આક્રમણ કરવાનું વિચાર્યું હતું પણ એ એનો વિચાર અમલમાં મૂકે તે પહેલાં જ કુમારપાલે આક્રમણ કરી દીધું અને તે છેક આબુ સુધી પહોંચી ગયો, ત્યાંના રાજા વિક્રમસિંહ સાથે સંધિ કરી દીધી અને અર્ણોરાજ સાથે સંઘર્ષ કરી એને એના અનૈતિક યુદ્ધ માટે ઉપાલંભ આપ્યો. આન્ન બહાદુરીપૂર્વક લડ્યો પણ અંતે પરાસ્ત થયો. વિક્રમસિંહે આ યુદ્ધમાં કુમારપાલનો દ્રોહ કર્યો અને અર્ણોરાજની પડખે જઈ ચઢ્યો. આને પરિણામે ક્રુદ્ધ કુમારપાલે એને ઉખાડી નાખી એને સ્થાને યશોધવલને આબુની ગાદી પર બેસાડ્યો. આન્ને સંદેશવાહકો દ્વારા સંધિનો પ્રસ્તાવ મોકલ્યો અને પોતાની દીકરી જલ્હણાને પરણાવવાની તૈયારી બતાવી. એનો પ્રસ્તાવ સ્વીકારાયો.

કુમારપાલના આ આક્રમણનું આચાર્ય હેમચંદ્રે જે વર્ણન કર્યું છે એને મોટા ભાગના પ્રબંધકારો અને ઇતિહાસવિદોનું સમર્થન સાંપડ્યું છે. ઇતિહાસવિદ બર્જેસને મતે ઉદયનના એક પુત્ર બાહડ અથવા વાહડે બળવો કરીને સપાદલક્ષ અથવા શાકંભરી રાજા આન્નને ઉશ્કેરીને એને ગુજરાત પર આક્રમણ કરવા પ્રેર્યો હતો. જો કે 'કુમારપાલ પ્રતિબોધ'ના મત પ્રમાણે આ આક્રમણનું કારણ રાજકીય નહિ પણ ધાર્મિક હતું. કુમારપાલની બહેન શાકંભરી ચાહમાન રાજા આનકને પરણી હતી. એકવાર રાજાએ જૈનમુનિનો ઉપહાસ કર્યો. રાણીએ રાજાને આમ કરતાં અટકાવ્યો તેથી રાજાએ એનું અપમાન કર્યું, બહેન કુમારપાલ પાસે આવી અને અપમાનનો બદલો લીધો. આનકે કુમારપાલને મારી નાખવા વ્યાઘ્રરાજને રોક્યો અને એના બદલામાં ત્રણ લાખ દીનાર આપવાનું પ્રલોભન આપ્યું. કુમારપાલે વ્યાઘ્રરાજને કેદ કર્યો અને સપાદલક્ષ દેશ ઉપર આક્રમણ કર્યું.

હરબિલાસ સારડા નામના ઇતિહાસવિદને મતે કુમારપાલ અને આન્ન વચ્ચે બે અલગ અલગ લડાઈઓ થઈ હતી. કોંકણના રાજવી અને જાંગાલના રાજાઓ પર કુમારપાલના સૈન્યે પ્રાપ્ત કરેલા વૃત્તાંતોને પણ પ્રબંધગ્રંથોનું સમર્થન સાંપડે છે.

આચાર્ય હેમચંદ્રે ચૌલુક્યવંશનો અપકર્મ ન થાય તે હેતુથી કેટલાંક ઐતિહાસિક તથ્યો પ્રત્યે હેતુપૂર્વક આંખમીંચામણાં કર્યાં છે. રાજાઓના બાલ્યકાળ અને કિશોરાવસ્થાના સંઘર્ષોનું નિરૂપણ મહદંશે ટાળ્યું છે. અન્ય રાજાઓના આક્રમણ સામે ટકી ન શકેલા કે પરાજિત થયેલા ચૌલુક્યવંશીય રાજાઓની વિગતો આપી નથી. એ જ રીતે ચૌલવંશીય રાજાઓનાં અનૈતિક કૃત્યોનું વર્ણન કરવાનું પણ ટાળ્યું છે. ચૌલનાં ગેરવાજબી આક્રમણોની પણ એમણે નોંધ લીધી નથી. કેટલાક ગૌણ બનાવો કે નાના વિજયોને પણ લક્ષમાં લીધા નથી.

કવિએ રાજાઓની ચોકસાઈભરી તવારીખ કે સરહદોના સીમાંકનની નોંધ કરવાની પરવા કરી નથી. ધાર્મિક સ્થાપત્યો કે ધર્મપરિવર્તનની બાબતમાં પૂર્વગ્રહોએ ભાગ ભજવ્યો છે. ચૌલુક્યોની મોટાભાગની પુરાતત્ત્વીય ઈમારતોની વાત પણ કરી નથી.

ચૌલુક્યવંશના સ્થાપક મૂળરાજના પ્રારંભિક જીવનના સંઘર્ષો કે તે કોઈ અજાણ યોદ્ધાનો પુત્ર હતો, એ બાબતનો કવિએ સ્વાભાવિક રીતે જ ઉલ્લેખ કર્યો નથી. મેરુતુંગના 'પ્રબંધચિંતામણિ' કે ઇતિહાસવિદ બર્જેસે એ વાત નોંધી છે. એણે એકવીસમા વર્ષે ચૌલુક્યવંશની સ્થાપના કરી એવી યશસ્વી બાબતની પણ કવિએ નોંધ લીધી નથી. એને વંશપરિવર્તનની વાત સમાજવ્યવસ્થાની દૃષ્ટિએ અજુગતી લાગી હશે.

સિદ્ધરાજ જયસિંહના પ્રારંભ કાળના સંઘર્ષો નાની ઉંમરમાં આઠ વર્ષે પિતા ગુમાવ્યાનું દુઃખ, માએ એની અને રાજ્યની રાખેલી કાળજી, એ પોતાની માતા સાથે સોમનાથની યાત્રાએ ગયો ત્યારે યશોવર્માએ પારણ પર કરેલ આક્રમણ અને એને પરિણામે થયેલી દુશ્મનાવટની વિગતો કાવ્યમાં મળતી નથી. કાવ્યના નવમા અને દસમા સર્ગમાં મયણલ્લા અને કર્ણના સંબંધોની વાતો નાયકના ચરિત્રચિત્રણમાં ક્ષતિ ન આવે તેથી દબાવી દીધી જણાય છે, કારણ કે પ્રબંધગ્રંથોમાં એ વિશે ઘણી આખ્યાયિકાઓ મળે છે.

હેમચંદ્રે સિદ્ધરાજ જયસિંહના કુમારપાળ તરફના ધિક્કાર અને દ્વેષભાવનો અણસાર પણ આવ્યો નથી. ગઝનીની સોમનાથ ઉપર થયેલી ચઢાઈ અને સંહારની કોઈ વિગતો આ કાવ્યમાં પ્રાપ્ત થતી નથી. સિદ્ધરાજ કુમારપાલને ઉત્તરાધિકારી થવા દેવા માગતો ન હતો. એના વિનાશ માટે પ્રયત્નો પણ કરેલા. કુમારપાલને ગુજરાતની બહાર ભટકવું પડેલું. અજયપાલના મંત્રી યશઃપાલના 'મોહરાજ પરાજય'' નાટકમાં કુમારપાલના ભટકવાના ઉલ્લેખો મળે છે. તે અપરિણિત દાસીનો પુત્ર હોવાથી સિદ્ધરાજને એ ગમતો ન હતો; પણ તે રાજા થશે એવી ભવિષ્યવાણીથી વ્યગ્ર થયેલો. કુમારપાલને રાજ્યપ્રાપ્તિમાં કૃષ્ણ અથવા કાન્હે મદદ કરેલી. એક બીજી પરંપરા પ્રમાણે એના બનેવી પ્રતાપમલ્લની મદદ એને મળેલી. વિજયપાલ, મહીપાલ અને રત્નપાલ નામના સેનાધ્યક્ષોના પ્રયત્નો અને સદ્‌ભાવથી જ એ રાજયગાદી મેળવી શકેલો એ સમગ્ર હકીકત પ્રત્યે કવિએ મૌન સેવ્યું છે.

સપાદલક્ષના રાજા અને બારપના સંયુક્ત આક્રમણ વખતે મૂળરાજ કંઠકોટમાં ભરાઈ ગયેલો. વાક્‌પતિ બીજાના આક્રમણથી ડરીને મારવાડના રણમાં નાસી છૂટેલો. અને હસ્તિકુંડના રાષ્ટ્રકૂટ ધવલના આશ્રયે રહેલો એ બાબતની કોઈ નોંધ નથી. મહમ્મદ ગઝનીએ સોમનાથ પર આક્રમણ કર્યું ત્યારે પાટણમાં ભીમ રાજ્ય કરતો હતો અને ભયથી ભાગીને કંઠકોટમાં ભરાઈ ગયો હતો. ભીમના પરાજય અને સોમનાથના વિધ્વંસની વાત હેમચંદ્રે કરી જ નથી. અલબત્ત પાછળથી એણે મિત્રરાજાઓની મદદ લઈને મુલાકાત નજીક ગઝનીને ભાગી જવાની ફરજ પાડેલી. કુતુબુદ્દીન ઐબકે ભીમદેવ પર વેર વાળેલું. પણ આ તમામ હકીકતો હેમચંદ્રે કાવ્યમાં ત્યજી દીધી છે. ભીમના સમયમાં પડેલા ભયંકર દુષ્કાળની, એ આપત્તિનો લાભ લઈ ભોજે કરેલા આક્રમણની અને ભીમે બનારસના રાજા કૃષ્ણની સહાયથી ખાળેલા ભોજના આક્રમણની નોંધ અન્ય ઘણાં ઐતિહાસિક સાધનોએ લીધેલી છે.

જયસિંહે કરેલી રા'નવઘણ પરની ચઢાઈ અને એના કારણ વિશે અને સિંધુપતિને જીતી લેવાની વાત જે ''કીર્તિકૌમુદી'' અને અભિલેખોમાં મળે છે તે કવિ જણાવતા નથી. બાર વર્ષની લડાઈને અંતે નરવર્મા પર સિદ્ધરાજ જયસિંહને વિજય મળેલો એ વિગત કવિ જણાવતા નથી. જયસિંહે ગૌડદેશના રાજાને પણ પરાસ્ત કરેલો. આ બધાં આક્રમણો પાછળ સિદ્ધરાજનો સામ્રાજ્યવાદ કારણભૂત ગણીને હેમચંદ્રે એનું ગૌરવ કરવાનું ટાળ્યું જણાય છે. એ જ રીતે દહુલના રાજા કર્ણ પર કુમારપાલે કરેલા આક્રમણની વાત પણ કવિએ ટાળી છે.

મૂળરાજે પોતાના સગા મામા સામંતસિંહને હણીને પોતાને ચૌલુક્યવંશના સ્થાપક તરીકે જાહેર કર્યો અને મહમ્મદ ગઝની સામે વીસલદેવે ચલાવેલા અભિયાનમાં ભીમે સાથ આપવાની ના પાડેલી. આ અનૈતિક

કૃત્યોની હેમચંદ્રે નોંધ લીધી નથી.

મૂલરાજે લાટના રાજા બારપને હણેલો પણ હેમચંદ્રે એનું શ્રેય મૂલરાજના પુત્ર ચામુંડરાજને આપ્યું છે. એ જ રીતે, મૂલરાજની સિંધુરાજા પરની કૂચ વિગ્રહરાજ પરની જીત, ઉંમર, ગુજરાત પરના આક્રમણ અને જીત તેમજ કલચુરિ સાથેના સંઘર્ષની વિગતો, એમનો સામ્રાજ્યવાદ જાણીને ટાળી હોય તેમ જણાય છે, દુર્લભરાજના લાટવિજયની વાત પણ ટાળી છે.

ચૌલુક્યવંશીય રાજવીઓએ બંધાવેલાં સંખ્યાબંધ શિવમંદિરો અને ઐતિહાસિક સ્મારકોની નોંધ લેવાનું હેમચંદ્રે જૈનધર્મી હોવાને કારણે ટાળ્યું છે. મહમ્મદ ગઝનીએ કરેલા વિધ્વંસ પછી ભીમદેવે ગઝનીએ નીમેલા સૂબાને હઠાવી સોમનાથ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવેલો. આવા નોંધપાત્ર બનાવને પણ એણે અવગણ્યો છે. સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાલે બનાવેલાં કેટલાંક સ્થાપત્યોનું એણે વર્ણન કર્યું છે પણ અન્ય રાજવીઓના આ ક્ષેત્રના પ્રદાનની વિગતો આપી નથી. કુમારપાલના શાસન દરમ્યાન જૈનધર્મની સાથે શૈવધર્મનો વિકાસ અને પ્રતિષ્ઠા થઈ હતી પણ આચાર્ય હેમચંદ્રે માત્ર જૈનધર્મના વિકાસ અને વિસ્તારની વાત જ નોંધી છે.

૪. ઐતિહાસિક તથ્યોમાં અતિશયોક્તિ અને વિગતભેદ : મહાકાવ્યનાં લક્ષણોમાં મહાકાવ્યના નાયકે નાયકોને સર્વગુણસંપન્ન બનાવવાનો અનુરોધ હતો. ચૌલુક્યવંશીય રાજાઓનો ગુણોત્કર્ષ બતાવવા આચાર્ય હેમચંદ્રે ઘણાં અતિશયોક્તિપૂર્ણ ઉમેરણો કર્યાં છે. આ રાજાઓને પ્રસંગોપાત્ત પૌરાણિક રાજાઓ જેવા કે હરિશ્ચંદ્ર, પુરુરવા કે માંધાતા સાથે સરખાવવામાં આવ્યા છે. મૂલરાજનું ઔદાર્ય બતાવવાના એકમાત્ર હેતુથી સંતોને રંજાડનાર અને પોતાની ચેતવણીઓને પણ અવગણનાર ગ્રાહરિપુનું સન્માન કરતો બતાવ્યો છે. ભીમના વ્યક્તિત્વને ઉદાત્ત બતાવવા દુર્લભરાજે રાજ્ય સ્વીકારની પાડેલી ના અને નાગરાજે ભાઈ માટે ગ્રહણ કરેલા સંન્યાસની વાત પણ નોંધી શકાય. મરુદેશના રાજા મહેન્દ્રે યોજેલા પોતાની બહેનના સ્વયંવરની વાત માત્ર મહાકાવ્યના લક્ષણની પૂર્તતા માટે ઉપજાવી કાઢેલી મનાય છે. બાકી એ સમયે ગઝનીનાં આક્રમણો સામે રાજાઓ પોતાનાં રાજ્ય રેઢાં મૂકીને સ્વયંવરમાં જાય એ સંભવિત નથી. સ્વયંવર પછી યુદ્ધ આવે જ એવા મહાકાવ્યોની પરંપરા જાળવવા જ દુર્લભરાજ અને પરમાર ભોજની દુશ્મનાવટની વાત આલેખાઈ જણાય છે. કર્ણના દરબારમાં ચિત્રકારે વેશ કરેલ લક્ષ્મીનું ચિત્રફલક અને મયણલ્લાનો કર્ણ માટેનો તલસાટ કવિનું પોતાનું સર્જન અને તે પણ વિપ્રલંભ શૃંગારના નિરૂપણને માટે જ હોય તેમ જણાય છે. મેરુતુંગે આપેલી વિગતો પ્રમાણે મયણલ્લા કદરૂપી હતી અને કર્ણ એને ધિક્કારતો હતો. મયણલ્લાએ આત્મહત્યા કરવાની પણ કોશિશ કરેલી પણ કર્ણની માતા ઉદયમતીએ એને બચાવી લીધેલી. મુંજાલની યુક્તિથી એ સગર્ભા થયેલી અને જયસિંહને જન્મ આપેલો. સિદ્ધરાજ જયસિંહે ૧૦૦૮ લિંગ સહસ્રલિંગ તળાવને કાંઠે સ્થાપેલાં અને ૧૦૮ દેવી મંદિરો સ્થાપેલાં. એમાં અતિશયોક્તિ જણાય છે. જયસિંહ અને કુમારપાલમાં આરોપિત દૈવી શક્તિઓની વાત દૈવી આગાહીઓ તથા નાગકન્યાનો વૃત્તાન્ત, શાકિનીઓનો નિગ્રહ વ. કવિકલ્પિત જણાય છે.

માહિતીસ્રોત :- ચંદ્રપ્રભા લિખિત *Historical Mahākāvyas in Sanskrit,'* New Delhi, 1976.

# મહિસાની બ્રહ્માજીની પ્રતિમા

◆

**નવીનચંદ્ર ગી. પારેખ***
**ડાહ્યાભાઈ બી. પટેલ+**

ચંદ્રકાન્ત શાહ સંપાદિત 'ચરોતર સર્વસંગ્રહ'માં નડિયાદ તાલુકાના મહિસા ગામના વિસ્તૃત પરિચયમાં બ્રહ્માજીના મંદિરનો સચિત્ર અહેવાલ ઈ.સ. ૧૯૫૪માં પ્રસિદ્ધ થયો. મૂર્તિઓના સમૂહમાં ત્રણ મુખોવાળી દ્વિભુજ મૂર્તિ પગના ઢીંચણથી જમીનમાં દટાયેલી અપૂજ્ય હાલતમાં સૈકાઓથી સ્થિર ઊભેલી દેખાતી હતી.[૧] ત્યારબાદ પુરાતત્ત્વવિદ્ ડૉ. મંજુલાલ મજમુદારે આરસની આ ભવ્ય પ્રતિમાઓના મૂર્તિવિધાનના દૃષ્ટિકોણથી આ મૂર્તિઓની ઓળખ માટે મૂર્તિવિધાનના ગ્રંથોનો આધાર લઈને ઘણી છણાવટ કરી, પરંતુ આ અડધી દટાયેલી મૂર્તિ બ્રહ્માજીની જ છે તેવા તારણ પર આવી શક્યા નહીં.[૨] મજમુદારે તે લેખમાં શંકા વ્યક્ત કરતાં જણાવ્યું કે... "એમાંથી એક મૂર્તિનું એક જ માથું છે, બીજી મૂર્તિ ત્રિશિરા અને ત્રિમુખી છે : છતાં એમાંથી કોઈ પણ મુખ પર દાઢી (શ્મશ્રુ) ન હોવાથી બ્રહ્મા સાથે તેનો સંબંધ જોડવો દુર્ઘટ છે" આગળ લખે છે... "ત્રિમુખી મૂર્તિ માટે મને કોઈપણ શાસ્ત્રાધાર જડ્યો નથી" એટલે તેમણે મંડન સૂત્રધાર રચિત ગ્રંથનો આધાર લઈને મૂર્તિમાં દર્શાવેલા કમંડળ, અક્ષમાલા અને શ્વેતવર્ણને અંગે આ મૂર્તિ ઋગ્વેદની હોવાની શક્યતા હોવાનો અભિપ્રાય વ્યક્ત કર્યો. આમ દાઢી, વાહન અને ચારને બદલે બે હાથોના પ્રશ્ને કોઈ નિર્ણય થયો નહીં.

કેટલાંક વર્ષો બાદ ડૉ. હરિલાલ ગૌદાની ઈ.સ. ૧૯૬૫માં મહિસાના પુરાવશેષોના અભ્યાસ અર્થે ત્યાં ગયા. ઉત્તરેશ્વર મહાદેવનો નંદી, બ્રહ્માજીના મંદિરની મૂર્તિઓ અને અન્ય મહત્ત્વનાં સ્થળોની તપાસ કરી તસવીરો લઈને અમદાવાદ પરત આવ્યા. વિદ્વાનો સાથે વિચાર વિમર્શ કરી તેમણે વડોદરાના ત્રૈમાસિક સ્વાધ્યાયમાં "મહિસાનો નંદી અને બ્રાહ્મ પ્રતિમાઓ" નામનો અભ્યાસપૂર્ણ લેખ પ્રસિદ્ધ કર્યો.[૩] મજમુદારના લખાણના લગભગ દસ વર્ષ પછી પ્રસિદ્ધ થયેલા આ લેખમાં જમીનમાં અડધી દટાયેલી બ્રહ્માજીની ત્રિમુખી મૂર્તિ વિષે પણ ચોક્કસ નિર્ણય પર આવવાની અવઢવ ચાલુ જ રહી. આ અસમંજસના મુખ્ય કારણોમાં આ પાંચેય મૂર્તિઓ ચારને બદલે બે હાથોવાળી હતી. બીજું વાહનની અનુપસ્થિતિ અને મુખ્ય મૂર્તિને દાઢી નહોતી, છતાં ખંભાત પાસે આવેલા નગરાના મંદિરમાં ઉપસ્થિત બ્રહ્માજી અને તેમના પરિવારની મૂર્તિઓ સાથે મહિસાની મુખ્ય મૂર્તિ બ્રહ્માની છે તેવા તારણ પર આવવા માટે લખાણમાં દ્વિધા વર્તાય છે. આથી દરેક મૂર્તિનાં પ્રસિદ્ધ થયેલાં ચિત્રો નીચે ઓળખના વાક્ય આગળ (?) પ્રશ્ન ચિહ્નો મૂકેલાં દેખાય છે. ચોક્કસ નિર્ણય પર આવવાની અવઢવનું બીજું કારણ એ છે કે ગુજરાતમાં ખેડબ્રહ્મા, નગરા, પાટણ, દેલમાલ, લીમખેડા, વલ્લભવિદ્યાનગર, ઢાંક, સોમનાથ જેવાં અનેક સ્થળોએ બ્રહ્માજીની મૂર્તિઓમાં વાળવાળી દાઢી બતાવવામાં આવી છે. જ્યારે મહિસાના બ્રહ્માની માત્ર એક જ વિરલ મૂર્તિ છે કે જેને દાઢી નથી.

ડૉ. ગૌદાનીના લેખની પ્રસિદ્ધિના થોડાંક વર્ષો પછી મહિસાના યુવાન સુભાષભાઈ વ્યાસે ત્યાંના સ્થાનિક લોકોની ધાર્મિક માન્યતાઓને અવગણીને[૪] અડધી દટાયેલી મૂર્તિની નીચેની જમીનના પડો સાવચેતી રાખીને ઉખેડવા માંડ્યા. અને કાળજીપૂર્વક બ્રહ્માજીની મુખ્ય મૂર્તિને આખી બહાર કાઢીને ભીંતના ટેકે ગોઠવી દીધી.

આશ્ચર્યજનક બીના તો એ હતી કે બ્રહ્માના જમણા પગ પાસે વાંકી ડોક કરીને ઊભેલા હંસની પ્રતિમાએ અત્યાર સુધીમાં ઉદ્ભવેલા બધા જ ગુંચવાડાઓનું નિરાકરણ કરી નાંખ્યું હતું. આમ મૂર્તિવિધાનની

* ૧૪, શિવબાગ સોસાયટી, ભૈરવનાથ રોડ, મણિનગર, અમદાવાદ-૩૮૦૦૨૮
+ ૩, સમય એપાર્ટમેન્ટ્સ, અંજલિ ચાર રસ્તા, અમદાવાદ

દષ્ટિએ આ ત્રણ મુખવાળી મૂર્તિ બ્રહ્માની જ છે એમ પ્રસ્થાપિત થઈ ગયું. મહિસાના નગરજનોએ સુભાષભાઈની સૂચના મુજબ તે જ સ્થળે એક ચોરસ જાળીવાળો ખંડ બનાવીને બધી જ મૂર્તિઓને વ્યવસ્થિત ગોઠવીને સુરક્ષિત કરી. એક અર્થમાં તો અંધશ્રદ્ધા, ખોટા વહેમો અને ડરાવનારા સંકેતોને બાજુએ હડસેલીને સુભાષભાઈએ પુરાતત્ત્વવિજ્ઞાનને ઉત્કૃષ્ટ યોગદાન આપ્યું.[૫] કારણ કે સમગ્ર ગુજરાતમાં બ્રહ્માજીની આ પ્રકારની આ એક માત્ર પ્રતિમા છે. ઉપરાંત બંને દેવી પ્રતિમાઓમાં એક સાવિત્રીની અને બીજી સરસ્વતી છે એમ હવે નિશંકપણે કહી શકાય.

પુરાતત્ત્વ માર્તંડ પદ્મભૂષણ મધુસૂદન ઢાંકીએ સ્વાધ્યાય ૧૯૬૯ વાળા લેખમાં દાઢી વિનાના બ્રહ્માનું મૂર્તિસ્વરૂપ દક્ષિણ ભારતમાં તો સાર્વત્રિક અને છઠ્ઠી સદીના અંત પછી તો સર્વ કાળમાં જોવા મળે છે તેવો સ્પષ્ટ નિર્દેશ કર્યો છે. જ્યારે તે જ ગામના મહાદેવના મંદિરના મહાકાય નંદી વિષે પણ તેમણે નંદીનું શિલ્પ કર્ણાટકના નંદીઓમાં હોય છે તેવું જ વર્ણવ્યું છે.

લાટ અને દક્ષિણ ગુજરાતમાં તો ઈ.સ. ૭૫૦ થી ૯૦૦ સુધી તો રાષ્ટ્રકૂટોનું શાસન હતું. પરમાર સીયક બીજો પણ સ્વતંત્ર થતાં પહેલાં રાષ્ટ્રકૂટોનો સામંત હતો. એટલે મહિસાનાં આ સ્થાપત્યો અને મૂર્તિઓ વિષેના સ્થાપના કાળ વિષે સંશોધન કરવું જોઈએ તેમ લાગે છે. અલબત્ત નંદીના શિલ્પ પાસેના લખાણમાં, તેમજ મંદિરના અમુક ભાગોના જીર્ણોદ્ધારવાળા લેખોમાં વિ.સં. ૧૩૨૫નો ઉલ્લેખ છે, છતાં નંદી અને બ્રહ્માનાં શિલ્પોમાં વાઘેલા કે સોલંકીકાળને બદલે રાષ્ટ્રકૂટ સમયની શિલ્પકળાનાં દર્શન થાય છે.

મહિસાના આ મૂર્તિસમૂહમાં સાવિત્રી, સરસ્વતી, બે બ્રહ્મા પરિવારના દેવો તથા ગણેશની મૂર્તિઓ પણ છે. પરંતુ સ્થળ સંકોચને લીધે માત્ર સાવિત્રી અને સરસ્વતીની તસ્વીરોનો આ લેખમાં સમાવેશ કર્યો છે. કેટલાંક વર્ષો પૂર્વે મહિસાના કોઈ ઉત્સાહી ભાઈએ બ્રહ્માજી અને અન્ય મૂર્તિઓ ઉપર પાકો ઓઈલ પેઈન્ટ લગાવ્યો હતો, ત્યાર બાદ આ ભૂલ સુધારવા માટે કલર કાઢી નાખવા માટે ગામના આગેવાનોએ પ્રયત્ન કરેલો. અત્યારે પણ બ્રહ્માજીની છાતી પરનો બદામી રંગ, જે કાઢી શકાયો નથી તેથી મૂર્તિવિધાનની દષ્ટિએ કોઈ સંશય ન રહે તે માટે આ ખુલાસો કરવો જરૂરી છે.

## પાદટીપ

૧. મહિસાના રહીશ ચંદ્રશંકર હીરાલાલ મહેતાએ આપેલી માહિતી અનુસાર 'ચરોતર સર્વસંગ્રહ', ભાગ બીજો, પાના નં. ૧૮૯-૧૯૪ (૧૯૫૪)

૨. ડૉ. મંજુલાલ મજમુદાર, 'ગુજરાતનાં શિલ્પના બે સુંદર નમૂનાઓ', ''પ્રજાબન્ધુ'' : ગુજરાત સમાચાર દીપોત્સવી અંક (તારીખ-વર્ષની માહિતી મળતી નથી.)

૩. ડૉ. હરિલાલ ગૌદાની, મધુસૂદન ઢાંકી, હરિશંકર પ્રભાશંકર શાસ્ત્રી, 'સ્વાધ્યાય', પુસ્તક - ૬, અંક-૩, પાના નં. ૩૬૮-૩૭૫ (૧૯૬૯)

૪. લોકો માનતા કે મૂર્તિ નીચે ખોદશો તો ભમરા નીકળશે, બીજી માન્યતા એવી હતી કે જે મૂર્તિને ઉખેડશે તેનું મૃત્યુ થશે.

૫. શ્રી સુભાષભાઈ વ્યાસ હાલ અમદાવાદમાં સ્થાયી થયા છે. મૂર્તિ નીચેની માટી ખસેડતી વખતની તસવીરો તેમણે અમને આપી છે તે માટે તેમનો આભાર વ્યક્ત કરીએ છીએ.

# દસ્તાવેજનું સ્વરૂપ અને એની લેખનપદ્ધતિ

◆

રસીલા કડીઆ*

દસ્તાવેજને ખતપત્ર પણ કહેવામાં આવે છે, દસ્તાવેજ ફારસી શબ્દ છે. ખતપત્ર અરબી શબ્દ છે. શ્રી છોટુભાઈ નાયકના 'ફારસી વ્યુત્પત્તિકોશ'માં દસ્ત + આવીઝ એવા બે શબ્દોનો બનેલો દસ્તાવેજ શબ્દ દર્શાવ્યો છે. આ શબ્દોના અર્થ છે : લટકાવ કે ટાંગ. આની સમજૂતી અને અર્થ આપતાં જણાવાયું છે કે 'માગણીની સાબિતી કે પુરાવો આપે એવું, આધારભૂત એવું કોઈ લખાણ, લેણદેણ કે પુરાવો આપે એવું, આધાર અને તેનું લખાણ એટલે દસ્તાવેજ. સલ્તનતકાળમાં દસ્તાવેજ 'દફતર' શબ્દથી ઓળખાતા. આવા દસ્તાવેજો કાંજી ચઢાવેલ જાડા, સફેદ કપડાં પર જે સડે કે કહોવાય નહિ, તે પર લખાતા.

શાહીશાસનના લખત જે ફરમાન તરીકે ઓળખાય છે તેને જાણી લેવું આવશ્યક છે. હુકમ, સનદ, આદેશ, આજ્ઞા કે ખતપત્ર, શાહી પરવાના, અનુશાસનપત્ર જેવાં લખાણો જેમાં શાસકની સહી કે મહોર - મુદ્રા કે છાપ હોય છે, તે ફરમાન છે. શાસક તરફથી સાર્વજનિક કે વહીવટી બાબતો અંગે સૂબાઓના સૂબેદારો અને દીવાનો ઉપર કે તેમના હાથ નીચેના અમલદારો ઉપર મોકલાતી આજ્ઞાઓ 'ફરમાન' તરીકે ઓળખાય છે.

આમ, દસ્તાવેજ શબ્દ ફરમાન, પરવાના તેમજ વેચાણખત, ગિરોખત જેવા સ્થાવર મિલકતને લગતા સામાજિક વ્યવહારો વિશેનાં લખાણોને સમાવે છે. અહીં આપણે માત્ર સામાજિક વ્યવહારને લગતા સંસ્કૃત તથા સંસ્કૃતમિશ્ર ગુજરાતી ભાષામાં લખેલા દસ્તાવેજોનો ખ્યાલ પ્રાપ્ત કરીશું. ફારસી દસ્તાવેજો એક જુદો વિષય બને છતાં યત્કિંચિત્ તેની પણ થોડી વાત કરીશું.

દસ્તાવેજોનું ઐતિહાસિક મૂલ્ય ઘણું છે. ઇતિહાસમાં પ્રમાણોનું મહત્ત્વ વધારે છે. શ્રી મલ્લિનાથનું સૂત્ર છે : 'नामूलं लिख्यते किञ्चित् ।' અર્થાત્ આધાર કે પ્રમાણ વિના કશું લખવું નહિ. ઉપલબ્ધ પ્રમાણોની અસલિયતની ચકાસણી કરવી પડે છે. તેની તપાસ કરી, એનું શુદ્ધિકરણ જરૂરી બને છે. એના સત્યની અહર્નિશ શોધ કરવી પડે છે. આ શોધમાં જે લિખિત સાધનો પ્રાપ્ત થાય છે તેમાં દસ્તાવેજ પણ છે. તત્કાલીન ઇતિહાસના આલેખનમાં તે મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ઘણીવાર ઇતિહાસનાં અન્ય સાધનો દ્વારા પ્રાપ્ત થતી વિગતોમાં તે પૂર્તિ કરે છે કે વધુ પ્રમાણિત કરે છે.

ગ્રંથોની પેઠે ખતપત્રો અને શાસનપત્રોનો કાલબળે નાશ થતો જાય છે. ગુજરાતમાં સોલંકીકાલ સુધીનાં ખતપત્રો કે શાસનપત્રો મોજૂદ રહ્યાં નથી. ગુજરાતના-સલ્તનતકાલીન દસ્તાવેજો અતિ અલ્પ પ્રમાણમાં ઉપલબ્ધ છે. અજ્ઞાત કર્તા લિખિત 'લેખપદ્ધતિ' ગ્રંથ ગુજરાતના ચાવડા અને સોલંકી રાજ્યના તથા સલ્તનતકાલના પચાસેક દસ્તાવેજો દસ્તાવેજી સ્વરૂપના નમૂનારૂપે જ છે. આ ગ્રંથ સં. ૧૫૩૩નો ગણાયો છે પણ ડૉ. ભોગીલાલ સાંડેસરાએ કેટલાંક આંતરિક પ્રમાણો રજૂ કરી, એને વાઘેલાઓના સમયનો - પ્રાયઃ લવણપ્રસાદનો સમકાલીન હોવાનો ગણ્યો છે. એમાં દસ્તાવેજોની ભાષા સંસ્કૃત છે. જો કે, આ સંસ્કૃત ભાષા શુદ્ધ ન હતી. એમાં દેશી ભાષાના શબ્દો અને પ્રયોગોનું કૃત્રિમ સંસ્કૃતિકરણ કરી ગોઠવી દીધેલા જોવા મળે છે. એમાં કેટલાક દેશી શબ્દો એવા છે કે જે અન્યત્ર જોવા મળ્યા નથી. તે સમયના જૈન ગ્રંથોમાં આવા પ્રયોગો જોવા મળ્યા હોઈ તે ભાષાને 'જૈન સંસ્કૃત' ગણાવાઈ છે. 'લેખપદ્ધતિ'માં એક ખત સં. ૧૪૫૯નો છે. તે જૂનાગઢના ગિરનાર શિખર પર લખાયેલો છે. અત્યારસુધીમાં ગુજરાતમાં ઉપલબ્ધ દસ્તાવેજોમાંનો તે પ્રાચીનતમ છે. સોરઠિયા કંસારા એવા રાત સમાજે ભેગા મળી આ ખત લખેલ છે. તેમાં રાતસમાજે કુલ-ગોરને જુદે જુદે

* ૮, જયમા સોસાયટી, માનસી કૉર્નર પાસે, સેટેલાઇટ, અમદાવાદ.

અવસરે શું શું આપવું તેનો નિર્ણય કરીને વિગતો આપી છે. આ ખતની ભાષા જૂની ગુજરાતી છે.

પાટણના રાજાઓનો - વાઘેલાઓનો અમલ પૂરો થયો અને મુસલમાની સત્તાનો દોર ચાલુ થયો. પહેલાં સલ્તનતકાલીન રાજાઓનો અને ત્યારબાદ મુઘલકાલીન બાદશાહોનો. રાજ્ય અમલ બદલાયો એટલે અત્યારસુધી કચેરીઓનું કામકાજ સંસ્કૃત ભાષામાં થતું હતું તે ફારસી રાજભાષા બનવાને કારણે ફારસીમાં થવા લાગ્યું. હવે દસ્તાવેજો ફારસીમાં લખાવા લાગ્યા. જો કે, ગુજરાતીમાં લખાયેલા દસ્તાવેજો પણ મંજૂર રખાતા. ક્યારેક સંસ્કૃત ભાષામાં પણ દસ્તાવેજો લખાયા છે. આ સમયના ઉપલબ્ધ બે દસ્તાવેજો મુનિશ્રી જિનવિજયજી દ્વારા પુરાતત્ત્વ પુ. ૪ (૧-૨)માં પ્રકાશિત થયા છે. આ બન્ને દસ્તાવેજો પાટણના છે. સં. ૧૫૪૭માં લિખિત દસ્તાવેજ મિલકતની વહેંચણીનો છે. સં. ૧૫૬૨નો દસ્તાવેજ ઘરના વેચાણનો છે. પાટણમાંથી હિંદુસત્તા નષ્ટ થઈ તે પછી બે સૈકા થઈ ગયા છતાં આ દસ્તાવેજો સંસ્કૃત ભાષામાં છે. કાજીઓની કચેરીઓમાં સંસ્કૃત ભાષામાં પણ વ્યવહાર થતો હતો !

દસ્તાવેજનું સ્વરૂપ જોઈએ તો તેમાં સૌથી પહેલી એક વાત ધ્યાન ખેંચે છે અને તે એ કે દસ્તાવેજ માંનું લખાણ પરંપરાગત - રૂઢિબદ્ધ અને એકસરખું છે.

પ્રારંભમાં મંગલવાચક 'સ્વસ્તિ' શબ્દ આવે છે. આ પ્રારંભ પહેલાં ઘણીવાર ૧૧, શ્રી૧૧, श्री गणेशाय नमः । 'श्रीनाथजी सत्य छि ।' 'श्री गोपीनाथजी सत छे ।' જેવું મથાળે લખવામાં આવે છે. ફારસી દસ્તાવેજોમાં મથાળે આ જ પ્રમાણે ઈશ્વરનામ, સ્તુતિસૂચક સૂત્ર લખવામાં આવે છે, જેમકે - અલ્લાહો અકબર કે બિસ્મિલ્લા ફહમાનિર્રહીમ.'

સ્વસ્તિવચન પહેલાં ઘણીવાર ૐ શબ્દ પણ મુકાતો. પાટણના બે પ્રાચીન દસ્તાવેજો ઉપલબ્ધ બન્યા તેમાં ૐ સ્વસ્તિથી પ્રારંભ થયો છે.

ત્યારબાદ સંવત, માસ, પક્ષ, તિથિ, વાર અને દસ્તાવેજ કઈ બાબતનો છે તેની વિગત આપવામાં આવે છે. ઘણીવાર વિક્રમસંવતની સાથે શાલિવાહન સંવતનો 'शाके' થી નિર્દેશ થયો છે. ફારસી ખતપત્રોમાં રાજકર્તાની મહોરની છાપ લગાવી હોય છે. એમાં એના અમલનું વર્ષ આપવામાં આવ્યું હોય છે. મિલકતની આપ-લેની મિતિ, હિજરીસન, મહિના અને રોજ જણાવાયાં હોય છે. બ્રિટિશકાલમાં ઈસવીસન, મહિનો અને વાર જણાવવામાં આવે છે. ત્યારબાદ, કયે સ્થળે આ દસ્તાવેજ લખાઈ રહ્યો છે તે નગર કે ગામનું નામ આપવામાં આવે છે. ત્યારબાદ, અનેક વિશેષણો અને ધારણ કરેલ બિરુદ સાથે કયા શાસકનો રાજ્ય અમલ છે તેની નોંધ થાય. એની સાથે શાસક વતી રાજ્ય કરનાર દીવાન કે સૂબાનો નામોલ્લેખ કરી, તેના અધિકારીઓનો નામોલ્લેખ થાય. આની સાથે ગ્રાહક-દાયકનો તેમની જ્ઞાતિ અને અટકની ઝીણી વિગતો આપી નામોલ્લેખ થાય. બે કે ત્રણ પેઢીનાં નામ જણાવાય. ફારસી દસ્તાવેજોમાં તો ચાર પેઢીનાં નામો જણાવાયાં હોય. પ્રારંભનો આ ભાગ ઘણું ખરું સંસ્કૃત ભાષામાં હોય છે. ત્યાર પછીનો વચલો ભાગ ગુજરાતી ભાષામાં હોય છે. અને દસ્તાવેજનો અંતિમ ભાગ સંસ્કૃતમિશ્ર ગુજરાતી ભાષામાં લખાયો હોય છે - જેમકે आचंद्रार्क, कुल्ल अभरांमना दावे, तडागे उदक संमंधोपि नास्ति, अत्र मतु, अत्र साख्य ।

દસ્તાવેજના વચલા ભાગમાં ઘર, જમીન કે હાટ કે મિલકત - જે બાબતનો દસ્તાવેજ કરવાનો હોય તે સ્થળની વિગત આવે. મિલકતની વહેંચણી બાબતે વિવાદ ઊભો થાય અને જો એમને સમજાવવા મુનસફ નીમ્યા હોય તો તેઓનાં નામ લખવામાં આવ્યાં હોય.

ત્યારબાદ, જે કોઈ સ્થાવર મિલકત અંગેનો દસ્તાવેજ હોય તેનું સવિસ્તર વર્ણન આપવામાં આવે. ઘરની વિગતોમાં ઓરડા, પરશાળ, મેડો, બારી, બારણાં, દાદર, કરો, જાળી, ઓટલો, ચોક, નવેળી, ખાળ વગેરે બાબતો આવે. વરસાદના પાણીના નિકાલની વ્યવસ્થા કઈ રીતની છે તે જણાવવામાં આવે. વેચાણ કે ગિરવી મિલકત માટે જે નાણાં નક્કી થયા હોય તે અંકમાં તેમજ શબ્દોમાં જણાવાય. નાણાંની રકમ સાથે

સિક્કાનો તોલ જણાવવામાં આવે. (જેમકે - નવી અડીના ૧૧ાા માસાના રૂપૈઆ) મિલકત ગિરવે મૂકવાની હોય તો વ્યાજ આપવાની તથા અન્ય શરતોનો ઉલ્લેખ થાય.

દસ્તાવેજના અંત ભાગે, દસ્તાવેજમાં જણાવેલી વસ્તુ કે મિલકતનો હાથબદલો થયા પછી વેચનારનો કે ગિરવે મૂકનારનો એ મિલકત સાથે કોઈપણ જાતનો સંબંધ રહેતો નથી. ભવિષ્યમાં જો કોઈ વારસ કે કોઈ અન્ય જણ આવીને તેના સમયના દસ્તાવેજોમાં હક બાબતે દાવો કરતો આવે કે એ બાબતે કકળાટ કરે તો દાયકે તેને સમજાવવાનો કે વારવાનો રહે, એવી સ્પષ્ટતા કરવામાં આવે.

અંતના આ ભાગમાં 'आचंद्राऽर्क कुल्ल अभरामनां दावे', राजीरजामंदीथी, बापना बोलसु पाले જેવી વાક્યરચનાઓ, આવતી હોય છે. અને છેક છેલ્લે ડાબી બાજુ 'अत्र मतू' લખી, દાયકની સહી થઈ હોય છે. દાયક જો નિરક્ષર હોય તો તેના વતી કોઈ અન્ય સહી કરે છે. સહી કરતાં પહેલાં સાથિયાનું ચિહ્ન પણ હોય. જમણી બાજુ 'अत्र साक्ष' લખી, તેની નીચે સાક્ષીઓની સહીઓ થઈ હોય, ક્યારેક સાક્ષીઓની સહીઓમાં થોડીક જોવા મળી છે તો ક્યારેક ૪૦ કે ૫૦ વ્યક્તિઓની સહીઓ પણ જોવા મળી છે.

આવા કેટલાક દસ્તાવેજો સંસ્કૃત-ગુજરાતીની સાથે સાથે ફારસી ભાષા-એમ બન્ને ભાષામાં લખાયેલ તથા તેમાં મકાનનો પ્લાન પણ અપાયેલો જોવા મળે છે. સં. ૧૭૪૯નો હાજાપટેલની પોળ (અમદાવાદ)નો એક દસ્તાવેજ આવો છે. હજુ આ મકાનને એમના વારસો વાપરી રહ્યા છે.

સંસ્કૃત મિશ્ર ગુજરાતીમાં લખેલા દસ્તાવેજો બહુધા સારા અક્ષરે લખાયેલા હોય છે. માત્ર ગુજરાતીમાં લખાયેલા દસ્તાવેજોમાં સુલેખન કલાનો અભાવ વરતાય છે. કેટલાક ગુજરાતી દસ્તાવેજો વાંચી શકાય તેવા તો હોય છે પણ તેમાં કાના માત્રા વિનાના અક્ષરો હોય તેવા દસ્તાવેજો સમજવા મુશ્કેલ થઈ પડે છે.

દરેક દસ્તાવેજમાં કચેરીની મહોર કે મુદ્રા હોતી નથી. ઘરમેળે થયેલા દસ્તાવેજોમાં આમ હોય છે. એવા દસ્તાવેજોમાં શાસક અને એના અધિકારીઓની વિગતો હોતી નથી.

ઘણીવાર તત્કાલીન સમયે અગાઉના શાસકનો રાજ્યઅમલ રહ્યો ન હોય છતાં તેનો ઉલ્લેખ હોય. મરાઠાકાલીન દસ્તાવેજોમાં દિલ્હીના બાદશાહની લગીરેય હકૂમત રહી નથી છતાં તેના અમલનો નિર્દેશ થયેલો જોવા મળ્યો છે. આમ થવાનું કારણ કદાચ એવું હોઈ શકે કે લહિયા આગલા નમૂના પરથી, દસ્તાવેજ લખતો હોય અને રાજ્યઅમલ બદલાયાને બહુ સમય થયો ન હોય તેથી પરિપાટી મુજબ જોઈને તેની નકલ કરી હોય.

મરાઠાકાલીન દસ્તાવેજોમાં ઘણા દસ્તાવેજો અમદાવાદના મળ્યા છે. તેમાં શાસક અને તેના અધિકારીઓની વિગતોમાં પુણેના પેશ્વા અને / અથવા એના હાકેમ તરીકે અમદાવાદ ભદ્રમાં રહી વહીવટ કરતા શહેરસૂબાનો તેમજ વડોદરાના ગાયકવાડ રાજા અને / અથવા એના તરફથી ગાયકવાડની હવેલીમાં રહી વહીવટ કરનાર સ્થાનિક અધિકારી એમ બન્નેનો ઉલ્લેખ છે. કારણ કે આ વખતે અમદાવાદ પેશ્વા તથા ગાયકવાડની સત્તા વચ્ચે વહેંચાયેલું હતું.

બ્રિટિશ-કાલના દસ્તાવેજો હજુ બહુ સંગ્રહાયેલા નથી. સ્થાવર મિલકતના માલિકો પોતાની માલિકીની મિલકતને લગતા નજીકના ભૂતકાળના દસ્તાવેજ પોતાની પાસે જ રાખી મૂકવાનું વલણ ધરાવે તે સ્વાભાવિક છે.

આવા દસ્તાવેજોમાંથી આપણને તત્કાલીન રાજકીય અને રાજતંત્રીય ઇતિહાસની જાણકારી પ્રાપ્ત થાય છે. વળી, તે સમયના સામાજિક, સાંસ્કૃતિક, ભાષાકીય, નાણાકીય, સ્થાપત્ય જેવી અનેક બાબતો જાણવા મળે છે તેની વાત કરીએ :

દસ્તાવેજોમાં તે તે સમયના, તે તે સ્થળના રાજ્ય કરતા શાસકોનાં નામો આવે છે અને સાથે તેના સ્થાનિક અધિકારીઓ જેવા કે - સૂબા, દીવાન, કાજી, કાનૂનગો, દીવાન વગેરેનાં નામો આવે છે. આથી, આપણને તત્કાલીન રાજવીઓ અને તેના વહીવટી અધિકારીઓ કયા હતા તેની વિગતો પ્રાપ્ત થાય છે.

* તે તે સમયે વ્યક્તિઓનાં નામો કેવાં હતાં તેની જાણકારી મળે છે. વળી, તેઓની જ્ઞાતિઓ, ગોત્ર અને શાખા તેમજ અટકનો ઉલ્લેખ હોઈ તેની જાણકારી પ્રાપ્ત થાય છે. જેમકે, સા (શાહ), દોશી, નાગર, કડવા, ડુમડા, મણિયાર, વૃદ્ધશાખા, લઘુશાખા, ઓશવાળ, પોરવાડ, દસા, વીસા વગેરે. ગ્રાહક-દાયકની ત્રણ-ચાર પેઢીઓનાં નામો લખાતાં હોઈ કોઈ જાણીતી વ્યક્તિનું વંશવૃક્ષ આલેખી શકાય. જેમકે શાંતિદાસ ઝવેરી અને ભક્કમ શેઠનો દોશી લહૂઆનો વંશ.

* તે તે સમયે જકાતનાકાં ક્યાં હતાં, ક્યા વેરા લેવાતા, કયાને માફી આપવામાં આવી છે તેની જાણકારી પ્રાપ્ત થાય છે.

* તેમાં આપવામાં આવેલી સ્થાન વિગતો દ્વારા તે તે શહેર કે ગામનાં મહોલ્લા, પોળ, શેરી, ખડકી, ચકલાં, દરવાજા વગેરેની ભૌગોલિક તથા શહેર-ગામની રચનાનો ખ્યાલ સાંપડે છે. ક્યારેક જાહેર સ્થળ કે ઈમારતનો ઉલ્લેખ થયો હોય ત્યારે તેનું ચોક્કસ સ્થાન જાણી શકાય છે.

* મકાનોનું કે હાટોનું તેમાં સવિસ્તર વર્ણન સાંપડે છે. આ વર્ણનમાં ઓરડા, કરા, પછીત, ચોક, ખડકી, મેડો, વંડી, ઓટલો, નવેલી, ખાળની વિગતોનો સમાવેશ થાય છે. આની સાથે નેવાંનાં પાણી વરસાદમાં ક્યાં, કેવી રીતે જાય છે, ખાળ વગેરે દ્વારા પાણીનો નિકાલ કેવી રીતે થાય છે, બારણાં-બારી વગેરે મૂકવાનો હક વગેરેની વિગતો પણ હોય છે. આવવા-જવાના કયા માર્ગો સહિયારા છે તેની જાણ થઈ હોય છે. આ વિગતો સ્થાપત્ય સ્વરૂપની ઝાંખી કરાવે છે. પાણીના નિકાલની વિગતોની સ્પષ્ટતા ઘણી કરવામાં આવી છે. તેમાં ભવિષ્યમાં આજુબાજુવાળાઓ સાથે વાદવિવાદના પ્રસંગો ઊભા ન થાય તેની દૃષ્ટિ રાખવામાં આવી છે અને આજની પેઠે પાણી તે વેળા પણ પ્રશ્ન હતો તેની જાણકારી મળે છે. વળી, ઘણાં ઘરોમાં વરસાદી પાણી સંઘરતાં ટાંકાંઓનો અને કૂવાનો ઉલ્લેખ છે, તેમાં નીસરણી, બેસવાની જગા વગેરેની રચનાઓ દર્શાવી છે. વર્તમાનકાળમાં આ ટાંકાં હવે નવાં મકાનો અને બંગલાઓમાં બનવા લાગ્યાં છે.

* જે કોઈ મિલકત વેચાય તેની કિંમતનો તેમાં ઉલ્લેખ હોય છે. આ કિંમત કયા પ્રકારના નાણાંમાં ચૂકવાઈ તે દર્શાવાય છે. આથી, તત્કાલીન નાણાંનો દર કેટલો હતો તે અને કયા પ્રકારનું નાણું ચલણમાં હતું તેની જાણકારી સાંપડે છે. વળી, નાણાંની રકમ તેમાં શબ્દોમાં તથા અંકમાં એમ બન્ને રીતે દર્શાવાતી. ક્યારેક તો મૂળ રકમની અર્ધી રકમ દર્શાવી, એના બમણાં એમ જણાવાતું, જેથી તેમાં ઘાલમેલનો કોઈ અવકાશ રહે નહિ. તે સમયે ચાલતા સિક્કાનો તોલ પણ દર્શાવાતો. જેમકે - નવી અઢીના ૧૧ાા માસા. ચુકવણી રોકડા રૂપિયામાં, બહુધા એકસાથે (હપ્તેથી નહિ) આપવાનું જણાવાતું. ગિરોમુદત ૫,૭ કે ૧૦ વર્ષની રહેતી અને તે રકમ પાછી ન અપાય ત્યાં સુધી વલત-વ્યાજ અમુક દોકડામાં ચૂકવવાનું રહેતું.

* જમીનની લંબાઈ-પહોળાઈ સુતારી ગજમાં અપાતી. બ્રિટિશ અમલ દરમિયાન તેનું ક્ષેત્રફળ ચોરસ ગજમાં ગણાતું.

* દસ્તાવેજલેખન તથા 'મતૂ' અને 'સાક્ષી'ઓની સહીઓમાં વ્યક્તિઓના અક્ષરજ્ઞાન તથા લેખનશૈલી પ્રતિબિંબિત થાય છે. એ સમયના અક્ષરોનો મરોડ તથા વર્ણો કેવી રીતે લખાતા તેની જાણકારી સાંપડે છે. વ્યક્તિ નિરક્ષર હોય ત્યારે તેના વતી કોઈ દસ્કત કરતું. આવી સહી આગળ ઘણીવાર 卐 સાથિયાનું ચિહ્ન થતું. ફારસી દસ્તાવેજોમાં આવું અચૂક જોવા મળે છે. જોડણીની શુદ્ધિ દસ્તાવેજના કોઈ પણ લખાણમાં જોવા મળે છે. આ સહીઓમાં બોડિયા-કાના, માત્રા વિનાના અક્ષરો વધુ જોવા મળે નહિ. એક જ દસ્તાવેજમાં જોડણી પરત્વે લહિયાના અક્ષરોમાં પણ વૈવિધ્ય જોવા મળે છે. પુનરુક્તિયુક્ત લખાણ પણ ઘણું જોવા મળે છે, જે તે સમયની સામાન્ય લોકોની લેખનસજ્જતા પરત્વે ધ્યાન દોરે છે.

આજે આપણે મીડિયામાં પ્રકટ થતા લખાણોમાં પણ આવું જ જોવા મળે છે !

* દસ્તાવેજનો અભ્યાસ ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ ઘણો ઉપયોગી છે. જુદા જુદા સમયના દસ્તાવેજોનો અભ્યાસ કરતાં તે તે સમયની બોલચાલની ભાષા અને તેના લેખન પરત્વે ઊંડો પ્રકાશ ફેંકે છે. તે તે સમયની પ્રચલિત ભાષાના તથા લિપિના પ્રત્યક્ષ નમૂના પૂરા પાડે છે. તે સમયની પ્રચલિત ભાષામાં વપરાતા વિવિધ પારિભાષિક શબ્દો જાણવા મળે છે; જેવા કે 'अत्र मतु' 'अत्र शाख', 'आचन्द्राऽर्क कुल्ल अभरांमना दावे, 'राजी रजामंदीथी', 'अस्य विधे परिपालनाय बापना बोलसु पाले'.

૧૫મી સદીના એક દસ્તાવેજમાં અન્ય इ કારને સ્થાને લઘુપ્રત્યય य કાર જોવા મળે છે. જેમકે, म्यली, ल्यख्यु, ब्यमणा. સમયાંતરે બ્યમણા શબ્દ बिमणा તરીકે પણ નોંધાયો જોવા મળે છે. વ્યાકરણનાં રૂપો કયા તબક્કે કયાં હતાં, તે જાણવા પરથી ભાષાનો ઇતિહાસ આપણે જાણી શકીએ.

વ્યાકરણ અને સાહિત્યથી અજ્ઞાન એવા લોકો વડે દસ્તાવેજો લખાયા છે તેથી જ તેની ભાષા શુદ્ધ નથી. ડૉ. ભોગીલાલ સાંડેસરાએ દસ્તાવેજોની ભાષાશૈલીને 'ઢીલી ભાષાશૈલી' તરીકે ઓળખાવી છે. આમ છતાં, તેમાંથી અનેક દેશ્ય શબ્દો અને વાક્યરચનાઓ સાંપડે છે. કૃત્રિમતાથી મુક્ત એવાં આ લખાણોમાં આપણને ભાષાના ઉત્તરોત્તર ફેરવાતાં સ્વરૂપો જોવા મળે છે.

સમાજશાસ્ત્રીય દૃષ્ટિએ પણ દસ્તાવેજોનું મહત્ત્વ ઘણું છે. દસ્તાવેજોના વેચાણખત જોતાં, ઘરો લગભગ પોતાની જ્ઞાતિના લોકોમાં વેચાયાં હોવાનું માલૂમ પડે છે. જુદા જુદા વિસ્તારમાં જુદી જુદી જ્ઞાતિઓ એક સાથે રહેતી, અને તેથી જ પોળોનાં નામો પણ દરજીની ખડકી, સુથારવાડો જેવાં જ્ઞાતિસૂચક જણાય છે. હાજા પટેલની પોળના સં. ૧૭૪૯ અને એ જ સમયગાળા દરમ્યાનનાં તે જ વિસ્તારનાં ઘરોના વેચાણના દસ્તાવેજનો અભ્યાસ કરતાં જણાયું છે કે તેની આસપાસના વિસ્તારમાં - આજુબાજુમાં ઘરો વેચાયાં તે પ્રાયઃ દૂરના કુટુંબીજનો દ્વારા ખરીદાયાં છે કે તેમના દ્વારા વેચાયાં છે. આ હકીકત સ્પષ્ટ કરે છે કે કુટુંબના લોકો તે સમયે અતિ નિકટવર્તી રહેતા.

આમ, દસ્તાવેજો સમાજના ધંધા, રૂઢિરિવાજો, વ્યવસ્થા, આર્થિક પરિસ્થિતિ, ઇતિહાસ, ભૂગોળ, સ્થાપત્ય અને ભાષા જેવા અનેક ક્ષેત્રોના તલસ્પર્શી અભ્યાસને માટે અવકાશ આપે છે.

# મારી સંશોધન યાત્રા*

◆

જોરાવરસિંહ જાદવ+

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર (સૌરાષ્ટ્ર યુનિવર્સિટી)ના ઉપક્રમે મારી સંશોધનયાત્રા સંદર્ભે વાત કરવાની હોય ને ત્યારે ભાઈ મારા જેવા લોકવિદ્યા, લોકસંસ્કૃતિ, લોકસાહિત્ય અને લોકકલાના યાત્રીના અંતરમાં આનંદના રંગસાથિયા પુરાય, આનંદનો અબિલ ગુલાલ ઊડે. અરે, અંતરના આનંદ-મોરલા એક સામટા ટહૂકી ઊઠે એવો રૂડો અવસર ઊભો કરનાર મારા મિત્ર પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ અને ડૉ. અંબાદાન રોહડિયાનો સૌ પ્રથમ આભાર માની લઉં છું, અને મારા અંતરનો આનંદ ચાર ચરણના એક નાનકડા દૂહા દ્વારા વ્યક્ત કરું છું.

*''ચાર મિલે ચોસઠ ખીલે,*
*બીસ રહે કરજોડ;*
*હૃદય સે હૃદય મિલે*
*ખીલે સાત કરોડ.'*

અર્થાત્, બે મિત્રો મળે છે. એમની ચાર આંખો મળે છે. પરસ્પર સ્મિત કરે છે. બત્રીસ દાંત એના અને બત્રીસ દાંત પેલાના ફૂલપાંખડીરૂપે ખીલે છે. અને જ્યારે પરસ્પર ભેટીને એકબીજાને સાંયામાયા મળે છે ત્યારે કવિ કહે છે : સાડાત્રણ કરોડ રુંવાડાં એના અને સાડા ત્રણ કરોડ રૂવાડાં પેલાના એમ સાત કરોડ રુંવાડાં બેઠાં થઈ જાય છે. જો બે જ વ્યક્તિના મિલનમાં આટઆટલો આનંદ હોય તો આટલી મોટી સંખ્યામાં ઉપસ્થિત આપ સૌ સોનાની સાંકળે બાંધીને લાવવા માગું તોય ન આવી શકે એ સાહિત્યકારો, વિદ્વાનો, સાહિત્ય પ્રેમીઓ વાચકમિત્રો અને સ્વજનોને મળવાનો આનંદ મારા હૈયામાં કેટલો હશે તે સહેજે સમજી શકાય એમ છે.

આજે મારે મુઠ્ઠીમાંથી ઝડપથી સરી જતા લોકસંસ્કૃતિ-લોકકલા વૈભવ સંદર્ભે 'મારી સંશોધન યાત્રા'ની વાત કરવી છે. ૫૬ વર્ષના પડાવ ઉપર આવીને ઊભેલી મારી આ યાત્રાનું સિંહાવલોકન શક્ય નથી પણ વિહંગાવલોકન દ્વારા સંશોધનના સંસ્મરણો અને અનુભવોને આપની સમક્ષ ઉઘાડવાનો ઉપક્રમ રાખ્યો છે. આમ તો ૫૬ વર્ષનાં સંસ્મરણો ને ૬૦ મિનિટમાં રજૂ કરવાનું કામ અગાશીમાં ઘોડા દોડાવવા જેવું ગણાય.

સાહિત્ય પ્રેમીઓ અને વાચકો ઘણીવાર મને એક સવાલ પૂછતાં હોય છે, 'જોરાવરસિંહભાઈ તમારા નામથી અને કામથી તો તમને વર્ષોથી ઓળખીએ છીએ પણ લોકસાહિત્ય, સંસ્કૃતિ અને લોકકલા તરફ તમને અનુરાગ કેવી રીતે જન્મ્યો ?'

લોકસંસ્કૃતિ અને લોકકલા માટેનો મારો અનુરાગ વતનની માટીની મ્હેંકમાંથી જન્મ્યો છે. અમદાવાદ જિલ્લાના ધંધુકા તાલુકાનું ખોબા જેવડું આકરુ ગામ. આ ગામમાં દાનુભાઈ જાદવના રાજપૂત ખેડૂત પરિવારના ખોરડે પામબાની કુખે ૧૦ જાન્યુઆરી, ૧૯૪૦માં મારો જન્મ. સંસ્કૃતિ સમૃદ્ધ સૌરાષ્ટ્રને અડીને આવેલા ભાલપંથકની ધરતીની ધૂળમાં આળોટીને ઉછર્યો.

મારા પિતાશ્રી દાનુભાઈ જાદવ ઝાઝું ભણેલા નહીં, પણ એમની કોઠાસૂઝ જબરી. ઉત્તમ ઓલાદના

---

* ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર (સૌરાષ્ટ્ર યુનિવર્સિટી)ના ઉપક્રમે શ્રી જોરાવરસિંહ જાદવે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના હૉલમાં આપેલ સંશોધન વ્યાખ્યાન.

+ ટ્રસ્ટીશ્રી, ગુજરાત લોકકલા ફાઉન્ડેશન, અમદાવાદ.
૨, પ્રોફેસર્સ કૉલોની, વિજય ચાર રસ્તા, નવરંગપુરા, અમદાવાદ - ૯

અશ્વો, બળદો અને એના શ્રેષ્ઠ શણગારો શીખવાનો જબરો શોખ. આખા ભાલ અને કનેર પંથકમાં એમની આબરુ મોટી, રોટલો મોટો એટલે દાનુબાપાની ડેલી ભાટ, ચારણ કવિઓ, તુરી બારોટો, વાર્તાકારો, કોઠાસૂઝવાળા લોક જીવનના મરમીઓથી હાંફતી રહેતી. મારા પિતાશ્રી લીંમડીના રાજકવિ શંકરદાનજી દેથાના પરમ સ્નેહી એટલે સૌરાષ્ટ્ર, કચ્છ અને છેક શિરોહી રાજસ્થાનથી ચારણ કવિઓ અમારે આંગણે મહેમાન બનતા. મારા પિતાશ્રીને આવો બધો શોખ. નાનપણમાં હું આવા ડાયરામાં બાળશ્રોતારૂપે ડાહ્યોડમરો બની કુતૂહલવશ દુહા, છંદ, વાર્તાઓ આ બધું સાંભળતો. આવા ભર્યાભાદર્યા લોકસાંસ્કૃતિક વાતાવરણે મારા બાળમાનસમાં લોકસંસ્કૃતિનું બીજ રોપ્યું, જે સમયાન્તરે પાંગરતું રહ્યું.

શિયાળાના તાપણાં પૂરાં થાય, ઉનાળો બેસવા આવે, ઘઉંના વાઢ શરૂ થાય ને ખળાં લેવાય ત્યારે મારા ગામમાં દાણા-દુણીની આશા કરીને વાદી, મદારી, નટ, બજાણિયા, કાંગશિયા, બહુરૂપી, રાવણહથ્થાવાળા ભરથરીઓ, માંકડા ને કઠપૂતળીવાળા, ચુંદડિયા મહારાજો ને ભવાયાનાં પેડાં ઊતરી આવતાં ને ગ્રામપ્રજાને જાતજાતનું ને ભાતભાતનું મનોરંજન પૂરું પાડતાં. નાનપણમાં મન ભરીને માણેલા આ બધા લોકકલાકારોની છબિ મારા બાળમાનસ ઉપર સુરેખ રીતે અંકિત થઈ.

ચાર ધોરણ આકરુમાં, નવ ધોરણ ધોળકાની હસનઅલી હાઈસ્કૂલમાં પૂરાં કરીને પૂ. ગાંધીજીએ સ્થાપેલી ગૂજરાત વિદ્યાપીઠમાં સને ૧૯૫૬માં ભણવા માટે દાખલ થયો. વિનય મંદિરના આચાર્ય શ્રી ચંદ્રકાન્તભાઈ ઉપાધ્યાય મેઘાણીજીના પરમ ચાહક. ગુજરાતી વિષય ભણાવતા ભણાવતા મોજપૂર્વક મેઘાણીભાઈનાં 'ચારણકન્યા', 'રક્ત ટપકતી સો સો ઝોળી સમરાંગણથી આવે' એવાં ગીતો મોટેથી લલકારતાં. આ ગીતો મને આનંદવિભોર કરી દેતાં. મારી અંતરવીણાના તારને ઝંકૃત કરી જતાં. એ અરસામાં દુલેરાય કારાણીનું 'ઝારાનું મયદાને જંગ' કાવ્ય ભણતાં, એમાં આવતું લડાઈનું વર્ણન વાંચીને મારાં રૂંવાડાં ખડાં થઈ જતાં. ગૂજરાત વિદ્યાપીઠનું ગ્રંથાલય એ સમયથી જ ખૂબ સમૃદ્ધ. એમાંથી મેઘાણીના ગીતસંગ્રહો 'યુગવંદના', અને 'રઢિયાળી રાત' શોધી કાઢી એમાંના ગીતો ગણગણતો.

એ અરસામાં અમને વિદ્યાપીઠના વિદ્યાર્થીઓને ગાંધી આશ્રમ સાબરમતીમાં દુલાભાયા કાગ, મેરુભા ગઢવી અને રતિકુમાર વ્યાસનો કાર્યક્રમ સાંભળવાનો અવસર સાંપડ્યો. કાગબાપુના કંઠે ચારણી સાહિત્યની રમઝટ સાંભળી. મેરુભા ગઢવીના કંઠે લોકસાહિત્યના પ્રસંગો માણ્યા. રતિકુમારના કામણગારા કંઠે 'કાગવાણી'ના ગીતો સાંભળ્યાં. મને થયું કે હું પણ આવો લોકગાયક બનું, પણ કુદરતે સૂરિલું ગળું આપ્યું હોય તો ગાયક થવાય ને ભાઈ !

સને ૧૯૫૭ના અરસામાં રાજકપુરના પિતા પૃથ્વીરાજકપુર પૃથ્વી થિયેટર્સના નાટકો લઈને અમદાવાદમાં આવતા. મંગળદાસ ટાઉનહૉલમાં ભજવાતાં એમનાં નાટકો જોઈને નાટક કલાકાર થવાની ઝંખના જાગી. પ્રાગજી ડોસા લિખિત બે ત્રણ નાટકોમાં હીરો તરીકે કામ પણ કર્યું. પિતાશ્રીને મારા નાટકિયાવેડા ન ગમતાં નાટકનું કામ બંધ કર્યું. દરમ્યાનમાં 'ઝનક ઝનક પાયલ બાજે' ફીલ્મના કલાકાર ગોપીકૃષ્ણ કથ્થકનૃત્યનો કાર્યક્રમ લઈને અમદાવાદ આવ્યા. સિતારાદેવીનાં કથ્થકનૃત્યો નિહાળીને નૃત્યકાર થવાનાં સ્વપ્નો પણ આવવાં માંડ્યાં. એ સ્વપ્નો સાકાર ન થયાં પણ નૃત્યક્ષેત્રમાં મારી અભિરુચિ અવશ્ય વધી.

એ કાળે બૃહદ્ મુંબઈ અને સૌરાષ્ટ્રનાં અલગ રાજ્યો હતાં. આઝાદી આવ્યાને દસેક વરસ થયેલાં. દિલ્હીમાં ૨૬ જાન્યુઆરીની ઉજવણી દબદબાપૂર્વક કરવામાં આવતી. ત્યારે સૌરાષ્ટ્ર સંગીત નાટક અકાદમી તરફથી હરકાન્ત શુક્લ અને જયમલ્લ પરમાર સૌરાષ્ટ્રના રાસગરબા, રાણાગઢના પઢારો અને ચોરવાડની ખારવણ બહેનોનાં ટીપણી નૃત્યો લઈને પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં ભાગ લેવા જતા. રંગબેરંગી વેશભૂષાવાળા કલાકારોની તસવીરો દૈનિક પત્રોમાં જોઈને મને એમ થાય કે એકાદવાર આવી મંડળી જોડે દિલ્હીના કાર્યક્રમમાં જવાય તો ધન્ય થઈ જવાય. મારા જેવા કલાપ્રેમીને એમ થોડા જ કોઈ સાથે લઈ જાય ? મુગ્ધભાવે એ વિચારને

હું અંતરના એક ખૂણે ધરબી દેતો.

ગૂજરાત વિદ્યાપીઠનું શિક્ષણ મને ગ્રામસેવક કે ગામડાનો કાર્યકર બનાવી દેશે એ બીકે મેટ્રીક પાસ થવાની સાથે જ મારા બાપુએ હું આઈ.પી.એસ. ઓફિસર બનું એવી ઇચ્છાથી મને સેંટ ઝેવિયર્સ કૉલેજમાં દાખલ કરી દીધો. કૉલેજના પ્રથમ વર્ષમાં જ 'સૌરાષ્ટ્રની રસધાર' ભણવામાં આવી. રસધારની કથાઓ મારા મુગ્ધહૈયા પર કામણ કરી ગઈ. મને થયું હું પણ મેઘાણીભાઈ જેવી ચારણી ઢબછબ અને લોકબોલીના ઠા અને ઠસ્સાવાળી વારતાઓ લખું. બસ ત્યારથી હું લોકસાહિત્ય સંશોધનના શમણામાં સરી પડ્યો.

એ અરસામાં મધ્યકાલીન સાહિત્યના જાણીતા વિદ્વાન ડૉ. શિવલાલ જેસલપુરા કૉલેજમાં ગુજરાતી ભણાવતા. લોકસાહિત્યમાં મારા રસ અને રુચિ જોઈ પુષ્કર ચંદરવાકરના ઘેર મને લઈ જઈ એમની સાથે પરિચય કરાવ્યો. હું એમનો ગામપડોશી છું એ જાણીને એમણે મને સલાહ આપતાં કહ્યું : 'દરબાર ! આપણી ભાલની ખેતી કરતાંયે લોકસાહિત્ય સંશોધનની ખેતી વધુ આકરી છે. સંશોધનનું કામ ખંત, ધીરજ, ચોક્સાઈ, રઝળપાટ અને મહેનત માગી લે છે. તમે દિવાળીની રજાઓમાં ઘેર જાવ ત્યારે કુટુંબની બાઈઓ, બહેનો પાસેથી રાજપૂત જ્ઞાતિનાં લગ્નગીતો, રાસડા અને લોકગીતો માંડી લાવો, આપણા મલકના કોઠાસૂઝવાળા માનવીઓને મળીને એમનું કંઠસ્થ સાહિત્ય, એમની અનુભવ વાણી, લોકવાણીની કહેવતો, વારતાઓ ઉખાણાં ઇત્યાદિ કાગળ માથે ઉતારો. આ બહુ અઘરું કામ છે.' બે કલાકના પ્રવચનમાં એમણે સંશોધનશાસ્ત્રનો સમગ્ર સાર આપી દીધો. પછી ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય (રતનપોળ નાકાના મેડા પર) પર સાથે આવીને મેઘાણીના પુસ્તકોનો આખો સેટ ૨૬ રૂ.માં ઉધારે અપાવી દીધો. આ બધાં પુસ્તકો રસપૂર્વક વાંચી નાખ્યાં ને એમના જેવું કામ કરવાનો સંકલ્પ કર્યો. આમ લોકસાહિત્ય સંશોધનના મેં શ્રી ગણેશ માંડ્યા. આ વાત છે સને ૧૯૫૮ના વર્ષની.

કૉલેજમાં વેકેશન પડતાં વતનમાં ગયો. સંશોધનની ધૂન મગજમાં સવાર થયેલી. કુટુંબની બહેનો, દીકરીઓ દિવસે તો નવરી પડે નહીં. રાતની વેળાએ મારા ફળિયામાં ભેગી કરીને એમની પાસે લગ્નગીતો, રાંદલગીતો, ફટાણાં રાસડા વગેરે ગવરાવીને મહિના દા'ડામાં તો દોઢસો બસો ગીતો નોટબુકમાં ઉતારી લીધાં. ત્યાં સુધીમાં તો 'કવિરાજ', 'બૈરાંના બારોટ' તરીકેની ખ્યાતિ આખા ગામમાં પ્રસરી ગઈ. કૉલેજમાં ભણનારો દીકરો બૈરાંના ગાણા લખે છે એની મારા બાપુને જાણ થઈ એટલે એકવાર અકળાઈને બોલી પણ ઊઠ્યા કે 'મેં આને કૉલેજમાં ભણાવીને પંદર હજાર રૂપિયાનું પાણી કર્યું. ઈના કરતાં સીમશેઢે એકાદ તળાવડી ગળાવી હોત તો મૂંગા ઢોર પાણી પીને આશીર્વાદ તો આપેત.'

રજાઓ દરમ્યાન દોઢસો જેટલાં લોકગીતોનો સંગ્રહ થયો એટલે આપણને તો જાણે ગોળના ગાડાં મળી ગયાં. કૉલેજ ખૂલતાં અમદાવાદમાં આવતાંની સાથે આ ગીતો લઈને હું સીધો જાણીતા કવિ શ્રી ઉમાશંકરભાઈ જોષી પાસે પહોંચ્યો. એ વખતે એ ગુજરાત સરકારે નીમેલ લોકસાહિત્ય સમિતિના અધ્યક્ષ હતા. તેઓ રસપૂર્વક મારાં સંગ્રહેલાં લગ્નગીતો અને ફટાણાં જોઈ ગયાં. એમને ખૂબ ગમ્યાં અને એ વરસે પ્રગટ થયેલ લોકસાહિત્યમાળા મણકો-૨ માં એમણે પ્રગટ કર્યાં. આપણને તો ભાઈ બગાસું ખાતાં મોંમાં સાકરનો ગાંગડો આવી ગયો. એ પછી પ્રાચીન ભારતીય સંસ્કૃતિ સાથે એમ.એ. કર્યું. સંશોધનમાં મારો રસ વધુ ગૂઢ બન્યો.

લોકસાહિત્ય સંશોધનના કારણે વિદ્યાર્થીકાળથી જ હું શ્રી કે.કા.શાસ્ત્રીજી, પન્નાલાલ પટેલ, ઈશ્વર પેટલીકર, જયભિખ્ખુ, પીતાંબર પટેલ, જયવદન પટેલ, કુમારના તંત્રી શ્રી બચુભાઈ રાવત, સ્ત્રીજીવનનાં તંત્રીશ્રી મનુભાઈ જોધાણી, પથિકના તંત્રી શ્રી માનસંગજી બારડના પરિચયમાં આવ્યો. કથાગીતોને આધારે તૈયાર થયેલો પ્રથમ લેખ 'બુદ્ધિપ્રકાશ' માસિકમાં છપાયો. સાહિત્યના આ સામયિકમાં મારો લેખ વાંચીને ગુજરાતીના અધ્યાપક રમેશભાઈ દવેએ વર્ગમાં ઊભો કરી મને શાબાશી આપતાં કહ્યું : 'બુદ્ધિપ્રકાશ'માં અમારા અધ્યાપકોના લેખો ભાગ્યે જ છપાય છે. તારો લેખ છાપ્યો એ આનંદની વાત છે.' સને ૧૯૫૯માં

મુંબઈ ખાતે અખિલ ભારતીય લોકસાહિત્ય પરિષદ મળી. એમાં ગુજરાતના ત્રણ પ્રતિનિધિઓ શ્રી કે.કા.શાસ્ત્રીજી, શ્રી એલ.ડી.જોષી ને હું હતા. મેં ત્યાં 'ભાલ પ્રદેશની લોકસંસ્કૃતિ અને લોકજીવન' પર નિબંધ વાંચ્યો. શ્રી પો.ગો.શાહે એ નિબંધની પ્રશંસા પણ કરી. એ વખતે મારી વય માત્ર ૧૯ વર્ષની હતી. યુવાનવયે મારી મૌલિક વાર્તા 'પ્રેમ કોને કહેવાય' ચાંદનીમાં શ્રી અશોક હર્ષે પ્રગટ કરી. આમ, 'સ્ત્રીજીવન' અને 'પથિક' માસિકમાં મારા લેખો પ્રગટ થતા રહ્યા. નવચેતનના તંત્રી ચાંપશીભાઈ તો દિવાળી અંકમાં મારો લેખ બે રંગમાં ઉઘડતે પાને જ છાપતા, ત્યાં સુધી હું લેખો જ લખતો.

લોકવારતા સંશોધન લેખનનો યશ આકાશવાણી અમદાવાદને ફાળે જાય છે. સને ૧૯૬૪માં સાગરભાઈ મિસ્ત્રી સ્ટેશન ડિરેક્ટર. એ વખતે સરહદી વિસ્તારના ભાઈઓ માટે શૌર્યરસથી છલકાતો 'જનજાગે' નામનો કાર્યક્રમ શરૂ થયેલો. 'પથિક'ના તંત્રી માનસંગજી બારડની ભલામણથી સાગરભાઈ મિસ્ત્રીએ મને આ કાર્યક્રમમાં શૌર્યભરી લોકવારતા રજૂ કરવા નિમંત્રણ આપ્યું. નોટોમાં ટપકાવેલી નોંધો, ટાંચણો અને પ્રસંગો તો પડ્યાં જ હતાં. મેઘાણીભાઈની વારતાઓનો કેફ તો ચડેલો જ હતો. વર્ષ દરમ્યાન ૧૮-૨૦ જેટલી લોકવારતાઓ તૈયાર થઈ. મારા મિત્ર (વેવાઈ પછીથી થયેલા) ખોડીદાસભાઈ પરમારે પ્રત્યેક વારતાના લોકશૈલીના મનોહર ચિત્રો અને આવરણનું કલાપૂર્ણ ચિત્ર તૈયાર કરી આપ્યું. વિવેકાનંદ ટ્રસ્ટના મે. ટ્રસ્ટી અને અમારા ભાલ પ્રદેશના વતની શ્રી મણિશંકર પંડ્યાએ ૧૯૬૮માં 'મરદ કસૂંબલ રંગ ચડે' નામથી સંગ્રહ પ્રગટ કર્યો. યોગાનુયોગ પૂ. મોટાનો અમૃત મહોત્સવ ઉજવાતો હતો. મંગળદાસ ટાઉનહોલમાં પૂ. મોટાની ઉપસ્થિતિમાં ચિત્રકાર રવિશંકર રાવળના હસ્તે એનું ઉદ્ઘાટન થયું. (એ કાળે પુસ્તકોના ઉદ્ઘાટનો કરવાની પ્રથા જાણીતી નહોતી. લોકાર્પણ શબ્દ પાછળથી આવ્યો) પૂ. મોટાએ આશીર્વાદ આપ્યા. અહીંથી મારી લોકસાહિત્ય સંશોધનયાત્રાનો સાચો આરંભ થયો.

રંગેરૂપે સોહમણા અને લોકશૈલીના ચિત્રોથી રૂપકડા 'મરદ કસૂંબલ રંગ ચડે' ની પ્રસ્તાવના પુષ્કર ચંદરવાકર અને જયમલ્લ પરમારે લખી આપી. આ સંગ્રહને અપૂર્વ આવકાર મળ્યો. દૈનિકોએ અવલોકન દ્વારા એને વધાવ્યું. જયભિખ્ખુ સાહેબનું ધ્યાન ગયું : એમણે એમના દીકરાને કહ્યું : 'કુમાર ! કુમાર એક તેજસ્વી યુવાનનો લોકવારતા સંગ્રહ પ્રગટ થયો છે. મને મેળવી આપે./ એ પછી સંદેશમાં મારી લોકવારતા શ્રેણી શરૂ થઈ. 'ગુજરાત સમાચારે' વાસુદેવ મહેતાની ભલામણથી મારી પાસે ગામડાનાં જીવંત પાત્રો, ગોરમહારાજ, વાળંદ, બકાલી વગેરે પર રેખા ચિત્રો લખાવ્યાં. એમાંથી 'આપણા કસબીઓ' પુસ્તક શ્રી સોમાલાલ શાહના રંગીન ચિત્રો સાથે ત્રણ રંગમાં છપાયું. એને નવી દિલ્હીની સંસ્થા, એન.સી.ઈ. આર.ટી. (નેશનલ કમિટિ ફૉર એજ્યુકેશન, રિસર્ચ ટ્રેનીંગ સેન્ટર) તરફથી રૂા. ૧૦૦૦નું પ્રથમ પારિતોષિક પ્રાપ્ત થયું. (એ વખતે ૧૦૦૦ રૂા.ની કિંમત આજના ૫૦ હજાર જેટલી હતી.)

સને ૧૯૭૫માં કચ્છના પ્રતિષ્ઠિત કવિ અને લોકસાહિત્યકાર દુલેરાય કારાણીને ૭૫ વર્ષ પૂરાં થતાં એમના અમૃત મહોત્સવ પ્રસંગે 'કારાણીકુંજ' અને દુલેરાય કારાણી અભિવાદન ગ્રંથોનું સંપાદન મને સોંપાયું. ગૂર્જર ગ્રંથરત્ન દ્વારા શ્રી મનુભાઈ શાહે કચ્છના નાતે બંને ગ્રંથો કલાપૂર્ણ રીતે છાપી આપ્યા. આમ સંપાદન ક્ષેત્રે મારો પ્રવેશ થયો. એ પછી જુદાજુદા સંશોધકો પાસે લખાવીને મેં 'લોકસાહિત્યની અશ્વકથાઓ, નાગકથાઓ, ચતુરાઈ કથાઓ, પ્રણયકથાઓનાં સંપાદનો પ્રગટ કર્યાં. 'સ્ત્રીજીવન' માસિકના પ્રણયકથા અંકનું સંપાદન કરી આપ્યું. 'અંજલિ' માસિકે મારી પાસે લોકવારતા અને નાગકથા વિશેષાંકના સંપાદનો કરાવ્યાં.

એ દરમ્યાન જનસત્તા કાર્યાલય તરફથી 'નૂતન ગુજરાત' સાપ્તાહિક પ્રગટ થતું એમાં 'લોકજીવન અને લોકસંસ્કૃતિ પર' સંપાદક શ્રી નરભેરામ સદાવ્રતીએ કૉલમ શરૂ કરાવી. એમાં છેલ્લે પાને મારા લેખો ત્રણ રંગમાં છપાતા. એ લેખોનું સંકલન કરીને 'લોકજીવનનાં મોતી' નામે તૈયાર કરેલો ગ્રંથ ગુજરાત સરકાર નિયુક્ત લોકસાહિત્ય સમિતિએ પ્રગટ કર્યો. ૩૦૦ પાનનાં ગ્રંથમાં ૩૫૦ ઉપરાંત ચિત્રો હતાં. જાણીતા

વિવેચક શ્રી અનંતરાય રાવળે રસપૂર્વક એની દીર્ઘ પ્રસ્તાવના લખી આપી. એ ગ્રંથની સુવાસ ઊડતી ઊડતી રાજસ્થાન સુધી પહોંચી અને લોકસંસ્કૃતિ શોધ સંસ્થાન નગરથી ચુરુ તરફથી શરૂ કરાયેલ સૌ પ્રથમ ઝવેરચંદ મેઘાણી સુવર્ણચંદ્રક ભારત સરકારના મંત્રી શ્રી વિદ્યાચરણ શુક્લના હસ્તે અને શ્રી યશવંતભાઈ શુક્લના પ્રમુખપદે ટાગોર હોલમાં ૧૯૭૮માં મને અર્પણ કરાયો. એને કારણે મારા લોકજીવન અને લોકસંસ્કૃતિના શોધકાર્ય તરફ વિદ્વાનોનું ધ્યાન દોરાયું. એ પછી શ્રી કે.કા.શાસ્ત્રી, દુલેરાય કારાણી, પુષ્કર ચંદરવાકર, જયમલ્લ પરમાર, હરિવલ્લભ ભાયાણી, ભોગીલાલ સાંડેસરા, ડૉ. હસુ યાજ્ઞિક જેવા વિદ્વાનોએ મારા પુસ્તકોની પ્રસ્તાવનાઓ લખી આપી. મારા સંશોધન કાર્યને આવકાર્યું. એનાથી મારો ઉત્સાહ અનેક ગણો વધ્યો.

આગળ જણાવ્યું એમ 'સૌરાષ્ટ્રની રસધાર' મને સંશોધન ક્ષેત્રમાં ખેંચી લાવી. મેઘાણીભાઈએ લોકસાહિત્યને સાહિત્ય જગતમાં માનભર્યું સ્થાન અપાવ્યું. એમને લોકસંસ્કૃતિ, લોકજાતિઓ, લોકકલાઓ ઉપર કાર્ય કરવાની ઉત્કંઠા હતી. સને ૧૯૪૭માં એમનું અવસાન થતાં એમણે સેવેલું સ્વપ્ન સાકાર કરવા મેં લોકવિદ્યા, લોકસંસ્કૃતિ, લોકકલાઓ, લોકજાતિઓ અને એમના મનોરંજન પર સંશોધન કાર્ય આરંભ્યું. નોકરીની જવાબદારી માથે હોવા છતાં રજાઓનો ઉપયોગ કરીને ભાલ, સૌરાષ્ટ્ર અને કચ્છનાં ગામડાંઓ ખૂંદવા માંડ્યાં. છાપાઓના લેખો અને આકાશવાણી પરથી પ્રસારિત થતી વાર્તાઓ અને દૂરદર્શનના ડાયરાઓને કારણે લોકો મને નામથી ઓળખતા થયા હતા એટલે આવકાર પણ સારો મળતો. ખડોળ ગામના કેસુબાપા, ઉમરાળીના શ્રી કાનાભાઈ ડાંગર, ભીમડાદના શ્રી જીલુભાઈ ખાચર, વાંદળિયાના શ્રી મોહનભાઈ પાંચાણી આ બધા કોઠાસૂઝવાળા મુરબ્બીઓ ઘણીવાર મારા પ્રવાસના સાથી બન્યા છે. એમની સાથે બેસીને એમનાં હૈયાં કપાટ ઉઘડાવ્યાં છે. એમનાં અનુભવો અને જૂના જમાનાની વાતો ચોપડામાંથી આજે પણ બોલે છે. કાનાભાઈ ડાંગર અશ્વો અંગેનું આખું શાલિહોત્ર શાસ્ત્ર જાણે. પચ્ચીસ જાતની પાઘડીઓ (વિવિધ જ્ઞાતિની) બાંધી બતાવે. લોકવાર્તાનો ભંડાર. વાતડાહ્યા પણ એવા. એવી કોઈ લોકવિદ્યા નહીં હોય કે જેની એમને જાણકારી ન હોય. ! જીલુભાઈ ખાચર કાઠી સંસ્કૃતિના જીવંત પ્રતીક. કાઠી સંસ્કાર અને સંસ્કૃતિનો આખો ખજાનો ખોલી બતાવે. મોહનભાઈ પાંચાણી લોકજીવનના પ્રખર જાણકાર અને વાત ડાહ્યા માણસ. પ્રવાસમાં એ કાયમી મારા જોડીદાર. હું ગાડી ચલાવું ને એ વાત માંડે. આ બધી વાતો વિસરી ન જવાય એ માટે રસ્તા પર કોઈ ઝાડના છાંયે ગાડી ઊભી રાખી હું ચોપડામાં લખવા માંડું. આ સઘળું છાયાની મારી કૉલેજમાં પ્રગટ થતું રહે. કાઠિયાવાડમાં વાદી-મદારીની વસાહતો ને દંગા, બહુરૂપીઓ અને ભવાઈ કલાકારો સાથે ઘરોબો થઈ જવાથી રાતોની રાતો. એમના વેશો જોયા છે. વાતો સાંભળી છે ને નોંધપોથીમાં ઉતારી છે. આજે જે કંઈ લખાય છે તેમાં ૪૦ વર્ષ સુધી કરેલી નોંધો અને ટાંચણ પોથીઓ અને રેફરન્સ બુકો ખપમાં લાગે છે. જે વિષય પર લખવાનું હોય તે અંગેની સંપૂર્ણ વિગતો હોય એ વિષય જ હાથ પર લઉં છું.

સંશોધન પ્રવાસના પરિપાકરૂપે 'ગુજરાતની લોકસંસ્કૃતિ અને લોકકલાઓ', 'ગુજરાતની લોકસાંસ્કૃતિક વિરાસત', 'લોકસંસ્કૃતિમાં પશુઓ', 'પ્રાચીન ભારતીય શસ્ત્રાસ્ત્રો', 'લોકજીવનનો કલા કસબ', 'લોકકલાના વૈતાલિકો', 'પ્રાચીન ભારતીય લોકરમતો', 'ગુજરાતનાં લોકવાદ્યો', 'મનોરંજન કરાવનારી લોકજાતિઓ', જેવાં ૯૧ જેટલાં સચિત્ર પુસ્તકો પ્રગટ થયાં છે. આ પુસ્તકોના લોકાર્પણ સંદર્ભે શ્રી રઘુવીર ચૌધરીએ લખ્યું પણ છે : 'શ્રી જોરાવરસિંહ જાદવનાં પુસ્તકો આ પૂર્વે પણ પુરસ્કૃત થયાં છે. એ સિવાય પોતે 'બાપુ' હોવાથી એકેય પુસ્તકને સમારંભ વિહોણું નથી રહેવા દીધું. જો કોઈ લેખકના વધુમાં વધુ પુસ્તકોનાં ઉદ્‌ઘાટન થયાં હોય તે એમનાં અને એમાંય વળી પ્રધાનથી ઊતરતા દરજ્જાની વ્યક્તિ પાસે ભાગ્યે જ ઉદ્‌ઘાટન કરાવ્યું હોય. આ બધો વિધિ એમને ગમે છે પણ તેઓ માત્ર વિધિવાદી નથી, સત્ત્વશીલ પણ છે.'

'ગામનો ગૉર અને પાદરનું તીરથ' એનું મૂલ્ય આપણે મન ઓછું હોય છે. હું લોકસાહિત્યના સંશોધન માટે સૌરાષ્ટ્રમાં ફરતો રહ્યો પણ, મારા આકરુ ગામનો અભણ ભરવાડ કુંવારો મેવાડો તો લોકવારતાનો ભંડાર છે. એની મને બહુ મોડે મોડે જાણ થઈ. એમની પાસે જઈને એક દિવસ એમનો હૈયાકપાટ ઉઘડાવ્યો.

કેટકેટલી વારતાઓ એમને કંઠસ્થ. એમનો કંઠ, કહેણી અને વારતાની ઢબછબ પણ આગવી. એમની વારતાઓ ટેપરેકર્ડરમાં ઉતારી. પછી એ પ્રગટ થઈ. એમાંની 'થાવાકાળ વિદ્યાનું ભણતર' છપાઈ એટલે ડૉ. હસુભાઈ યાજ્ઞિક મને કહે : 'આ લોકકથા અદ્ભુત છે. તમને ક્યાંથી મળી ? મધ્યકાલીન સાહિત્યમાં કે વિશ્વની લોકકથાઓમાં આવી કથા ક્યાંય જોવા મળતી નથી. આ તમારા ભાલપ્રદેશમાં આવી કથાઓ હોય તો એને વહેલાસર સંગ્રહી લેવી જોઈએ.'

મેં કહ્યું : 'હસુભાઈ ! મારા સંગ્રહમાંની આ બધી કથાઓનું તમે જ સંપાદન કરો.' હસુભાઈએ મારી વિનંતિ સ્વીકારી. એમણે 'જોરાવરસિંહ શ્રેષ્ઠ લોકકથાઓ' નામે સંપાદન કર્યું. આકરુ ગામના અભણ ભરવાડ પાસેથી મળેલી આ લોકકથાઓ આજે અહીં બેઠેલા શ્રી અંબાદાનભાઈ રોહડિયા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં એમ.એ.ના વિદ્યાર્થીઓને ભણાવે છે. એ પણ સમયની બલિહારી જ કહેવાય ને ! 'ટહૂકે સાજણ સાંભરે' અને 'નવાનાકે દિવાળી' લોકવારતા સંગ્રહો ભાવનગર યુનિવર્સિટીમાં પણ ભણાવાઈ ચૂક્યા છે.

ગુજરાતી છઠ્ઠા ધોરણમાં 'અમરો ઢોલી' નામનો મારો પાઠ ભણાવવામાં આવતો. એ અમરા ઢોલીને જોવા, મળવા અને એનો ઢોલ સાંભળવા માટે કેશોદની એક કન્યાશાળાની દીકરીઓ સ્પેશ્યલ બસ કરીને આકરુ આવી હતી. અમરાના ઢોલના તાલે ગરબે રમી હતી. ૭મા અને ૮મા ધોરણના પાઠ્યપુસ્તકમાં 'આપણી પાઘડીઓ' અને 'ઘોડાની સ્વામિભક્તિ' પાઠ ભણવામાં આવતા. એ પાઠ એક આખી પેઢી ભણી ગઈ. અત્યારે ઊંચી પોસ્ટ ઉપર બેઠેલા આઈ.એ.એસ. સુધીના અધિકારીઓ મળે ત્યારે આનંદપૂર્વક કહે છે. તમારો પાઠ 'ઘોડીની સ્વામિભક્તિ' અમે ભણી ગયા છીએ. વર્ષોથી ગુજરાત સમાચારમાં તમને વાંચીએ છીએ.

સાહિત્યકારો સાથે સંબંધો હતા એવા લોકસાહિત્યના મહારથીઓ સાથે અંગત સંબંધો હોવાને કારણે જામનગરથી પીંગળશીભાઈ ગઢવી, થાનથી માનભાઈ ગઢવી, વઢવાણથી બચુભાઈ ગઢવી, સોનગઢથી મોહનલાલ રાયાણી, દુલેરાય કારાણી, નાની સાણથળીથી દ.પૂંજાવાળા. ચલાલાથી શ્રી કાનજી ભુટા બારોટ, ભાવનગરથી શ્રી ખોડીદાસભાઈ પરમાર, ભૂજથી શ્રી રામસિંહજી રાઠોડ, જૂનાગઢથી શ્રી કેસુભાઈ બારોટ, શ્રી રતિકુમાર વ્યાસ મારે ઘેર આવતા રહેતા. વાળું પાણી પતાવીને રાતના અમારા ડાયરા જામતા. વર્ષો સુધી લોકવાર્તા, લોકગીતો, લોકસંસ્કૃતિથી ભર્યુંભર્યું વાતાવરણ મને ઘર આંગણે મળતું રહ્યું. આજે એમાંના કોઈ નથી રહ્યાં. છે માત્ર એમનાં સંભારણાં.

સંશોધન, લેખન અને પત્રકારત્વ આમ જુઓ તો જોડિયા ભાઈ જ ગણાય. સને ૧૯૬૪ થી હું ગુજરાત રાજ્ય સહકારી સંઘમાં પ્રકાશન અધિકારી તરીકે જોડાયો. 'સહકાર' સાપ્તાહિક અને 'ગ્રામસ્વરાજ' માસિકનું હું સંપાદન કરતો. આથી દૈનિકો અને માસિકોના તંત્રી સાથે સંપર્કો સારા. પત્રકારત્વને કારકિર્દી બનાવી હોવાથી સમયાન્તરે સંદેશ, ગુજરાત સમાચાર, જનસત્તા, મુંબઈ સમાચાર, સમકાલીન, ફૂલછાબ જેવાં દૈનિક પત્રો ઉપરાંત ગુજરાત ટાઈમ્સ (USA), નૂતન ગુજરાત, અખંડઆનંદ જેવા સામયિકોમાં નિયમિત કોલમો શરૂ કરી. ગુજરાત સમાચારમાં 'આપણા કસબીઓ' માટે લખ્યું. સંદેશમાં લોકવાર્તાઓ લખી. 'અખંડઆનંદ'માં મનોરંજન કરાવનારી લોકજાતિઓ પર સમકાલીનમાં 'લોકસંસ્કૃતિ' પર. 'રંગતરંગ'માં તો ૭૦૦ જેટલા લોકદેવ-દેવીઓનાં સ્થાનકો ઉપર લખ્યું. જનસત્તામાં કહેવતકથાઓ લખી. છાપાની કોલમ લખતી વખતે સભાનપણે આ સર્જનફાલમાંથી પુસ્તકો કરવાના છે એ સ્પષ્ટ સમજ હોવાથી મારાં તમામ પુસ્તકો મારી લેખમાળાઓમાંથી જ સીધાં તૈયાર થયાં છે. એકપણ પુસ્તક સળંગ બેસીને મેં લખ્યું નથી.

નોકરી, લેખન પ્રવૃત્તિ અને પ્રવાસોની સાથે સાથે સંશોધન કાર્ય એકધારું ચાલતું રહ્યું. ઘણીવાર અભણ અને ગામડિયા ગણાતા માણસો પાસેથી સાચાં મોતીડાં જેવી મૂલ્યવાન સામગ્રી અનાયાસે મળી જતી. તો ક્યારેક શંખ છીપલાંય સાંપડતાં. અનુભવે મને સમજાયું કે લોકસાહિત્ય અને લોકસંસ્કૃતિનું કામ તો દરિયો

ડોળવા જેવું છે. એના માટે અનેક જિંદગીઓય ઓછી પડે. તેમ છતાં ખારા સમુદ્રમાંથી મોતીડાં વીણવાના પ્રયત્નો ચાલતા રહ્યા. ચારણ, બારોટ અને ભાટ પાસેથી કંઠસ્થ સાહિત્ય, બહેનો પાસેથી લગ્નગીતો, ફટાણાં, રાંદલ ગીતો, રાવણ-હથ્થાવાળા તુરી બારોટો પાસેથી રાસડાને કથાગીતો, વહીવંચા બારોટો પાસેથી ઇતિહાસ અને વારતાઓ, ગરોબ્રાહ્મણ અને ચૂંદડિયા મહારાજો પાસેથી લોકજ્યોતિષ, પગીઓ પાસેથી ચોરનું પગેરું લેવાની કળા, ચોરો પાસેથી ચોરી કરવાની કળા. એમના હથિયારો અને માન્યતાની વાતો, ડાકલિયા રાવળો પાસેથી માતાજીની આરણ્યું, ગિરના રબારીઓ પાસેથી સરજુ, ભરવાડો પાસેથી ગાય, ભેંસોની જાતો, નામોની વિગતો, ભજનિકો પાસેથી તંબૂરના તારે ટપકતાં ભજનો, વાદી, મદારી, નટ, બજાણિયાના ખેલની બોલીઓ, દીકરીઓ પાસેથી ભરત અને મોતીપરોવણાની ભાતો, ગોર્યમાનાં ગીતો, રમતગીતો, રાયકા રબારીઓ પાસેથી ઊંટને પળોટવાની ને કામ દેવાની પદ્ધતિઓ, ખેડૂવરણની બહેનો પાસેથી ઘર ખોરડાં, ઓરડા, પંડ અને પશુ શણગારનાં ભરતકામ, ખેડૂતો પાસેથી ગાડાં, ડમણિયાં, સિગરામ, એકા, વેલડાં જેવાં પરિવાહનો, ખેતીના ઓજારો, કોસ, રેંટ, શેરડીના કોલ્હા, ભૂવાઓ પાસેથી દેવ-દેવીઓની વાતો, ખારવાઓ પાસેથી વહાણવટાની વાતો, એમના ઉત્સવો, મેળા, દરિયાદેવની પૂજા, સઈ, સુથાર, સંઘાડિયા, કંસારા, સોની, લુહાર, મોચી, સરાણિયા, લુવારિયા, ઢળારા અને છાલકિયા રાવળો પાસેથી એમના ધંધા કસબની વાતો, ચારણ બારોટોની બિરદાવલીઓ, કુંભારના ૩૬ કાંઠા, અને વયોવૃદ્ધો પાસેથી તાવ મંતરવા, નજર બાંધવી, ઝોંકો ઉતારવો, વીંછીકુંછીનું ઝેર ઉતારવું ઇત્યાદિ લોકવિદ્યાનાં ટાંચણોથી મારી નોંધપોથીઓ આજે હાંફતી પડી છે. રેફરન્સ બુકોની મારી લાયબ્રેરી છે એટલે આજે ૪૦-૫૦ વર્ષ પૂર્વેની જોયેલી, જાણેલી, સંશોધન કરેલી વાતો ગુજરાત સમાચારમાં દર રવિવારે 'લોકજીવનનાં મોતી'ના નામે લખું છું. લાખો વાંચકો નિયમિત વાંચે છે, માણે છે અને ફોન તથા પત્રો દ્વારા આનંદ વ્યક્ત કરે છે. માત્ર 'ગુજરાત સમાચાર'માં મારા ૭૦૦ જેટલા સંશોધનાત્મક અભ્યાસી લેખો પ્રગટ થયા છે. ૧૦ જાન્યુઆરી ૧૪ના મને ૭૫મું વર્ષ બેસે છે. એ વર્ષ દરમ્યાન આ તમામ લેખો પુસ્તકરૂપે મૂકવાનું મેં વિચાર્યું છે જેથી ભવિષ્યમાં લોકસંસ્કૃતિ પર કામ કરનારા અભ્યાસીઓ અને રસ ધરાવનાર વાચકોને ઉપયોગી બની શકે.

લોકવિદ્યા અને લોકકલાનું સંશોધન કાર્ય કરી સંતોષ માનીને હું બેસી ન રહ્યો, પણ પુસ્તકો, દૈનિકપત્રો અને સામયિકો દ્વારા, આકાશવાણીના વાર્તાલાપો, દૂરદર્શન અને ટી.વી. ચેનલો દ્વારા હજારો વાચકો અને લાખો દર્શકો સુધી પહોંચાડી જગતચોકમાં મૂકી આપ્યું છે. મારી લાગણી અને માગણી એટલી જ છે કે મેઘાણીભાઈ પછી મેં જેમ લોકસંસ્કૃતિના ખેતર ખેડ્યા એમ મારા પછી પણ આ ક્ષેત્રે નવયુવાન સંશોધકો બહાર આવે અને આ લોકવિરાસતને જાળવવાનું કામ કરે.

લેખક માટે એની લેખનશૈલી બહુ મહત્ત્વની હોય છે. સંશોધન પછી મેં લેખો લખવાનો પ્રારંભ કર્યો ત્યારે એક વાત મારા મનમાં સ્પષ્ટ હતી કે હું વાચકો માટે લખું છું. ગ્રામસંસ્કૃતિમાં જીવનારાઓ માટે લખું છું. વિદ્વાનો માટે નહીં એટલે મારા લેખોની ભાષા, શૈલી સીધી, સાદી, લોકબોલીની તળપદી છાંટવાળી, લોકભાષાના ઠા અને ઠસ્સાવાળી કહેવતોના લટકણિયાવાળી હોય તો બહોળો વાચક વર્ગ મળે. વાચકોને એનું બંધાણ થઈ જાય. વિદ્વાનો લોકસાહિત્યની વ્યાખ્યા આપે એના કરતાં હું જુદી આમ આપું. 'બરોબર ઊતરતો ઉનાળોને બેહતું ચોમાહું હોય, જેઠ અને અહાડ મઈનાની ગડાહાંઘ હોય, ખેડૂતો આંખ્યું માથે હાથનાં નેજવાં કરી આકાશભણી મીટું માંડતા હોય, ઈમાં ગાયની ખરી જેવી નાનકુડી એવી એક વાદળી દેખાય. ઈ વધતી વધતી ડુંગર જેવડી થાય ને પછી ઈ વાદળિયું એકબીજીયુંને ભેટતી હોય પણ કેવી રીતે ?

નાનપણમાં ઘાઘરી-પોલકાં પહેરી, ઢીંગલે પોતિયે રમનારી બે સહિયરો ઉંમરનો ઉંબરો ઓળંગી ગઈ હોય, પરણીને સાસરે વઈ ગઈ હોય, બાર બાર વરહનાં વહાણાં વાઈ ગયાં હોય પછી એક દિ' પિયરના પાદરના વડલા હેઠ કાર્યમીક ભેગી થઈ જાય ને ગડગડતી દોટ મૂકી એકબીજીને બાથમાં લઈ સાંયામાયા ભેટતી હોય ઈમ, બાર બાર મઈનાની વિજોગણ વાદળિયું એકબીજીને ભેટતી હોય, આકાશમાં વીજળી સમબરબક

સમબરબક કરતી ધરતીનાં ઓવારણાં લેતી હોય. આકાશમાં મેઘાડંમર જોઈ મોરલા ડોકની સાંકળના ત્રણત્રણ કટકા કરી 'મેં આવ' 'મે' આવ' કરતા મલ્હાર રાગ ગાતા હોય. બરાબર ઈ વખતે મેઘરાજા ઉનાળાની તપેલી ધરતી માથે એક સરવડું નાખે ને ભીંજાયેલી ધરતીમાંથી માટીની ફટકેલી ફોરમ છૂટે. ઈ સૂંઘતા જ માનવીના બત્રીસે કોઠે આનંદના દીવડા પ્રગટી જાય ઈમ ગામડાગામના અભણ પણ ઊર્મિશીલ આદમીના અંતરમાંથી કુંવારી કલ્પનાના વીરડા વછૂટે ને એમાંથી પ્રગટેલાં ગીતો, વારતાઓ, કહેવતો, દૂહા લોકહૈયાંને ભીંજવી દે એનું નામ લોકસાહિત્ય.' આમ સાંભળનાર કે વાંચનારને તરત જ સમજાઈ જાય કે લોકસાહિત્ય એટલે શું અને કેવી રીતે તેનું સર્જન થાય છે ?

ખોડીદાસ પરમાર લબ્ધપ્રતિષ્ઠ ચિત્રકાર. એમની સાથે રહેવાની લોકચિત્રણ કલામાં મને રસ પડ્યો. ખોડીદાસભાઈ જેવા મિત્રો મળવાથી મેં મારાં તમામ પુસ્તકો લોકકળાથી લાડેકોડે શણગારીને મૂક્યાં છે. વાચકોને એક વાતની ખાતરી હોય જ કે જોરાવરસિંહનું પુસ્તક હોય એટલે સોળે કળાએ શણગારેલું હોય. પુસ્તકોમાં નોખી ભાત પાડનારું હોય. ગુજરાતના જાણીતા તમામ ચિત્રકારો સાથે અંગત સંબંધોને કારણે મને ભરપેટ ચિત્રો મળ્યાં છે. રવિભાઈ, સોમાભાઈ, બંસી વર્મા 'ચકોર'થી લઈને ખોડીદાસભાઈનાં ચિત્રો મારા સંગ્રહોમાં છે. તસવીરકાર મિત્રોની તસવીરો મને ભરપટે મળી છે. આ બધા મિત્રોના સહકાર અને સંબંધોથી મારાં પુસ્તકો રળિયાત બન્યાં છે. પુસ્તકોને સુંદર બનાવવાની સાથે લોકજીવનનું વિષય વસ્તુ પણ અબોટ અને અભ્યાસપૂર્ણ બની રહે તેનું પણ ધ્યાન રાખ્યું છે. મારી ૫૬ વર્ષની સંશોધનયાત્રામાં લોકવિદ્યાનો ભાગ્યે જ કોઈ વિષય વણસ્પર્શ્યો રહેવા પામ્યો હશે. એટલે તો ડૉ. હસુભાઈ યાજ્ઞિકે લખ્યું છે : 'જોરાવરસિંહ જાદવ ગુજરાતના મૂર્ધન્ય લોકવિદ્યાવિદ્દ છે. કોઈ એક જ વિદ્વાને લોકવિદ્યાનાં લોકસાહિત્ય, લોકસંસ્કૃતિ, લોકજીવન, લોકમનોરંજન, લોકશિલ્પ સ્થાપત્ય, લોકકલા કસબ, લોકનૃત્ય, લોકસંગીત, લોકનાટ્ય એમ લગભગ બધાં જ અંગો પર કામ કર્યું હોય એવું ભાગ્યે જ જોવા મળે છે. જોરાવરસિંહ જાદવ આનો સુખદ અને આશ્ચર્યજનક અપવાદ છે. તેમણે સંદર્ભગ્રંથ-દસ્તાવેજના રૂપમાં જાળવી રાખે તેવા ગ્રંથો આપ્યા છે. તેમનું આ કાર્ય લોકવિદ્યાકીય વિશ્વકોશના નિર્માણની દિશાના પ્રારંભિક પગલા જેવું છે. ભવિષ્યમાં કોઈ લોકવિદ્યાકીય વિશ્વકોશ તૈયાર કરશે ત્યારે આ સામગ્રી પ્રત્યક્ષરૂપમાં જરૂર ઉપયોગમાં આવશે.' મારા માટે આથી મોટું પ્રમાણપત્ર બીજું કયું હોઈ શકે !

આમ મારી સંશોધનયાત્રા સને ૨૦૧૦માં ૯૧ પુસ્તક પર આવીને ઊભી રહી. મારા મિત્રો, સ્વજનો, રાજપૂત અગ્રણીઓ, ચાહકો વાચકોએ અભિવાદન સમિતિની રચના કરી. તા. ૧૦-૧-૨૦૧૦ના મારા ૭૧મા જન્મદિને ઠાકોરભાઈ દેસાઈ હૉલમાં ડૉ. ધીરુભાઈ ઠાકર, અને પૂર્વ મુખ્યમંત્રી શ્રી શંકરસિંહજી વાઘેલાની ઉપસ્થિતિમાં ડૉ. હસુભાઈ સંપાદિત : 'જોરાવરસિંહ જાદવ : એક અધ્યયન' અને ડૉ. કિશોરસિંહ સોલંકી સંપાદિત 'લોકવિદ્યાવિદ્દ શ્રી જોરાવરસિંહ જાદવ' બે ગ્રંથોનું લોકાર્પણ થયું. હજારેક શુભેચ્છકોની હાજરી વચ્ચે મારું અભિવાદન કરી રૂ. ૫ લાખની થેલી અર્પણ કરાઈ. (આ રકમ મેં ગુજરાત લોકકલા ફાઉન્ડેશન ટ્રસ્ટમાં આપી દીધી.) મારા કામ કરતાંયે, સવાયું માનપાન મને મળ્યું. એનાથી મને આ ક્ષેત્રે કામ કરવાનું નવું બળ મળ્યું છે.

લેખન, સંશોધન અને સર્જનકાર્ય મારે મન ઈશ્વરીય આનંદની અનુભૂતિ કરાવનારું છે. છતાં એમાં મધ્યમ માર્ગી બનવાનું, સર્જન કાર્ય આનંદ આપે ત્યાં સુધી જ લખવાનું. એનો અતિરેક થાય અને વૈતરાના તબક્કે પહોંચે ત્યાં અટકી જવાનું. વિરામ પાડીને પ્રકૃતિનું વાતાવરણ કે લોકજીવન માણવા ઉપડી જવાનું. વધુ કામ કરવા માટે ય તબિયત તો જાળવવી પડે ને ભાઈ.

**ગુજરાત લોકકલા ફાઉન્ડેશન**

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીનું અવસાન થયું. ત્યારે ભક્ત કવિ દુલાકાગે એક મરશિયો- દૂહો,

કીધેલો :

*છંદા, દુહા ને સોરઠા, સોરઠ સરવાણી:*
*એટલા રોયા રાતાં આંહૂડે, જાતા ય મેઘાણી.*

મેઘાણીભાઈના અવસાનથી સૌરાષ્ટ્રના દુહા, છંદ, સોરઠા અને સોરઠરૂપી કવિતા સરવાણી રાતા આંહૂડે રોયા હો ભાઈ, આજે રેડિયો, ટી.વી., ફિલ્મો અને પ્રચાર માધ્યમોની ભરમાર અને પશ્ચિમની સંસ્કૃતિના આક્રમણે ગામડાંની ધરતીની ધૂળમાં રમનારા હજારો લોકકલાકારો રાતા આંહૂડે રોઈ રહ્યાં છે. એમના આંસુ લૂછવાના યત્‌કિંચિત્‌ પ્રયત્નોમાંથી ગુજરાત લોકકલા ફાઉન્ડેશન જેવી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતી સંસ્થાનો જન્મ થયો.

ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છનાં ગામડાંઓમાં રહેનારા અને વિચરતી જાતિનું મનોરંજન કરાવી પેટિયું રળનારા વાદી, મદારી, નટ-બજાણિયા, કઠપૂતળી, રામલીલા, લોકજાદુગરો, બહુરૂપી, ભાંડ, ભવાયા, રાવણહથ્થાવાળા - આ એ કલાકારો છે જેમણે પેઢી-પરંપરાથી લોકકલાના મૂલ્યવાન વારસાને પેટના જણ્યાની જેમ જાળવીને સમાજમાં જીવતો રાખ્યો છે. એમણે નથી જોયા રાતદિવસ, નથી જોયો ટાઢ તડકો કે નથી જોયો વરસાદ, અર્ધો રોટલો ખાઈને, સૂકો રોટલો ખાઈને કોઈવાર ટંક છાંડી જવાય તો પાણીનો કળશ્યો પીને પેટ ભરી આ કલાને જીવાડી છે તે આજે જીવવા ઝંખે છે.

આ સંજોગોમાં ગુજરાતની તળપદ ગ્રામધરતીની આ બધી લોકકલાઓ જીવતી રહે, એનાં રૂડાં જતન થાય, વગડામાં ઊગી નીકળેલાં આવળ્યનાં ફૂલ જેવાં ગ્રામધરતીના કલાછોડવાને નગરસંસ્કૃતિના બાગમાં રોપી શકાય.. એને ઊજળો આદર, ઓટલો ને રોટલો મળે. એના હાટ માંડવાને બદલે પરબો બેસાડાય, આપણી લોકસાંસ્કૃતિક કલાપરંપરાઓ જીવી જાય અને પશ્ચિમની સંસ્કૃતિના રંગે ઝડપથી રંગાતી જતી નવી પેઢીને ગુજરાતની આ કલાવિરાસત માટે ગૌરવ લેતી કરી શકાય એવા શુભાશયથી સને ૧૯૭૯માં ગુજરાત લોકકલા ફાઉન્ડેશન કેન્દ્ર (ટ્રસ્ટ)ની એ સમયના ગૃહમંત્રી શ્રી પોપટલાલ વ્યાસના હસ્તે સ્થાપના કરવામાં આવી. ત્યારથી અમારી લોકકલા યાત્રાનો આરંભ થયો.

ગુજરાતનાં ગામડાંની ધરતીની ધૂળમાં રમતાં ચીંથરે વીંટ્યા રતન જેવા લોકકલાકારોને શોધી તેમનું સર્વેક્ષણ કરી એમને તાલીમ આપી ગૌરવપૂર્ણ રીતે નગરોનાં રંગમંચ પર મૂક્યા. સાણંદ પાસે આવેલા દેવતી ગામમાં ૧૫ વરસ પહેલાં પાંચ સાત જણ ઢોલ શરણાઈ વગાડનાર કલાકારો હતા. અમે એમને ફાઉન્ડેશન સાથે જોડ્યા. આજે દેવતીમાં ૩૫૦ જેટલા કલાકારો તૈયાર થયા છે ને નવરાત્રીમાં દેશભરમાં વગાડવા જાય છે. આજે અમારી લોકકલા યાત્રામાં દેશભરનાં વિવિધ રાજ્યોના ૫૦૦૦ જેટલા લોકકલાકારો જોડાયેલા છે. આ બધા કલાકારોની સાથે સાથે અને બહેરા મૂંગા, પ્રજ્ઞાચક્ષુ, અનાથ, વિકલાંગ કલાકારોના જાહેર કાર્યક્રમો કરી એમને ઍવોર્ડ્‌સથી સન્માનીને સમાજની વચ્ચે મૂકી આપ્યા છે.

ગુજરાત, રાજસ્થાનના ભવાઈ અને અન્ય કલાકારોને લઈને અમે દુબઈ, ઓમાન (મસ્કત) વે. ઇન્ડીઝના દેશો ત્રિનિદાદ ઍન્ડ ટોબાગો, સુરિનામ, શિકાગો (યુ.એસ.એ.) અને કેનેડામાં જઈ આવ્યા ને સફળતાપૂર્વક કાર્યક્રમો કરી આવ્યા. અમારા અભણ કલાકારો સુરંદાવાદક સિદ્દિકભાઈ જત, જોડિયા પાવાના કલાકાર મુસા જત, ભવાઈ કલાકારો બાબુભાઈ અને હરિભાઈ વ્યાસ ઇરાક-ઈરાનમાં જઈને ઝંદાનો વેશ કરી આવ્યા. કઠપૂતળીના કલાકાર રાણાજી અમેરિકા અને યુ.કે. જઈ આવ્યા. ભવાઈ કલાકાર દલસુખ રાવળ અને રાજેન્દ્ર રાવળ અમેરિકા, જાપાન અને ફ્રાંસમાં જઈ આવ્યા. રાવણહથ્થાનો કલાકાર ગણેશ ભરથરી જાપાન અને ફ્રાંસ જઈ આવ્યો. પુષ્કરના મેળામાં રસ્તા પર નાચનારી મદારણ ગુલાબોને ૩૦ વર્ષ પહેલા ગુજરાતમાં સ્ટેજ આપ્યું. એને પ્રસિદ્ધિ મળતાં વિશ્વવિખ્યાત કાલબેલિયા નૃત્યાંગના બની. સમજુનાથ જાદુગરની પરિષદમાં આજે તો એ વિશ્વના પચાસ દેશો ફરી આવી. ફાઉન્ડેશને આવા અનેક પાણીદાર કલાકારોને આંતરરાષ્ટ્રીય

રંગમંચ ઉપર મૂકી આપ્યા. જેમણે અમદાવાદ, મુંબઈ, દિલ્હી કે પૂના નહોતાં જોયાં એ પ્લેનમાં બેસીને પરદેશ જતાં આવતાં ને કાર્યક્રમો આપતાં થયા છે. અમારા વાડજના પેચવર્કના કલાકાર શ્રીમતી તેજીબહેન તો વળી બ્રિટનનાં મહારાણીના ખાસ નિમંત્રણથી પ્રિન્સ ચાર્લ્સના લગ્નમાં કચ્છી વેશભૂષામાં જઈ આવ્યાં. પગ વગરનો ડાન્સર કમલેશ પટેલ ૨૨ વખત અમેરિકા જઈને કાર્યક્રમો કરી આવ્યો.

કલાકારોને સતત કાર્યક્રમો મળવાને કારણે મૃતપ્રાય થઈ ગયેલી ભવાઈની ભૂંગળો ફરી વાગતી થઈ. ગરીબ કલાકારો આર્થિક જીવન ધોરણ સુધરતાં સારું જીવન જીવતા થયા. બાળકોને ભણાવતા થયા. વિચરતી જાતિના અનેક કલાકારો પંદર પંદર દિવસ લગી નહાતાં કે કપડાં બદલતાં નહોતા એમને કાર્યક્રમોની આવકો હાથમાં આવી એટલે આજે પિયર્સ સાબુથી નહાતા થયા છે. ડવ સેમ્પુ ને પોન્ડ્સ પાવડર વાપરે છે. માથામાં વાટિકા તેલ નાખે છે અને ટ્રેન કે બસમાં આવવાને બદલે ટ્રાવેરા અને ક્વોલિસ એ.સી. ગાડીઓ ભાડે કરીને કાર્યક્રમો કરવા જતા આવતા થયા છે. કલાપ્રેમી મિત્રો ઘણીવાર મને કહે છે કે 'જોરાવરસિંહભાઈ તમે ગામડાના અંધારિયા ખૂણામાં પડેલા કેટકેટલા લોકકલાકારોને જગતચોકમાં મૂકી આપ્યા છે ?' હું બહુ વિનમ્રપણે કહું છું કે મારા આ કલાકારો અને એમની કલાએ મને જગતચોકમાં મૂકી આપ્યો છે. ડૉ. રઘુવીર ચૌધરીએ મારા અભિવાદન ગ્રંથમાં આ વાત જરા જુદી રીતે કહી છે. શ્રી જોરાવરસિંહ જાદવ ક્ષત્રિય છે. પૂર્વે ક્ષત્રિયો આંગણે આવેલા કલાકારની કદર કરતા. જાદવે જુદા પ્રકારનું ક્ષાત્રત્વ દાખવ્યું. આ કલાપ્રેમી પોતે કલાકારને આંગણે ગયા અને એમને શહેરના ચોકમાં લઈ આવ્યા. મેઘાણી વણિક હતા. ચારણો અને ગઢવીઓથી જીવંત લોકસાહિત્ય અને લોકસંગીતને ચિરંજીવ બનાવવા એમણે અથાક પરિશ્રમ કર્યો. જતન કરવાની આ પરંપરા જાદવે જાળવી એટલું જ નહીં પણ એનો વ્યાપ વધાર્યો.

સને ૧૯૯૨ના વર્ષની આ વાત છે. દેશવિદેશમાં હીરાના વેપારની ૭૫ પેઢીઓ ધરાવનાર અતુલ શાહ દીક્ષા લઈને હિતરુચિવિજયજી મ.સા. બન્યા તે પૂર્વે એમના અમદાવાદ, મુંબઈ, સુરત, પાલનપુર અને વડગામમાં દીક્ષા-વરઘોડાનું કામ મને સોંપાયું. પ્રત્યેક વરઘોડામાં ગુજરાતના ૮૦૦-૮૦૦ લોકકલાકારો મૂક્યા. ધામધૂમથી દીક્ષા મહોત્સવ ઉજવાયા પછી મહારાજ સાહેબને મેં બે હાથ જોડીને કહ્યું : 'હું તો નોકરિયાત માણસ છું. આ કાર્યક્રમો કરવામાં હું થાકી ગયો. ત્યારે એમણે મને એક વાત કહી : 'જોરાવરસિંહભાઈ ! તમે મંદિર જતા હોય, ભગવાનની માળા, દીવો, પૂજા કરતા હોય તો એ નહીં કરો તો ચાલશે. પણ આ ગરીબ કલાકારોને રોટલો આપવાનું કામ ભગવાનની પૂજાથી જરાય ઊતરતું નથી. હું તો સાધુ થઈને જાઊં છું પણ એટલું કહેતો જાઊં છું કે આ પુણ્યનું કામ છે. એને તમે છોડશો નહીં.' અને ભાઈ ! કલાકારોનું કામ છોડવાને બદલે નોકરી છોડીને આ કામમાં લાગી ગયો. ઈશ્વરે જે કંઈ શક્તિ આપી છે તે સમાજ માટે વાપરવાનો સંકલ્પ કર્યો. એના ખૂબ સારાં પરિણામો પણ પ્રાપ્ત થયાં.

ગુજરાત લોકકલા ફાઉન્ડેશન સાથે આજે દેશભરના ૫૦૦૦ ઉપરાંત લોકકલાકારો સંકળાયેલા છે. જેઓ રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય પરિષદો, મોટા મેળાવડા, કર્ણાવતી રાજપથ, વાય.એમ.સી.એ. જેવી ક્લબો, પતંગ ઉત્સવો, નવરાત્રી કાર્યક્રમો, લગ્નસમારંભો, દૂરદર્શન, જી.ટી.વી., ઈ.ટી.વી., ટી.વી. ૯, જેવી ચેનલો પર ગુજરાતી ફિલ્મો અને ટી.વી. સિરિયલોમાં ધૂમ મચાવતા થયા છે. અંધારી રાતમાં આશાનું એક નવું કિરણ પ્રગટાવી શકાયું છે. લોકકલાના કાર્યક્રમો માણનારો અને લોકકલાકારોનો એક ચાહક વર્ષ ઊભો કરી શકાયો છે. કર્ણાવતી કલબ તો આજે અમને કાર્યક્રમો કરવા તમામ સગવડો વિનામૂલ્યે આપે છે. જ્યાં અમે રાસ, ગરબા, લોકનૃત્ય અને વિકલાંગ કલાકારોની સ્પર્ધાઓ કરીને પ્રથમ આવનાર પ્રત્યેક ગ્રુપને એક એક લાખ રૂપિયાના પુરસ્કારો આપ્યાં છે. ઈ.ટી.વી. ઉપર રૂા. ૩ લાખની ગરબા સ્પર્ધાઓ કરી. રાષ્ટ્રીય કક્ષાના લોકકલા મહોત્સવ યોજીએ છીએ જેમાં દેશભરના ૮૦૦ થી ૧૦૦૦ જેટલા લોકકલાકારો ભાગ લે છે.

અમારા લોકકલાના કાર્યક્રમો માણનારો એક વર્ગ કલાપ્રેમી વર્ગ ઊભો કરી શકાયો છે. અમારા પ્રત્યેક કાર્યક્રમનું લાખ દોઢ લાખ રૂપિયાનું ખર્ચ કાર્યક્રમ દરમ્યાન જ અમારા શુભેચ્છક દર્શકો અમને આપીને જ જાય

છે. મારે મન ગુજરાતના કલાજગતની આ એક વિરલ ઘટના છે. પ્રજાકીય ધોરણે લોકકલા ટ્રસ્ટ ચલાવવાનું મારું સ્વપ્નું શુભેચ્છકો દ્વારા સાકાર થયું છે, એનો મને ખૂબ જ આનંદ છે.

ગુજરાત લોકકલા ફાઉન્ડેશને દેશપરદેશમાં માત્ર કાર્યક્રમો યોજીને લોકકલાકારોને રાષ્ટ્રીય ગૌરવ પુરસ્કારો આપીને સંતોષ નથી માન્યો. વાદી, મદારીને બહુરૂપીઓના દંગા કે ભવાઈ કલાકારોના ઘરો સુધી જઈ ને બેસી ન રહેતાં રાજમહેલો અને રાજવીઓ સુધી પહોંચ્યા છીએ. અમે યોજેલ ગુજરાતની ૧૨૦ જેટલી પાઘડીઓના પ્રદર્શન પ્રસંગે વડોદરાના પૂર્વરાજવી રણજીતસિંહજી ગાયકવાડ, જસદણ યુવરાજ સત્યજીતસિંહજી, ખાચર, અને વાંકાનેરના પૂર્વ રાજવી શ્રી દિગ્વિજયસિંહજી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જી.એચ. માસ્ટર અને અમૂલ પરમારની લોકજીવનની તસવીરોના પ્રદર્શનો યોજ્યાં. ગુજરાત અને ભારતનાં લોકનૃત્યોની ડી.વી.ડી.ઓ અને લબ્ધપ્રતિષ્ઠ લોકચિત્રકારોનાં ચિત્રોનાં દિપોત્સવી કાર્ડ્સ અને ડાયરીઓ પણ પ્રગટ કર્યાં છે.

ગુજરાતમાં લોકવિદ્યા લોકસંસ્કૃતિ અને લોકકલાની ગંગોત્રી વહે છે. તે અનેક યુગોની સાધનાને અંતે આપણી સંસ્કૃતિએ આ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. આ લોકસંપદા લુપ્ત ન થઈ જવી જોઈએ. ચોરાનો વંશ જીવતો રહેવો જ જોઈએ. દુષ્કાળ પડશે તો અનાજની આયાત પરદેશથી કરી શકાશે. પણ જે દિ' ગુજરાતની ધરતી પર કલા, સંસ્કાર અને સંસ્કૃતિનો દુષ્કાળ પડશે તો પરદેશથી એને આયાત નહીં કરી શકાય. કલાકારોને આ ધરતી પર રોપવા પડશે. ઊગાડવા પડશે, એને જતન કરીને જાળવવા પડશે. કલાકારો જીવશે તો કલાને સંસ્કૃતિ જીવશે. કલા અને સંસ્કૃતિ જીવશે તો દેશ જીવશે.

ઈશ્વરે મને જે કંઈ શક્તિ આપી છે એનો સમાજ માટે ઉપયોગ કર્યો છે. મારી શક્તિ કરતાં અનેકગણાં માનપાન અને મિત્રો મને મળ્યાં છે. મારાં ધર્મપત્ની હેમકુંવરનો સહકાર મળ્યો છે. જીવનમાં રૂપિયા આના પાઈ કરતાં મિત્રો અને સ્વજનોની ધન્ય થઈ જવાય એવી બહુ મોટી મૂડી મને મળી છે, એનો મારે હૈયે અપાર આનંદ છે. આટલી મોટી સંખ્યામાં મારી સંશોધનયાત્રાની વાતો સાંભળવાં આપ સૌ રસપૂર્વક આવ્યા. મને સાંભળ્યો અને સહન કરી લીધો એ માટે આપનો સૌનો, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ડૉ. કુમારપાળ દેસાઈ, ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, ડૉ. અંબાદાનભાઈ રોહડિયાનો, મારી દીકરી રાજશ્રીનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

# ગુજરાતી લેખનમાં ભાષાશુદ્ધિ

◆

## હરિપ્રસાદ શાસ્ત્રી*

ગુજરાતી ભાષા એ આપણી માતૃભાષા છે. જન્મથી આપણે એ ભાષા સાંભળતા તથા બોલતાં શીખ્યા છીએ. એમાં એની વિશેષ જાણકારી મેળવવાની શી જરૂર ? જરૂર છે. આપણે જ્યારે પત્રરૂપે કે લેખરૂપે અથવા પુસ્તિકા કે પુસ્તક રૂપે એમાં કંઈ લખાણ કરીએ ત્યારે એ સર્વવિધ વાચકો પાસે પહોંચે છે. એ સમયે આપણું એ લેખન (લખાણ) ભાષાશુદ્ધિ ધરાવતું હોય એ અનિવાર્ય છે.

ગુજરાતી ભાષા પ્રાચીનકાલની સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, જૂની ગુજરાતી અને અર્વાચીન ગુજરાતી એવા જુદા જુદા તબક્કાઓમાંથી પસાર થઈ ઘડાઈ છે. મધ્યકાલમાં પશ્ચિમ એશિયાના મુસ્લિમોના અમલ દરમ્યાન એમાં અરબી તથા ફારસી શબ્દ ઉમેરાયા. અર્વાચીનકાલ દરમ્યાન બ્રિટિશ શાસન દ્વારા એમાં અનેક અંગ્રેજી શબ્દ ઉમેરાયા; આઝાદી પછી પણ પશ્ચિમી દેશોના વધાતા જતા સંપર્ક દ્વારા એમાં એવા શબ્દ ઉમેરાયા કરે છે.

શ્રી વ્રજલાલ કાલિદાસ શાસ્ત્રીએ 'ગુજરાતી ભાષાનો ઇતિહાસ' દલપત-યુગમાં આલેખ્યો હતો. સમય જતાં શ્રી નરસિંહરાવ દિવેટિયા અને પ્રા. કેશવલાલ ધ્રુવ જેવા સાક્ષરોએ એમાં અધિક સૂચન કર્યાં. અમદાવાદની ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ 'ગુજરાતી ભાષાનો ઇતિહાસ' તથા 'ઉત્સર્ગમાલા' જેવા ઉપયોગી ગ્રંથ પ્રકાશિત કર્યા. હોપ વાચનમાળા માટે ગુજરાતી શબ્દકોષ તૈયાર કરવામાં આવ્યા. ગુજરાતી ભાષામાં 'બુદ્ધિપ્રકાશ', 'પ્રસ્થાન' અને 'કુમાર' જેવાં શિષ્ટ સામયિક પ્રગટ થયાં, જેમાં ભાષાશુદ્ધિને ખાસ મહત્ત્વ આપવામાં આવ્યું. શ્રી ગોવર્ધનરામ રચિત 'સરસ્વતીચંદ્ર' જેવાં અર્વાચીન ગ્રંથોમાં ભાષાશુદ્ધિનો આગ્રહ રખાયો. ગુજરાતી સાહિત્ય પરિષદે આ દિશામાં અધિક પ્રદાન કર્યું. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ 'પૌરાણિક કોશ' તથા 'ભૌગોલિક કોશ' તૈયાર કરી પ્રકાશિત કર્યા. લેખકોમાં તથા સાક્ષરોમાં ગુજરાતી લેખનમાં ભાષાશુદ્ધિની આવશ્યકતા પ્રવર્તતી રહી. ગુજરાતી સામયિકોમાં દૈનિક સમાચારપત્રો, સાપ્તાહિકો, માસિકો, ત્રૈમાસિકો, વાર્ષિકો ઇત્યાદિમાં પણ ભાષાશુદ્ધિ વધતી રહી.

'હોપ વાચનમાલા' પછીય ગુજરાતી લેખનમાં ભાષાશુદ્ધિની આવશ્યકતા વધતી રહી. ત્યારે મહાત્મા ગાંધીજીના સૂચનથી અમદાવાદની ગૂજરાત વિદ્યાપીઠે કેટલાક વિદ્વાન ભાષાવિશારદો દ્વારા ગુજરાતી શબ્દકોશ તૈયાર કરાવી પ્રકાશિત કર્યો, ને ગાંધીજીએ હવે કોઈને સ્વેચ્છાએ જોડણી કરવાનો અધિકાર નથી એવી ટકોર કરી એ જોડણીકોશની જરૂરિયાત અંગે લેખકોને વધુ જાગૃત કર્યા. ત્યારથી ગુજરાતી લેખો તથા ગ્રંથોમાં શિષ્ટ જોડણી વધુ પ્રચલિત થઈ.

સમય જતાં ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ 'પૌરાણિક કોશ' અને 'ભૌગોલિક કોશ' તૈયાર કરી પ્રકાશિત કર્યા. એ પણ આ અંગે વધુ ઉપયોગી નીવડ્યા. ગુજરાતી લેખનમાં ભાષાશુદ્ધિ અંગે આવશ્યકતા વધતી રહી.

સદ્ભાગ્યે આપણે બાલમંદિર, પ્રાથમિક તથા માધ્યમિક શાળા, કૉલેજ અને યુનિવર્સિટીની જોડણી જાળવી રાખીએ છીએ. ભાષા, ઇતિહાસ, ભૂગોળ, વિજ્ઞાન, ગણિત, વાણિજ્ય, ઇજનેરી વગેરે વિદ્યાશાખાઓના વિવિધ વિષયોનાં નામોની જોડણી પણ બરાબર કરીએ છીએ.

પરંતુ, દૈનિક, સામયિક, પાક્ષિક, માસિક, ત્રૈમાસિક કે વાર્ષિક સામયિકોમાં તેમજ લલિત તથા

---

* પૂર્વ અધ્યક્ષ, ભો. જે. વિદ્યાભવન, અમદાવાદ

લલિતેતર વિષયોમાં ગ્રંથોમાં કે લેખન કરીએ છીએ, તેમાં ઘણી વાર શુદ્ધ જોડણી માટે ઉપેક્ષા ધરાવીએ છીએ.

ઉ.ત. : 'સહસ્ત્ર' શબ્દ નથી. 'સહસ્ર' છે. 'સ્ત્રોત' નથી પરંતુ 'સ્રોત' છે. 'ઝેરોક્ષ નથી, પણ 'ઝેરોક્સ' છે. એવો ભેદ કેટલા લેખક જાણે છે ને પ્રયોજે છે ?

બાળક પ્રસૂતિગૃહમાં જન્મે છે ત્યારથી માંડીને પુત્ર કે પુત્રીનું નામ પસંદ કરવામાં આપણે ભાષાશુદ્ધિની કેટલી કાળજી રાખીએ છીએ ? છોકરાનું નામ નર જાતિનું અને છોકરીનું નામ તો પછી 'કુમુદ' અને 'કુસુમ', 'સરોજ', 'પદ્મ', 'પ્રયોજ' જેવાં નાન્યતર જાતિનાં નામ પ્રયોજાય ખરાં ? 'આશિષ' નામ છોકરાનું અને 'રશ્મિ' છોકરીનું હોઈ શકે ? 'ખંજન' અને 'રંજન' નામ કઈ જાતિનાં ગણાય ? નવજાત શિશુનું નામ પાડીએ, તે એના જન્મને લગતા પ્રમાણપત્રમાં તથા શૈક્ષણિક સંસ્થાઓનાં નોંધપત્રકોનાં નોંધાય ત્યારે એની શુદ્ધ જોડણી માટે કાળજી રખાય છે ?

બાળક મોટું થાય, એની જનોઈનો કે એના લગ્નનો કે મરણનો પ્રસંગ આવે ત્યારે આપણે કંકોત્રી છપાવીએ, એવો એના નામની જોડણીની ભાષાશુદ્ધિ માટે સભાનતા ધરાવીએ છીએ ? 'ઉપવીત', 'વિવાહ', 'નિધન', 'શ્રદ્ધાંજલિ', 'સ્મરણાંજલિ', 'ઉત્તરક્રિયા', જેવા શબ્દોનું લખાણ શુદ્ધ જોડણીમાં પ્રયોજીએ છીએ ? 'પિતા', 'ભાઈ', 'બહેન', 'માસા', 'માસી', 'મામા', 'મામી', 'પિતામહ', 'પિતૃ' ઇત્યાદિ શબ્દોમાં શુદ્ધિ રાખીએ છીએ ?

નર જાતિનાં તથા નારી જાતિનાં વિવિધ વિશેષ નામો માટે આપણને જોડણીકોશ ઘણો ઉપયોગી ગ્રંથ ઉપલબ્ધ છે, છતાં આપણે એનો આવશ્યક ઉપયોગ કરીએ છીએ ખરા ?

વહીવટી, સંદેશાવ્યવહાર, વાહનવ્યવહાર, પ્રવાસ, વૈદકીય સારવાર, સ્થળનામો, ઐતિહાસિક તથા ભૌગોલિક નામો, વાણિજ્યક તથા વૈજ્ઞાનિક નામો પ્રયોજવામાં જોડણી જાળવીએ છીએ ખરા ?આપણે ગુજરાતમાં જન્મ પામીએ અને ઉછરીએ, એટલે ભાષા શુદ્ધિ આપોઆપ આવી જાય ?

વિદેશમાં વસતાં ગુજરાતી કુટુંબોનાં નવજાત બાળકો ઘરમાં માતૃભાષા તરીકે ગુજરાતી ભાષા સાંભળી કે બોલીને સમજી લે, પરંતુ તેઓ ગુજરાતી લિપિમાં વાંચી કે લખી શકે છે ખરાં ? એવા એક પુખ્ત વયના છોકરાનું નામ આશિષ' હતું, મેં એને 'શુભાશિષ' લખી પરબીડિયું આપ્યું, તો એ કહે કે મને આમાં શું લખ્યું છે તે સમજતાં આવડતું નથી.

આપણાં ખાનપાન પહેરવેશ વગેરેમાં પણ સ્વદેશ-પ્રેમ વિસરાતો જાય છે. આપણને પાટલૂન નેક ટાઈ, પાયજામો વગર ચાલતું નથી ! જન્મદિનની ઉજવણી વખતે કેક કાપવી, મીણબત્તી હોલવવી, 'હેપી બર્થ ડે ટુ યુ' સૂત્ર પોકારવું વગેરે કેટલું રૂઢ થતું જાય છે !

આપણા સામાજિક તથા સાંસ્કૃતિક વ્યવહારમાં ભાષા તથા લિપિની શુદ્ધિ જરૂરી નથી ? લેખ કે ગ્રંથના પ્રકાશનમાં મુદ્રણશુદ્ધિ તથા પ્રૂફ-વાચન અનિવાર્ય ન ગણાય ?

બૅન્ક, ટપાલ, ટૅલિફોન, રેલવે, વિમાન વગેરે વ્યવહારમાં ભાષાશુદ્ધિ જરૂરી નથી ?

લેખક પોતાના લખાણની જોડણીમાં સ્વૈરવિહાર કરે ને સંપાદક એની જોડણી સુધારી લે એ અનિવાર્ય છે ?

પુત્ર તથા પુત્રીનાં નામ પાડવા માટે ગુજરાતી નામકોશની આવશ્યકતા નથી ?

માતૃભાષાને સક્રિય રાખવી હોય, તો એમાં ભાષા શુદ્ધિનો આગ્રહ અનિવાર્ય ગણાય.

શુદ્ધ જોડણી આપણે માત્ર અંગ્રેજી લખાણો તથા નામો માટે જ પ્રયોજવી જરૂરી છે ? માતૃભાષામાં જોડણી જાણવાની કોઈ જરૂર નહિ ?

શબ્દોની તથા વાક્યોની શુદ્ધ જોડણી સાથે એના શુદ્ધ અર્થ પણ જાણવા જરૂરી છે. ભાષાશુદ્ધિ અરબી, ફારસી, હિંદી, બંગાળી, અંગ્રેજી, ફ્રેન્ચ વગેરે ભાષાઓ માટે જ જરૂરી છે ? માતૃભાષામાં એની કોઈ જરૂર નથી ?

અર્થોપાર્જન માટે આપણે પાશ્ચાત્ય સંસ્કૃતિને ભલે અનુસરીએ પરંતુ માતૃભાષામાં શુદ્ધ જોડણી તથા શુદ્ધ વાક્યરચના પ્રત્યે ઉપેક્ષા ન સેવાય.

કોઈ છોકરાનાં નામ નારી કે નાન્યતર જાતિનાં અને છોકરીનાં નામ નર કે નાન્યતર જાતિનાં પ્રયોજાય એવો સ્વૈરવિહાર માતૃભાષામાં ચલાવી લેવાય નહિ.

ગૂજરાત વિદ્યાપીઠનો 'સાર્થ ગુજરાતી શબ્દકોશ' નાનામોટા સર્વ લેખકો માટે ઘણો ઉપયોગી રહ્યો છે. હાલ એની વધુ પ્રતો ઉપલબ્ધ ન હોય, તો વિવિધ વિષયોના નાના નાના કોશ તૈયાર કરી પ્રકાશિત કરવા ઘટે.

દાખલા તરીકે કાલગણનાને લગતા શબ્દોમાં સંવત, સન, અયન, મહિનો, પખવાડિયું, તિથિ, વાર, નક્ષત્ર, યોગ, કરણ, ધાર્મિક તથા સામાજિક તહેવારોને લગતા શબ્દોની શુદ્ધ યાદી કાયમી જરૂરિયાત પૂરી પાડે.

બાલમંદિર, પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા, ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ વગેરેમાં ભણાવાતા વિવિધ વિષયોના વિશિષ્ટ શબ્દકોશ જરૂરી છે એમાં વાચન, ભાષા, લેખન, ગણિત, ઇતિહાસ, ભૂગોળ, વિજ્ઞાન, વનસ્પતિશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, રસાયણ વિદ્યા, વાણિજ્ય, તબીબી વિદ્યા, ઇજનેરી વગેરે વિવિધ વિષયોનાં શુદ્ધ નામ પ્રયોજાય.

ગુજરાતમાં આવેલાં વિવિધ સ્થળોનાં નામો માટે ગુજરાત સંશોધન મંડળના ત્રૈમાસિકમાં જે લેખમાળા આવે છે તે ઘણી ઉપયોગી છે. તાજેતરમાં ડૉ. રસેશ જમીનદારના પુસ્તક 'ગુજરાતનાં સ્થળનામોનો સાર્થ કોશ'નું પ્રકાશન ગુજરાત રાજ્ય સરકારના અભિલેખાગાર અને પુરાતત્ત્વ ખાતા દ્વારા કરવામાં આવ્યું છે.

અમદાવાદના ભો.જે.વિદ્યાભવને 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ'ના ગ્રંથ ૧ થી ૯ તૈયાર કરી પ્રકાશિત કર્યા છે. એ ગ્રંથોના અંતે આપેલી શબ્દસૂચિઓ પણ સહુ લેખકોને ઘણી ઉપયોગી નીવડે એમ છે.

ગુજરાતી સાહિત્ય પરિષદે પ્રકાશિત કરેલા 'ગ્રંથ અને ગ્રંથકાર'ની ગ્રંથમાલા પણ આ અંગે ઘણી ઉપયોગી છે. એવી રીતે 'ગુજરાતી વિશ્વકોશ'ના સર્વ ગ્રંથ પણ આ દિશામાં માર્ગદર્શક બની શકે એમ છે.

ભાષા, ઇતિહાસ, ભૂગોળ, ગણિત, વિજ્ઞાન, વાણિજ્ય, ઇજનેરી, તબીબી, ખગોળ વગેરે વિવિધ વિષયોના પારિભાષિક શબ્દોના વિભિન્ન કોશ પ્રકાશિત થાય તો એ ભાષાશુદ્ધિ અંગે વધુ ઉપયોગી નીવડે.

વહીવટી બાબતોના શબ્દો, વાહનવ્યવહારનાં સાધનો અંગેના શબ્દો, જળાશયો, રોજિંદી જરૂરિયાતનાં સાધનો, ઔષધાલયો, ગ્રંથાલયો, શિક્ષણસંસ્થાઓ, ધંધારોજગારો, કૃષિ, વિવિધ વસ્તુઓની દુકાનો, ધંધા-રોજગાર વગેરે વિષયોને લગતા શબ્દકોશ પણ જરૂરી છે.

આપણી સાંસારિક જીવનની બાબતોમાં પુત્રનું તથા પુત્રીનું નામ પસંદ કરવા માટે એને લગતા શુદ્ધ શબ્દોની ભિન્ન કે સંયુક્ત પુસ્તિકા સુલભ બને એની તાતી જરૂરિયાત છે. એમાં પુત્રનાં નામ નર જાતિનાં અને પુત્રીનાં નામ નારી જાતિનાં જ હોય એવો આગ્રહ રાખવામાં આવે એ તદ્દન આવશ્યક છે. હાલ તો આપણે 'આશિષ' જેમાં નારીજાતિનાં નામ છોકરા માટે અને 'મણિ' જેવાં નામ છોકરી માટે ફાવે તેમ પ્રયોજીએ છીએ એ વાજબી નથી. વળી કુમુદ, કુસુમ, સરોજ જેવાં નાન્યતર જાતિનાં નામ છોકરાના કે છોકરીના માટે તેમજ પુત્રીના નામ માટે અનુક્રમે નર જાતિનાં તથા નારી જાતિનાં શુદ્ધ નામોની પુસ્તિકા

પ્રકાશિત થાય એ અત્યંત આવશ્યક છે.

એવી રીતે જનોઈ, લગ્ન અને ઉત્તરક્રિયા જેવા સામાજિક પ્રસંગો માટે પ્રયોજાતા શબ્દોમાં કંકોતરીમાં તથા આમંત્રણ પત્રિકામાં પ્રયોજાતા શબ્દોમાં ભાષાશુદ્ધિ જાળવવા માટે એના શબ્દકોશની આવશ્યકતા ઘણી છે.

આપણા રોજિંદા વ્યવહારમાં પહેરવેશ, નિવાસસ્થાન, રાચરચીલું, ખાનપાન, પાણીનો પુરવઠા તથા નિકાલ, બંગલો કે ફ્લેટના વિવિધખંડ વગેરેને લગતા શબ્દોની શુદ્ધ જોડણી જાણવી જરૂરી ગણાય.

જન્મના તથા મરણના પ્રમાણપત્રમાં સ્વજનના નામની શુદ્ધ જોડણી પ્રયોજાય એ ઇષ્ટ છે.

રોજિંદા વ્યવહારનાં સાધનો (ટપાલ, બિલ, તાર, ટેલીફોન, ટી.વી., વીજળી, ચોકૂખાઈ (સફાઈ), વિવિધ વાહનો, દવાઓ, શાકભાજી, રોજિંદી જરૂરિયાતના વિવિધ પદાર્થ, નાણાની ચૂકવણી વગેરે માટે કેટલા બધા શબ્દ પ્રયોજવા પડે છે !

ભાષાશુદ્ધિ માત્ર લેખનમાં જ આવશ્યક છે એવું નથી. રોજિંદા જીવન દરમ્યાન બોલવામાં પણ એ જરૂરી છે. મારી હાઈસ્કૂલના અંગ્રેજીના શિક્ષક 'સ્ટેશન' શબ્દ 'સ્ટે'ની પહેલા 'ઇ' ઉમેર્યા સિવાય બોલી શકતા નહિ ! ચરોતરના મારા એક મિત્ર અમદાવાદના એક અન્ય મિત્રને રસ્તામાં મળ્યા ત્યારે પેલા ચરોતરના મિત્ર બોલવા માંડ્યા કે 'હારું થયું કે તમે રસ્તામાં મરી ગયા, નહિ તો અમે મરવા માટે તમારે ઘેર આવવાના હતા.' આ સાંભળી અમદાવાદના મિત્ર વિચારમાં પડ્યા, પણ પછી ચરોતરી બોલીની ખાસિયત સમજી હસી પડ્યા.

લગ્ન જેવા શુદ્ધ પ્રસંગ માટે આપણે કંકોત્રી છપાવીએ છીએ ને મરણ જેવા માઠા પ્રસંગ માટે બેસણાની જાહેરખબર આપીએ છીએ. આ બે આપણી રોજિંદી જરૂરિયાત છે, પરંતુ એ પ્રયોજાતાં સગાસંબંધીઓનાં નામોની તથા અન્ય આવશ્યક શબ્દોની જોડણીમાં ભાષાશુદ્ધિ માટે પૂરતું લક્ષ્ય આપવામાં આવતું નથી. વિશેષ નામોની જોડણીમાં પાર વિનાની અશુદ્ધિઓ નજરે પડે છે. આવી અશુદ્ધિ કે બિન-કાળજી ક્યાં સુધી ચલાવીશું ?

જોડણી માટે આપણે અંગ્રેજી શબ્દો અંગે પૂરી કાળજી રાખીએ છીએ, તો એવી કાળજી આપણી માતૃભાષા માટે જરૂરી ન ગણાય ?

દેહશુદ્ધિની જેમ ભાષાશુદ્ધિ પણ આપણા રોજિંદા વ્યવહારમાં આવશ્યક ગણાવી ઘટે.

ભાષાશુદ્ધિ એ માત્ર સાહિત્યકારો માટે જરૂરી છે એવું નથી, રોજિંદા વ્યવહારમાં માતૃભાષાનો ઉપયોગ કરનાર સહુ કોઈ માટે આવશ્યક છે, અનિવાર્ય છે. વાતચીત ઉપરાંત લેખન માટે તો એ આવશ્યક જ નહિ, અનિવાર્ય છે.

ગુજરાતી લેખન અંગે તો વિવિધ સામયિકોના સંપાદકો પણ લેખકો પાસે ભાષાશુદ્ધિની અપેક્ષા રાખે છે.

લેખનમાં શબ્દોની જોડણી ઉપરાંત વાક્યરચના અંગે પણ આપણે પૂરી કાળજી રાખીએ એ જરૂરી છે.

શ્રી કે.કા.શાસ્ત્રી યુનિવર્સિટીની કોઈ 'ડીગ્રી' ધરાવતા નહિ, પરંતુ ભાષાશાસ્ત્રના વિષયમાં એ પારંગત હતા. વાક્યરચના તથા પ્રૂફવાચન અંગે આ લેખકને એમની પાસેથી ઘણું શીખવાનું મળેલું.

'સહસ્ર' અને 'સ્રોત' જેવા શબ્દોની શુદ્ધ જોડણી અંગે ઘણા લેખક અજાણ જણાય છે.

આપણી ભાષામાં આપણે તત્સમ તથા તદ્ભવ શબ્દોના ભિન્ન પ્રયોગ અંગે સાવધ રહેવું ઘટે. 'તે' નો પ્રયોગ તો 'જે'ના સંદર્ભમાં જ સ્વીકારવો ઘટે. બાકી બધે 'એ' જ વપરાય. 'ષ' અક્ષર મોટે ભાગે તત્સમ સંસ્કૃત શબ્દોમાં પ્રયોજાય, તદ્ભવ શબ્દોમાં તો 'શ' જ પ્રયોજાય. ગુજરાતીમાં 'જોષી' નહિ, 'જોશી' જ લખાય.'સ્રોત' અને 'સહસ્ર' જેવા શબ્દોની જોડણીમાં 'સ' અને 'ર'નું જ જોડાણ થાય છે, એમાં વચ્ચે 'ત્'

ઘૂસી જતો નથી.

વાક્યરચનામાં એકવચનને બદલે બહુવચન પ્રયોજતી વખતે એ અંગે એક જ શબ્દ જરૂરી છે, દા.ત. 'દશરથને ચાર પુત્ર હતા, એમાં 'પુત્રો' શબ્દની જરૂર નથી. 'રાવણને દસ મુખ હતા' એમાં 'મુખો' લખવાની જરૂર નથી. જે પંડિત છે, તે આવી ભૂલ ન કરે.' એમાં 'જે'ના સંદર્ભમાં 'તે' પ્રયોજાય છે. પરંતુ 'મારી છોકરી નાની છે. એ મતાધિકાર ધરાવતી નથી.' એમાં 'એ' જ પ્રયોજાય, 'તે' નહિ. 'ઝાઝાં સંતાન સારાં નહિ' એમાં બહુવચનનો પ્રત્યય જરૂર છે, પરંતુ મારાં બધાં સંતાન અક્ષરજ્ઞાન ધરાવે છે' એમાં 'સંતાનો' લખવાની જરૂર નથી. 'જેવું વાવો, તેવું લણો' એમાં 'તેવું' વપરાય, પણ એ હોંશિયાર છે, એને ઈનામ આપો'. એમાં બંને જગ્યાએ 'એ' પ્રયોજાય, 'તે' નહિ. 'એ ચાર ચોપડી ભણી છે' એમાં 'ચોપડીઓ' લખવાની જરૂર નથી. લેખનમાં જ્યાં ખાસ જરૂર હોય ત્યાં એક જ શબ્દમાં બહુવચનનો પ્રત્યય ઉમેરાય, એકથી વધુ શબ્દોમાં નહિ. અનાવશ્યક પ્રત્યય અસ્થાને છે.

શ્રી કે.કા.શાસ્ત્રી બી.એ.ની ડીગ્રીય ધરાવતા નહિ, પરંતુ M.A. તથા Ph.D.ના વિદ્યાર્થીઓને ભણાવવા માટે યુનિવર્સિટીએ અધિકાર ધરાવતા.

એવી રીતે પ્રો. રસિકલાલ છો. પરીખ માત્ર B.A.ની ડિગ્રી ધરાવતા, તે છતાં એ M.A.ના તથા Ph.D. ના વિદ્યાર્થીઓને ભણાવવા માટે યુનિવર્સિટીની માન્યતા ધરાવતા. ગૂજરાત વિદ્યાપીઠનો જોડણીકોશ તૈયાર કરનાર બધા વિદ્વાન પણ યુનિવર્સિટીની ડીગ્રી વિનાય ભાષા-વિશારદ હતા.

'ગુજરાત' અને 'ગુજરાતી' શબ્દમાં 'ગુ' પ્રયોજાય કે 'ગૂ' એ બાબત વિવાદાસ્પદ છે, પ્રાયઃ બંને વિકલ્પ સ્વીકાર્ય છે. છતાં એ સંસ્થાના નામમાં 'ગૂજરાત' એવી જોડણી પ્રયોજાઈને બીજે બધે 'ગુજરાત' તથા 'ગુજરાતી' એવી જોડણી પ્રયોજાય છે.

# બારડોલી સત્યાગ્રહ અને વલ્લભભાઈનું નેતૃત્વ+

◆

ડૉ. જયકુમાર ર. શુક્લ*

નડિયાદની હાઈસ્કૂલમાંથી બાવીસ વર્ષની વયે સને ૧૮૯૭માં મેટ્રિક પાસ થયા ત્યારે વલ્લભભાઈને ઇંગ્લેન્ડ જઈને બેરિસ્ટર બનવાની મહત્ત્વાકાંક્ષા હતી. તે માટે દસથી પંદર હજાર રૂપિયાની જરૂર હતી. એટલી રકમ ન હોવાથી તેમણે ડિસ્ટ્રિક્ટ પ્લીડરની પરીક્ષા પાસ કરીને ગોધરામાં અને તે પછી બોરસદમાં વકીલાત કરી. વકીલાતમાં કમાઈને વલ્લભભાઈ ૧૯૧૦માં લંડન ગયા અને બેરિસ્ટર થઈને ૧૯૧૩માં પાછા ફર્યા. તેમણે બેરિસ્ટર તરીકે પ્રેક્ટિસ કરી અને બાહોશ ધારાશાસ્ત્રી તરીકે નામાંકિત થયા અને ખૂબ કમાવા લાગ્યા.

દક્ષિણ આફ્રિકાથી સ્વદેશ પાછા ફર્યા બાદ, ગાંધીજી અમદાવાદમાં સ્થાયી થયા અને જાહેર પ્રવૃત્તિ કરવા લાગ્યા. વલ્લભભાઈ ગાંધીજીથી પ્રભાવિત થયા હતા. પ્રથમ ગુજરાત રાજકીય પરિષદની કારોબારી સમિતિના મંત્રીપદે વલ્લભભાઈ નિમાયા અને રાજકીય જીવનમાં પ્રવેશ્યા. આમ ગાંધીજી સાથે કામ કરવાની તેમને તક મળી. વલ્લભભાઈની જાહેર સેવાના શ્રીગણેશ અમદાવાદની સુધરાઈથી મંડાયા. તેમણે સેનિટરી કમિટીના ચેરમેન અને પ્રમુખ તરીકે ૧૯૨૪ થી ૧૯૨૮ દરમિયાન નેતૃત્વની શક્તિ બતાવી હતી. તે અગાઉ તેમણે ખેડા સત્યાગ્રહ તથા સૈન્ય ભરતીમાં ગાંધીજી સાથે કામ કરીને તાલીમ લીધી હતી.

અસહકારની ચળવળ દરમિયાન, ૧૯૨૧માં અમદાવાદમાં ભરાયેલ કૉંગ્રેસના અધિવેશનની સ્વાગત સમિતિના પ્રમુખ વલ્લભભાઈ હતા. ૧૯૨૩માં નાગપુર ધ્વજ સત્યાગ્રહ તથા બોરસદ સત્યાગ્રહનું નેતૃત્વ વલ્લભભાઈએ સંભાળ્યું હતું. ઈ.સ. ૧૯૨૭માં ગુજરાતમાં રેલ સંકટ નિવારણના કાર્યમાં તેમણે પોતાની સંગઠન શક્તિ તથા કોઠાસૂઝ દર્શાવ્યાં હતાં. આ ઉમદા કાર્ય સફળતાપૂર્વક પાર પાડવા માટે, બ્રિટિશ અધિકારીઓએ તેમની પ્રશંસા કરી હતી.

બારડોલી તાલુકામાં મહેસૂલની જમાબંધી કરીને જુલાઈ, ૧૯૨૭માં મહેસૂલમાં ૨૫ ટકાનો વધારો કરવામાં આવ્યો. ૨૩ ગામોને વધુ મહેસૂલના ઉપલા વર્ગમાં ચડાવવામાં આવ્યાં. તેથી આખા તાલુકાનું મહેસૂલ ૩૦ ટકા વધ્યું. આ વધારો અન્યાયી લાગવાથી બારડોલી તાલુકા કૉંગ્રેસ સમિતિએ નરહરિભાઈ પરીખના પ્રમુખપદે સમિતિ નીમીને હેવાલ મેળવ્યો. તે મુજબ વધારો અન્યાયી લાગવાથી તાલુકાના ખેડૂતોની પરિષદે મહેસૂલની વધારાની રકમ નહિ ભરવાનો ઠરાવ કર્યો. બારડોલીથી પ્રતિનિધિ મંડળ અમદાવાદ વલ્લભભાઈને મળવા ગયું. અનુભવી નેતા તરીકે તેઓ જાણતા હતા કે સત્યાગ્રહમાં ભાગ લેનાર બધા ખેડૂતોના સંપૂર્ણ સહકારથી જ સફળતા મળે. એટલે તેમણે પ્રતિનિધિઓને કહ્યું, ''તમે થોડા આગેવાનોનો અભિપ્રાય રજૂ કર્યો. મારે તો તાલુકાના તમામ ખેડૂતોની ઇચ્છા શી છે, તે જાણવું જોઈએ. માત્ર વધારો જ નહીં આખું મહેસૂલ ન ભરવાની તૈયારી હોય તો જ હું તમને દોરવણી આપી શકું. માટે તમે તાલુકાને ગામેગામ ફરી લોકમત જાણીને પછી મારી પાસે આવો. લોકોની એટલી તૈયારી હશે તો હું ખુશીથી આવીશ.'' આ જવાબમાં વલ્લભભાઈમાં નેતૃત્વના અનેક ગુણ જણાઈ આવે છે.

વલ્લભભાઈ માનતા હતા કે લડત વાજબી હોય તો જ દોરવણી આપવી. તેથી તેમણે તેની પૂરેપૂરી તપાસ કરી હતી. પછી તેમણે ગાંધીજીની મંજૂરી પણ મેળવી લીધી.

---

+ સરદાર વલ્લભભાઈ પટેલ સ્મારક સોસાયટી દ્વારા ૩૧-૮-૨૦૦૮ના રોજ યોજાયેલ બારડોલી સત્યાગ્રહ સ્મૃતિ પરિસંવાદમાં વાંચેલ સંશોધન લેખ.

* નિવૃત્ત પ્રાધ્યાપક, ઇતિહાસ વિભાગ, હ.કા.આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.

૪થી ફેબ્રુઆરીના રોજ બારડોલી મુકામે વલ્લભભાઈના પ્રમુખપદે તાલુકાના બધા ખેડૂતોની પરિષદ મળી. તેમાં તાલુકાનાં એંશી ગામના આગેવાનો આવ્યા હતા. વલ્લભભાઈએ તેમની ખૂબ ચકાસણી કરી. તે પછી પ્રવચનમાં તેમણે કહ્યું : ''મારી સાથે ખેલ ન થાય. બિનજોખમી કામમાં હું હાથ ઘાલનારો નથી. જેને જોખમ ખેડવાં હોય તેની પડખે હું ઊભો રહીશ. ૧૯૨૧માં આપણી કસોટી થવાની હતી, પણ ન થઈ. હવે સમય આવ્યો છે. પણ તમે તૈયાર છો ? આ એક તાલુકાનો પ્રશ્ન નથી. અનેક તાલુકાઓ અને અનેક જિલ્લાઓનો પ્રશ્ન છે. તમે હારશો તો બધાનું ભાવિ બગડશે.'' આવી સાફ વાતો સંભળાવી. તે પછી આ ગંભીર બાબત ઉપર સાત દિવસ શાંતિથી વિચાર કરી નિર્ણય કરવાની તેમણે ખેડૂતોને સલાહ આપી.

વલ્લભભાઈએ ગવર્નરને વસ્તુસ્થિતિની જાણ કરતો પત્ર લખી તેમાં નવી આકારણી મુજબનું મહેસૂલ વસૂલ કરવાનું મુલતવી રાખી, આખો કેસ ફરીથી તપાસી જવા જણાવ્યું અને લખ્યું કે ખેડૂતોની આ લડત ઉગ્ર બનવાની શક્યતા છે, તે અટકાવવા નિષ્પક્ષ પંચ સમક્ષ કેસ રજૂ કરવાની તક આપવા, આગ્રહ કર્યો.

આ પત્રનો સંતોષકારક જવાબ ન મળતાં તાલુકાના બધા ખેડૂતોની પરિષદમાં વલ્લભભાઈએ લડતનું સુકાન સંભાળવાનો પોતાનો નિર્ણય જાહેર કર્યો. સાત દિવસમાં તાલુકાના આગેવાનો ગામેગામ ફરી વળ્યા. તેમણે એક પ્રતિજ્ઞાપત્ર તૈયાર કર્યું. તેની ઉપર ખેડૂતોએ છેવટ સુધી પોતાના નિરધારને વળગી રહેવાની પ્રતિજ્ઞાઓ લીધી. પરિષદની ખુલ્લી બેઠક મળતાં પહેલાં ખેડૂતોના આગેવાનોની સભામાં સરદારે તેઓને સારી પેઠે ચકાસી જોયા. તે દરેકના જવાબમાં અન્યાયની સામે લડી લેવાનો તથા સચ્ચાઈનો રણકો જણાયો. ગુરુ ગોવિંદસિંહના પાંચ બંદાની જેમ આખર સુધી લડી લેવા એક સો મરણિયા તૈયાર થયા. આગેવાનોને જવાબદારીનું મહત્ત્વ સમજાવી, લડતમાં રહેલા જોખમોનો પણ ખ્યાલ આપ્યો. તેઓ વલ્લભભાઈના જોરે નહિ, પરન્તુ પોતાની તાકાત પર જ આધાર રાખે તેમ જણાવ્યું. આ પદ્ધતિમાં સરદાર સાહેબના નેતૃત્વના ગુણ દેખાય છે.

આ ઉપરાંત સરદાર પટેલે એક મહત્ત્વની શરત જણાવી કે આ સત્યાગ્રહમાં પુરુષો જેટલો જ મહિલાઓનો સહકાર મળવો જોઈએ. પરિષદની ખુલ્લી બેઠકમાં લડત ઉપાડવાના સંજોગો સમજાવી, સરદાર પટેલે જણાવ્યું કે, સત્યાગ્રહ એ એક ધર્મયુદ્ધ છે. અસત્યની સામે સત્યનો સંગ્રામ છે. અન્યાયની સામે ન્યાયની લડત છે. એટલે એ અલૌકિક છે. સરદારશ્રી આ રીતે ખેડૂતોને લડતમાં દૃઢતાથી મજબૂત રહેવા, મક્કમ રહેવા જણાવતા હતા- આ તેમના સફળ નેતૃત્વનું વિશિષ્ટ લક્ષણ છે.

સરદાર પટેલ એક અનુભવી નેતા તરીકે, પોતાના ખેડૂત અનુયાયીઓને તેમના ખમીરની તથા તેમની અસ્મિતાની, તેમના ગૌરવની પ્રતીતિ કરાવતા હતા. તે માટે પોતાના ભાષણમાં, તેઓશ્રી ગામેગામ કહેતા કે, ''.... આપણે બધા ઉપાયો અજમાવી ચૂક્યા. હવે છેવટનો એક જ ઉપાય બાકી રહ્યો છે, તે બળની સામે બળનો છે. સરદાર પાસે હકૂમત છે, તોપબંદૂક છે, પશુબળ છે. તમારી પાસે સાચનું બળ છે, દુઃખ સહન કરવાની શક્તિ છે. આવા આ બળનો મુકાબલો છે.... સરકારની વાત અન્યાયની છે અને તેની સામે થવું એ ધર્મ છે, એ વાત તમારા અંતરમાં ઊગી ગઈ હોય, તો તમારી સામે સરકારની બધી શક્તિ કશું કામ કરવાની નથી. તેમને લેવું છે, પણ દેવાનું તમારે છે. ભરવું ન ભરવું એ તમારી ઇચ્છાની વાત છે. તમે એમ ઠરાવો કે અમે રાતી પાઈ ભરવાના નથી, આ સરકાર મરજીમાં આવે તે કરે, જપ્તીઓ કરે, જમીનો ખાલસા કરે, અમે આ આકારણી સ્વીકારતા નથી, તો તે લેવાનું સરકારથી કદી બની શકવાનું નથી... આ રાજ્ય પાસે એવું કોઈ સાધન નથી કે તમારો નિશ્ચય તોડાવી શકે ને તમને ભાંગી શકે. પણ કોઈના ચડાવવાથી, કોઈના કે મારા જેવા ઉપર આધાર રાખીને નિશ્ચય ન કરશો. તમારા જ બળ ઉપર ઝૂઝવું હોય, તમારી જ હિંમત હોય, આ લડત પાછળ ખુવાર થવાની તમારામાં શક્તિ હોય, તો જ આ કામ કરજો...''

આ રીતે ખેડૂતો એટલે કે સત્યાગ્રહમાં પોતાના અનુયાયીઓ અડધેથી, સરકારના ડરથી કે મુશ્કેલી આવે ત્યારે ફસકી પડે નહિ, તેની એક બાહોશ નેતા તરીકે વલ્લભભાઈએ ખાતરી કરી લીધી. સરદાર પટેલ

એક કુશળ સેનાપતિ હતા અને ખેડૂતોની પરિષદમાં ઉપસ્થિત ત્રણ ધારાસભ્યો - રા.સા. દાદુભાઈ, ભીમભાઈ નાયક તથા મોહનલાલ દીક્ષિતે લડતનું સુકાન વલ્લભભાઈને સોંપવા બદલ ખેડૂતોને ધન્યવાદ આપ્યા અને તેની સફળતા માટે શ્રદ્ધા વ્યક્ત કરી.

તે પછી તમામ વિભાગોના તથા દરેક કોમના આગેવાનોના ટેકાથી સરકારે મહેસૂલમાં જાહેર કરેલ વધારો અન્યાયી અને જુલમી હોવાથી વધારા વિનાના ચાલુ મહેસૂલને પૂરેપૂરા મહેસૂલ તરીકે લેવા સરકાર કબૂલ થાય તો તેટલું મહેસૂલ બિનતકરારે ભરી દેવું. પરન્તુ નિષ્પક્ષ પંચ મારફતે આ આંકણી ફરી તપાસવા તૈયાર ન થાય ત્યાં સુધી સરકારને મુદ્દલ મહેસૂલ ન ભરવું, એવો ઠરાવ કરવામાં આવ્યો.

આમ ઈશ્વરને હાજર જાણીને સત્યાગ્રહનાં મંડાણ થયાં.

બારડોલી સત્યાગ્રહ એ લોકશિક્ષણની પાઠશાળા હતી. તાલુકાના વાંકાનેર ગામે આપેલા વ્યાખ્યાનથી લડતના શ્રીગણેશ મંડાયા. તેમાં ખેડૂતોને ચેતવણી આપતાં સરદાર સાહેબે કહ્યું, ''હું તમને આજે ચેતવણી આપવા આવ્યો છું કે હવે રમતના છંદમાં, મોજશોખમાં ઘડી પણ ન રહો. જાગ્રત થાઓ. બારડોલીનું નામ ચારે ખંડની ધરતીમાં ગવાયું છે... કાંતો આપણે, તાલુકાએ ખુવાર થવું છે તે મરી ફીટવું છે, ને કાંતો સુખી થવું છે... તાલુકાનાં જેટલાં ભાઈ-બહેનો મળે તેટલાંને મારો સંદેશો આપવા માગું છું કે હવે સૌ ચેતતાં રહેજો. ગાફેલ ન રહેશો. સરકાર એકે ઉપાય બાકી નહીં રાખે, તમારામાં ફાટફૂટ પાડશે. કજિયા કરાવશે, કંઈ કંઈ ફેલ કરશે, પણ તમે તમારા બધા અંગત ને ગામના કજિયાને હમણાં લડત ચાલતાં સુધી કૂવામાં નાખજો, લડત પૂરી થાય ત્યાં સુધી એવી એકેએક વાત ભૂલી જજો.''

સત્યાગ્રહ શરૂ થતાં જ સરદારે વ્યૂહરચના કરી. તાલુકાના પાંચ વિભાગ પાડ્યા અને દરેક વિભાગના વિભાગપતિ નિમ્યા. વિભાગપતિઓમાં મોહનલાલ કામેશ્વર પંડ્યા, રવિશંકર મહારાજ, દરબાર ગોપાળદાસ, ભક્તિબા, ડૉ. ચંદુલાલ દેસાઈ, ફૂલચંદભાઈ શાહ, ડૉ. સુમંત મહેતા વગેરે અનુભવી કાર્યકરો હતા. સત્યાગ્રહ પત્રિકા પ્રકાશિત કરવા તથા રોજ-બરોજનાં સમાચાર દેશવિદેશમાં મોકલવા પ્રકાશન વિભાગ શરૂ કરવામાં આવ્યો. તેનું સંચાલન જુગતરામ દવે, કલ્યાણજી મહેતા, ઉત્તમચંદ શાહ વગેરેને સોંપવામાં આવ્યું.

વલ્લભભાઈ ખેડૂતોને ઠંડી તાકાત કેળવવા સમજાવતા. તેઓશ્રી ખેડૂતોને શીખામણ આપતા કે... કોઈ મર્યાદા છોડશો નહિ. ગુસ્સાનું કારણ મળે તો પણ અત્યારે ખામોશ પકડી જજો... આપણે શાંતિ પકડી રાખવી... તમારી વહાલામાં વહાલી વસ્તુ લૂંટી જાય તો પણ કશું ન બોલશો... લોઢું ગમે તેટલું ગરમ થાય, હથોડાએ તો ઠંડા જ રહેવું ઘટે.

સમજપૂર્વક સહન કરેલું દુઃખ એ જ સત્યાગ્રહની અમોઘ શક્તિ છે, એ વાત સરદારે એક કુશળ નેતા તરીકે, સચોટ રીતે ખેડૂતોને સમજાવી હતી.

સત્યાગ્રહના અતૂટ ગઢમાં ગાબડાં પાડવાના સરકારી અમલદારોના ભારે પ્રયાસો સામે, સરદારનું અદ્ભુત સંગઠન મજબૂત રીતે ઊભું હતું. ખેડૂતોની જમીનો ખાલસા થવા માંડી ત્યારે, સરદારે સરકારને પડકારીને કહ્યું, ''... જમીન ખાલસા કરવાની કોઈની મગદૂર નથી. સરકાર જમીનને માથે મૂકીને વિલાયત નહિ લઈ જાય, અને તેના પોલીસો નહિ ખેડે. તમારી જમીન તમારાં બારણાં ઠોકતી પાછી આવશે... ચાસેચાસ જમીન પાછી મેળવ્યા વિના, આ લડાઈ બંધ થનાર નથી...'' બારડોલીના ખેડૂતોને ન્યાય અપાવવાની આ લડત મારફતે સરદાર સમસ્ત ગુજરાતના ખેડૂતોને સ્વતંત્રતાના પાઠ ભણાવતા હતા.

વ્યવહારુ બુદ્ધિશાળી નેતા તરીકે સરદારે ખેડૂતોની બીક, તેમની ભડક ભાંગવાનું પ્રથમ કાર્ય કર્યું. બારડોલી તાલુકાના પોચા, ઢીલા, માલ વિનાના મનાતા લોકોને સરદારે પોતાનાં ભાષણો દ્વારા શૂરવીર અને દૃઢ મનોબળના બનાવ્યા. અનેક ભાષણોમાં તેમણે લોકોને સમજાવ્યું કે સરકારનો ભય મિથ્યા છે. ભૂતના ભડકા જેવો એ ભય છે.

વલ્લભભાઈએ બારડોલીના લોકોને નીડર નેતૃત્વ પૂરું પાડ્યું હતું. સરકારી અધિકારીઓને જડબાતોડ જવાબ આપવાની તેમનામાં તાકાત હતી. તેઓશ્રી ખેડૂતોને સંબોધીને કહેતા, ''....હજી બે આની ચાર આની બીક રહી હોય તો કાઢી નાખજો, ને ડર કૂવામાં ફેંકી દેજો. ડરવાનું તમારે નથી, સરકારને છે, ... બહુ સુંવાળા થવું તે બીકણપણું છે... તમારી શાહુકારી જ તમને નડી છે. માટે આંખમાં ખુમારી આવવા દો ને ન્યાયને ખાતર ને અન્યાયની વિરુદ્ધ લડતાં શીખો.''

વાલોડ ગામના બે વાણિયાએ સરકારી અમલદારને સહેલાઈથી મળી જાય એ રીતે ઘરમાં રૂપિયાની નોટો મૂકી રાખી. જપ્તી કરવામાં આવી ત્યારે રૂ. ૧૫૦૦/- તથા રૂા. ૭૮૫/- ની નોટો મળી. તેથી ગામના લોકો તેમનો બહિષ્કાર કરવા તૈયાર થયા. વલ્લભભાઈએ લોકોને તેમ કરતાં રોક્યા, જેથી અંદરોઅંદર વિરોધ ન થાય, અને ફાટફૂટ પડે નહિ. લોકોની એકતા જાળવવી તેમાં જ નેતૃત્વની સફળતા જણાય છે.

વલ્લભભાઈ ખેડૂતોના નેતા બનવા માટે બધી રીતે યોગ્યતા ધરાવતા હતા. તેઓ ખેડૂતપુત્ર હતા. ખેડૂતનું લોહી તેમના શરીરમાં વહેતું હતું. તેમણે ખેડૂતો માટે ભેખ લીધો હતો, ખેડૂતો માટે તેમનું જીવન સમર્પિત હતું. તેમને માટે તેમનું હૈયું ઉકળતું હતું. ખેડૂતોના દુઃખોનું એમને જ્ઞાન હતું. તેથી જ તેઓશ્રી ખેડૂતોના સાચા અને સફળ નેતા બની શક્યા હતા.

સરદારશ્રી લડતની કલામાં નિપુણ હતા. એટલું જ નહિ, તેઓ પોતાના સૈનિકો એટલે ખેડૂત સત્યાગ્રહીઓનું જોર જાણતા હતા, અને તેમના જોરનું માપ કાઢીને આગળ પગલાં ભરતા હતા. મંત્રણા દરમિયાન પણ તેમની વહેવારું બુદ્ધિ અને સૂઝનાં દર્શન થયાં હતાં. ખેડૂતોને તેમની જમીનો પાછી મળે, સત્યાગ્રહી કેદીઓને છોડી મૂકવામાં આવે, પટેલ તલાટીઓને નોકરી પર લઈ લેવામાં આવે અને વધારાના મહેસૂલની નિષ્પક્ષ તપાસ થાય. આ બધી શરતો તેમણે મંજૂર કરાવી. આ રીતે જોતાં કહી શકાય કે બારડોલી સત્યાગ્રહમાં સરદાર પટેલનું નેતૃત્વ આદર્શ તથા અનુકરણીય હતું.

## સંદર્ભસૂચિ


૧. પરીખ નરહરિ દ્વા. અને શાહ ઉત્તમચંદ : 'સરદાર વલ્લભભાઈનાં ભાષણો' (૧૯૧૮ થી ૧૯૪૭), અમદાવાદ, ૧૯૪૯
૨. દેસાઈ, મગનભાઈ પ્ર. : 'સત્યાગ્રહની સપ્તપદી', (અમદાવાદ, ૧૯૫૨)
૩. દેસાઈ, મહાદેવ : 'બારડોલી સત્યાગ્રહનો ઈતિહાસ', (અમદાવાદ, ૧૯૫૭)
૪. દેસાઈ, શાંતિલાલ મ. : 'રાષ્ટ્રનો સ્વાતંત્ર્ય સંગ્રામ અને ગુજરાત', (અમદાવાદ, ૧૯૭૨)
૫. પાઠક, રામનારાયણ ના. : 'સ્વાતંત્ર ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલ', (અમદાવાદ, ૧૯૭૫)
૬. ગાંધી, રાજમોહન : 'સરદાર પટેલ એક સમર્પિત જીવન', અનુ. (અમદાવાદ, ૧૯૯૪)
૭. પટેલ, મણિબહેન વ., 'સરદાર વલ્લભભાઈ પટેલના લેખો', (અમદાવાદ, ૧૯૬૯)

# પાયાનો ઈતિહાસ ગ્રંથ

◆

## ડૉ. કૃષ્ણકાન્ત કડકિયા*

[પોરવાડ વણિકોનો ઈતિહાસ : લે. શ્રી જયંતિલાલ છોટાલાલ મહેતા, પ્રકાશક : શ્રી જયંતિલાલ છોટાલાલ મહેતા પરિવાર, સંતરામપુર, જિ. દાહોદ, પીન. ૩૮૯૨૬૦, પ્ર.આ. ૧૯૯૮]

જ્ઞાતિઓનાં લક્ષણો સંબંધી ૧૯મા સૈકાના એક ગીતમાં પોરવાડને 'પુણ્યવંતા' કહ્યા છે. ૧૯૩૬માં, એટલે કે વીસ વર્ષની નાની વયે, આવી પુણ્યવંતી જ્ઞાતિનો ઈતિહાસ લખવાનું શ્રી જયંતિલાલ મહેતાને સૂઝ્યું. એ એક આવકારવા યોગ્ય પ્રવૃત્તિ ગણાય. આમેય ઈતિહાસ લખવો એ કાર્ય સરળ નથી. જ્ઞાતિઓનો ઈતિહાસ લખવો એ કાર્ય તો વધુ શ્રમ માગી લે છે. કેમકે જ્ઞાતિની ઉત્પત્તિ, સ્થાન, સ્થિતિ, સમય ઈત્યાદિ અંગે જુદા જુદા મતો પ્રવર્તતા હોય છે. પુરાણો, જનશ્રુતિઓ, અને કાલ્પનિક વાતોના ખડકલા પણ હોય છે. એમાંથી બહાર નીકળી પ્રામાણિક ઈતિહાસ તારવવો એ કાર્ય વધુ શ્રમ માગે છે. તેથી પોરવાડ જ્ઞાતિના ઈતિહાસ વિશેનો 'જયંતિલાલ મહેતા'નો ગ્રંથ 'પોરવાડ વણિકોનો ઈતિહાસ' જે ખૂબ નાની વયે એમણે લખ્યો એ કાર્ય એના લેખક અંગે માન ઉપજાવે છે.

ગ્રંથ એમના પરિવાર દ્વારા પ્રગટ તો થઈ શક્યો પણ તે છેક ૧૯૯૮માં, ત્યાં સુધીમાં તો અનેક નવી સંશોધનાત્મક સામગ્રી બહાર આવી અને અનેક લખાણો પણ થયાં જેમાંથી શક્ય એટલી સામગ્રી ગ્રંથના સંપાદકોએ ઉપયોગમાં લીધી છે અને ગ્રંથને વધુ સમૃદ્ધ તથા વધુ લોકોપયોગી બનાવવાનો પ્રયત્ન થયો છે.

ઉપર કહી તે નવી સામગ્રી બહાર આવી તેમાં પોરવાડ જ્ઞાતિના ત્રણ મહત્ત્વના ઈતિહાસ ગ્રંથો છે. જેમાંથી દૌલતસિંહ લોઢાનો 'પ્રાગ્વાટ ઈતિહાસ' ભાગ ૧ (૧૯૫૨) ઉપયોગમાં લેવાયો છે ખરો પણ ૧૯૮૫ અને ૧૯૯૨માં જાવરાના મનોહરલાલ પોરવાલનો પ્રગટ થયેલ આ સંદર્ભનો ઈતિહાસ ગ્રંથ તેમજ ૧૯૩૪-૧૯૩૫માં મ.પ્ર.ના શ્યોપુર રિયાસતના શિવનારાયણ યશલહાજીનો પ્રગટ થયેલ ગ્રંથ 'પ્રાગ્વાટ દર્પણ' પણ ઉપયોગમાં લેવાયો હોત તો ઠીક થાત. આ પાછલો ગ્રંથ તો છેક ૧૯૯૩માં પ્રગટ થયો હતો અને સહેલાઈથી ઉપલબ્ધ પણ હતો, એટલું જ નહિ, પણ એ એક વિશ્વસ્ત તથ્ય સંગ્રહ પણ છે.

૧૯૩૬માં ઉપરોક્ત સામગ્રી ઉપલબ્ધ ન હતી. પણ 'શ્રીમાણ પુરાણ' અને 'વિમળ પ્રબંધ' એ બે મહત્ત્વના ગ્રંથો ઉપલબ્ધ હતા જેને શ્રી જયંતિલાલ મહેતાએ 'પોરવાડ વણિકોનો ઈતિહાસ' લખવા પ્રામાણિક રીતે ઉપયોગમાં લીધા છે. પ્રામાણિક રીતે એમ મેં કહ્યું તે એટલા માટે કે બંને ગ્રંથો પર લેખકે અંધ વિશ્વાસ મૂક્યો નથી. તેઓ લખે છે ''.... આ પુસ્તકો પોરવાડોની ઉત્પત્તિની સાચી હકીકત આપી શકતા નથી. આ પુસ્તકો ધાર્મિક દૃષ્ટિએ લખાયેલાં હોવાથી તેમાં કેટલીક બાબતો તદ્દન અતિશયોક્તિ ભરેલી માલૂમ પડે છે. એક બે બાબતો તો એવી છે કે જે તે વખતના ઈતિહાસ સાથે સરખાવતાં તદ્દન પાયા વગરની લાગે છે એટલે આ પુસ્તકો પોરવાડની ઉત્પત્તિને માટે એકદમ પ્રમાણભૂત કહી શકાય એમ નથી. જો કે એક વસ્તુ ખરી છે કે તેમાં આપેલી કેટલીક બાબતો જેવી કે પોરવાડની ઉત્પત્તિ તથા તેમનો થયેલો વિસ્તાર વગેરે સારા પ્રમાણમાં ઉપયોગી થાય છે.''

બીજી મહત્ત્વની બાબત એ છે કે લેખકે રાજ્યનાં વસ્તીપત્રકોનો પણ બરોબર ઉપયોગ કર્યો છે છતાં વસ્તીપત્રકો સુધ્ધાં ધાર્મિક ગ્રંથોને આધારે લખાયેલાં હોવાથી એનો સંપૂર્ણ પ્રામાણિક સાધનો તરીકે સ્વીકાર કર્યો નથી. પણ પ્રામાણિકતા શોધી કાઢવા અન્ય ઉપલબ્ધ સામાન અને એ વખતના આજુબાજુના સંજોગોને

* ૩૮૬, સરસ્વતીનગર, આંબાવાડી, અમદાવાદ

પણ ધ્યાનમાં લીધા છે - ઐતિહાસિક સામગ્રીના અભાવમાં પ્રશ્નોના ઉકેલમાં એ એમને સમર્થ થયું છે. બહુ એવી ભિન્નતાને લેખકે વૈજ્ઞાનિક ત્રાજવા પર તોલીને પછી જ ઉપયોગમાં લીધી છે. એમનો પ્રયત્ન જડ સુધી પહોંચવાનો છે. એમને વિદિત થયું છે કે કઈ સામગ્રી જૂની અને અસલી છે તથા કદી પાછળથી જોડી દેવામાં આવી છે. ગ્રંથની આ વિશેષતા છે.

ટૉડ, ફાર્બસ અને બીજા પણ વિદ્વાનો તથા શ્રીમાળ પુરાણ વગેરેને પણ મોટેભાગે દંતકથાઓનો જ આધાર લેવો પડ્યો છે ત્યારે સત્યને શોધી કાઢવાની મુશ્કેલીમાં લેખકે લીધેલો ક્રમ ધ્યાનાકર્ષક છે.

કોઈ વાર ઇતિહાસને પૂર્ણતઃ આધાર નથી મળતો ત્યારે અથવા ધાર્મિક પ્રકોપો, પ્રકૃતિ દ્વારા થતો વિનાશ, રાજનીતિક કારણો, ઉપેક્ષા જેવાં કારણો ઇતિહાસને મૃતપ્રાય કે નષ્ટ કરી દે છે ત્યારે અને શિલાલેખ, સિક્કા, તામ્રપત્ર આદિ ઉપલબ્ધ નથી થતું ત્યારે મુખ્યતઃ સાહિત્ય, જનશ્રુતિ ઇત્યાદિનો આધાર લેવો પડે છે. શ્રી સત્યદેવ વિદ્યાલંકારે જ્ઞાતિઓનો ઇતિહાસ લખ્યો છે જેના પર એમને પેરિસ વિશ્વવિદ્યાલયે ડૉક્ટરેટની પદવી આપી છે. ઇતિહાસ લેખક પોતે કહે છે તેમ એ ગ્રંથ પૂર્ણતઃ આધાર નથી અને જનશ્રુતિ ઇત્યાદિનો ઠીક ઠીક આધાર લેવાયો છે. 'પોરવાડ વણિકોનો ઇતિહાસ'ના લેખકે પણ એવી ઉપલબ્ધ સામગ્રીનો તથા અટકળોનો ઉપયોગ કરીને જે કંઈ શોધી કાઢ્યું છે તે વાસ્તવિક ઇતિહાસ પોતાનું રૂપ ધારણ કરે તે માટે બરોબર ઉપયોગમાં આવે એવી સામગ્રી છે તે નોંધવું રહ્યું.

સ્કંદપુરાણમાં શ્રીમાલનું માહાત્મ્ય અને પ્રશંસા અનેક શ્લોકો દ્વારા વર્ણવાયાં છે. વળી શ્રીમાલનગર સંબંધી દંતકથાઓ અને ઐતિહાસિક વાતો વિદ્વાનો દ્વારા સતત કહેવાતી રહી છે. વર્ષો સુધી ગુજરાતની રાજધાની તરીકે રહેલા આ નગરને ઇતિહાસે સમ્પન્ન નગર કહ્યું છે. 'સરસ્વતી કંઠાભરણ', 'માલતી માધવ', 'વિષ્ણુ પુરાણ' ઇત્યાદિમાં પણ આ નગરના ઉલ્લેખો સતત મળતા રહે છે. પ્રાગ્વાટની ઉત્પત્તિ આ નગરથી થઈ. નગરની પૂર્વ દિશામાં જે નિવાસ કરતા હતા તે પ્રાગ્વાટ કહેવાયા. શ્રી સૌભાગ્યનંદિસૂરિ દ્વારા લખાયેલા 'વિમલ ચરિત્ર'માં કહ્યા પ્રમાણે શ્રીમાલનગરમાં વિષ્ણુએ વસાવેલા બ્રાહ્મણોની રક્ષા હેતુ જે વ્યવહારિઓ (વૈશ્યો)ની જરૂર હતી તેમાં દશ હજાર વ્યવહારિઓ ખૂટતાં એ ચક્રવર્તી શ્રી કૃષ્ણરાજ પુરુરવાએ મોકલ્યા જે પોરવાડ કહેવાયા. 'ગુજરાતનું ગૌરવ'ના લેખકના મતે એ ખંભાતના રાજાએ મોકલેલા યોદ્ધાઓ હતા અને લૂંટારુઓથી પ્રજાને બચાવવા માટે મોકલ્યા હતા જે પ્રાગ્વાટ કહેવાયા. શ્રી વિમલમંત્રીના રાસ પ્રમાણે તે રાજા પૌરવે મોકલેલા હતા અને એમના આજ્ઞાપત્ર પ્રમાણે ખંભાયત નગરથી આવેલા યોદ્ધાઓ હતા. કાલાન્તરે આચાર્ય પ્રભસૂરિએ જ્યારે એમને જૈન બનાવ્યા ત્યારે પૂર્વ દિશાના નિવાસી હોવાને કારણે પ્રાગ્વાટ કહેવાયા. 'શ્રીમાલ માહાત્મ્ય' અને 'ઉપદેશગચ્છ પ્રબંધ'માં આ ઘટના મહાવીરની નિર્વાણ પ્રાપ્તિ પછી ૫૭ વર્ષ બાદ બની એટલે કે વિ.સં. થી ૪૧૩ વર્ષ અને ઈ.સ. થી ૪૭૦ પૂર્વે બની. એક ઉપલબ્ધ શિલાલેખ પણ પોરવાડોની ઉત્પત્તિ ભિન્નમાલ નગરથી થયાનું સ્વીકારે છે. (એ માટે 'જૈન સિદ્ધાંત ભાસ્કર', ભાગ ૨૧માં 'કરણ ૨) એ પ્રમાણે તો પોરવાડ જાતિનો ઉદય ૨૫૦૦ વર્ષ પૂર્વે થયો ગણાય.

'પ્રાગ્વાટ' માટે નેમિચંદ્રસૂરિ કૃત 'મહાવીર ચરિત'ની પ્રશસ્તિ એક આધાર તરીકે લેવામાં આવે છે. પ્રાચીવાટ (પૂર્વદિશા)માં લક્ષ્મીદેવી દ્વારા ક્રીડાસ્થળ બનાવવામાં આવ્યું હતું તેનું નામ પ્રાગ્વાટ હતું. કહેવાય છે કે એનો પ્રથમ પુરુષ અધ્યક્ષ જે નીમવામાં આવ્યો હતો તેના નામ પરથી 'પ્રાગ્વાટ વંશ' કહેવાયાં. કેવળ મેવાડને જ પ્રાગ્વાટ પ્રદેશ કહેવો ઉચિત નથી. કેમકે ગુહિલવંશી શાસકોના અધિકારમાં પૂર્વનો (પ્રાગ્વાટનો) મોટોભાગ હતો. તેથી તેઓ પ્રાગ્વાટ શાસકો કહેવાતા અને વર્તમાન ગૌડવાડ તથા સિરોહીક્ષેત્રને પણ પ્રાગ્વાટ પ્રદેશ કહેવાતો. અર્બુદ પર્વતથી ગૌડવાડ પ્રદેશ સુધીનો ભૂભાગ પણ પ્રાગ્વાટ મનાતો.

લાવણ્યસમય નામના જૈન મુનિએ 'વિમળ પ્રબંધ'માં નાગરોની, જૈનોની, વૈશ્યોની અને બીજી જ્ઞાતિઓ જે બની તેનું સુંદર વર્ણન કર્યું છે. તેમાં પોરવાડ જ્ઞાતિનું પણ વર્ણન છે. એમણે આ જ્ઞાતિઓ

બનવાનો સમયગાળો ઈ.સ. ૧૦૦૦ થી ૧૨૫૦નો કહ્યો છે. કર્નલ ટોડના મત પ્રમાણે તે ઈ.સ. ૧૧૦૦ થી ૧૩૦૦ના ગાળામાં થઈ. કેટલાય સૈકાઓથી 'અઢાર વર્ણ' જાણીતા હતા જ ને એમાં બ્રાહ્મણ, ક્ષત્રિય તથા શુદ્રની માફક એક વર્ણ તરીકે વૈશ્ય વર્ણ પણ મુખ્ય વર્ણ તરીકે જાણીતો હતો અને એમાં પોરવાડોને પણ સ્થાન હતું જ. તે બધા રાજસ્થાન, ગુજરાત અને માળવા સાથે સંકળાયેલા હતા અને સામાજિક ભાષા, ધર્મ તથા સાંસ્કૃતિક દૃષ્ટિએ એક જ હતા.

શ્રીમાળે, દીશાવળ, લાડ, વાયડા, ઓસવાલ જેવી વિવિધ જ્ઞાતિઓ માત્ર એક જ કુળદેવી સાથે નવા સ્વરૂપે ગુજરાતમાં પુનઃ વસવાટ માટે આવેલી એ સર્વે એક બીજાથી પરિચિત હતા અને લોહીની સગાઈ ધરાવતા હતા. તેમજ એમના સામાજિક વ્યવહારો પણ અકબંધ હતા. આ જ વર્ગમાં પોરવાડ જ્ઞાતિ પણ આવે. મુસ્લિમ આક્રમણો પહેલાં એટલે કે ઈ.સ. ૮૦૦ પૂર્વે જે જ્ઞાતિઓ હતી તે બહુધા એક સ્થળે અને એક જથ્થામાં રહેતી. એમની કુળદેવી પણ એક જ હતી. જેમકે ભિન્નમાલમાં શ્રીમાળીની કુળદેવી લક્ષ્મી, ઓસવાલની સચિ માતા તેમજ પોરવાડની અંબામાતા હતી. પછીથી થયેલ ઊથલપાથલ અને સ્થળાંતરોને કારણે ગોત્ર પ્રમાણે અલગ-અલગ કુળદેવ ગોત્ર દેવીઓ થઈ પણ મૂળ દેવીના સ્થાનને તો પ્રાધાન્ય રહ્યું જ.

આ ઉપર કહી તે સામગ્રીને આધારે અથવા એ સિવાયની અન્ય સામગ્રીને આધારે કેટલાક લેખકોએ આચાર્ય હેમચંદ્ર, વિક્રમાદિત્ય, અકબરના પ્રતિધ્વની હેમૂશાહ, રાજા ટોડરમલ, વસ્તુપાલ તેજપાલ તેમજ ત્યાંથી માંડી છેક ૨૦-૨૧મી સદીના કેટલાય મહાનુભાવોનો પરિચય પોરવાડ અથવા પોરવાલ તરીકે કરાવ્યો છે અને એ લોકનાં કીર્તિ-ગૌરવ પોરવાડો માટે કીર્તિસ્તંભ બની રહ્યાનું કહ્યું છે.

આ અભ્યાસીઓના મતે અગ્રવાલો પછી વૈશ્ય જાતિમાં પોરવાડો જનસંખ્યામાં બીજા ક્રમે છે. એક ધારણા એવી છે કે યવનોના આક્રમણને કારણે ગુજરાત-સૌરાષ્ટ્રના પોરવાડો ઉત્તર-પૂર્વી મેદાનોમાં જઈને વસ્યા હતા પણ એમ થતાં પહેલાં તેઓ ક્ષત્રિય વર્ણના હતા. એમ કહેવાને માટે રાજસ્થાનની પશ્ચિમ સીમમાં વસેલા જૈન પોરવાડોને ઉદાહરણ તરીકે ટાંકવામાં આવે છે. તેઓ વૈશ્ય જાતિમાં ગયા પછી પણ ચૌહાણ, સોલંકી, ગહલૌત વગેરે છે. રાજસ્થાન અને ત્યાંથી બીજે જઈને વસેલા તમામ ઓસવાલ પોરવાડ વ્યક્તિઓના નામ આજથી ૫૦ વર્ષ પૂર્વ સુધી સિંહ લગાવીને રાખવામાં આવતા. પ્રાગ્વાટ, પોરુઆડ, પોરવાલ બધા એક જ છે એવું ઘણા વિદ્વાનો માને છે. એમના મતે આ જાતિ શુદ્ધ તથા ઉચ્ચ વર્ણના ક્ષત્રિય પરિવારોથી ઉત્પન્ન થઈ છે, અને જાતિમાં પ્રચલિત ગોત્રને મોટું બળ આપતા પ્રમાણ તરીકે તેઓ ટાંકે છે.

આ અને આવી વિપુલ સામગ્રી છતાં ન સ્વીકારી શકાય એવી અનેક બાબતો પણ છે અને તેમાં એક વિદ્વાન અન્યથી બહુ અલગ પણ પડે છે; દા.ત. કે.કા.શાસ્ત્રી જેવા વિદ્વાનને વ્યુત્પત્તિ શાસ્ત્રની દૃષ્ટિએ 'પ્રાગ્વાટ' શબ્દ શુદ્ધ સંસ્કૃત જણાતો નથી એ શબ્દ પછીથી થયેલ સંસ્કૃતિકરણ હોય એમ માનવાને તેઓ પ્રેરાયા છે. બીજું, આ શબ્દને તેઓ 'પ્રદેશ' વાચક તરીકે સ્વીકારતા નથી. આથી 'પૂર્વના દેશના વાસી' એવો અર્થ એમને સ્વીકાર્ય નથી. તેથી કરીને 'ગુર્જરો'માંથી વિકાસ એવું પણ એમને સ્વીકાર્ય નથી. 'પોરવાડ' પરથી 'પ્રાગ્વાટ' એમ એમને વધુ સંભવિત લાગ્યું છે. આમ પ્રામાણિક મૂળ આજે પણ પૂરા શોધાયા નથી અથવા વિવાદાત્મક સ્થિતિમાં છે. આ પરિસ્થિતિનો સ્વીકાર કરીને જ શ્રી જયંતિલાલ મહેતાનો 'પોરવાડ વણિકોનો ઈતિહાસ' એ ગ્રંથ અને એમાંના પ્રશ્નો ઇત્યાદિ વાંચવા તથા સમજવા જોઈએ. પછી પોરવાડો 'ગુજર' ઓલાદના છે કે કેમ એ પ્રશ્ન હોય અથવા 'વિશા' 'દશા'ની ચર્ચા હોય, વૈષ્ણવો કે જૈન પોરવાડો અંગે કહેવાયું હોય એ તમામમાં શું શ્રદ્ધા રાખવા યોગ્ય છે કે શું ઐતિહાસિક અથવા અનઐતિહાસિક છે તે ઉપર કહી એ પરિસ્થિતિ સંદર્ભે જ સમજવાનો કે પામવાનો પ્રયત્ન ભાવકે કરવો રહ્યો. એમ થાય તો જ ગ્રંથને એના સાચા અર્થમાં પામી શકાય.

આમ તો આ સત્ય માટે ખૂબ જ વિસ્તારની જરૂર પડે. એટલે કે મનુષ્યની ઉત્પત્તિથી લઈને વર્ણ

જ્ઞાતિ, ઉપજાતિ કેવી રીતે બની ઇત્યાદિ પ્રશ્નો પર ગહનતાની સીમા સુધી જવું પડે અને છેક ઇટાવા, મન્દસૌર ઔરિયા, ફિરોઝાબાદ અને બીજે પથરાયેલ પોરવાડ લોકોને જાણી અંત સુધીના પોરવાડ સમાજના ઇતિહાસને ફંફોસવો પડે પણ એ અઘરું કામ પડતું મૂકી લેખકે માત્ર 'પોરવાડ વણિકોનો જ ઇતિહાસ' લખવાનું સ્વીકાર્યું. બાંધેલી સીમાને કારણે ઘણા શ્રમમાંથી તેઓ બચી શક્યા છે. એમણે શ્રીમાળ, એનાં ખંડેરો, એનો વર્તમાન દેખાવ વગેરે પર દૃષ્ટિ સ્થિર કરી પોરવાડો ક્ષત્રિય કર્મમાંથી બહાર નીકળી વૈશ્ય કર્મ ધારણ કર્યું તેમાંથી થયા વણિક ઇત્યાદિ. એ કહેવા તરફ દૃષ્ટિ કરી ગુજરાતના ઇતિહાસ તરફ નજર સ્થિર કરી આ ગ્રંથ રચ્યો છે.

આ પ્રકારનો ગ્રંથ કઈ કઈ અપેક્ષાઓ રાખે છે ? છેક વીસમી સદીના અંત સુધી અને આ સદીના પહેલા દાયકા સુધીનો પોરવાડોનો ઇતિહાસ મળવો જોઈએ 'શક ભૂદયાલ પોરવાલ' 'મધુકર' અને 'ડૉ. રાકેશ ગુપ્તા'એ એવા પ્રયત્નો કર્યા છે પણ એ તો છેક ૨૧મી સદીના પહેલા દાયકામાં. જ્યારે વકીલ સાહેબ જયંતિલાલ મહેતાનો પ્રયત્ન વીસમી સદીના ચોથા દાયકાનો છે. પોરવાડોના વિવિધ ધર્મો, હાલના ધર્મો અને એકીકરણ જેવા પ્રશ્નોની ચર્ચા દ્વારા એમનો એવો પ્રયત્ન રહ્યો છે. જો કે એમાં પણ અનેક ખાંચ અને અપેક્ષાઓ તો છે જ. જેમકે પોરવાડોને ગુજ્જર વંશના કહ્યા છે જેવા વિધાનો ઐતિહાસિક તથ્યો સુધી પહોંચવાની અપેક્ષા જગાવે છે. છતાં જે કંઈ પ્રયત્ન એમના દ્વારા થયો છે એણે લખાનારા ઇતિહાસ માટે દ્વાર તો ખોલી આપ્યાં છે. એવું જ કાર્ય એ થયું છે કે કઈ રીતે પોરવાડોમાં તડાં થયાં અને એ જૂથોએ જે તે પ્રદેશના રીતરિવાજો અપનાવી પોતાપણું છોડ્યું ઇત્યાદિ અંગેની એમણે કરેલી ચર્ચા છે જે ઐતિહાસિક દૃષ્ટિએ મહત્ત્વની છે. જો કે આ યુગ જ સુધારાનો વંટોળ લઈને આવ્યો હતો એટલે લેખક પણ પોતાના લખાણમાં એ અસર લઈ આવ્યા વગર રહી શકતા નથી, ઉ.ત. જ્ઞાતિ સુધારણા માટે પરિષદો અને સંમેલનોને આવકારે છે. સાહસિક યુવાનોના પુનર્લગ્ન કે પરચોરીમાંથી કન્યા લાવી જ્ઞાતિને નષ્ટ થતી અટકાવવાના પ્રયત્નોને પણ બિરદાવે છે. પણ આ જ યુગ કે જેમાં શ્રીમાળ બેહાલ સ્થિતિમાં પડેલું છે તેથી ગ્રંથ લખનાર ઠીક ઠીક દુઃખી થાય છે અને શ્રીમાળના વર્તમાન દેખાવ અને દુર્બળ દશાની નોંધ જાતે એ સ્થળની મુલાકાત લઈને કરે છે. ગ્રંથનું આ એક મહત્ત્વનું ગુણ પાસું છે. બીજું મહત્ત્વનું પાસું એ છે કે 'શ્રીમાળ ભૂમિ' 'શ્રીમાળનો નામ પલટો' શ્રીમાળના રાજકર્તાઓ, 'શ્રીમાળનો વર્તમાન દેખાવ' 'શ્રીમાળના ખંડેરો', 'આદ્ય વીર નરનારીઓ એટલાં પ્રકરણો ઐતિહાસિક તથ્યોથી સભર છે. એ પછી પણ લેખક દ્વારા નિરૂપાયેલા ઇતિહાસનાં દર્શન થાય છે. વૈષ્ણવો અને પોરવાડની વિગતોને પણ બહુ ઐતિહાસિક આધાર સાંપડે જ છે. ટૂંકમાં ગુજરાતમાં કોઈએ પણ ગુજરાતની પોરવાડ જ્ઞાતિ અંગે કે એના ઇતિહાસ સંદર્ભે લખવું હોય તો આ ગ્રંથ જોવો જ પડે કેમકે એ પાયાનો અને મહત્ત્વનો ગ્રંથ છે.

પોરવાડ જ્ઞાતિના ઇતિહાસ વિશેના આ ગ્રંથનો આદર કરતાં મને ઘણો આનંદ થાય છે. લેખકના જીવનકાલ દરમ્યાન એ પ્રસિદ્ધ થઈ શક્યો હોત તો ઠીક થાત. પણ એ બધું ઈશ્વરે ગોઠવ્યા પ્રમાણે થાય છે. એમણે પોરવાડો વિશે શ્રીમાળ પુરાણ જેવા ગ્રંથોમાં જે કંઈ કહેવાયું છે તેનો આધાર લીધો છે. શુદ્ધ ઇતિહાસનાં પણ દર્શન થાય છે. ૧૯૯૮માં લેખકના પરિવારે લોકને ઉપયોગી નીવડે એ ઉદ્દેશથી પ્રગટ કરી મહત્ત્વનું કામ કર્યું છે.

# ગરીબોના બેલી હાજીભાઈ દેદા

◆

**મેતર અબ્દુલકાદર કાસમભાઈ***

**કૌટુંબિક પરિસ્થિતિ :**

હાજીભાઈના પિતાશ્રી હાસમભાઈ જેમલભાઈ દેદા અને તેમના બે ભાઈઓ અને બે બહેનો જૂનાગઢ જિલ્લામાં ગીર માધુપુરમાં માલધારી હતા. ગાય ભેંસોના માલિક હતા. તેના પર જીવન નિર્વાહ ચાલતો હતો. હાસમભાઈ સ્વભાવે ઉગ્ર હતા. લીલીગીરમાં પશુપાલનના વ્યવસાયની અનુકુળતાને લીધે તેઓ સારા પ્રમાણમાં દુધાળાં ઢોર રાખી માલઘાટનું જીવન સંતોષપૂર્વક વ્યતિત કરતા હતા. એ દરમ્યાન તેમના પરિવાર અને બીજા માલધારી વચ્ચે ઘર્ષણ થતાં સ્વમાનભેર જિંદગી જીવવા નવાબનું રાજ છોડી જામનગરમાં આવીને વસવાટ કર્યો.

આ ગાળા દરમ્યાન તા. ૭-૫-૧૯૩૯ના રોજ જામનગરમાં લાલપુર રોડ હાલ જ્યાં બાળ અદાલત છે તે જગ્યાએ મોદીની વાડી હતી ત્યાં હાજીભાઈનો જન્મ થયો. જામનગરમાં સ્થિર થવા સંઘર્ષ કરતા આ કુટુંબની આર્થિક સ્થિતિ વિકટ હતી. આવા નબળા સંજોગોમાં હાજીભાઈનો ઉછેર થયો. માત્ર છ વર્ષની ઉંમરે બટનના કારખાનામાં બાળ મજૂર તરીકે સંઘર્ષયાત્રા શરૂ કરી હતી. હાજીભાઈ શાળાકીય શિક્ષણથી વંચિત રહ્યા. પરંતુ વાચનનો શોખ આજીવન રહ્યો છે.

૧૩ વર્ષની ઉંમરે હર્ષદ મિલમાં નોકરીએ લાગ્યા. ઈ.સ. ૧૯૫૩માં હાજીભાઈ લગ્નબંધનથી જોડાયા. તાલાલાગીરના સુમારભાઈ ઈબ્રાહીમ જમીનદારનાં પુત્રી હવાબેન સાથે લગ્ન કર્યાં. નાની ઉંમર, આર્થિક ઉપાર્જનની જવાબદારી, લગ્ન જીવનની જવાબદારી છતાં કામદારોના હક્ક માટે હર્ષદમિલ કામદાર યુનિયનમાં સક્રિય થયા. કામદારોના હક્કો માટે ભૂખ હડતાલમાં જોડાયા. માલિકોએ દમન કર્યું. ધરપકડ કરાવી, પરંતુ હાજીભાઈ ડર્યા નહિ.

આ દરમ્યાન ઈ.સ. ૧૯૫૪માં પોરબંદરમાં શ્રી વજુભાઈ શુક્લના અધ્યક્ષ સ્થાને કામદારોનું સંમેલન યોજવામાં આવ્યું હતું. આ સંમેલનમાં મહાન અભિનેતા શ્રી પૃથ્વીરાજ કપૂરે હાજરી આપી હતી. આ બધા આગેવાનોનાં ભાષણો તથા વિચારોથી હાજીભાઈ ખૂબ જ પ્રભાવિત થયા. નવા ઉત્સાહ અને ધગશથી જામનગરમાં શ્રી શાંતિલાલ વસાની આગેવાની હેઠળ વેચાણવેરાની લડતમાં ભાગ લીધો. તે સમયે કોમી રમખાણો થતાં શહેરમાં શાંતિ સ્થાપિત થાય તે માટે બનતા તમામ પ્રયાસો કર્યા. શાંતિલાલ વસા, ભીખુભાઈ વાઘેલા અને અન્ય ૫૦ કામદારોના સમૂહ સાથે જામનગરમાં શેરી ગલીઓમાં ફરીને શાંતિ-ભાઈચારા કોમી એખલાસના નારા સાથે ભાઈચારો સ્થાપવા મહત્ત્વનો ફાળો આપ્યો હતો.

ઈ.સ. ૧૯૫૬માં વુલનમિલમાં નોકરી મળી. આ ગાળા દરમ્યાન હાજીભાઈના સસરા અને સાળાનાં તલાલાગીરમાં મૃત્યુ થયાં. આથી હાજીભાઈએ ત્યાં જવું પડ્યું. હાજીભાઈના નાના ઈબ્રાહીમ સુલેમાન કે જેઓ હવાબેનના દાદા થાય. તેમણે પોતાની તમામ માલ મિલકત પોતાની જમીન બધું જ હાજીભાઈ તથા હવાબેનના નામે કરી આપ્યું. આથી તલાલાગીરમાં રહેવાની ફરજ પડી. ત્યાં ખેતી સંભાળવાનું શરૂ કર્યું. પરંતુ આ કામદારોના હક્કહિતોના રક્ષણની તાલાવેલી અને કામદારોના ઉત્થાન માટે કંઈક કરી છૂટવાની ભાવના માટે હાજીભાઈ જામનગર પરત આવ્યા. વુલનમિલની નોકરી ગુમાવી. પણ ઈ.સ. ૧૯૫૭માં બ્રુક બૉન્ડ ઇન્ડિયામાં નોકરીમાં જોડાયા. ત્રણ મહિના બાદ કાયમી થયા. કામદાર યુનિયનની ચૂંટણી થતાં બ્રુક બૉન્ડ કામદાર

* ઘાંચીવાડ, જામનગર-૩૬૧૦૦૧

યુનિયનના વર્કીંગ પ્રેસિડેન્ટ તરીકે ચૂંટાઈ આવ્યા. આથી તેઓ બ્રુકબૉન્ડ કામદારના હિતો માટે ઘણીજ પ્રવૃત્તિઓ કરતા રહ્યા.

ઈ.સ. ૧૯૫૭-૫૮ના સમય દરમ્યાન દેશનાં જુદાં જુદાં રાજ્યોમાં યોજાતાં કામદાર સંમેલનોમાં હાજીભાઈ સક્રિય ભાગ લેતા. અન્ય બ્રુકબૉન્ડ કામદારોના પ્રશ્નો તકલીફોનું બ્યાન કરતા પ્રશ્નોને વાચા આપતા હતા.

૧૯૫૬માં મુંબઈ રાજ્યમાંથી ગુજરાતની સ્થાપના માટેના સંઘર્ષમાં પણ જામનગરમાંથી શાંતિલાલ વસા, ભીખુભાઈ વાઘેલા, ડૉ. રતિલાલ દવે, હાજીભાઈ દેદા એ સક્રિય ભાગ લીધો હતો.

૧૯૫૯માં મહાગુજરાતની લડત વધુ ઉગ્ર બની. જેલ ભરો આંદોલનનો નારો બુલંદ બન્યો. જામનગરમાંથી હાજીભાઈના પ્રથમ પત્ની હવાબેન, સુંદરબેન ગાંધી, સારાબેન ઓસ્માણ રૂંઝાએ જામનગર મહિલા પાંખનું પ્રતિનિધિત્વ કરી, ૧૪૪ની કલમનો ભંગ કરી ધરપકડ વહોરી લીધી હતી. આ બધી બહેનોને રાજકીય કેદી તરીકે અમદાવાદની સાબરમતી જેલમાં લાવવામાં આવી. આમ મહાગુજરાતની લડતમાં ભાગ લીધેલ બહેનોને આ લડતને કાંઈક નવી જ પ્રેરણા આપી, નવી દિશા મળી, સ્ત્રીઓમાં જાગૃતિ લાવવાની અને સ્ત્રીઓના ઉત્કર્ષ, હક્ક, અધિકાર માટે કાર્ય કરવાની તમન્ના જાગી. પરિણામે હર્ષદમિલની ચાલીમાં મીટીંગો ભરાવા લાગી. રાત્રિ કલાસ સ્ત્રી શિક્ષણ માટે શરૂ કર્યા. આવી પ્રવૃત્તિઓને વેગ મળે તે માટે હાજીભાઈએ તલાલાગીરની જમીન-મિલકત વેચી નાખી.

ઈ.સ. ૧૯૬૦માં હાજીભાઈએ બ્રુકબૉન્ડ કામદાર ક્રેડિટ કો.ઓપરેટીવ સોસાયટીની રચના કરી ત્યારે હવાબેન દેદાએ તે સમયે રૂા. ૨૦૦૦/- કો-ઓપરેટીવ સોસાયટીની સ્થાપના માટે હાજીભાઈને આપ્યા હતા. આથી જ મંડળીના લાભ માટે કામદારો વ્યાજની ચુંગાલમાંથી છૂટ્યા હતા, અને વધારે પ્રમાણમાં સહાય મેળવતા થયા હતા.

ઈ.સ. ૧૯૬૨માં ચીનના સરહદી વિવાદના કારણે સામ્યવાદી પક્ષનું વિભાજન થયું. સામ્યવાદી પક્ષ અને માર્ક્સવાદી પક્ષના બે ભાગ થયા. હાજીભાઈ માર્ક્સવાદી સામ્યવાદી પક્ષમાં જોડાયા. તેમની સાથે બ્રુકબૉન્ડ કામદાર યુનિયનના આગેવાનો તથા મેમ્બરો જોડાયા. ત્યારે ગુજરાત તથા જામનગરમાંથી મોટાભાગના માર્ક્સવાદી સામ્યવાદી પક્ષમાં જોડાયા.

આજ સમયમાં માર્ક્સવાદી સામ્યવાદી પક્ષના કાર્યકર્તાઓની ધરપકડનો દોર શરૂ થયો. ગુજરાતમાંથી દિનકર મહેતા, ચંદુભાઈ પટેલ અને ઠાકોરભાઈ શાહ વગેરે આગેવાનોની ધરપકડ થઈ. હાજીભાઈ દેદાની ધરપકડ માટે પણ તપાસ થઈ. બ્રુકબૉન્ડના લીગલ એડવાઈઝરશ્રી વાઘવાણી સાહેબે સ્પષ્ટતા કરી હતી કે હાજીભાઈ કોઈ હાનીકારક પ્રવૃત્તિઓમાં સંડોવાયેલ નથી. માત્ર યુનિયનની કાર્યવાહી શાંતિપૂર્વક કરે છે તેવું એલ.આઈ.બી.ને જણાવ્યું હતું. આથી ધરપકડ થઈ નહોતી. પરંતુ શ્રી ભીખુભાઈ વાઘેલાની ધરપકડ થવાની હતી. આથી તેઓ હાજીભાઈના ઘેર છુપાયા હતા. ત્યાં હાજીભાઈ તથા હવાબેન દેદાએ તેઓની ખૂબ જ સેવા કરી હતી, તેમ ભીખુભાઈ વારંવાર કહેતા હોય છે.

ઈ.સ. ૧૯૬૩માં સામ્યવાદી પક્ષની પ્રવૃત્તિઓ ગુજરાત ભરમાં ચાલુ રહી. મીટીંગોમાં ભાગ લેતા. જામનગરમાં શંકર ટેકરી વિસ્તારમાં ઝૂંપડપટ્ટીની લડતમાં ભાગ લઈ સાથ સહકાર આપ્યો. તેમજ તે સમયે મુંબઈ ખાતે ઑલ ઈન્ડિયા ફેડરેશનની મીટીંગમાં હાજર રહેલ.

૧૯૬૫માં જામનગરમાં બ્રાસ ઉદ્યોગોનો ખૂબજ વિકાસ થયો. તેમાં કામ કરતા કામદારોની નોકરીની કોઈ સલામતી ન હતી. કાયદાનું પાલન થતું ન હતું. ૮ કલાક કરતાં વધારે કામ લેવામાં આવતું હતું. હક્ક રજા, બોનસ, અકસ્માત વળતર મળતું ન હતું. કામદારોને ઓછું વળતર આપી માલિકો શોષણ કરતા હતા. આથી હાજીભાઈએ બ્રાસ ઉદ્યોગના કામદારોને સંગઠિત કર્યા.

૧૯૬૬માં કામદારોની હડતાલ પડી. એ ઐતિહાસિક બની ગઈ. માલિકો કામદારોને કોઈપણ લાભ આપવા તૈયાર ન હતા. બ્રાસ ઉદ્યોગના નાના મોટા આશરે ૨૦૦૦ કારખાનાઓના ૧૫ થી ૨૦ હજાર કામદારો રોજી મેળવતા હતા. તે બધાના હિતનો પ્રશ્ન હતો. માલિકો સંગઠિત થઈ કામદારોને દબાવતા હતા. તે સમયે કારખાનાના માલિકોના આગેવાન તરીકે કેશુભાઈ ધનાણી મુખ્ય હતા.

હડતાલ તોડી પાડવા પૂરા પ્રયત્નો થતા હતા. આ ૧૫ થી ૨૦ હજાર અસંગઠિત અને અભણ કામદારોને સંગઠિત કરવાનું ભગીરથ કાર્ય મુશ્કેલ રૂપ હતું. તે સમયે જામનગરના કડક પોલીસ ઑફિસર (DSP) શ્રી તખુભા રાણા હતા. કામદારોમાં ગભરાટ હતો. સભા, મીટીંગો ભરવી મુશ્કેલ હતી. ત્યારે જામનગરના અગ્રણી મુસ્લિમ નેતા બાવન જમાતના આગેવાન શેઠ જનાબ અલ્લારખા હશન હમીરકાએ હાજીભાઈને ખૂબ જ સાથ સહકાર આપ્યો હતો. ઈદ મસ્જિદના ગ્રાઉન્ડમાં સભા ભરવાની સલાહ આપી હતી. આથી હાજીભાઈ રોજ સાંજે મીટીંગ કરતા રાત્રીના સમયે દરેક વિસ્તાર ગરીબ વિસ્તાર તથા આજુબાજુના ગ્રામ્ય વિસ્તારમાં ગ્રુપ મિટીંગો ભરતા. અને હડતાલને સફળ બનાવવાનું સફળ આયોજન કરતા. છેવટે જામનગર નગર પાલિકાના પ્રમુખશ્રી લીલાધરભાઈ પટેલની મધ્યસ્થીથી વિવાદનું સમાધાન થયું હતું. આથી કામદારોનો પગાર વધારો, ભઠ્ઠી કામદારોના કાસ્ટીંગ કામ વળતરમાં વધારો થયો હતો. તેમજ કોઈપણ જાતનું શોષણ ન થાય તેવા પ્રશ્નોનો નિકાલ થતાં ૧૦ હજારથી વધુ કામદારોનું વિજય સરઘસ હાજીભાઈ દેદાના નેજા હેઠળ નીકળ્યું હતું. અને કામદારોએ વિજય ઉત્સવ મનાવ્યો હતો.

ઈ.સ. ૧૯૬૯માં કૉંગ્રેસનું વિભાજન થયું હતું. જામનગરમાં તે સમયના જિલ્લા કૉંગ્રેસ આઈના કન્વીનર શ્રી કે.ટી.વ્યાસે હાજીભાઈનો સંપર્ક કરી વિશાળ પ્રમાણમાં કામદારો તથા સમાજના બહોળા વર્ગના આગેવાનોને સાથે લઈ કૉંગ્રેસમાં જોડાયા હતા. ૧૯૬૯ થી ૧૯૭૧ના સમયે કૉંગ્રેસની જુદી-જુદી પાંખ હરિજન સેલ, લઘુમતી સેલ, સેવાદળ, યૂથ કૉંગ્રેસ તથા મહિલા સેલ તમામમાં કામદાર આગેવાનોને સ્થાન આપવામાં આવ્યું હતું.

૧૯૭૧માં ભારત પાક. યુદ્ધના સમયમાં બાંગ્લાદેશના શરણાર્થીઓને જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ, કપડાં લત્તાં, ખોરાક વગેરેની વ્યવસ્થા કરી હતી. તેમાં કુ. લીલાબેન ત્રિવેદી, શ્રી પ્રફુલ્લભાઈ સારડા વગેરે આગેવાનોએ પણ જહેમત ઉઠાવી હતી.

ઈ.સ. ૧૯૭૩માં મજૂર સેવા સંઘના કાર્યાલયનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. ૧૯૭૫માં રાજકીય પરિસ્થિતિ વણસતા દેશમાં કટોકટી લાદવામાં આવી હતી. ત્યારે જામનગર જિલ્લા કૉંગ્રેસ પ્રમુખ શ્રી કે.પી. શાહ હતા. તેઓની આગેવાની હેઠળ લોક જાગૃતિ કેળવવા, પદ યાત્રાઓ કરવામાં આવી હતી. જેમાં હાજીભાઈ જોડાયા હતા. આથી સમાજના પ્રશ્નોને વધારે સમજી શક્યા હતા. જેથી મજૂર સેવા સંઘ (ઈન્ટુક)ની પ્રવૃત્તિઓએ ખૂબ વેગ પકડ્યો હતો. પૉર્ટ, સોલ્ટ ઉદ્યોગ, મીઠાપુર, દ્વારકા, ખંભાળીયા ઓઈલ મિલ ઉદ્યોગ, શીપીંગ કંપની જેવા સંગઠિત અને અસંગઠિત વિભાગના કામદારો મોટા પ્રમાણમાં ઈન્ટુકમાં જોડાયા. જેની આગેવાની હાજીભાઈ દેદાએ લીધી હતી.

૧૯૭૭માં અરસામાં ફરીથી બ્રાસ ઉદ્યોગમાં કામદારોના હક્ક, હિસ્સા અને અધિકારોની માંગણી અંગે અસંતોષ પેદા થયો. ઔદ્યોગિક શાંતિ ડહોળાય તેવા સંજોગો પેદા થયા, બ્રાસ ઉદ્યોગના માલિકોએ પીસ-રેટ-ઉધડકામની મજૂરીમાં વધારો ન કરવા, ભાવ વધારાનો લાભ ન આપવા, હક્ક હિસ્સા આપ્યા વગર છૂટા કરી દેવા જેવાં પગલાં લીધાં. આની સામે પણ હાજીભાઈ દ્વારા ઈન્ટુક મારફત ઉપરોક્ત માંગણીઓ સાથે આંદોલન છેડવામાં આવ્યું. લડત ચાલુ થઈ, હડતાલ પડી. ૫ હજાર કારખાના અને ૨૫ હજાર કામદારોને અસર કરતા પ્રશ્નોને લઈ લડત શરૂ થઈ. આ લડતમાં જાણીતા વકીલ કુ. લીલાબેન ત્રિવેદી અને જનકસિંહ જાડેજાનો સાથ સહકાર મળી રહ્યો. સભા-સરઘસ-ભૂખ હડતાલ જેવા કાર્યક્રમો થયા. પરિણામે લેબર ઓફિસર

ગુસાઈ સાહેબની દરમ્યાનગીરીથી કામદારોની માંગણીનો સ્વીકાર થયો. કામદારો અને માલિકો વચ્ચે સમાધાન થયો. અને લડતનું પરિણામ સારું આવ્યું હતું.

**સામાજિક પ્રવૃત્તિઓ :**

ગુજરાતમાં તે સમયે શ્રમજીવીઓના હિત રક્ષક મુખ્ય મંત્રી તરીકે શ્રી માધવસિંહ સોલંકી હતા. પછાત તથા આદિવાસીઓના હમદર્દ શ્રી જીણાભાઈ દરજી કાર્યરત હતા. તે સમયમાં જ ગુજરાત સરકારે બક્ષીપંચના અહેવાલનો સ્વીકાર કર્યો. આ સંદર્ભમાં જામનગર જિલ્લાના જામ-ખંભાળીયામાં સૌ પ્રથમ મિટીંગ સચિવ શ્રી પ્રેમશંકરભાઈના અધ્યક્ષ સ્થાને મળી હતી. તેમાં જામનગરના બધા પછાત જાતિના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. તે મિટિંગમાં જ જામનગર જિલ્લા બક્ષીપંચ સેવા સમાજની રચના કરવામાં આવી હતી. જેના પ્રમુખ તરીકે હાજીભાઈ દેદાની સર્વાનુમતે નિમણુંક કરવામાં આવી હતી. આથી પછાત જાતિના લોકોને જાગૃત કરવા તથા બક્ષીપંચથી મળતા લાભો મેળવવા માટે સરકારશ્રીની જુદી-જુદી યોજનાઓ વિશે વિગતવાર માહિતી આપવા હાજીભાઈએ ખૂબ જ પ્રયત્નો કર્યા હતા. આથી જીણાભાઈ દરજી સાથે સંપર્ક ખૂબ વધ્યા. અને તેઓની વિચારસરણી અને પ્રેરણાથી હાજીભાઈ ગાંધીવાદી વિચારધારા તરફ ઢળ્યા આથી સામ્યવાદીને બદલે માનવતાવાદી, ગરીબોના બેલી તથા હમદર્દ તરીકે માનવતાવાદી કાર્ય તરફ ઢળ્યા.

ઈ.સ. ૧૯૮૪ થી ૧૯૮૯નાં વર્ષો દરમ્યાન સામાજિક પ્રવૃત્તિ, કામદાર પ્રવૃત્તિ, તથા ઝૂંપડપટ્ટી, બક્ષીપંચ, રાજકીય અને સહકારી પ્રવૃત્તિઓને વધારે વેગ આપવા ખૂબ જ જહેમત ઉઠાવવા લાગ્યા.

તે સમય દરમ્યાન જામનગર ઝૂંપડા સમિતિની રચના કરવામાં આવી હતી. તેમના પ્રમુખ તરીકે હાજીભાઈ એ ગરીબ, આર્થિક રીતે નબળા વર્ગના લોકોને રોજી, રોટી, રહેઠાણની સગવડ મળી રહે તે માટે સરકારશ્રીમાં જે તે વિભાગમાં જોરદાર રજૂઆતો કરી હતી. જેનાથી લાખો રૂપિયાની સબસીડીનો લાભ જામનગરના લોકોને મળ્યો હતો.

૧૯૯૦માં જામનગર જિલ્લાને લેબર કૉર્ટ મળી. જેનું ઉદ્‌ઘાટન ગુજરાત રાજ્યના નાયબ મજૂર પ્રધાન શ્રી ઠાકોરભાઈ નાયકના હસ્તે કરવામાં આવ્યું. અને પ્રથમ જજ તરીકે શ્રી ભટ્ટ સાહેબ નિમાયા હતા. આ કામગીરી બજાવવામાં હાજીભાઈનો મહત્તમ ફાળો રહ્યો છે. ૧૯૯૨માં પ્રથમ લોક અદાલત જામનગર ખાતે થઈ. જેમાં કામદારો, મજૂરોના વધારે ને વધારે કેસોનો નિકાલ હાજીભાઈના યુનિયનના કામદારોના સમાધાન થયા હતા. આ રીતે પ્રથમ લોક અદાલત હાજીભાઈના પ્રયાસથી સફળ થઈ હતી.

૧૯૯૫માં સૌરાષ્ટ્રના મુસ્લિમ બુદ્ધિજીવીઓનું એક સંમેલન સંચેતનાના ડૉ. હનીફભાઈ લાકડાવાલાના અધ્યક્ષસ્થાને ઘાંચી જમાતખાનામાં હાજીભાઈએ બોલાવ્યું હતું. આ સંમેલનમાં સૌરાષ્ટ્રના આગેવાનોએ મુસ્લિમ સમાજમાં રહેલા કુરિવાજો, શૈક્ષણિક જ્ઞાનનો, આરોગ્ય વિષયક તથા સહકારી પ્રવૃત્તિનો અભાવ વિષે સૌએ પોતાનાં મંતવ્ય આપ્યાં હતાં. આ આગેવાનોનાં પ્રવચનોમાંથી જામનગરના આગેવાનોને સહકારી પ્રવૃત્તિની પ્રેરણા મળી હતી.

આથી ઈદ મિલનના કાર્યક્રમો કરી સમાજના લોકોને સંગઠિત કર્યા. જામનગરના આગેવાનો મહેમૂદભાઈ વહેવારીયા, એમ.ડી. લોહાની, મ. ઉમર કઠીયાણા, ડૉ. અબ્બાસભાઈ સોની, વકીલ અબ્દુલ્લાહભાઈ સંઘી, હાજીઆમદ ફુલવળી, વહાબભાઈ વહેવારીયા, અબ્દુલકાદરભાઈ મેતર, પ્રો. પઠાણ, અલ્લારખાભાઈ સુથાર, વલીભાઈ દરબાર વગેરેનો સાથ સહકાર લઈ ચર્ચા વિચારણાના અંતે ધી પ્રગતિ ક્રેડિટ કો.ઓ.સોસાયટી લી. સ્થાપના ૧૯૯૭માં કરવામાં આવી. જેના પ્રથમ્ પ્રમુખ તરીકે જનાબ એમ.ડી. લોહાની સાહેબને જવાબદારી સોંપવામાં આવી હતી. ઉપપ્રમુખ તરીકે હાજીભાઈ દેદા અને મેનેજીંગ ડાયરેક્ટર તરીકે અલ્લારખાભાઈ સુથારની નિયુક્તિ કરવામાં આવી હતી.

સહકારી કાયદાના અનુભવી હાજીભાઈ દેદાએ સોસાયટી રજિસ્ટર કરવા માટેની કાર્યવાહી સહકારી

કાયદા મુજબ કરી. તમામ મંડળીના નો-ઓબ્જેક્શન સર્ટિફિકેટ (NOC) મેળવ્યા હતા. હાજીભાઈ બ્રુકબૉન્ડની સહકારી પ્રવૃત્તિના ક્ષેત્રે વર્ષોથી કાર્ય કરતા હતા. અને સહકારી આગેવાનોથી પરિચિત હતા. આથી સોસાયટી રજિસ્ટર કરાવવામાં ઘણું આસાન થઈ શક્યું હતું. શરૂઆતમાં હાજીભાઈ ઉપપ્રમુખ હતા. પરંતુ હાલમાં પ્રમુખ તરીકેની જવાબદારી સંભાળે છે. જે આજે સોસાયટી કરોડો રૂપિયાનું ટર્ન ઓવર કરે છે. શરૂઆતમાં ૧૨૭ સભ્યોથી શરૂ કરવામાં આવેલી આજે ૧૩૦૦ જેટલા સભ્યો ધરાવે છે. તેથી મંડળીએ ખૂબ જ પ્રગતિ કરી છે. જામનગર જિલ્લામાં આ સોસાયટી સહકારી ક્ષેત્રે આગળ પડતું નામ ધરાવે છે. તાજેતરમાં જામનગર જિલ્લા ક્ષેત્રે સારી કામગીરી બજાવવા માટે ગુજરાત રાજ્ય સહકારી સંઘના અધ્યક્ષ શ્રી ઘનશ્યામભાઈ અમીનના પત્ર નં. માહિતી/૧૬૯૩/૨૦૧૦-૧૧ તા. ૯-૧૧-૧૦ના પત્રથી હાર્દિક અભિનંદન આપેલ છે. અને ધી પ્રગતિ ક્રેડિટ કો.ઓ.સોસાયટી લી.ને તૃતીય શિલ્ડ અને પ્રશસ્તિપત્ર એનાયત થયેલ છે તેની જાણકારી આપેલ છે. જે લઘુમતિ સમાજ દ્વારા ચલાવવામાં આવતી મંડળીને ખૂબ જ પ્રોત્સાહન પૂરું પાડે છે.

હાજીભાઈના પ્રયત્નોથી સોસાયટીની વેલ્ફેર યોજનાઓ, સભાસદોના કલ્યાણ માટે મૃત્યુસહાય, અને આરોગ્ય સહાય તથા ધિરાણ લેનાર સભાસદ ગુજરી જાય તો તેના વારસદારોને રૂપિયા ૧૦ હજારની સહાય આપવામાં આવે છે. સભાસદોના બાળકોને પ્રોત્સાહક ઈનામો આપવામાં આવે છે. દર વર્ષે ડિવિડન્ડ આપવામાં આવે છે. સોસાયટીનું પોતાની માલિકીનું મકાન છે. તમામ કામકાજ કોમ્પ્યુટરાઈઝ્ડ કરવામાં આવેલ છે.

મુસ્લિમ સમાજમાં મેરેજ બ્યુરોની જરૂર લાગતા રચના કરવામાં આવી છે. જીવનસાથીની પસંદગી અંગે પણ ઓફિસમાંથી કાર્યવાહી થાય છે. આ રીતે જામનગરના આણદાબાવાના આશ્રમ કે જેણે એકીસાથે ૫૦ મુસ્લિમોની નિકાહ પોતાના પટાંગણમાં કરાવી હતી. ૫ હજાર મુસ્લિમોનું જમણવાર કર્યું હતું. હજારો રૂપિયાનો માલ સામાન મુસ્લિમ દુલ્હનોને દીકરી તરીકે કરિયાવરરૂપે ગૃહસ્થી વસાવવા માટે આપ્યો હતો.

ઈ.સ. ૨૦૦૪માં આ સમૂહ શાદીના પ્રસંગને સુખરૂપ પાર પાડવા માટેનો જશ હાજીભાઈ દેદાને તથા પ્રગતિ ક્રેડિટ કો.ઓ.સોસાયટીના ફાળે જાય છે. આણદાબાવાના મહંત શ્રી દેવીપ્રસાદ મહારાજનું ઘણાં વર્ષોનું સ્વપ્ન હતું કે ૫૦ જેટલી મુસ્લિમ દીકરીઓનો શાદીનો પ્રસંગ પોતાના આશ્રમમાં થાય અને હજારો મુસ્લિમો આ પ્રસંગે હાજર રહી પ્રસાદનો લાભ લે. ૫ હજારથી વધારે મુસ્લિમો હાજર રહી બપોરના જમણવારનો લાભ લીધો હતો. આ રીતે મહંતશ્રીનું સ્વપ્ન સાકાર કરવામાં હાજીભાઈનો અમૂલ્ય ફાળો છે. આ રીતે જામનગરમાં હિંદુ મુસ્લિમ એકતાને સુદૃઢ બનાવવા હાજીભાઈની બહુ જ મોટી સેવા છે.

જામનગરના મુસ્લિમ ટ્રસ્ટ દ્વારા ચાલતી રંગુનવાલા હૉસ્પિટલના બાંધકામ માટે શ્રી પ્રણામી ધર્મ નિજાનંદ સંપ્રદાયના વિદેશમાં રહેતા અનુયાયીઓએ ઈન્ડિયા એબ્રોડ (India Abroad) થકી લાખો રૂપિયા દાન ભેટ સ્વરૂપે આપ્યા છે. આથી હૉસ્પિટલ થઈ શકી છે.આમ રંગુનવાલા હૉસ્પિટલ હિંદુ-મુસ્લિમ એકતાનું પ્રતિક છે. આ હૉસ્પિટલનો સંગે બુનિયાદ નાખવામાં હાજીભાઈ દેદાની અથાગ મહેનત છે. સંગે બુનિયાદના પ્રસંગે હિંદુ, મુસ્લિમ, જૈન, ઈસાઈ, શીખ વગેરે તમામ સમાજના લોકો ઉપસ્થિત રહ્યા અને પ્રવચનો કર્યાં. તે માટેની પૂરેપૂરી મહેનત હાજીભાઈ દેદાની છે.

મુસ્લિમોની સમસ્યા અંગે ભારત સરકારશ્રીના વડાપ્રધાનના સચિવાલયે ૯ મી માર્ચ, ૨૦૦૫ના આદેશથી જાહેરનામા દ્વારા જસ્ટિસ શ્રી રાજેન્દ્ર સાચરના વડપણ હેઠળ સાત સદસ્યોવાળી વડાપ્રધાનની ઉચ્ચસ્તરીય (હાઈલેવલ) સમિતિને મુસ્લિમ સમુદાયના સામાજિક, આર્થિક, શૈક્ષણિક સ્થળ અંગે અહેવાલ તૈયાર કરવા માટે રચવામાં આવી હતી.

આ કમિટિ તા. ૭મી ફેબ્રુઆરી, ૨૦૦૬ના રોજ અમદાવાદના શાહી બાગ ગેસ્ટ હાઉસમાં મુસ્લિમોની સમસ્યા અંગે મિટિંગ યોજી હતી. સમગ્ર ગુજરાતના મુસ્લિમ સમુદાયના જુદા-જુદા જિલ્લાના લોકોએ પોતાની

સમસ્યાઓ વર્ણવી હતી. આ પ્રસંગે હાજીભાઈ દેદા તથા અબ્દુલકાદરભાઈ મેતર જામનગર જિલ્લાના મુસ્લિમોની સમસ્યાઓ વિષે લેખિત આવેદનપત્રો તથા મૌખિક પ્રવચનો કરી જસ્ટીસ શ્રી સાચર સાહેબ સમક્ષ રજૂઆત કરી હતી. જેનું ઘણું જ સારું પરિણામ આવ્યું હતું. આ મિટિંગમાં જામનગરના એકમાત્ર મુસ્લિમ આગેવાન હાજર રહેતા હાજીભાઈએ યોગ્ય જગ્યાએ રજૂઆત કરી કોમની સેવા કરી છે. કોમના હંમેશા હંમદર્દ રહ્યા છે.

જામનગરના આગેવાનોને સાચર સમિતિના અહેવાલ વિષે જાણકારી મળી રહે તે માટે આરામ હૉટેલમાં કોમી સદ્ભાવના કમિટિ તથા સંચેતનાના ડૉ. હનીફભાઈ લાકડાવાલાના અધ્યક્ષ સ્થાને પરિસંવાદ યોજવામાં આવ્યો હતો. જેમાં ગુજરાતના જાણીતા સમાજશાસ્ત્રી શ્રી અચ્યુતભાઈ યાજ્ઞિક, પ્રો. પઠાણ, પ્રો. નઝમાબેન અન્સારી, જાણીતા કવિ શ્રી વિજયભાઈ આશરના સાથ સહકારથી સાચર સમિતિના અહેવાલની વિગતવાર માહિતી આપી હતી.

૨૦૦૭ના જામનગરમાં તળાવની પાળ પાસે આવેલ બાલ્કનજી બારીમાં કોમી સદ્ભાવના કમિટિ તરફથી હિન્દુ-મુસ્લિમ આગેવાનોની મિટિંગ યોજી હતી. જેમાં ૪૦ દિવ્ય કુરઆનનું (કુરઆન શરીફનો ગુજરાતી અનુવાદ) વિતરણ હિન્દુ મિત્રોમાં કરવામાં આવ્યું હતું. આ રીતે હાજીભાઈ હિન્દુ-મુસ્લિમ એકતાના પ્રખર હિમાયતી છે.

દેશમાં શાંતિ અને સદ્ભાવના સ્થાપિત થાય અને લોકોમાં રાષ્ટ્રભાવના સુદૃઢ બને તે હેતુસર હાજીભાઈએ જામનગરમાં એક સદ્ભાવના કમિટિ બનાવેલ છે. તેના દ્વારા નવેમ્બર ૨૦૦૮માં હિન્દુ-મુસ્લિમ અગ્રણીઓની વિચાર ગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રણામી ધર્મના સંતશ્રી સુરેન્દ્રજી, ગુજરાતના જાણીતા પત્રકાર શ્રી દિગંતભાઈ ઓઝા, જમાતે ઇસ્લામી હિન્દના ગુજરાતના પ્રમુખ જનાબ મહંમદશફી મદની, ખાસ દિલ્લીથી પધારેલા સૈયદ અમીનુલ્લહનાન, અમદાવાદના પ્રખર વક્તા ડૉ. શકિલ એહમદ, શહેરના જાણીતા ગાયનેકોલોજિસ્ટ ડૉ. કલ્પનાબેન ખંઢેરીયા, થિકીંગ ટુગેધરના શ્રી વિજયભાઈ આશર વગેરેએ સમાજમાં કોમી એકતા જળવાઈ રહે તે માટે જોરદાર પ્રવચનો કર્યાં હતાં. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન હાજીભાઈએ કર્યું હતું.

જામનગરની ભારત-પાકિસ્તાન-બાંગ્લાદેશ સાંસ્કૃતિક સંસ્થા, રોજેદાર બાળકોનો સન્માન સમારંભ, જાણીતા શિક્ષણશાસ્ત્રી ડૉ. દાઉદભાઈ ઘાંચી સાહેબનો સન્માન સમારંભ ગુજરાત બિરાદરીના કાર્યક્રમો કે આઈફી સંસ્થા માટે કાર્યક્રમો યોજવા હોય તો હાજીભાઈ હંમેશા ખડે પગે સેવા આપે છે.

હાજીભાઈએ પોતાના સંપર્કનો લાભ હંમેશા સમાજના લોકો માટે જ કર્યો છે. અમદાવાદની સંચેતના સંસ્થા ફોરમ ફૉર મુસ્લિમ વિમેન ઑફ ગુજરાત કે જેના સહરવરૂ, ઉત્થાન, સફર વગેરે સંસ્થાઓ સાથે સંપર્કમાં રહી જામનગરમાં મુસ્લિમ સમાજના લોકો તથા ખાસ બહેનોનો આર્થિક વિકાસ થાય તે માટેની યોજનાઓ તથા સંસ્થાનો વિકાસ થાય તે માટે હંમેશા પ્રયત્નશીલ રહે છે. આ સંસ્થાના વડા ડૉ. હનીફભાઈ લાકડાવાલા, શીબાબેન જ્યોર્જ, નફીસાબેન બારોટ, સોફીયાખાન ખેરૂન્નીશાબેન પાસ્તા વગેરે સાથે સંપર્કમાં રહી જામનગરની મુસ્લિમ બહેનોનો વિકાસ થાય તે માટે સતત પ્રયત્નશીલ છે.

જામનગરમાં પણ પ્રગતિ મહિલા મંડળની રચના કરવામાં આવી છે. જેના પ્રમુખ તરીકે કુ. રેહાના દિલાવરખાન પઠાણ છે. જે અમદાવાદ તેમજ દિલ્હી પાર્લામેન્ટ હાઉસમાં જઈ બહેનોના વિકાસ માટેની યોગ્ય તકો આપવા રજૂઆત કરી છે.

અમદાવાદથી પ્રકાશિત થતા મુસ્લિમ ટ્રસ્ટ લોકહિત પ્રકાશન 'ગુજરાત ટુડે' વર્તમાન પત્રનો જામનગરમાં વધારેને વધારે પ્રચાર પ્રસાર થાય. તે માટે હાજીભાઈ પ્રથમથી જ કામગીરી બજાવે છે. આ અંગે જામનગરમાં ચાર મોટા કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. આરામ હૉટલ, મનસૂરી, જમાતખાનું, ચેમ્બર હૉલ તથા ઘાંચી જમાતખાનામાં પણ આ સમગ્ર કાર્યક્રમનું આયોજન હાજીભાઈએ કર્યું હતું. જેમાં સ્થાનિક સમાજના આગેવાનો,

'ગુજરાત ટુડે'ના તિરમીઝી બાપુ, અન્ય હોદ્દેદારો ટ્રસ્ટીઓ વગેરે ઉપસ્થિત રહી પોતાની વેલ્ફેર યોજનાઓની વિસ્તૃત માહિતીઓ આપી હતી. અને લોકહિત પ્રકાશનથી સમાજને કેટલો ફાયદો થાય છે તે અંગે વિગતો આપી હતી.

છેલ્લે જોઈએ તો હાજીભાઈએ ૧૯૮૮માં હજ્જ અદા કરી છે. ગરીબીમાં જન્મેલા અને અતિ અલ્પ શિક્ષણ પામેલા હાજીભાઈએ પોતાની બે પુત્રીઓને બી.એ. ગ્રેજ્યુએટ કરાવેલ છે. અને પુત્રને એલ.એલ.બી. ઍડવોકેટ બનાવેલ છે.

નસીબની બલિહારી એ છે કે હાજીભાઈની પ્રથમ પત્ની મરહુમ હવાબેન કે જેઓ પોતાના મા-બાપના એકજ જીવિત સંતાન હતાં. માતા-પિતા તલાલાગીરમાં સુખી ખેડૂત હતાં. તેઓ લાખો રૂપિયાની સ્થાવર-જંગમ મિલ્કત ધરાવતા હતા. તે બધી જ સંપત્તિ મરહુમ હવાબેનના ભાગે આવી અને હવાબેનના પતિ હોવાના નાતે હાજીભાઈને આ બધી સંપત્તિ મળી.

પ્રથમ પત્ની હવાબેનના મૃત્યુ બાદ હાજીભાઈના નસીબમાં બીજી પત્નીનો યોગ લખાયેલ હશે તેના લીધે આફ્રિકાના જામ્બિયા રાજ્યના છિપાટા શહેરમાં વસવાટ કરતા ઓસ્માણ હશન સુંડીની પુત્રી મરીયમબેન એ હાજીભાઈના બીજીવારનાં ધર્મપત્ની બન્યાં છે. તેઓ નેક નમાઝી છે. જોગાનુજોગ આ કુટુંબમાં પણ એક પુત્ર અને એક પુત્રી જ હતાં. બિમારીનાં કારણે પુત્ર શરીફભાઈ જન્નતનશીન થયા. અને મરીયમબેન ફક્ત એક જ જીવિત વારસદાર તરીકે રહ્યાં છે. આમ જિંદગીમાં બે વખત હાજીભાઈને તેઓની ધર્મપત્ની દ્વારા વારસામાં લાખોની મિલકતો મળી છે. પરંતુ આ બંને વારસાનો હાજીભાઈએ સંપૂર્ણ પણે સ્વીકાર કરેલ નથી. ફક્ત વહીવટ ચલાવે છે.

'હાજીભાઈની જીવનગાથા' ગ્રંથમાં જામનગરના શિક્ષણવિદ શ્રી રવીન્દ્ર વૈષ્ણવે તો શિક્ષણનું સંગઠન ઊભું કરવાનો પૂરેપૂરો યશ હાજીભાઈને આપ્યો છે. એ જ રીતે ગુજરાત બિરાદરીના ગાંધીવાદી ડૉ. પ્રફુલ્લભાઈ દવેએ હાજીભાઈની જીવનરીતિ ગાંધીજનોને હરખાવે એવી છે એમ કહ્યું. પ્રો. એ.કે.પઠાણે એના પારદર્શી અને નિખાલસ વ્યવહારનો પરિચય આપી એમની બહુમુખી પ્રતિભાનો આદર કર્યો છે. એ જ રીતે પ્રો. અનિરુદ્ધસિંહ વાઘેલા, સિનીયર ઍડવોકેટ અબ્દુલ્લાહભાઈ સંઘી, અ.કાદરભાઈ મેતર, જાણીતા મજૂર નેતા ઍડવોકેટ માવાણી (રાજકોટ), પૂર્વ શિક્ષણ મંત્રી બળવંતભાઈ મળવર, સંચેતનાના ડૉ. હનીફભાઈ લાકડાવાલા, પ્રો. નઝમાબેન અન્સારીએ હાજીભાઈના પુરુષાર્થની ભૂરિ-ભૂરિ પ્રશંસા કરી છે.

જામનગરના સામાજિક ક્ષેત્રે જનાબ હાજીભાઈ હાસમભાઈ દેદાનું પૂરેપુરું પ્રદાન છે. જેમાં બે મત નથી. આ રીતે તેઓ માનવતાવાદી કાર્ય કરી અન્ય લોકો માટે પ્રેરણારૂપ બન્યા છે.

# માઈગ્રેન

## ડૉ. પ્રણવ શેલત*

કોમલબેનની ઉંમર આશરે ૩૦ વર્ષ છે. તેઓ એક ખાનગી કંપનીમાં જોબ કરે છે. કંપનીના કામકાજમાં સ્ટ્રેસ તથા ઊજાગરાનું પ્રમાણ ઘણું વધારે છે. તથા ક્યારેક ક્યારેક બહારગામ જવાનું પણ થાય છે. જમવાનું પણ બહાર લઈ લેવું પડે. ક્યારેક નાસ્તાથી પણ ચલાવવું પડે.

તેમને છેલ્લા બે વર્ષથી બે-ત્રણ મહિને એક વાર માથાની જમણી બાજુ સજ્જડ લબકારા મારે તેવો દુ:ખાવો થતો. દુ:ખાવો સવારે ઊઠે ત્યારથી જ શરૂ થઈ જતા. તથા ધીમે-ધીમે તેની તીવ્રતા વધતી જતી. સાંજ પડતાં સુધીમાં તો દુ:ખાવો કાબૂ બહાર જતો રહેતો. તેમને સાથે સાથે ઊબકા પણ આવતા. તેઓ અંતે ના છૂટકે માથાના દુ:ખાવાની ગોળી લઈ લેતા જેથી તેમને થોડા વખતમાં રાહત થઈ જતી.

વારંવાર આ પ્રકારનો દુ:ખાવો થતાં તેમણે ડૉક્ટરનો સંપર્ક કર્યો. ડૉક્ટરે તેમના લોહીના રિપૉર્ટ, સી.ટી.સ્કેન તથા અન્ય જરૂરી તપાસ કરાવી. ત્યારબાદ તેના આધારે તેમને માઈગ્રેનની બિમારી છે તેવું નિદાન થયું. તથા તેમની સારવાર શરૂ કરવામાં આવી. તથા દવાથી તેમની તકલીફમાં સુધારો જણાયો.

**માઈગ્રેન શું છે ?**

માઈગ્રેન તે માથાનો સખત દુ:ખાવો છે જે સામાન્ય રીતે માથાની કોઈ એક બાજુએ (જમણી અથવા ડાબી બાજુએ) ધબકારા સાથે થાય છે. કેટલાક દર્દીઓમાં માથાની બંને બાજુએ દુ:ખાવો જોવા મળે છે. થોડા ઘણા દર્દીઓમાં આખું માથું દુ:ખવા માંડે છે.

o માઈગ્રેન કોને થઈ શકે છે ?

★ પુરુષો કરતા સ્ત્રીઓમાં આ બિમારીનું પ્રમાણ વધુ જોવા મળે છે. (૬૦ થી ૭૦ %)

સ્ત્રીમાં : ૪ માંથી ૧ સ્ત્રીને

પુરુષમાં : ૧૦ માંથી ૧ પુરુષને.

★ શરૂઆતમાં બાળપણ કે યુવાનીમાં થાય છે. કેટલાક દર્દીઓમાં પ્રૌઢાવસ્થામાં પણ શરૂઆત થઈ શકે છે.

★ અડધા દર્દીઓ નિષ્ણાત ડૉક્ટર પાસે સારવાર કરાવતા નથી.

★ ભારતમાં માઈગ્રેનનું પ્રમાણ ૫ થી ૭ % છે.

o કારણો

★ મગજમાં સીરોટોનીન નામના રસાયણના ફેરફારને લીધે આ બિમારી થાય છે.

**ઈમોશનલ કારણો :**

o સ્ટ્રેસ

o હતાશા

o ઉત્તેજના, અતિશય ગુસ્સો

---

* જાણીતા સાઈકિયાટ્રીસ્ટ, નરોડા, અમદાવાદ

**શારીરિક કારણો**

- થાક
- અનિદ્રા અથવા ઊંઘમાં ખલેલ
- લાંબી મુસાફરી.

**પર્યાવરણનાં પરિબળો**

- તીવ્ર સૂર્યપ્રકાશ
- ટી.વી, કોમ્પ્યુટર, મોબાઈલ વગેરેની સ્ક્રીનની લાઈટ
- ધુમ્રપાન કે પ્રદૂષિત ધૂમાડાવાળી હવા.
- વાતાવરણમાં પરિવર્તન જેમકે ખૂબ ઠંડુ વાતાવરણ અથવા વધુ પડતું ભેજવાળું વાતાવરણ
- અગરબત્તી, પરફ્યુમ અથવા પેઈન્ટની તીવ્ર વાસ

**ખોરાકનાં પરિબળો**

- અનિયમિત અથવા મોડું ભોજન લેવું.
- દારૂનું સેવન
- ડી હાઈડ્રેશન અથવા પાણી ઓછુ લેવું.
- જંકફૂડ, આથેલો ખોરાક

**વારસાગત કારણો**

**લક્ષણો**

– માથાની એક બાજુ અથવા બંને બાજુ અથવા ક્યારેક આખા માથામાં થતો દુઃખાવો.

– ધબકારા સાથે થતો તીવ્ર દુઃખાવો

– ઊબકા અને / અથવા ઊલ્ટી થવી.

– પ્રકાશ અથવા ઘોંઘાટથી દુઃખાવો વધવો.

– સામાન્યથી તીવ્ર કક્ષાનો દુઃખાવો જે રોજબરોજના કાર્યોમાં અવરોધક બને.

– માથાનો દુઃખાવો ચાલતી વખતે કે અન્ય કોઈ શારીરિક પ્રવૃત્તિ વખતે ખૂબ જ વધી જાય તદ્ઉપરાંત

- જોવામાં પડતી તકલીફ, આંખે ઝાંખુ દેખાવું.
- પગથિયા ચડ-ઊતર કરતી વખતે દુઃખાવો ખૂબ જ વધી જવો.

લગભગ ત્રીજા ભાગના દર્દીઓ ઓરા નામનાં ખાસ લક્ષણો અનુભવે છે.

આ લક્ષણો માઈગ્રેનની શરૂઆત થાય તે પહેલા આશરે ૧૫ થી ૬૦ મિનિટ પહેલાં અનુભવાય છે.

કે જેમાં – આંખમાં લાઈટના ઝબકારાનો અનુભવ થાય છે.

– આંખ આગળ મોજાં કે ઝીગ ઝેગ જેવી લાઈનો કે કાળાં ટપકાં હોવા જેવો અનુભવ થાય છે.

– સોય કે ટાંકણી ભોંકાય તેવો અનુભવ થાય છે.

— ક્યારેક વિમુખતા તથા વાતચીત કરવામાં તકલીફ પડી શકે છે.

— દુ:ખાવો ૪ થી ૭૨ કલાક સુધી રહે છે.

— સૂર્ય આથમે તેમ તેમ દુ:ખાવો ઓછો પણ થઈ જાય છે.

— શરૂઆતમાં ૬ મહિને ૧ વાર આ તકલીફ થાય છે. પણ સમય જતા મહિને ૧ વાર અથવા બે વાર પણ તકલીફ થઈ શકે છે.

**નિદાન**

— આ બિમારીનું નિદાન તેનાં લક્ષણો તથા લાક્ષણિકતાઓ તથા ફેમિલી હિસ્ટ્રી જાણ્યા બાદ કરવામાં આવે છે.

— વધુ ચોકસાઈ મેળવવા સીટીસ્કેન અને એમ.આર.આઈ. પણ કરાવવામાં આવે છે.

— હાલમાં આ બિમારીના નિદાન માટે કોઈ ખાસ ટેસ્ટ ઉપલબ્ધ નથી.

**સારવાર**

આ બિમારી માટે બે પ્રકારની સારવાર ઉપલબ્ધ છે.

૧ તીવ્રતા ઓછી કરવા માટેની સારવાર દવાઓ

- માથાના દુ:ખાવામાં રાહત થાય તે માટેની દવાઓ - ફ્લુનારીઝીન

- અન્ય તકલીફો જેવી કે ઊલ્ટી/ઊબકા રોકવા માટેની દવાઓ

★ બિમારી થતી રોકવા માટેની સારવાર

— નિયમિત જમી લેવું.

— શુધ્ધ સાત્ત્વિક ભોજન લેવું.

— ખૂબ તાપ, ખૂબ ઠંડી કે ભેજવાળા વાતાવરણમાં બહાર ન નીકળવું.

— રાત્રે મોડા ન સૂવું.

— વ્યસનોથી દૂર રહેવું.

— ઉપવાસ કરવા નહીં.

— ખાટાં ફળો ખાવાં નહીં.

(સંતરા, અનાનસ, નારંગી, મોસંબી)

— અવાજ કે ઘોંઘાટથી દૂર રહેવું.

— કૉફી, કોકો, ચોકલેટ, ચીઝ, બટર વગેરે અલ્પ માત્રામાં લેવા.

— સ્ટ્રેસ ઓછો રાખવો.

— રીલેક્સેશન પદ્ધતિનો ઉપયોગ કરવો.

આ બિમારીને લીધે ક્યારેક હાર્ટ એટેક આવવાની શક્યતા વધી જાય છે.

---------------

અજ્ઞાત કવિ શ્રીહીરાચંદની કાવ્યકૃતિ :

# હીરાશૃંગાર

## (પ્રાપ્ત હસ્તપ્રતના આધારે મૂળ કાવ્ય અને તેનું યથાયોગ્ય વિવેચન)

◆

પ્રો. ડૉ. બંસીધર ભટ્ટ (Uni. of Münster)

મારાં પ્રિય પત્ની સ્વ. શ્રી વસુધાદેવીની પુણ્ય સ્મૃતિમાં.

**પ્રસ્તાવના :**

**૧ : હીરાશૃંગાર કાવ્યનો પરિચય :**

(૧) કવિ હીરાચંદે રચેલી હીરાશૃંગાર નામે કાવ્યરચનાની હસ્તપ્રત ''નકલ ૨'' મારાં પત્ની શ્રી વસુધાદેવી પાસેથી મળી આવી છે. તેઓ મને તે ''નકલ નં. ૨'' વારે વારે બતાવીને તે બાબતે કાંઈ પ્રકાશન જેવું કરવા/કરાવવા મને જણાવતાં રહ્યાં, પણ તે તે પ્રસંગે પ્રાચીન પાલી, પ્રાકૃત, સંસ્કૃત શાસ્ત્રગ્રંથોના સંશોધન-પ્રકાશનમાં મારું ધ્યાન પરોવાયેલું રહેવાથી મને તે ''નકલ નં. ૨'' જોવાનો કે વાંચવાનો અવસર ન મળ્યો. પરંતુ મારાં પત્નીના સ્વર્ગસ્થ થયા પછી સને ૨૦૧૩માં તેમની પાસે રહેલી 'હીરાશૃંગાર'ની પ્રત વાંચવાનું મને કુતૂહલ થયું, જેના પરિણામે મારાં બાકીનાં સંશોધનોમાંથી સમય મેળવી, અને અમદાવાદમાં જૂની ગુજરાતીભાષા વિષયક આવશ્યક સંશોધન સામગ્રીના અભાવે પણ, જે કોઈ વાંચેલું કે હાલ વાંચવા મળેલું તેના આધારે આ કાવ્ય પ્રસિદ્ધ કરવા મેં વિચાર્યું; જેથી જૂની ગુજરાતી ભાષાના વિદ્વાનો આ કાવ્યનું પરીક્ષણ કરે અને તેમાં રહી ગયેલા આગત્યના વિષય પર વિવેચન પણ થાય !

હીરાચંદ કવિ અને તેની આ હીરાશૃંગાર કાવ્યકૃતિ વિશે પ્રાથમિક પૂછપરછ કરતાં એમ લાગે છે કે તેનો ઉલ્લેખ ક્યાંય પ્રાપ્ત થઈ શક્યો નથી. જેમ કે તેનો ઉલ્લેખ યોહાનેસ કલાટ્ટે (Johannes Klatt : 1852-1903) પણ કર્યો નથી. લંડન યુનિવર્સિટી (ઇંગ્લેન્ડ)ના Jaina Onomasticon Projectમાં કામ કરતા મારા મિત્ર ડૉ. કોર્નેલીઉસ ક્રયુમ્પલમાન (Dr. Kornelius Krümpelmann) દ્વારા તે વિષે મેં જાણ્યું. આ ઉપરાંત ગુજરાત રિસર્ચ સેંટરનાં ડાયરેક્ટર ડૉ. શ્રી ભારતીબેન શેલતે તથા બી. જે. રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટના એક્ટીંગ ડાયરેક્ટર ડૉ. શ્રી રામજીભાઈ સાવલિયાએ પણ આ વિષે મને જણાવ્યું હતું કે આ કવિ કે તેનું કાવ્ય : બંને અજાણ્યાં છે ! આ રીતે મને મદદરૂપ થવાને લીધે હું તે સૌ માટે ખૂબ આભાર વ્યક્ત કરું છું.

(૨) સૌરાષ્ટ્રના એક નાના ગામ કોલકીમાં વસતા શ્રી હરજીવનરામ ઉદયરામ પંડ્યાએ આ કૃતિની ''નકલ નં.૨'' સંવત ૧૯૩૮ના (=સને ૧૮૮૧ માં) પોષ વદ ૬, મંગળવારે, તૈયાર કરી હતી. શ્રી. હરજીવનરાયજી મારાં પત્નીના દાદા થાય. (એટલે કે, શ્રી હરજીવનરાય ઉદયરામજી પંડ્યા મારાં પત્નીનાં માતાજી શ્રી પ્રસન્નગૌરીબાના પિતાજી થાય. તેઓ પહેલાં સૌરાષ્ટ્રના સુપેડી ગામમાં વસતા હતા.) તેઓ સૌરાષ્ટ્રની ફોજદારી નોકરીમાં જોડાયા હતા અને તે વખતે જાણીતા બહારવટીઆ લોકોને પણ પકડી પાડ્યા હતા. સૌરાષ્ટ્રના જાણીતા કવિ શ્રી ઝવેરચંદ મેઘાણીએ પણ તેમની પ્રશંસા કરી છે. શ્રી. હરજીવનરાયે તેમની પાસે આવેલી કોઈ પુરાણી ''નકલના'' (= ''નકલ ૧'') આધારે આ ''નકલ નં. ૨'' તૈયાર કરી હતી. તે પુરાણી ''નકલ-૧'' મૂળ કવિ હીરાચંદની હશે કે કોઈ અન્યની હશે તે સ્પષ્ટ થતું નથી. તે કાવ્યમાં જ દર્શાવ્યા

મુજબ મૂળ કવિ હીરાચંદે આ હીરાશૃંગાર કાવ્ય સંવત્ ૧૯૧૧ (=સને ૧૮૫૪)ના સમયમાં અમદાવાદમાં રચ્યું. (સરખાવો : ''સંવત શશિ શશિ અંક શશિ'' - III ઉપસંહાર પદ ૧). I, II, III આ કાવ્યરચનાના ત્રણ વિભાગ સૂચવે છે (જુઓ આગળ ઉપર).

(૩) કવિ શ્રી. હીરાચંદનું કુટુંબ મોરબી ગામમાં વસ્યું હતું. તેમના પિતાનું નામ કાનજી, જે જૈનધર્મમાં શ્રદ્ધા રાખતા, પરંતુ હીરાચંદ વૈષ્ણવ હતા. મોરબી ગામમાં વસતા કોઈ વણિક (''બનિયા'') વેપારી શ્રીમાળી શાહનો આ કવિ ઉલ્લેખ કરે છે, પણ આ વેપારી સાથે હીરાચંદ કવિના કુટુંબનો શો સંબંધ હશે તે સ્પષ્ટ થતું નથી. (જુઓ : III - ઉપસંહાર ૧-૬) કદાચ, હીરાચંદ કવિ અને તેમનું કુટુંબ બ્રાહ્મણ ન હોય પણ વૈષ્ણવ વેપારી તરીકે મોરબીમાં વસ્યું હોય. આ કાવ્યમાં કવિ પોતે તેમનું નામ **"હીરા"** જણાવે છે (જુઓ : I - ૧, III ઉપસંહાર. ૧-૬), તો કોઈવાર **"હીરાચંદ"** જણાવે છે (જુઓ : III - [ઉપસંહાર] ૬, અને આ કાવ્યની ''ઇતિશ્રી) તો કોઈવાર તેમના નામનો ઉપનામ **"વજૂ"** હોય એવો ઉલ્લેખ કરે છે (જુઓ : I-૧૭ અનેતેમાં ''શબ્દાર્થ'' નં. ૨૯ : વજૂ ''હીરો કવિ''. તથા III [ઉપસંહાર] ''સ્ત્રીસંગ દૂષણ'' : સાતમી પંક્તિ).

કવિએ તેમનું ઉપનામ ''વજૂ'' કેમ પસંદ કર્યું હશે તે વિષે કાંઈ સૂચન કરી શકાય. ''વજૂ'' અને ''હીરો'' (diamond) બંને સખત મજબૂત વસ્તુઓ ગણાય છે. હીરાચંદ કવિનું મન હરિભક્તિમાં સતત લીન અને મક્કમ રહ્યું હતું. જ્યાં સ્ત્રીઓની સાથેના સંગ અને આધ્યાત્મિક ધ્યાન બંનેની એક સાથે કટોકટી સરજાય છે; ત્યાં કવિએ તેમનો ''વજૂ'' ઉપનામથી નિર્દેશ કર્યો છે જેમકે : ''સ્ત્રીઓ એ એક જાતની વિધિએ બનાવેલી ફાંસી છે.... વગેરે'' (જુઓ I-૧૭ **"બિધના બનાઈ ફાંસિ..."**) અહીં **"વજૂ"** ઉપનામનો નિર્દેશ છે; અને કવિ તેમની જાતને ''લોલુપ માનસિક સ્થિતિને'' મીઠો ઠપકો આપે છે કે ''તેં, આગળથી – ''સ્ત્રીનો સંગ ફાંસી છે'' એ બાબતે પૂરો વિચાર કેમ ન કર્યો ?... વગેરે'' (જુઓ III [ઉપસંહાર] [૦.૧] **''વજૂ કહે બાર બાર આગે તે ન ક્યોં બીચાર...''**), અહીં પણ કવિએ તેમનું ''વજૂ'' ઉપનામ સૂચવ્યું છે ! ઇંદ્ર જેમ વજ્રથી શત્રુનો સંહાર કરે એ રીતે આ કવિનું હરિભક્તિમાં લીન મક્કમ મન - વજૂ - સ્ત્રીલોલુપ માનસિક નબળાઈથી રક્ષા કરે છે (?).

(૪) કવિ હીરાચંદ તો અમદાવાદમાં રહેતા હતા અને આ કાવ્યની રચના પણ તેમણે અમદાવાદમાં કરી હતી. (જુઓ : III - ઉપસંહાર. ૧-૨); આ કાવ્યરચના કરવા માટે તેમણે પિંગલ-શાસ્ત્રનો અભ્યાસ કર્યો હોય એવું લાગે છે (જુઓ : I-૧), આમ છતાં તેઓનું મન સતત હરિભક્તિમાં જ આનંદ અનુભવતું હતું, આ કાવ્યરચના તો તેમના મનનો એક તરંગમાત્ર હતી (જુઓ : III - ઉપસંહાર ૩-૪). આ કાવ્યના મંગલાચરણમાં (જુઓ : I-૧) પણ કવિની કૃષ્ણભક્તિ જણાઈ આવે છે. આ હીરાશૃંગાર કાવ્યના કુલ ત્રણ વિભાગ છે, દરેક વિભાગ માટે કવિએ ''ભૂષણ'' શબ્દ યોજ્યો છે; જેમકે ''પ્રથમ ભૂષણ'', ''દ્વિતીય ભૂષણ'' અને ''તૃતીય ભૂષણ''. તે વિભાગોને અમે I, II, III જેવા ક્રમથી દર્શાવ્યા છે. પ્રસ્તુત કાવ્યકૃતિના આધારે અમે તૈયાર કરેલી તેના વિષયની ''અનુક્રમણિકા''માં આ ત્રણેય ભૂષણોમાં આવતાં વર્ણનોમાં કઈ કઈ સ્ત્રીઓનાં વર્ણન છે તેની સ્પષ્ટતા અમે કોઈ વાર શક્ય ત્યાં ચોરસ કૌંસમાં કરી છે. (જુઓ ફકરો ૨૧); મૂળ કાવ્યની શરૂઆતમાં).

(૫) આ કાવ્યની ''ઇતિશ્રી'' પછી આવતી નોંધ મુજબ આ કાવ્યની પુરાણી નકલના (=હસ્તપ્રત; પ્રત; ''નકલ ૧'') આધારે કોલકી ગામમાં વસતા શ્રી હરજીવનરાયે હાલ મળી આવતી નકલ (= હસ્તપ્રત;પ્રત; ''નકલ ૨'') સંવત્ ૧૯૩૮ માં (=સને ૧૮૮૧ માં) તૈયાર કરી. આમ આ કાવ્યરચના પછી ૨૭ વર્ષે ''નકલ ૨'' અસ્તિત્વમાં આવી એ સ્પષ્ટ થાય છે. આટલા, ૨૭ વર્ષના, ગાળામાં કવિ હીરાચંદ સિવાય બીજી અન્ય

વ્યક્તિએ નકલ તૈયાર કરી હોય એવું ભાગ્યે જ બને, પણ આગળ ઉપર આવતી ''નકલ ૧'' વિષેની વિસ્તૃત ચર્ચાના આધારે કાંઈ સ્પષ્ટ ઉલ્લેખ થઈ શકે કે કવિ સિવાય કોઈ અન્ય વ્યક્તિએ આ કાવ્યરચનાની ''નકલ ૧'' તૈયાર કરી હોય. પરંતુ આ બાબતે વધારે સ્પષ્ટતા તો ''નકલ ૧''ની પ્રાપ્તિ થયા પછી જ થઈ શકે.

(૬) ''નકલ ૨''માં ઠેકઠેકાણે આ કાવ્યના કેટલાક શબ્દોના અર્થ (= હવે પછીથી ''શબ્દાર્થ'')[૧] તે કાવ્યની અંદર જ દર્શાવવામાં આવ્યા છે. આ ઉપરાંત, આ કાવ્યરચના સંપૂર્ણ થયા પછી પણ આ જ ''નકલ ૨''માં અકારાદિ ક્રમે પણ એક ''શબ્દકોશ'' આપવામાં આવ્યો છે; તેનું શીર્ષક : ''कठीन शब्दोका कोश'' (= હવેથી ''શબ્દકોશ'') આપવામાં આવ્યું છે. અહીં પણ શીર્ષક હિંદી-ભાષામાં છે; જ્યારે શબ્દોના અર્થ ગુજરાતી ભાષામાં છે. અમે અહીં સૌ પ્રથમ ''શબ્દાર્થ'' વિષે વિવરણ કરીશું અને આવશ્યકતા પ્રમાણે ''શબ્દકોશ'' વિષે પણ કાંઈ ઉલ્લેખ કરીશું. (જુઓ ફકરો ૧૯)

(૭) આ કાવ્યના દરેક વિભાગમાં આવતાં પદોનાં કેટલાંક એકમોમાં કવિએ યોજેલા કેટલાક શબ્દોના અર્થ ''નકલ ૨''માં તે એકમ પૂરું થતાં જ તે એકમની નીચે દર્શાવવામાં આવ્યા છે. આવા શબ્દોના દર્શાવેલા અર્થ માટે અમે ''શબ્દાર્થ'' જેવી સંજ્ઞાનો પ્રયોગ કર્યો છે. કાવ્યના જે એકમમાં યોજેલાં જે શબ્દોના અર્થ દર્શાવવાના હોય તે શબ્દો ઉપર અનુક્રમે અંક લખવામાં આવ્યા છે, અને તે એકમ પૂરું થતાં તેની નીચે અનુક્રમે અંક લખીને કાવ્યના તે અંકવાળા શબ્દના ફક્ત અર્થ આપવામાં આવ્યા છે; જેમકે I-૧૪માં ''કુરંગ[૨], મતંગ[૪]'' કાવ્યમાં આવતા આ બંને શબ્દોના અર્થ I-૧૪નું એકમ પૂરું થયા પછી ત્યાં જ – તે એકમની નીચે – ''૨. હરણ, ------ ૪. હાથી -----''. આ રીતે I-૧૪ એકમમાં ૧-૧૬ શબ્દો પસંદ કરી તેના અર્થ તે તે શબ્દોનો ૧ થી ૧૬ સુધીની સંખ્યાનો ક્રમ જળવાય એ રીતે અર્થ આપવામાં આવ્યા છે. આવા અંક અને તેના અર્થ અમે ચોરસ કૌંસમાં દર્શાવ્યા છે, કોઈવાર એક પછી એક આવતાં એવાં બે કે ત્રણ એકમોના ''શબ્દાર્થ'' બીજું કે ત્રીજું એકમ પુરું થતાં તેની નીચે દર્શાવ્યા છે. ''નકલ ૨''માં એકમોના અંક છંદવાર અથવા તે તે એકમોના કોઈવાર દર્શાવેલા વિષયવાર આપવામાં આવ્યા નથી. અમે ''નકલ ૨''માં દર્શાવેલા અંકોને અનુસરીને અહીં એકમના અંકોની ગણતરી કરી છે. તેમાં કોઈવાર એક જ છંદમાં એક કરતાં વધારે એકમો પણ આવે છે જેમકે દોહા : I. ૨-૧૧, કવિત I-૧૪-૨૨ : જેથી તેવા ''શબ્દાર્થ'' કાવ્યના એકમોથી જુદા તરી આવે. આવા ચોરસ કૌંસમાં અંકોની આગળ કોઈવાર લખેલી ''નં.'' સંજ્ઞા ''નંબર'' (અંગ્રેજી ) સૂચવે છે, તે સંજ્ઞા યોજી છે; પણ તે ''નકલ ૨''માં આવતી નથી.

(૮) ''શબ્દાર્થ''માં યોજેલી ગુજરાતી ભાષા સામાન્ય રીતે આધુનિક જણાય છે, આ કાવ્યરચનાની ''ઇતિશ્રી'' પછી ''નકલ ૨''ના નકલકાર શ્રી હરજીવનરાયે પોતાની નોંધમાં યોજેલી ગુજરાતી ભાષા (જુઓ નોંધ. ''---नकल उपरथी नकल उतारी छे. मुकाम कोलकी. जे वांचे तेने न्मस्कार [=नमस्कार].....'') સાથે ''શબ્દાર્થ''ની ગુજરાતી ભાષા તપાસતાં એમ સ્પષ્ટ થાય છે કે ''શબ્દાર્થ''ની ગુજરાતી ભાષા પણ આધુનિક

---

૧. આવા ''શબ્દાર્થ'' માટે જુઓ :

I. ૧ [નં. ૧-૪], I. ૧૨ [નં. ૧-૬], I. ૧૪ [નં. ૧-૧૬], I. ૧૫-૧૭ [નં. ૧-૨૯], I. ૧૮-૨૨ [નં. ૧-૪૬], I. આગળ [૧૬.૧] [નં. ૧-૮], I. [૧૭.૧] [નં. ૧-૧૫] (I. માં કુલ ૧૨૪).

II. ૧ [નં. ૧-૪], II. ૩ [નં. ૧-૪], II. ૪ [નં. ૧-૬], II. ૫ [નં. ૧-૫], II. ૧૧-૧૨ [નં. ૧-૪], II. ૧૬.૧ [નં. ૧-૩], II. ૧૭.૨ [નં. ૧-૭], II. ૨૨ [નં. ૧-૩], II. ૨૬ [નં. ૧-૧૩]. (II. માં કુલ ૪૯)

III. ૮ [નં. ૧-૧૧], III. ૯ [નં. ૧-૮], III. ૧૧-૧૨ [નં. ૧-૭], (III. માં કુલ ૨૬)

આ ત્રણે વિભાગોમાં કુલ ૧૯૯ કાવ્ય-શબ્દોના અર્થ ''નકલ ૨''માં દર્શાવ્યા છે.

જ છે[૨]. પરંતુ સને ૧૮૪૪માં જ, એટલે કે ફક્ત ૨૭ વર્ષ પહેલાં જ રચાયેલા મૂળ કાવ્યની ''ગુજરાતી'' ભાષા અને સને ૧૮૮૧ની અથવા તો ''શબ્દાર્થ''ની આધુનિક ગુજરાતી ભાષા; બંને ભાષા વચ્ચે ઘણો ભેદ તરી આવે છે.

આધુનિક ગુજરાતી ભાષાના છઠ્ઠી વિભક્તિના -નો (નરજાતિ), -ની (નારીજાતિ), -નું (નાન્યતરજાતિ) જેવા પ્રત્યયો તથા સંબંધક ભૂતકૃદંત માટે વપરાતાં ક્રિયાપદોનાં રૂપ (જુઓ : દા.ત. ''છેટે જઈને'', ''બગાસું ખાઈને'', ''ટકાવીને'', ''બચાવીને'' વગેરે ઉપરાંત આ ''નકલ ૨''માં શ્રીહરજીવનરાયની નોંધમાં પણ - ''....ઉતારી છે... વગેરે) કાવ્યની મૂળ ભાષામાં પ્રાપ્ત થતાં નથી. એ સિવાય પણ સામાન્ય રીતે જોતાં કાવ્યની ભાષા આધુનિક ગુજરાતીથી ભિન્ન તરી આવે છે; તે આધુનિક ગુજરાતી તો નથી જ. સાથે એ પણ સ્પષ્ટ થાય છે કે. સને ૧૮૪૪માં જ રચાયેલા આ કાવ્યની ભાષા, તે જ અરસાના નકલકારને પણ તે કઠીન - ન સમજાય એવી અસામાન્ય-લાગી હોય તેથી તે કાવ્યના એવા કેટલાક શબ્દોના અર્થ આપવાની (''શબ્દાર્થ''ની) એ નકલકારને પણ આવશ્યકતા જણાઈ હોય ! આવાં કારણોને લીધે એમ ભાસે છે કે કવિ હીરાચંદે કોઈ અન્ય પ્રાચીન કૃતિનું અનુકરણ તો કદાચ ન કર્યું હોય, પણ હીરાચંદનું કુટુંબ ગુજરાતમાં આવી વસ્યું તેની પહેલાં તે કુટુંબ ગુજરાત પ્રદેશની ઉત્તરની સરહદે આવેલા રાજસ્થાન-બનાસકાંઠા જેવા વિસ્તારમાં વસતું હોય અને આ કાવ્યરચનાના અરસામાં જ, એટલે કે, લગભગ સને ૧૮૪૦-૧૮૪૪ના અરસામાં જ વેપાર અર્થે કે કોઈ અન્ય કારણે ગુજરાત-સૌરાષ્ટ્રના મોરબી શહેરમાં સ્થળાંતર થયું હોય, પણ કવિ હીરાચંદ તો તે પછી એકલા કાંઈ અંગત કારણે અમદાવાદ આવી વસ્યા હોય. અથવા તો તેમનાં કેટલાંક કુટુંબીજનો વહેલાં આવીને મોરબીમાં વસ્યાં હોય અને કવિ હીરાચંદ ત્યાર પછી સને ૧૮૪૦-૧૮૪૪ના અરસામાં મોરબીમાં આવી અને ત્યાંથી અમદાવાદ જઈને વસ્યા હોય; આ સમયે કદાચ કવિ પોતે ૩૦-૪૦ વર્ષના હોય અને તેમનો જન્મ સને ૧૮૦૦ની આસપાસ રાજસ્થાન-ગુજરાતની સરહદે આવેલા કોઈ પ્રદેશમાં થયો હોય. આ કારણે સને ૧૮૪૦-૧૮૮૦ ના અરસામાં ગુજરાત પ્રદેશની પ્રચલિત કે વિકસિત ગુજરાતી ભાષા કરતાં તેમના આ કાવ્યની ભાષા અર્ધ-વિકસિત ગુજરાતી જેવી હિંદી-પ્રચુર શબ્દોવાળી લાગે છે, અને તેમાં ઉપર નિર્દેશ કર્યો છે તે પ્રમાણેના આધુનિક ગુજરાતી ભાષાના પ્રત્યયો, ક્રિયાપદોનાં રૂપ, વગેરે મળી આવતાં નથી. આથી એ તો સ્પષ્ટ થાય છે કે કવિ હીરાચંદે જાતે તો ''શબ્દાર્થ'' (કે ''શબ્દકોશ'') ન જ દર્શાવ્યા હોય. તે માટે કવિને જવાબદાર ન ગણી શકાય.

(૧૦) તો પછી એ ''શબ્દાર્થ'' (કે ''શબ્દકોશ'') દર્શાવનાર નકલકાર શ્રી. હરજીવનરાય પોતે હશે કે તેમની પહેલાંના ''નકલ ૧''ના કોઈ અન્ય નકલકાર ? એક ખાસ ધ્યાનમાં લેવા જેવી હકીકત લાગે છે : ''શબ્દાર્થ''માં આવતા કુલ ૧૯૯ અર્થ (જુઓ પાદટીપ-૧) જે રીતે ''નકલ ૨''માં મળી આવે છે તે અમે

---

૨. (૧) દા.ત. જુઓ ''શબ્દાર્થ''માં આપેલા કેટલાક અર્થ અહીં નીચે અમે '' '' (આવા અવતરણમાં) દર્શાવ્યા છે; જેમકે, ''બકરાના ગળાના આંચળ'' I. ૧ માં [નં. ૧]; ''લાકડુ'', ''વાંદરો'' ; I. ૧૪માં [નં. ૩,૮] ''બપોરી ઝાડનું મુલ'', ''ભમરો'' I..૧૭માં [નં. ૧૯, ૨૨]; ''દાંતના આંકા', ''સૂર્ય જેવી'' I..૨૨માં [નં. ૩૭,૪૦]; ''આંખનું મટકું'' I..૧૬.૧માં [નં. ૮]; ''રમનારી'' II.૩માં [નં. ૪]; ''છેટે જઈને'' II.૨૬માં [નં. ૧૦]; ''નેત્રના હીચક'' III.૯માં [નં. ૮]; ''ચોમાસામાં થતો જીવડો'' III.૧૧-૧૨માં [નં. ૪]; વગેરે. તેવી રીતે ''શબ્દકોશ''માં : જેમકે :
અમરાઈ = ''આંબાનું વન''. આચરૂ = ''લુગડાનો છેડો''. ઘુઘરી = ''ઘાઘરાની નાડી''. જંભાઈ = ''બગાસું ખાઈને''. ટિકાઈ = ''ટકાવીને''. બચાઈ = ''બચાવીને''. બલાઈ/બલૈયા = ''મીઠડાં લે છે તે''. સતરાતિ = ''ઈર્ષા કરીને''. વગેરે.

ઉપર ફકરા નં. (૭)માં દર્શાવ્યું છે, કે કાવ્યમાં આવતા જે શબ્દોના અર્થ ''શબ્દાર્થ''માં દર્શાવવાના હોય તે શબ્દો ઉપર અનુક્રમે અંક આપવામાં આવ્યા હોય છે. પરંતુ શ્રી હરજીવનરાય આવા કેટલાક શબ્દો ઉપર અંક લખવાનું ભૂલી ગયા હોય એમ લાગે છે. આવા કુલ ૮ શબ્દો છે (જુઓ ટેબલ : ૧). છતાં પણ શ્રી. હરજીવનરાયે તેવા ૮ શબ્દોના અર્થ તો તે તે ''શબ્દાર્થ''માં ક્રમ મુજબ દર્શાવ્યા જ છે. આથી એમ કલ્પી શકાય કે શ્રી. હરજીવનરાય પાસેની કોઈ ''નકલ ૧''માં આપેલા ''શબ્દાર્થ''માં જે રીતે શબ્દોના અર્થ ક્રમ મુજબ અંક સહિત દર્શાવ્યા હશે તે જોઈ જોઈને જ શ્રી. હરજીવનરાયે ''નકલ ૨''માં તે લખી દીધા હોય. એમાં પછી મૂળ અંકવાળા શબ્દે શબ્દ જોવા તપાસવા જેવી ચોક્સાઈ તેમણે કરી નથી. આ કારણે ''નકલ ૨''માં મળી આવતાં ''શબ્દાર્થ''ના કુલ ૮ શબ્દો ઉપર અંક નહીં દર્શાવવાની ભૂલ શ્રી. હરજીવનરાયની પોતાની છે. પરંતુ ''નકલ ૧''માં તો ''શબ્દાર્થ'' માટેના દરેક શબ્દ ઉપર અંક દર્શાવ્યા હોવા જોઈએ.

(૧૧) આ કાવ્ય-એકમોના કુલ ૧૯૯ શબ્દોના અર્થ માટે ''શબ્દાર્થ'' જેવી યોજના કરવાનો નવીન વિચાર જો માત્ર શ્રી. હરજીવનરાયને જ સ્ફુર્યો હોય તો તેમણે ઉપર ફકરા નં. (૧૦)માં જણાવ્યું છે તેવી ભૂલ ન કરી હોત. કારણ કે તેમાં તો ''શબ્દાર્થ''માં અંક સાથે (શબ્દોના) અર્થ દર્શાવતી વખતે કાવ્યમાં આવેલા તે તે અંકવાળા શબ્દો જોવાની અને ચકસવાની જરૂર પડી હોત.

આ રીતે નીચે આપેલા ટેબલ ૧માં દર્શાવ્યા મુજબ ''નકલ ૨''ના ''શબ્દાર્થ'' માટેના કુલ ૮ શબ્દો ઉપર અંક નહીં લખવાની ભૂલ સર્જાઈ જ ન હોત; પણ તેવા દરેક શબ્દ ઉપર અંક દર્શાવ્યો છે કે નહીં તેવી ચોક્સાઈ શ્રી. હરજીવનરાયે પોતાની ''નકલ ૨''માં ''શબ્દાર્થ'' દર્શાવતી વખતે જરૂર રાખી હોત.

**ટેબલ ૧ : ''નકલ ૨''ના ''શબ્દાર્થ''ના કુલ અંક અને ભુલાયેલા અંકવાળા શબ્દોના અંક સાથે અર્થ; વગેરે વિષે વિસ્તૃત વિચરણ.**

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| કાવ્ય : વિભાગ-એકમ | ''શબ્દાર્થ''માં કુલ અંક | ભુલાયેલા અંકવાળા શબ્દોના ''શબ્દાર્થ''માં અંક = અર્થ | તેવા ''અંક=અર્થના'' સૂચિત આધાર થતા ભૂલાયેલા અંકવાળા શબ્દ | કુલ ભૂલાયેલા અંક |
| I. ૧૨ | [૧-૬] | [૫ = ''ઘોડા''] | (નક્કી કરવું મુશ્કેલ) | ૧ |
| I.૧૮-૨૨ | [૧-૪૩] | [૧ = ''સૂચના''<br>૨૩ = ''માળ'',<br>૨૪ = ''ભીજાએલા''] | (નક્કી કરવું મુશ્કેલ) | ૩ |
| I. ૧૬.૧ | [૧-૮] | [૪ = 'કામદેવ''] | . મનોજ[૪] | ૧ |
| II. ૪ | [૧-૬] | [૧ = ''મુખ્ય''<br>૩ = ''અણીઆળી''] | આગરી[૧] (?)<br>અનિઆરી[૩] | ૨ |
| II. ૨૬ | [૧-૧૩] | [૯ = ''લપટી''] | ૨૫ ટી[૯] (?) | ૧ |

ઉપરના ટેબલ ૧ માં ખાના નં. ૫ કુલ ભુલાયેલા અંકની અથવા અંકવાળા શબ્દોની કુલ સંખ્યા દર્શાવે છે. તે બધા મળીને આખા કાવ્યમાં કુલ ૮ શબ્દો પર અંક લખવાનું શ્રી હરજીવનરાય ભૂલી ગયા લાગે છે. વળી, કયા શબ્દ ઉપર અંક લખવાનું ભુલાઈ ગયું છે તે ''શબ્દાર્થ''માં જણાવેલા અંક સાથેના અર્થના (જુઓ

ટેબલ ૧. ખાનું ૩) આધારે નક્કી કરી શકાય. જ્યાં એમને એવા શબ્દો પ્રાપ્ત થઈ શક્યા તે અમે ટેબલના ખાના. ૪માં જણાવ્યા છે, પણ ખાસ I.૧૨ અને ૧૮-૨૨ માં ભુલાયેલા અંકવાળા શબ્દો કયા હશે તે અમે નક્કી કરી શક્યા નથી. વળી II.૪માં ૧=''મુખ્ય'' (જુઓ ટેબલ ૧ ખાનું ૩)માટે આગરી[૧]-શબ્દ વિષે શંકા હોવાથી ત્યાં અમે શંકા દર્શાવવા આવું (?) ચિહ્ન મૂક્યું છે તે રીતે II.૨૬ના ૨૫ ટી-(શબ્દ માટે પણ જાણવું. એમ લાગે છે કે આગરી[૧]-શબ્દ કદાચ अग्र જેવા સંસ્કૃત શબ્દ ઉપરથી યોજાયો હોય, જેનો અર્થ ''આગળ પડતું'', ''મુખ્ય'' થઈ શકે. (જુઓ ટેબલ ૧માં II.૪). તે રીતે II.૨૬માં ૨૫ ટી[૯]-શબ્દ કદાચ [-''લપટી''] માટે યોજાયો હોય. ૨૫ ટી શબ્દ ''નકલ ૨''માં જણાવ્યા પ્રમાણે અમે આલેખ્યો છે; મૂળમાં તે ૨પટી હશે કે ૨૫ ટી તે નક્કી કરવું મુશ્કેલ છે. આ બધી બાબતો ઉપર સ્પષ્ટતા તો ત્યારે થઈ શકે કે જ્યારે આપણને ''નકલ ૧'' પ્રાપ્ત થાય !

(૧૨) કવિ હીરાચંદની ભાષા તેમના આ કાવ્યમાં વ્યક્ત થતી જૂની ગુજરાતી ભાષા હોય એ વિષે અમે ઉપર ફકરા નં. (૯)માં પ્રાસંગિક રીતે કાંઈ ઉલ્લેખ કર્યો છે; કે તેમની જૂની ગુજરાતી હિંદી-પ્રચુર છે. વળી, તેમણે આ કાવ્યમાં યોજેલા કેટલાક શબ્દો સામાન્ય ગુજરાતી-ભાષી માટે તો તદ્દન અજ્ઞાત છે, તેવા શબ્દો અને વાક્ય રચના વગેરે વ્યુત્પત્તિ-પૂર્વક સમજવા-સમજાવવાનું કાર્ય કદાચ જૂની ગુજરાતી ભાષા-વિજ્ઞાનના વિદ્વાનને પણ કપરું થઈ પડે એવું અટપટું છે. જૂની ગૂજરાતી-ભાષા-વિજ્ઞાનમાં અમારો અભ્યાસ એવો-એટલો નથી કે આ કાવ્યનું અમે તે રીતે વિવરણ કરી શકીએ. તેથી ઉપર ફકરા નં. ૧માં શરૂઆતમાં જ અમે આ કાવ્ય સમજવા-સમજાવવા જૂની ગુજરાતી ભાષા-વિજ્ઞાનના વિદ્વાન-વર્ગ સમક્ષ રજૂ કરવાનું નિવેદન કર્યું છે; પણ એ કાવ્યનું જરૂરી પૃથક્કરણ-વિવરણ અમે રજૂ કરીએ છીએ.

કવિ હીરાચંદની આ કાવ્યની ભાષા જોતાં અને આ કાવ્યમાં જ I.૧૨ = પંક્તિ ૨ : ''.....સુખ[૪]માં સૌ એકમેક'' કાંઈ વિચિત્ર ભાસે છે. આ પંક્તિમાં આધુનિક ગુજરાતી ભાષાના સાતમી વિભક્તિ માટે-માં પ્રત્યય અને ગુજરાતી ''સૌ'' શબ્દ ''બધા''ના અર્થમાં યોજાયા લાગે છે –

પરંતુ હીરાચંદ કવિના આ કાવ્યમાં તો સાતમી વિભક્તિ માટે હિન્દી ભાષાનો - મેં પ્રત્યય જ સર્વત્ર જોવા મળે છે; જેમકે ''બૈરાગન મેં...'', ''ભોગ હિ મેં...'' (I.૩), ''તા મેં'' (I.૭), ''ઝેલન મેં'', ''તેલન મેં...'' (II.૧૭-૨), ''અમદાવાદ મેં (III.ઉપસંહાર ૨); વગેરે. તે પ્રમાણે હિંદી શબ્દ ''સબ'' પણ સર્વત્ર યોજાયો છે (જુઓ : I.૩,૬; II.૨, ૬). સૌ શબ્દ ક્યાંય જોવાં મળતો નથી. III.૬માં ''સવ્વ''ના અર્થમાં ''સારી'' (= સંપૂર્ણ, પૂરેપુરું) - શબ્દ પ્રયોગ જોવા મળે છે, જેમકે : ''સારી લેંગી'' (III.૬) ''સાડી''ના અર્થમાં યોજાયેલા હિંદી ''સારી'' શબ્દથી (જુઓ II.૭; III.૮ ?) જુદો તરી આવે છે. વળી I.૧૧ માં પ્રયોજાયેલા ''સિગરો પૃથ્વી''... જેવા શબ્દમાં પણ ''સિગરો'' શબ્દ કદાચ ''સઘળો'', ''સંપૂર્ણ'', ''આખી'' જેવો અર્થ સૂચવે છે.

અમને એમ લાગે છે કે મૂળ આ કાવ્યમાં ''સો'' શબ્દ ગુજરાતી : ''તે'', ''તેઓ'', ''જેવા'' અર્થમાં યોજાયો હોય; જેમકે ''સો પ્રભુને'' (I.૨), ''સો નાઈકા'' (I.૬), વગેરે; પરંતુ કદાચ ''નકલ ૨''ના નકલકાર શ્રી હરજીવનરાયજીની જ એ લખવામાં ભૂલ થઈ હોય; અને ''સો'' ને બદલે ''સૌ'' અને એ રીતે ભૂલથી **''સુખ મેં''**ને બદલે ''સુખમાં'' આલેખ્યા હોય.

આ ઉપરાંત અહીં ઉપર નિર્દેશેલી પંક્તિના ''સુખ'' શબ્દ ઉપર અંક ૪ દર્શાવી (=''સુખ[૪]'') તે શબ્દનો અર્થ ''શબ્દાર્થ''માં [૪ = ''કાંતિ''] દર્શાવ્યો છે; તે બાબત પણ કંઈ શંકાસ્પદ લાગે છે. આ આખી પંક્તિ ચકાસીને જોઈએ તો એમ લાગે છે કે [૪ = ''કાંતિ''] [૪ = ''કાંતિ''] ''શબ્દાર્થ'' મૂળે ''જોતિ ૪'' (જ્યોતિ ?) માટે દર્શાવ્યો હોય; જેમકે :

"શ્રુતિ[3] મોતિ જોતિ મુખ સુખ[4]માં સૌ એકમેક" (I.૧૨)

"શબ્દાર્થ" (૩ : કાન, ૪ : કાંતિ) –

ઉપર અમે જે સૂચન કર્યું છે તે મુજબ જો મૂળ કાવ્યમાં કે "નકલ ૧"માં પાઠ હોય તો; તે નીચે જણાવ્યા પ્રમાણે હોઈ શકે; જેમકે.

"શ્રુતિ[3] મોતિ જોતિ[4] મુખ સુખ મેં સો એકમેક"

આનો અર્થ કરવાનું કાર્ય અમે જૂની ગુજરાતી ભાષાવિદ્ ઉપર છોડી દઈએ છીએ, (**"મોતિ"** શબ્દ અહીં **"મૌક્તિક"**ના અર્થમાં કે કોઈ ઈતર અર્થે યોજાયો છે તે નિશ્ચિત થઈ શકતું નથી.)

જ્યારે મૂળ કાવ્ય અને/અથવા "નકલ ૧" પ્રાપ્ત થાય ત્યારે જ આવી બધી બાબતો વધારે પ્રકાશમાં આવી શકે.

(૧૩) વળી, આ કાવ્યમાં કેટલાક શબ્દો સંસ્કૃત ભાષામાંથી લીધા હોય એવું લાગે છે[3]; આ ઉપરથી એમ પણ કલ્પી શકાય કે હીરાચંદ કવિને સંસ્કૃતભાષાનો પૂરો અભ્યાસ તો કદાચ ન હોય; પણ સંસ્કૃત ભાષા સાથે તેમણે કોઈ રીતે પરિચય કેળવ્યો હોય, જો કે એવા કેટલાક શબ્દ સંપૂર્ણ રીતે સંસ્કૃતમાં નથી આલેખાયા; જેમ કે I.૧૬ માં "દસન" (सं. दशन); III.૩ માં "દ્યુતી" (सं. द्युति) વગેરે.

(૧૪) આ હીરાશૃંગાર કાવ્યની રચના કવિ હીરાચંદે કુલ પંદર પ્રકારના વિવિધ છંદોમાં અને કુલ ૭૮ એકમોમાં પૂરી કરી લાગે છે (જુઓ ફકરો ૧૫). તેમાંનાં કેટલાંક એકમોમાં તેમણે વિષયસૂચન કર્યું છે, જ્યારે કેટલાંક એકમો વિષય-સૂચન વગરનાં રહ્યાં છે. વળી, આવાં વિષય-સૂચન વગરનાં એકમો કયા વિષયનું વર્ણન કરે છે; તેમની પહેલાંના કે તેમની પછી આવતા કોઈ એકમના વિષયના અનુસંધાનમાં તેઓ વર્ણન કરી રહ્યાં છે; કે પછી તેવા વિષયસૂચન વિનાનાં એકમો સ્વતંત્ર કોઈ વિષયનું વર્ણન કરે છે, આ બાબતે હવે અમે કાંઈ વિવરણ કરીએ છીએ.

ઉપર જણાવ્યા મુજબ આ કાવ્યના દરેક એકમના અંક આપવામાં આવ્યા છે; તેમાં કેટલાંક એકમોના અંક બેવડાયા છે.

**(अ)** જેમકે : I.૨૨ પછી I.૧૬; I.૧૭; એટલે કે I.માં એકમ અંકો.... ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨ આવી ગયા પછી અંક ૧૬, ૧૭ આવે છે; અને અંક ૧૭ પછી આ કાવ્યનું I. પ્રથમ ભૂષણ પૂરું થાય છે. પરંતુ સુગમતાને લીધે અમે આ બેવડાયેલા એકમના અંક ૧૬ અને ૧૭ ને અનુક્રમે [૧૬-૧] અને [૧૭-૧] તરીકે આલેખ્યા છે.

**(ब)** એ રીતે II. માં એકમ અંકો ૧-૧૭ પૂરા થયા પછી તરત જ અંક ૧૬, ૧૭, ૧૭ આવે છે, અને પછી અંક ૧૮-૨૭માં II. દ્વિતીય ભૂષણ પૂરું થાય છે. એટલે કે II. નાં એકમોના આવા અંકો આ રીતે આવે છે.

"II. ૧-૧૭, ૧૬, ૧૭, ૧૭, ૧૮-૨૭ : II. દ્વિતીય ભૂષણ પૂરું !" અહીં અંક ૧૭ ત્રણ વાર યોજાયો

---

૩. દા.ત. "અજાગલ", "અનર્ગલ" (I.૧), "કુરંગ", "મતંગ", "ભ્રંગ", "પ્લવંગ", "કુવ્ય" (सं. क्रव्य); વગેરે (I.૧૪), "ત્રિવલી", "દસન" (I-૧૬), "નાસા-પુટ", "રદન", 'ભૃંગ' (I.૧૯-૨૦), "વિદ્રુમ", "દ્રુમ", "અભ્ર" (I.૨૧-૨૨), "ઝટિતી" (I.૧૭-૧), "દ્યુતી", "હુતાસન" (II.૩), "પરજન" (? सं. पर्जन्य), "તરજન" (सं. तर्जन),વગેરે (II.૧૬.૧), "વીપીન" (II.૨૧), "કલધૌત", "ભૃકુટી" (III.૧૨).

છે ! આથી સુગમતા જળવાય એ માટે અમે આવા બેવડાયેલા અંકોને આ રીતે આલેખ્યા છે : અનુક્રમે – [૧૬-૧] [૧૭-૧] [૧૭.૨].

(क) આ ઉપરાંત તૃતીય ભૂષણ (III)માં એકમ. સંખ્યા ||૮|| જણાવવાનું ''નકલ ૨''માં ભુલાઈ ગયું લાગે છે. તે અમે સુધારીને લખવાની સ્વતંત્રતા લીધી છે. મૂળે ''નકલ ૨''માં તે નીચે જણાવ્યા મુજબ એકમ સંખ્યા આપેલી; જેમકે-

''પુર્બની બર્નન'' એકમો ૪, ૫, ૬

''બંગાલની બર્નન...'' એકમ ૭

''પંજાબની બર્નન...''

''શીધની બર્નન...'' એકમ ૯

''પારસન બર્નન...'' એકમ ૧૦

આવી ૪-૧૦ સુધી ચાલી આવતી એકમોની સંખ્યામાં ''પંજાબની બર્નન...'' એકમની સંખ્યા ૮ જણાવવી ભુલાઈ ગઈ છે; જે અમે જણાવી હોવાથી તેને અમે ચોરસ કૌંસમાં મૂકી છે; જેમકે [||૮||]

(ड) વળી, એક બે એકમોમાં સંખ્યા કે અંક દર્શાવવાનું ''નકલ ૨''માં રહી ગયું હોય એમ જણાય છે; આવાં કુલ બે એકમો નીચે મુજબ છે :

I : પ્રથમ ભૂષણ : ૧-૨૨, '' '' (૧) ૧૬, [૧૬.૧], ૧૭ [૧૭.૧] (I. પ્રથમ ભૂષણ સંપૂર્ણ).

III : તૃતીય ભૂષણ : ૧-૧૬ (III. તૃતીયભૂષણ સંપૂર્ણ).

III : [''ઉપસંહાર''] : ''----'' (?), ૧-૬ (કવિની ''ઇતિશ્રી'')

એટલે કે : I પ્રથમ ભૂષણમાં ૧-૨૨ એકમો પૂરાં થયા પછી આવતું એકમ (જુઓ ઉપર ''---'') અંક વગરનું રહ્યું લાગે છે; અને તે પછી અંક ૧૬ [૧૬-૧] અને ૧૭ [૧૭.૧] એવા ક્રમે બે એકમો આવે છે. તે રીતે III - તૃતીય ભૂષણમાં કવિ હીરાચંદે ''ઉપસંહાર'' ને જુદો - સ્વતંત્ર આલેખ્યો છે; તેમાં શરૂઆતે એક એકમ (જુઓ ઉપર ''---'') અંક વગરનું રહ્યું લાગે છે, અને તે પછી અંક ૧-૬ એકમો મૂક્યાં છે અને ત્યાં આખી કાવ્યરચનાની ''ઇતિશ્રી'' આવે છે.

I. પ્રથમ ભૂષણમાં અમારા જણાવ્યા મુજબ (જુઓ ઉપર अ) એકમ અંક ૨૨ અને એકમ [૧૬.૧] ની વચ્ચેના આવતા અંક વગરના એકમનો અંક અમે [૦.૧૬.૧] દર્શાવ્યો છે. તેનો અર્થ એ કે મૂળે એકમ [૧૬.૧] ની પહેલો આવતું એક એકમ ક્રમ કે સંખ્યા વગરનું [૦] છે.

તે પ્રમાણે III. તૃતીય ભૂષણમાં એકમો ૧-૧૬ પૂરાં થતાં તૃતીય ભૂષણ સંપૂર્ણ થાય છે; પરંતુ ત્યાર પછી કવિ હીરાચંદને આ કાવ્ય ઉપર કોઈ નોંધ કરવી હોય એવા આશયે ફરીથી ''----'' અને ૧-૬ એકમો આપ્યાં છે; પણ એકમ ૧ની પહેલાં એક એકમની સંખ્યા જણાવવી રહી ગઈ લાગે છે; જેનો અમે [૦.૧] થી નિર્દેશ કર્યો છે. તેનો અર્થ એ કે મૂળે એકમ ૧ ની પહેલાં આવતું એક એકમ સંખ્યા વગરનું [૦] રહ્યું છે.

અહીં એકમ ૧-૬ પછીથી આ આખા કાવ્યની ''ઇતિશ્રી'' આવે છે, તેથી આ બધાં એકમો હીરાશૃંગાર કાવ્યનાં જ છે, તે નિશ્ચિત થાય છે. આ આશયે અમે આવાં બધાં એકમો [૦-૧], ૧-૬ ને [''ઉપસંહાર''] તરીકે ગણ્યાં છે.

(૧૫) અહીં ઉપર નિર્દેશેલાં એકમોમાંથી અમે કેટલાંક એકમો વિષે કાંઈક વિવરણ કરીએ છીએ. તેમાં III. એકમ. [૮] ''પંજાબની બર્નન...'' (જુઓ ઉપર ફકરો ૧૪ क પ્રકાર) નિશ્ચિત હોવાથી તેમાં કાંઈ

વિવરણની આવશ્યકતા નથી. આ રીતે III (ઉપસંહાર) એકમ [૦.૧] (જુઓ ઉપર : ફકરો ૧૪ : ड પ્રકાર)નું પણ જાણવું.

પરંતુ ઉપર (ફકરો ૧૪) જણાવ્યા મુજબનાં अ અને ब પ્રકારનાં એકમોની સંખ્યા ક્રમ બેવડાઈ જવાનું શું કારણ હશે તે સ્પષ્ટ નથી થતું. વળી अ અને ब એ બંને પ્રકારનાં એકમોની જે સંખ્યા બેવડાઈ છે તે પણ સરખી છે, જેમકે I - ૧૬, ૧૭ (બેવડાયેલી સંખ્યા) અને II. ૧૬-૧૭, ૧૭ (બેવડાયેલી સંખ્યા). પણ ફેર એટલો છે કે I - માં બેવડાયેલી સંખ્યા ૧૬-૧૭ પછી I - પ્રથમ ભૂષણ સંપૂર્ણ થાય છે; જ્યારે II. માં ૧૬, ૧૭, ૧૭ (બેવડાયેલી સંખ્યા) બીજાં એકમોની વચ્ચે આવે છે.

I. ૫-૧૦માં કવિએ ''નાઈકા લચ્છન'' દર્શાવ્યાં છે; અને I. [૧૬.૧]માં કવિ ''મુગ્ધા નાયકોક બચન. સખિસે'' જણાવે છે, એટલે કવિએ I. ૫-૧૦ના અનુસંધાનમાં I. [૧૬.૧] ની રચના (કદાચ પાછળથી) કરી હોય (?) I. [૧૬.૧] ની સાથે I - [૧૭.૧] જોતાં; I- [૧૭.૧] ''... સિંહાવલોકનમેં'' - આખા I. પ્રથમ ભૂષણના સિંહાવલોકન માટેની રચના છે. આમ, કવિએ I. પ્રથમ ભૂષણ નાં ૧-૨૨ એકમો પૂરાં થયા પછી I. [૧૬-૧], [૧૭.૧] ની રચના કરી હોય એવું પણ સંભવી શકે. છતાં ઘણા પ્રશ્નો બાકી રહે છે જેમકે :-

I. [૦.૧૬.૧]નો પ્રશ્ન અણઉકેલ્યો રહે છે : તો પછી I.નાં ૧-૨૨ એકમો પૂરાં થતાં I. [૦.૧૬.૧] અંતે સંખ્યા વગરનું કેમ રહ્યું ? તેનો ક્રમ ૧-૨૨ની સાથે એટલે કે તે કદાચ I- [૨૩] હોય તેમ ગણવું કે પછી તેને I. [૧૬.૧], [૧૭.૧] ની જેમ પાછળથી કવિએ રચ્યું - હોય એમ જાણવું ?

ઉપરાંત, I. [૧૬.૧], [૧૭.૧] વિષે ઉપર અમે જે સંભાવના કે સૂચન દર્શાવ્યું છે; તેમાં પણ પ્રશ્ન થાય છે કે, તો પછી I = પ્રથમ ભૂષણને અંતે આવેલાં બે એકમોના મૂળ અંક ૧૬, ૧૭ કેમ આપ્યા અને કોને આપ્યા?'' આ બંને એકમો સૌથી શરૂઆતમાં એકમ ૧૫ ''પરોક્ષતા સ્રીકો સ્વરૂપ બર્નન....'' અને એકમ ૧૬ પછી તરત જ આવતાં હોય તેમ તેના અનુસંધાનમાં જ આ બે એકમોના અંક ૧૭, ૧૮ આપ્યા હોય'', એમ જો માનીએ તો આ બંને એકમો છેક અંક ૨૨મા એકમ સુધી દૂર કેમ ઠેલાયાં અને તે પણ વચ્ચે એક અંક વગરના એકમ [૦-૧૬-૧]ની પણ પછી કેમ મુકાયાં ? કે પછી આ બંને ૧૬, ૧૭ અંકવાળાં એકમોને દૂર કરી, પાછળ રાખી, વચ્ચે બીજાં ૧૭-૨૨ એકમો નવાં રચાયાં હોય - અને આવા અંક આપવામાં મૂળે નકલકારની (''નકલ ૧''માં અથવા ''નકલ ૨''માં) ભૂલ થઈ હોય.

II. માં આવતાં એકમોના બેવડાયેલા અંક વિષે પણ (જુઓ ઉપર ફકરો ૧૪ : ब ) કાંઈ નિશ્ચિત રૂપે જણાવવું શક્ય નથી, પરંતુ તે માટે અમે કાંઈ સંક્ષેપમાં સૂચન કરવા માગીએ છીએ.

II. દ્વિતીય ભૂષણનાં પ્રથમ આવતાં ૧-૨૭ એકમો ક્રમવાર પૂરાં થયા પછી કવિએ તે જ II- દ્વિતીય ભૂષણમાં એકમ ૧૬ [=૧૬.૧] થી ''દર્જન બર્નન'' અને એકમ ૧૭ [=૧૭.૧] થી ''સુતારન બર્નન''ની રચના કરી લાગે છે; અને ત્યાર પછી એકમ ૧૭ [૧૭.૨] થી ''તેલન બર્નન''ની રચના કરી; અને આ ત્રણે નવાં એકમોને મૂળ ચાલી આવતાં એકમ ૧૭ના ''માલનિ બર્નન'' અને એકમ ૧૮ ના ''તંબોલન બર્નન''ની વચ્ચે કવિએ કલ્પેલા ક્રમ જળવાય એ રીતે એ ત્રણે નવાં એકમોને પણ સમાવી દીધાં ! પરંતુ, આ ૧૭ [૧૭.૧] ના એકમ પછી ક્રમવાર અંક સુધારવાનું કવિ જાતે કદાચ ભૂલી ગયા હોય. (?)

ટૂંકમાં, એકમોના અંક દર્શાવવામાં આવી ભૂલો કેમ થઈ હશે તે સ્પષ્ટ કરી શકાતું નથી. પરંતુ ''નકલ ૧'' ની કે મૂળ કવિની કૃતિ પ્રાપ્ત થયા પછી જ આ બાબતે કાંઈ નિર્ણય થઈ શકે.

(૧૬) આ કાવ્યની શરૂઆમાંજ કવિએ પિંગલ (શાસ્ત્ર)નો ઉલ્લેખ સામાન્ય અર્થમાં કર્યો છે. અહીં 'પિંગલ' એટલે ''સામાન્ય છંદો વિષેનું જ્ઞાન'' જે કાવ્યરચનામાં આવશ્યક લાગે તેવા છંદોનું જ્ઞાન કવિને પ્રાપ્ત

હતું એટલું જ સૂચન અહીં થાય છે.

વૈદિક સાહિત્યનાં વિવરણ કરવામાં ઉપયોગી એવાં છ વેદાંગમાંના એક વેદાંગ તરીકે છંદોની પણ ગણના થાય છે. છંદોમાં પિંગલના (લગભગ બીજી સદી પૂર્વે ?) છંદઃશાસ્ત્રનો પ્રથમ વાર ઉલ્લેખ મુંડક ઉપનિષદ ૧.૧૫ માં થયો છે. આ શાસ્ત્ર ઋક્ અને યજુસ્ એમ બે શાખામાં પ્રાપ્ત થાય છે. (જુઓ વેબર. પા.૧૬૨). વેબરે તેના લેખક તરીકે ગાર્ગ્યનો નિર્દેશ કર્યો છે (લેબર પા. ૧૫૮). છંદો ઉપર વિવરણ કરનારા. મુનિઓમાં પિંગલે કાશ્યપ, સૈતવ, રાત અને માંડવ્ય ના નામો જણાવ્યાં છે. ભરતનું નાટ્યશાસ્ત્ર પિંગલ પછીથી અસ્તિત્વમાં આવ્યું; તેનાં પ્રકરણ ૧૫ (છંદોવૃત્તિવિધિ), ૩૨ (ધ્રુવાધ્યાય) છંદ પર વિવરણ કરે છે; તે રીતે છંદઃશાસ્ત્ર પ્રકરણ ૫,૮ પણ છંદોનું વર્ણન કરે છે. વરાહમિહિરના (લગભગ ૬ઠ્ઠી સદી) બૃહત્સંહિતાના પ્રકરણ ૧૦૪ (બૃહત્‌ગોચર) છંદોનો વિસ્તાર જોવા મળે છે, તેમાં ૯મી સદીના આનંદવર્ધન અને ૧૧મી સદીના હેમચંદ્રાચાર્યના છંદોઽનુશાસન (પ્રકરણ ૬)ની પણ ગણના થઈ શકે. રત્નાકરે (લગભગ ૧૫મી સદી) પણ છંદકોષની રચના કરી છે, તેની ઉપર ચંદ્રસૂરિની ટીકા પણ મળે છે. આ છંદકોષનું તેમાં આવતા છંદોની માત્રા અને પ્રકાર મુજબ પ્રો. શૂબ્રીંગે (૧૯૨૧) વિસ્તારથી વર્ણન કર્યું છે. યાકોબીએ (૧૮૮૪) પણ જુદા જુદા લગભગ ૨૦૦ વૃત્ત પર પ્રકાશ ફેંક્યો છે, અને આલ્સડૉર્ફે (૧૯૪૩) છંદ શાસ્ત્રની માત્રાઓની સંખ્યા સાથે ગણિત પણ જોડાયેલું છે તેવું વિસ્તૃત વિવેચન કર્યું છે.

ટૂંકમાં, છંદશાસ્ત્ર પર ઘણા વિદ્વાનોએ કરેલાં સંશોધનોમાં મુખ્ય સંશોધનો તરીકે ઓલ્ડનબર્ગ, યાકોબી, વેબર, ગ્રીયર્સન, શૂબ્રીંગ. આલ્સડોર્ફ, પાઠક (જુઓ ''સંદર્ભ ગ્રંથ સૂચિ'') વગેરેનાં સંશોધનો ગણાય છે.

છંદો ગેય (ગાઈ શકાય એવાં) હોય છે. તેમાં ગણોની (જેમકે ય,ર,ત,ભ,જ,સ,મ,ન) અને માત્રાની ગુંથણી મુખ્ય હોય છે અને પ્રાસાનુપ્રાસ પણ ઠેર ઠેર અનુભવવામાં આવે છે, ઉપરાંત તાલનો (એક પ્રકારની સમય મર્યાદાનો) પણ ખ્યાલ રાખવો પડે છે. તાલમાં, તબલાં કે ઢોલક (tom-tom) જેવાં વાદ્ય સાથે લયનો (Rhythem) મેળ સાધનો હોય છે. (યાકોબી. ૧૯૩૩. પા.૧૩૩-૧૩૯ અને યાકોબી ૧૮૯૧. પા.૧૫૦)

પ્રસ્તુત કાવ્યકૃતિમાં બે ત્રણ છંદ સિવાયના બાકીના છંદો વિષે અમને ઉપર્યુક્ત સંશોધનોમાંથી પાઠક સિવાયના ગ્રંથોમાં કોઈ વિવરણ મળી શક્યું નથી. આવા બે ત્રણ છંદ વિશેષ વિવેચન માગી લે છે અને તે પ્રાચીન પણ છે, એથી એ પર અને ફકરા નં. ૧૯માં વિવેચન કર્યું છે. જો કે આ મૂળ કાવ્યની રજૂઆત કરવી એ જ અમારો મુખ્ય આશય હોઈ, ઉપરાંત, સમય અને લેખની મર્યાદાને પણ દૃષ્ટિમાં રાખીને બાકીના વિવિધ છંદોમાં સંબદ્ધ વિવિધ ગણોનાં કે માત્રાઓનાં પરીક્ષણ, (scanning) જેવું કાર્ય કરી શક્યા નથી. તે માટે અમે શ્રી પાઠકના ગ્રંથને જોવા જણાવીએ છીએ. શ્રી પાઠકે તેમના આ ગ્રંથની (૧૯૪૮) પહેલાં શ્રી. કે.હ.ધ્રુવ કે શ્રી. કે.કા.શાસ્ત્રીએ કરેલાં વિવેચનો ઉપરાંત અન્ય સંશોધનોનો પણ અભ્યાસ કરીને કાંઈ વિવેચન કર્યું હોત તો ઘણું સારૂં. કવિ હીરાચંદે તેમની કાવ્યરચના ''હીરાશૃંગાર''માં ૧૫ પ્રકારના વિવિધ છંદોમાં કુલ ૭૮ એકમો સમાવ્યાં છે.

''હીરા શૃંગાર''માં આવતા ૧૫ પ્રકારના વિવિધ છંદો અમે નીચે આપેલા ટેબલ-૨માં અકારાદિ અનુક્રમે દર્શાવીએ છીએ. દરેક પ્રકારના છંદમાં જે એકમો યોજાયાં છે તેના અંક સાથે એવાં કુલ એકમોની છંદવાર સંખ્યા પણ અમે દર્શાવી છે, તથા ટેબલ-૩માં પ્રત્યેક ભૂષણમાં કુલ કેટલાં એકમો કયા કયા છંદમાં રચાયાં છે તે જણાવ્યું છે.

ટેબલ-૨ "હીરાશૃંગાર"માં આવતા વિવિધ છંદો અને તેમાં રચાયેલાં એકમો.

| ક્રમ | છંદ | તે છંદમાં રચાયેલા એકમોના અંક | કુલ એવાં એકમોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | અલક છંદ | II. ૧૪. | ૧ |
| ૨ | ઇંદ્રવિજય છંદ | II. ૧૯. | ૧ |
| ૩ | કવિત | I. - ૧૨, ૧૪-૨૨, [૧૬.૧]<br>II. ૩-૪, ૬, ૯, ૨૦<br>III. ૧૦-૧૨<br>[''ઉપસંહાર''] = [૦.૧] | ૨૦ |
| ૪ | કુંડલીઆ | I.૧.<br>II. ૨, ૧૦ | ૩ |
| ૫ | ચંચલા છંદ | II. ૭-૮. | ૨ |
| ૬ | ચર્ચરી છંદ | III. ૧, ૩ | ૨ |
| ૭. | ચર્નાકુલ છંદ | II. ૧૩.<br>III. ૬ | ૨ |
| ૮ | ચોપાઈ | II. ૧૧-૧૨. | ૨ |
| ૯ | દંડક છંદ | III. ૭, [૮] | ૨ |
| ૧૦ | (પુન) દુમેલા છંદ | I. [૦.૧૬.૧], [૧૭.૧]<br>II. ૨૬<br>III. ૧૩-૧૪ | ૫ |
| ૧૧ | દોહા | I. ૨-૧૧, ૧૩<br>II. ૧૫, [૧૬.૧], [૧૭.૧], ૧૮, ૨૩-૨૪, ૨૭.<br>III. ૨, ૪-૫, ૧૫-૧૬<br>[''ઉપસંહાર''] : ૧-૪ | ૨૭ |
| ૧૨ | મદીરા છંદ | II. ૧, [૧૭.૨] | ૨ |
| ૧૩ | સવૈયા | II.૫<br>III.૯ | ૨ |
| ૧૪ | સોરઠા | II. ૧૬-૧૭, ૨૧-૨૨, ૨૫ | ૫ |
| ૧૫ | હરગીતિ છંદ | III. [''ઉપસંહાર''] ૫-૬ | ૨ |
| | | કુલ એકમો | ૭૮ |

**ટેબલ - ૩ : નીચે આપેલા ટેબલ ૩ના આધારે હીરાશૃંગારનાં પ્રત્યેક ભૂષણમાં કુલ કેટલાં એકમો કયા છંદોમાં રચાયાં છે તેની તારવણી.**

| ભૂષણ | છંદ | છંદમાં કુલ એકમ સંખ્યા | I પ્રથમ ભૂષણમાં કુલ એકમો |
|---|---|---|---|
| I. પ્રથમ ભૂષણ | (૧) કવિત | ૧૧ | |
| | (૨) કુંડલીઆ | ૧ | |
| | (૩) (પુન) દુમેલા છંદ | ૨ | |
| | (૪) દોહા | ૧૧ | ૨૫ |
| II. દ્વિતીય ભૂષણ | (૧) અલક છંદ | ૧ | |
| | (૨) ઇંદ્રવિજય છંદ | ૧ | |
| | (૩) કવિત | ૫ | |
| | (૪) કુંડલીઆ | ૨ | |
| | (૫) ર્ચચલા | ૨ | |
| | (૬) ચર્નાકુલ છંદ | ૧ | |
| | (૭) ચોપાઈ | ૨ | |
| | (૮) (પુન) દુમેલા છંદ | ૧ | |
| | (૯) દોહા | ૭ | ૩૦ |
| | (૧૦) મદીરા છંદ | ૨ | |
| | (૧૧) સવૈયા | ૧ | |
| | (૧૨) સોરઠા. | ૫ | |
| III. તૃતીય ભૂષણ | (૧) કવિત. | ૩ | |
| | (૨) ચર્ચરી છંદ | ૨ | |
| | (૩) ચર્નાકુલ છંદ | ૧ | |
| | (૪) દંડક છંદ | ૧ | |
| | (૫) (પુન) દુમેલા છંદ | ૨ | |
| | (૬) દોહા | ૫ | ૧૬ |
| | (૭) સવૈયા | ૧ | |
| III. [ઉપસંહાર] : | (૧) કવિત | ૧ | |
| | (૨) દોહા | ૪ | |
| | (૩) હરગીતિ છંદ | ૨ | ૭ |
| | | **કુલ એકમો** | ૭૮ |

ઉપરનાં ટેબલ ૨-૩ ના આધારે સ્પષ્ટ જાણી શકાય છે કે કવિને દોહા અને કવિત ઉપર મજબુત પકડ હશે. તેવાં પદોની સંખ્યા વિશેષ પ્રમાણમાં છે : દોહાનો કુલ ૨૭ એકમોમાં અને કવિતનો કુલ ૨૦ એકમોમાં પ્રયોગ થયો છે. આ પછી (પુન) દુમેલા છંદનો (કુલ ૫ એકમો) અને સોરઠા છંદનો (કુલ ૫ એકમો) પ્રયોગ થયો છે. પણ અલક છંદ અને ઇંદ્રવિજય છંદ ફક્ત એકેકવાર જ દષ્ટિગોચર થયા છે. બાકીના કુલ ૮ છંદોને

ફક્ત બબ્બે વાર જ પ્રયોગમાં લીધાં છે; પણ કુંડલીઆ કુલ ૩ વાર દષ્ટિગોચર થાય છે.

આ ઉપરાંત એમ કહી શકાય કે કવિએ આ કાવ્યનાં II : દ્વિતીય ભૂષણમાં સૌથી વધારે છંદોનો (કુલ ૧૨) પ્રયોગ કર્યો છે; તે પછી III તૃતીય ભૂષણમાં કુલ ૭+૩ = ૧૦ છંદો પણ I. પ્રથમ ભૂષણમાં ફક્ત ૪ છંદોનો પ્રયોગ કર્યો છે.

(૧૭) આવા ઉપર જણાવેલા કુલ ૧૫ પ્રકારના છંદો વિષેનું અમારું જ્ઞાન પર્યાપ્ત નથી; પણ તે વિષે યોગ્ય વિવરણ તો તેના જાણકાર જ કરી શકશે. છતાં અહીં અમે આ છંદોના પ્રાસ કે પ્રાસાનુપ્રાસ (alliteration) અક્ષર કે શબ્દનું પુનરાવર્તન વગેરે વિષે અત્યંત સંક્ષેપમાં કાંઈ જણાવીએ તેમાં કાંઈ ક્ષતિ હોય તો તેની પહેલાં આ વિષયના વિદ્વાન વર્ગની ક્ષમા યાચીએ છીએ. આ છંદોનું આવું વિવરણ અમે નીચે અકારાદિ અનુક્રમે દર્શાવ્યું છે.

(૧) **અલક છંદ :** ચાર પંક્તિનું પદ તેની દરેક પંક્તિના અંતે આવતા શબ્દો/અક્ષરોમાં પ્રાસાનુપ્રાસ.

(૨) **ઈંદ્રવિજય છંદ :** આઠ પંક્તિનું પદ. તેની ૧, ૩ અને ૨, ૪ તથા પંક્તિઓના અંતે પ્રાસાનુપ્રાસ. (પાઠક, પૃ. ૧૬૭)

(૩) **કવિત :** આઠ પંક્તિનું પદ. ઈંદ્રવિજય છંદની જેમ અહીં પણ પ્રાસાનુપ્રાસ. (પાઠક, પૃ. ૧૮૩-૧૮૪)

(૪) **કુંડલીઆ :** છ પંક્તિનું પદ - તેની ૧,૨; ૩,૪; અને ૫, ૬ પંક્તિના અંતે આવતા શબ્દ/અક્ષરમાં પ્રાસાનુપ્રાસ. (પાઠક, પૃ. ૧૮૫-૧૮૮, ૧૯૧)

ઉપરાંત, તેની બીજી પંક્તિના છેલ્લા અર્ધ-ચરણની ત્રીજી પંક્તિના પ્રથમ અર્ધચરણમાં પુનઃ રજૂઆત.

(૫) **ચંચલા છંદ :** ચાર પંક્તિનું પદ. તેમાં પણ ઈંદ્રવિજય છંદની જેમ પ્રાસાનુપ્રાસ.

(૬) **ચર્ચરી :** ચાર પંક્તિનું પદ. દરેક પંક્તિના અંતે પ્રાસાનુપ્રાસ. (પાઠક, પૃ. ૩૮૮)

(૭) **ચર્નાકુલ છંદ :** ચાર પંક્તિનું પદ. દરેક પંક્તિના અંતે પ્રાસાનુપ્રાસ. (પાઠક, પૃ. ૩૨, ૧૯૧, ૨૭૪-૨૭૫)

(૮) **ચોપાઈ :** (જુઓ ફકરો ૧૮, નં.૩)

(૯) **દંડક છંદ :** ચાર પંક્તિનું પદ. દરેક પંક્તિના અંતે પ્રાસાનુપ્રાસ.

(૧૦) **(પુન) દુમેલા છંદ :** આઠ પંક્તિનું પદ : કોઈવાર ૧,૨,૪ પંક્તિના અંતે, તો કોઈવાર ૧,૩ અને ૨,૪ જેવી પંક્તિના અંતે તો કોઈવાર દરેક પંક્તિના અંતે પ્રાસાનુપ્રાસ. (અનિયમિત).
ઉપરાંત આ છંદને સંસ્કૃતના દોધક વૃત્ત સાથે સરખાવી શકાય.(પાઠક, પૃ. ૧૧૪)

(૧૧) **દોહા :** (જુઓ ફકરો ૧૮, નં. ૧)

(૧૨) **મદીરા છંદ :** આઠ પંક્તિનું પદ : ૧,૩ અને ૨,૪, એ રીતે પંક્તિઓમાં પ્રાસાનુપ્રાસ.

(૧૩) **સવૈયા :** સાત કે આઠ પંક્તિનું પદ. દરેક પંક્તિના અંતે પ્રાસાનુપ્રાસ. (પાઠક, પૃ. ૧૬૬, ૧૯૧)

(૧૪) **સોરઠા :** બે પંક્તિનું પદ : તેમાં પ્રાસાનુપ્રાસ અનયમિત છે. આ પદ કદાચ સૌરાષ્ટ્રમાં અસ્તિત્વમાં આવ્યું હોય અથવા સૌરાષ્ટ્રમાં વધારે પ્રચલિત હોય (સરખાવો : "સૌરાષ્ટ્ર" > સોરઠ) (પાઠક, પૃ. ૧૮૪, ૨૯૦)

(૧૫) **હરગીતિ છંદ :** બે પંક્તિનું પદ : દરેક પંક્તિના અંતે પ્રાસાનુપ્રાસ. (પાઠક, પૃ. ૧૭૭)

(૧૬) અહીં પ્રસ્તુત કાવ્યકૃતિમાં આવતા કેટલાક પ્રાચીન છંદોનું વિવેચન કરવામાં આવે છે. તેમાં દોહા, ચોપાઈ મુખ્ય છે, પણ પ્રસંગવશ અન્ય વૈતાલીક, દોધક, ૯૦ જેવા છંદોનાં પણ આવશ્યકતા-અનુસાર વિવરણ કર્યાં છે.

૧. દોહા : જે છંદ સાહિત્યિક પ્રાકૃતમાં આર્યા તરીકે જાણીતો છે તે સામાન્ય રીતે પ્રાકૃત કે જૂની અપભ્રંશભાષામાં દોહા તરીકે જાણીતો છે, તેમાં કુલ બે પાદ હોય છે. દોહાનો પ્રયોગ પ્રાચટ અપભ્રંશ અને શૌરસેની પ્રાકૃતમાં વધારે જોવા મળે છે. આભિરોએ (આહિરો : ઈ.સ. પૂર્વે ૩ જી સદી) ગુર્જરોએ અને જાટ (जर्तक) લોકોએ તેનો વધુ પ્રમાણમાં ઉપયોગ કર્યો છે. તેઓની ભાષા સાથે પંજાબની લહેંદા અને વૈદિક સંસ્કૃત પણ ભળેલી છે. દંડિન્‌ના મતે (કાવ્યાદર્શ ૧.૩.૬) વ્રાચટ અપભ્રંશનું મૂળ સિંધુદેશ છે (સરખાવો : અભિનવગુપ્ત; લગભગ ઈ.સ.૧૦૦૦). કાલીદાસ (રઘુવંશ. ૧૫; ૮૭, ૮૯) સિંધુદેશને પુષ્કલાવતી અને તક્ષશીલા એવા બે પ્રદેશને જણાવે છે. પરંતુ સિંધુદેશને હાલના પેશાવર-તાલુકા અને રાવલપિંડી વિભાગમાં (પ્રાચીન કંદહાર પ્રદેશ) વહેંચી શકાય (યાકોબી ૧૯૨૩ઃ પા.૧૨૦-૧૨૯). ક્રમદીશ્વર (૧.૭૨; ૨.૨૦) જણાવે છે કે વ્રાચટ અપભ્રંશ સાહિત્યમાં દોહા, નાગર અપભ્રંશમાં રાસ, પ્રાકૃત-મિશ્ર ઉપનાગરમાં ગાહા વધારે પ્રમાણમાં મળે છે., (અપભ્રંશ માટે જુઓ. પાઠક : પીઠિકા. પા.૧-૭)

''દોહા'' શબ્દની મળી આવતી વ્યુત્પત્તિ યોગ્ય નથી. છંદશાસ્ત્રના ઘણા લેખકો (જેમકે : હેમચંદ્ર, છંદોડનુશાસન, પ્રકરણ ૬) તેની વ્યુત્પત્તિ दोधक वृत्त ઉપરથી થઈ છે એમ જણાવે છે : दोधक > दोहक > दोहा. વરાહ મિહિર दोधकને दोथक કહે છે. दोधक અને दोहक બંનેને યાકોબીએ (૧૯૨૩.પા.૧૨૭) જુદા છંદો તરીકે ગણ્યા છે. ફ્રાન્ઝ કીલહોર્ન જણાવે છે કે દોધકનાં ૧૨ પદો પતંજલિના મહાભાષ્યમાં પણ જોવા મળે છે; (Ind. Anti. ૧૮૮૬, પા. ૨૨૯, ૨૩૩ : અમને આની તપાસ કરતાં લાગ્યું કે, કદાચ આ સંદર્ભ આપવામાં યાકોબીની કાંઈક ભૂલ થઈ હોય.)

યાકોબીએ દોધક તથા દોહા બંનેની વ્યુત્પત્તિ द्विधा અથવા द्वेधा માંથી થઈ હોય એવું સૂચન કર્યું છે, અને તેમની વ્યુત્પત્તિ द्विपथा જેવા શબ્દમાંથી ન સંભવી શકે એવી સ્પષ્ટતા કરી છે. (કોઈક વિદ્વાનો द्विपथा જેવા શબ્દમાંથી દોધક, દોહા વ્યુત્પન્ન થયા હોય એમ જણાવે છે.) પ્રાચીન દોહા વૈતાલીક વૃત્તની સમાન જાય છે; તો કોઈકવાર તોટક વૃત્તની સમાન જાય છે.

દોધક અને દોહામાં ભ-ગણ (Dachtylus) વધારે આવે છે; જેમ કે :

દોહા : –UU –UU –U – –UU –UU –U

દોધકના કુલ ૪ પાદ નીચે મુજબ જાય છે :

–UU –UU –U – UU – –

ટૂંકમાં, દોહાનું સ્વરૂપ નીચે મુજબ જણાવી શકાય :

$\underline{UU}$ $\overline{UU}$ $\underline{UU}$ $\overline{UU}$ $\underline{UU}$ $\underline{UU}$ $\overline{UU}$ $\underline{UU}$ $\overline{UU}$ –U

અથવા

– $\overline{UU}$ – $\overline{UU}$ – UU – UUU – $\underline{\overline{U}U}$ – UU – U

શૂબ્રીંગ (૧૯૨૧. પા.૧૦૩) મુજબ :

(૧૦ + UUU = ૧૩) + (૧૦ + U = ૧૧)

શૂબ્રીંગે આગળ જતાં દોહાના ૨૧ પ્રકારનાં નામ પણ દર્શાવ્યાં છે.

દોહા ઉપર ગ્રીક-હેલેનીક (Hellenic : ગ્રીકોના કાલ્પનિક વંશજો !) અસર થઈ હોય એવી ડાયાઓના (Dio; પ્રાચીન ગ્રીક લેખક; ૨જી સદી પૂર્વે ?) લખાણો ઉપરથી ગેરસમજ ઊભી થઈ હોય એમ લાગે છે; કે ગ્રીકોનું હોમર-મહાકાવ્ય બેકટ્રીયા (અફઘાનિસ્તાનનો પૂર્વોત્તર પ્રદેશ) સુધી પ્રખ્યાત હતું જેના આધારે ભારતીય મહાકાવ્ય (महाभारत) રચાયું; જે ''ભારતીય હોમર-અનુવાદ'' (Indian Homer-Translation) તરીકે જાણીતું થયું. આવી ગેરસમજનો પૂરતો જવાબ વેબરે (Ind. St. પા.૧૬૨ ) તથા યાકોબીએ (૧૯૨૩. પા.૧૨૯-૧૩૦) આપ્યો છે; અને તારવ્યું છે કે આ ગેરસમજ પાયા વિનાની છે !

દોહા પદ પણ આ રીતે અસ્તિત્વમાં આવ્યો હોવાના કારણે તેની યોગ્ય વ્યુત્પત્તિ સંસ્કૃત પ્રાકૃતના છંદો કે શબ્દોના આધારે થઈ શકતી નથી, અને તેથી દોહા ઉપર ઘણા છંદોની અસર જોવા મળે છે, જેમકે વૈતાલીક, યમક, તોટક, વિદ્યુન્માલા, દોધક, 40 દોહા ઉપર વિસ્તાર માટે જુઓ યાકોબી (૧૯૨૧) : Introd. પા.૨૪-૨૫; પાઠક. પા.૧૨૧,૨૯૧.

(૨) **વૈતાલીક** (પ્રાકૃતમાં : વેયાલીય)

વૈતાલીક છંદની પંક્તિમાં ૯+૧૧ (અથવા ૧૨) મળી કુલ ૪૦ (૪૨) માત્રા આવે છે. તેની પંક્તિઓ નીચે મુજબ જાય છે :

–, –UU–, – – U U
–U–, –UU–, U – U U  } બે વાર

આર્યાની ઉત્પત્તિ વૈતાલીકમાંથી થઈ છે. વૈતાલીક વૈદિક સમય પછી ઉદ્‌ભવેલો એકમાત્ર માત્રા-છંદ છે. (યાકોબી. ૧૯૨૩. પા.૧૨૮; તથા ૧૯૩૩. પા.૧૩૬). જૈનધર્મના પ્રાચીન પ્રાકૃત આગમ-સુયગડ (સં.सूत्रकृत) I.૨ (કુલ ૭૫ પદો) વૈયાલીય છંદમાં રચાયું છે. વરાહમિહિરે આ છંદને मागधक નામ આપ્યું છે, એ ઉપર એવી ગેરસમજ ઊભી થઈ છે કે વૈતાલીક છંદ સૌથી પહેલાં સૂત્રકૃત I.૨ માં શરૂ થયો. પરંતુ બૌદ્ધોના પાલી ગ્રંથોમાં આવતો વૈતાલીક છંદ, જૈન પ્રાકૃત કરતાં પણ પ્રાચીન છે (વિસ્તાર માટે જુઓ યાકોબી ૧૮૮૪ પા. ૫૯૧-૫૯૫) !

૩. **ચોપાઈ (चतुष्पदिक)**

ચૌપાઈ ચાર પંક્તિનું પદ છે. તેમાં કુલ ૧૬ માત્રાઓ હોય છે, જેમકે.

૬+૪+૪+૨ અથવા ૬+૬+૩

તેની છેલ્લી ૪ માત્રા હંમેશાં ૨ ૨ (Spondee) હોય છે. ઘણીવાર છેલ્લે ૩ માત્રા હોય છે ત્યાં કુલ ૧૬ને બદલે ૧૫ માત્રાઓ થાય છે; ૧ ૨ તેમાં છેક છેલ્લે (Spondee ને બદલે) ૨ (Lmbus) આવે છે આવા પ્રસંગે ઓલ્ડનબર્ગના મત મુજબ ૧, ઉપરે ભાર પ્લૂત (Accentll lctus) કરવી જોઈએ જેથી ૪ માત્રાઓ થાય. આવું ગ્રીયર્સન પણ માને છે (વધારે વિસ્તાર માટે જુઓ, યાકોબી-૧૮૯૧. પૃ. ૧૪૮-૧૫૧, પાઠક. પા.૧૨૧-૧૨૨, ૨૧૯, પ્રકરણ-૧૦; ૧૪૧, ૧૫૨, ૩૦૦, ૫૪)

(૧૯) અમે ઉપર (ફકરો ૬) ''શબ્દકોશ'' (અને ''कठीन शब्दो को कोश'') વિષે ઉલ્લેખ કર્યો છે. આ ''શબ્દકોશ'' ના, એટલે કે ''હીરાશૃંગાર'' કાવ્યની આ નકલ ૨''માં આવતું શીર્ષક : ''कठीन शब्दोको कोश'' હિંદીમાં, નાગરીલિપિમાં આલેખ્યું છે; પણ તેમાં આવતાં હિંદી-જેવા શબ્દોના અર્થ ગુજરાતી ભાષામાં દર્શાવ્યા છે. જ્યાં એક શબ્દના એક કરતાં વધારે અર્થ થતા હોય ત્યાં તે તે અર્થ સાથે ૧,૨ જેવા અંકો દર્શાવ્યા છે, જેમકે ૧ = અર્થ ૧-૨ = અર્થ ૨ = વગેરે. આ ''શબ્દકોશ'' પૃષ્ઠ સંખ્યા ૨૭-૩૯ (કુલ ૧૩ પૃષ્ઠ)માં સમાવ્યો છે.

તે રીતે આ કાવ્યની ''ઈતિ શ્રી'' પછી શ્રી હરજીવનરાયે તેમની ''નકલ ૨''માં જે નોંધ લખી છે (જુઓ ફકરો ૮) તે નાગરી લિપિમાં છે પણ ભાષા ગુજરાતી છે. શ્રી. હરજીવનરાયને પણ નાગરી લિપિમાં લખવાની આદત હશે એમ લાગે છે. એટલે શ્રી. હરજીવનરાયે જ ''શબ્દકોશ''નું શીર્ષક આપ્યું છે કે પછી તે કોઈ અન્ય વ્યક્તિએ તે શીર્ષક આપ્યું છે, તે નિશ્ચિત કરવું મુશ્કેલ છે. વળી, એ **''શબ્દકોશ''** આ કાવ્યના જ શબ્દોના અર્થ દર્શાવે છે કે તે આખો ''શબ્દકોશ'' કોઈ અન્ય સંદર્ભમાં યોજ્યો હોય અને તે આ ''નકલ ૨'' માં તેનો પણ ઉતારો કર્યો હોય એવું પણ સંભવી શકે.

જો કે ''શબ્દકોશ''માં કેટસાક શબ્દો જોતાં એમ લાગે છે કે તેવા શબ્દો ''હીરાશૃંગાર'' કાવ્યમાં પ્રયોજાયા નથી; જેમ કે गजसाल = હાથીનું ચામડું'' ''दर्याऊ = દરિઓ'', ''યામિની = રાત્રી'' વગેરે.

## (૨૦) ''હીરાશૃંગાર'' કાવ્યની ''નકલ ૨'' વિષે વિશેષ વિવરણ :

કવિ હીરાચંદે આ ''હીરાશૃંગાર'' કાવ્ય કુલ ત્રણ વિભાગમાં રચ્યું છે : તે દરેક વિભાગ ને ''ભૂષણ'' કહે છે; જેમકે ''પ્રથમભૂષણ'', ''દ્વિતીય ભૂષણ'', ''તૃતીય ભૂષણ''. તેના ''પ્રથમ ભૂષણ''માં સ્ત્રી વિષયક સામાન્ય વર્ણન આવે છે, જેને કવિએ ''પરોક્ષ સ્ત્રી'' તરીકે જણાવ્યું છે, તેના ''દ્વિતીય ભૂષણ''માં સ્ત્રીઓનું જાતિ પરત્વે વર્ણન થયું છે; અને ''તૃતીય ભૂષણ''માં વિવિધ દેશોની સ્ત્રીઓનાં વર્ણન આવે છે; અંતે કવિએ ''ઉપસંહાર''માં આ કાવ્યની રચનાનું સ્થળ, તેમનો અંગત પરિચય વગેરે વ્યક્ત કર્યો છે.

આ કાવ્યની ''નકલ ૨'' અથવા હસ્તપ્રત પુરાણા જર્જરિત કાગળ પર લખી છે અને આ બધા કાગળ એક પુસ્તિકાની જેમ સીવી લીધા છે અને તેની ઉપર એવું જ જર્જરિત એક બદામી રંગનું પૂઠું છે. આ હસ્તપ્રતના દરેક પૃષ્ઠ પર બંને બાજુએ ૧-૨૬ અંક લખ્યા છે; એટલે કે આ કાવ્ય ૨૬મા પૃષ્ઠમાં સમાપ્ત થાય છે. આ પુસ્તિકાની પહોળાઈ ૧૦ x ૫ સે.મી. અને લંબાઈ ૧૭ સે.મી. છે. દરેક પૃષ્ઠ પર લગભગ ૧૮ થી ૧૯ પંક્તિઓ સમાવી છે. આ હસ્તપ્રતના -

(૧) નકલ ૨ના અક્ષર સામાન્ય રીતે વાંચી શકાય એવા છે; પણ કોઈ વાર કાવ્ય-પંક્તિના શબ્દો એક સાથે ભેગા લખાયા હોવાથી તે પંક્તિના શબ્દે શબ્દ છૂટા લખવાનું કાર્ય અમારાથી બની શક્યું નથી. શબ્દો એક સાથે ભેગા લખાયેલી આવી કોઈ કાવ્ય પંક્તિઓ નીચે લીટી દોરી સૂચન કર્યું છે. એટલે કે મોટા ભાગે અમે ''સંહિતા-પાઠ'' જ રાખ્યો છે, પણ તેનું ''પદ-પાઠ''માં રૂપાંતર નથી કર્યું. આ માટે જૂની ગુજરાતીના શબ્દાર્થ, વ્યાકરણ વગેરેનું જ્ઞાન જરૂરી છે.

(૨) કોઈ વાર કોઈ શબ્દના કેટલાક અક્ષરો ઊપસી આવ્યા નથી કે અસ્પષ્ટ અથવા અવાચ્ય રહ્યા છે; તે અમે --- આવી લીટીઓથી જણાવ્યું છે, તેમાં-એક લીટી એક અક્ષર માટે, -- બે લીટી બે અક્ષર માટે, તે રીતે એવા કેટલાક અક્ષર અવાચ્ય લાગે છે તે સ્પષ્ટ કરે છે.

(૩) કોઈ વાર કેટલાક અક્ષર સ્પષ્ટ સમજી શકાય એ રીતે લખાયા નથી. જેમકે ''ર'' અને ''ટ'', એમાં કોઈવાર ''ર'', ''ટ'' જેવો તો કોઈવાર ''ટ'', ''ર''ની જેમ આલેખાયેલો હોય છે; તેવા અસ્પષ્ટ શબ્દો - અક્ષરો માટે [''?''] આવું ચિહ્ન (દા.ત. તેવા ''ર'' કે ''ટ'' આગળ) ચોરસ કૌંસમાં મૂક્યું છે.

(૪) કોઈ કોઈવાર કાગળ ઉપર ઉધેઈથી કે કોઈ અન્ય કારણે કાણાં પડ્યાં હોવાથી, ત્યાં લખાયેલા શબ્દો/અક્ષરો પણ અવાચ્ય રહે છે. ત્યાં પણ અમે ઉપર નં. (૨) અને (૩)માં જણાવ્યા મુજબ ચિહ્નો આપ્યાં છે.

(૫) જ્યાં વિશિષ્ટ નામાભિધાન આવે છે ત્યાં તે નામ/શબ્દ અમે સ્થૂલ (bold type) અક્ષરોથી દર્શાવ્યાં છે; જેમકે ''વજૂ'', 'અમદાવાદ''.

(૬) અમારા તરફથી જે કાંઈ નિર્દેશ કે નોંધ કરવાની હોય તે બધી અમે ચોરસ કૌંસમાં જ દર્શાવી છે. તે મૂળ ''નકલ ૨''માં નથી પણ અમારી કલ્પના કે સૂચનમાત્ર છે, એવું સૂચવે છે.

(૭) કદાચ નકલકારની લેખન-ક્ષતિને લીધે કોઈવાર ''કિ'' અથવા ''હિ'' જેવા અક્ષરો/શબ્દો મળી આવે છે. ત્યાં અમે છૂટ લઈને તે ''કી'' અથવા ''હિ'' આલેખી ત્યાં અમે ''+'' આવું ચિહ્ન મૂક્યું છે; જેમકે ''કી'' + ''હિ'' + એટલે મૂળ ''નકલ ૨''માં 'હ્રસ્વ' ''ઇ'' અને દીર્ઘ ''ઈ''; બંને સાથે ''ક'' અને ''હ'' અક્ષરો આલેખાયા છે; પણ તેને અમે ''કી'' + અને ''હિ'' + તરીકે અહીં સુધારીને આલેખ્યા છે.

(૮) મૂળ કાવ્યની પંક્તિઓની સમાંતર નકલ ૨ની પત્ર-સંખ્યા (૧-૨૬)નો નિર્દેશ કરવાનું અમને

આવશ્યક ન લાગવાથી તેનો નિર્દેશ અમે આ કાવ્યમાં કર્યો નથી. મૂળ કાવ્યના અધ્યયનમાં આવો નિર્દેશ ઉપયોગી નથી.

(૨૧) **(હીરાચંદ કવિ રચિત હીરાશૃંગાર કાવ્યની વિષયસામગ્રીની અનુક્રમણિકા નીચે મુજબ થઈ શકે. આ કાવ્યની નકલમાં તે મળતી નથી.)**

**[ અનુક્રમણિકા ]**

**I. પ્રથમ ભૂષણ : પરીક્ષા. પરોક્ષ સ્ત્રીસ્વરૂપ કથન -** (123-127)

[૧-૨૨ + ૦.૧૬.૧] + [૧૭.૧]

મંગલાચરણ (૧-૪)

નાઈકા. લચ્છન (૫-૧૧)

કવિત્વજ્ઞાન બિન વ્યર્થતા (૧૨)

કવિકો આવશ્યક (૧૩)

સ્ત્રીપુરુષકી સાથ પ્રીતિ બર્નન. (૧૪)

પરોક્ષતા સ્ત્રીકો સ્વરૂપ બર્નન (૧૫-૧૭) } [સ્ત્રી-સામાન્યનું વર્ણન]

સ્ત્રીકો સ્વરૂપ બર્નન. (૧૮-૨૨)

--- --- --- [૦.૧૬.૧]

મુગ્ધા નાયકાકે બચન, સખિસે [૧૬.૧]

સિંહાવલોકનમેં ૧૭ [૧૭.૧]

**II. દ્વિતીય ભૂષણ : જાતિ પરત્વ સ્ત્રીસ્વરૂપ કથન.** (128-133)

[૧-૨૭] + [૧૬-૧] + [૧૭-૧, ૧૭-૨]

ચારની બર્નમ. (૧) [= ચારણ લોકોની સ્ત્રીઓનું વર્ણન]

રજપુતાનિ બર્નન (૨)

ખવાસની બર્નન (૩)

નાગરાની બર્નન (૪)

બામનિ બર્નન (૫)

બતિયાનિ બર્નન (૬)

ભટિઆની બર્નન (૭-૮)

લુહાની બર્નન (૯)

સોનારી બર્નન (૧૦).

કાયસ્થાની બર્નન (૧૧-૧૨) [= કાયસ્થ લોકોની? સ્ત્રીઓનું વર્ણન]

ભનશાલન બર્નન (૧૩-૧૪) [= ભણસાલી લોકોની? સ્ત્રીઓનું વર્ણન]

કુનબનિ બર્નન (૧૫)

માબનિ બર્નન (૧૬-૧૭) [= માળીઓની સ્ત્રીઓનું વર્ણન]

દર્જન બર્નન (૧૬) [૧૬.૧] [= દરજી લોકોની સ્ત્રીઓનું વર્ણન]

સુતારન બર્નન (૧૭) = [૧૭.૧] [= સુથાર લોકોની સ્ત્રીઓનું વર્ણન]

તેલન બર્નન (૧૭) = [૧૭.૨] [= તેલ વેચનાર લોકોની સ્ત્રીઓનું વર્ણન]

તંબોલન બર્નન (૧૮) [= તંબોળી લોકોની સ્ત્રીઓનું વર્ણન]

કોરન બર્નન (૧૯) [= કોળી/કોહલી લોકોની સ્ત્રીઓનું વર્ણન]
ખાતરન બર્નન (૨૦) [= ખત્રી? લોકોની સ્ત્રીઓનું વર્ણન]
છીપની બર્નન (૨૧) [= છીપા લોકોની સ્ત્રીઓનું વર્ણન]
આહિરનિ બર્નન (૨૨) [= આહીર/આભિર સ્ત્રીઓનું વર્ણન]
મેંમની બર્નન (૨૩-૨૪) [= મેમણ જાતિની સ્ત્રીઓનું વર્ણન]
બોરન બર્નન (૨૫) [= વહોરા કોમની સ્ત્રીઓનું વર્ણન]
નટિની બર્નન (૨૬-૨૭) [= નટ લોકોની સ્ત્રીઓનું વર્ણન]

**III. તૃતીય ભૂષણ : દેશ પરત્વ સ્ત્રીસ્વરૂપ કથન [ ૧-૧૬ ]** **(133-135)**

કચ્છની બર્નન (૧-૨) [= કચ્છી સ્ત્રીઓનું વર્ણન]
મારવાડ-મેવાડન બર્નન (૩)
પુર્બની બર્નન (૪-૬) [= પૂર્વ-પ્રદેશની - બિહાર, ઓરિસાની સ્ત્રીઓનું વર્ણન]
બંગાલની બર્નન (૭)
પંજાબની બર્નન (૮)
શીધની બર્નન (૯) [= સિંધી સ્ત્રીઓનું વર્ણન]
પારસન બર્નન (૧૦) [= પારસી સ્ત્રીઓનું વર્ણન]
મડમ બર્નન (૧૧-૧૨) [=Madame પશ્ચિમ દેશની સ્ત્રીઓનું વર્ણન]
યવની બર્નન (૧૩-૧૪) [= મુસલમાન સ્ત્રીઓનું વર્ણન]
ચીની બર્નન (૧૫)
હફસન (૧૬) [= એબિસિનિયન-હબસી સ્ત્રીઓનું વર્ણન]

**[ ઉપસંહાર + ૦.૧ + (૧.૬) ]** **(136)**

સ્ત્રીસંગ દુષણ [૦.૧]
ગ્રંથકો પ્રયોજન (૧-૪)
(કવિનું વતન વ.) (૫-૬)

------------------

[નકલ કરનારની નોંધ] **(136)**

कठीन शब्दोको कोश

શ્રી

પરમાત્મે નમઃ

અથ

# ॥ હીરાશૃંગાર ॥

## [ I. પ્રથમ ભૂષણ : પરીક્ષા, પરોક્ષ સ્ત્રીસ્વરૂપ કથન ]

॥ મંગલા ચરન ॥ કુંડલીઆ ॥

મંગલ નિધી પૂજન બિધી નારદ સારદ પા[1]ઈ,
તારો માત જસોમતી વ્યાપત દૂધ છિપાઈ,
વ્યાપત દૂધ છિપાઈ સોઈ પ્રભુ ઓર અજા[2]ગલ;
બિહરત રાધા પાઈ માનુ કરિ કરિનિઅન[3]ર્ગલ.
મનિ ભૂખનરૂખ છાઈ ગગન તન અંબર [4]પિંગલ,
તાય નાંય શિરકહુક રચત **હીરા** પઢ પિંગલ. ॥૧॥

(૧. પગ . ૨. બકરાના ગળાના આંચળ. ૩. બંધન રહિત. ૪. પીલાંપછ શાસ્ત્ર એટલે આ શાસ્ત્ર, છંદશાસ્ત્ર ભણ્યા પછી તર્ત જ કર્યો હતો.)

॥ દોહા ॥

સો પ્રભુને નર લોકમે કીને દોઊ પ્રકાર,
ભોગ વિરાગ તેં જીય કો હોત હેત સુખસાર. ॥૨॥
બૈરાગનમે [બી]રલે ભોગ હિ મે સબ લોગ,
રહે નિરંતર, યા હિતે  હોત નારિનર મોગ. ॥૩॥
રૂપ વેષ ગુન શીલતે દેશ દેશ કી નારી,
જાતિ જાતિ કી ભિન્નતા કહિ હૌ સબે વિચારી. ॥૪॥

**નાઈકા લચ્છન ॥ દોહા ॥**

જોબન રૂપ સપાનપત ગાનકો કર સંજ્ઞાન,
ચાતુરિ ધન સૌભાગ્ય સુખ-યુક્ત નાંઈકા જાન. ॥૫॥
સબ પદાર્થ જો કે બસે સો નાઈકા કહાઈ,
એક ઘર[ટ?] તિ હે સો તિયા કબહુ નાઈકા નાઈ. ॥૬॥
અબ જો મે બરનન કરો સો નાઈકાકી રીતિ,
ઓરતિયામે રસ નહી તામે કાવ્હૈં પ્રીતિ. ॥૭॥
બાલા વિરુદ્ધ કુરૂપનિ બિધવા દુખિનિ અજાનિ,
કોક કલાધન ચાતુરિ હીન બિરસકી ખાની. ॥૮॥
સતી એક પતિ સો અતી રતિ સુકિઆકી હોઈ,
પતિ તે એક ઉપપતી હિ સો રતિ પરકી+આકી હોઈ. ॥૯॥

વ્યાહિ બહોંત ઉપપતિ ન સો ખેલત કુ---- પરી
શામાન્ય વૈશા વ હૈ ધ[ન?] દેતા કી પ્યારી. ।।૧૦।।
અતિ દુલંભ સંસાર મેં પરકીયા હું કોઈ,
વેશ્યા કુલટાં સો ભરી સિગરો પૃથ્વી —ેઈ. ।।૧૧।।

**કવિત્વ જ્ઞાન બિન વ્યર્થતા ।। કવિત ।।**

કર કરે[1] ખેંચિપોંચી બાજુ બાજુ બંધ બાંધી,
કંઠ કંઠુલાહિએ હીર કે હાર ધરે હે,
શ્રુ[3]તિ મોતિ જોતિ મુખ સુંખ[4]માંસૌ એકમેક
ખેંચપેચ પાઘલાગ કલગી ઔ તોરે હે,
બાજ સાજ બગી બગોચેકુ સોસિપાઈ પાઈ
જાત જાત કંચનશી કંચની સો અરે હે
રાગ કી સુધાંઈ કવિતાઈ કી ચતૂરતાઈ
આઈના ઊદારતાઈ હોરે સો અહીર હે. ।।૧૨।।

(૧. કડાં. ૨. જલ. ૩. કાન. ૪. કાંતિ. ૫. ઘોડા. ૬. મધુરતાઈ)

**કવિકો આવશ્યક ।। દોહા ।।**

નક બેસર જહાં સો સબા ન કબેસર બિનુ નારિ,
નકબેસર જલ બિનુ ખુ- નકબેસર ગ સુરારિ. ।।૧૩।।

સ્ત્રીપુરુષકી સાથ પ્રીતી બર્નન ।। કવિત ।।

નાદે[1] મેં કુ[2]રંગ જેસે [3]દારમેં મૈં[4]તંગ જેસે,
— ગમેં પતંગ જેસે પં-[5]જમેં ભ્રંગ[6] જ્યો.
જાલમેં વિહં[7]ગ જેસે ઘરમે પ્લ[8]વંગ જેસે,
ગંડ[9]લમેં ગંગજેસે ફિરનમેં [10]અંગ જ્યોં.
કંડિ[11] મહિ —તનજેસે ચંબક પે લોહ જેસે
ન[12]—લિકાપે [13]કીરજેસે પુગી[14]યે ભૂજંગ જ્યૌં.
તેસે નરનારી મહી તન મન ધન હી સોં,
એક તાન લગી જાત કુવ્ય[15]પેં [16]કુલિંગ જ્યોં. ।।૧૪।।

(૧. રાગ. ૨. હરણ. ૩. લાકડું. ૪. હાથી. ૫. કમળ. ૬. ભમરો. ૭. પંખી. ૮. વાંદરો. ૯. ખાડો. ૧૦. પંખી. ૧૧. આંકડો. ૧૨. નળી. ૧૩. પોપટ. ૧૪. વાજું. ૧૫. માંસ. ૧૬. સીચાણો પંખી.)

**પરોક્ષતા સ્ત્રીકો સ્વરૂપ બર્નન. ।। કવિત ।।**

ફૈન[1] હિપે [2]પાન રાખે તાપે [3]મા — ગાન રાખે,
તાપે [4]બાન નાથ ન રાખે રંભા વિપરીતું હે.
તાઈ પે અપાર નિધી દ્વાર કે કપાટ દોઊ

તાકો અંત અજહું ના અજૈહું તે આતુ હે
તાપે રાખી કાંચની સો નાંચનિન અતિ અતિ
હરતિ મતી કી ગતી ધીર ન ધરતુ હે.
તાપે કેશંરી કિશોર કુદતહને કિરોર
તાઈપે કાઁશારશાહ પાર ન પરતું હે. ॥૧૫॥
તાપે ત્રિર્વલીકોપાન ખેંચત અઁપાનપાઁન
રહે ન સમાન માન મનકો હરતું હેં.
[૧૧]બરન બરન [૧૨]બર [૧૩]બસન [૧૪]દસન આલ
રન કે ધરનહાર [૧૫]બારન બસતું હેં.
તાઈપે લલિત લત્તા પલ્લવ અમુલ મુલ
મૂલ હિ સો ફૂલ ફૂલ લસતુ હસ્તું હે.
તાપે કબુ[૧૬] અબુઁજાત ભવંર અરર્બેરાત
[૧૯]બધુંક [૨૦]મધુક સુક મુક્ત ચુકતુ હે ॥૧૬॥
પ્રિય વાક આલવાલ કુંદકી કલીકિ કમાલ
મીન ધે [?]રૌ સાલ ઝાલ પંચબાન બાનકી
[૨૧]આવલી [૨૨]અલીકો [૨૩]ચાપ [૨૪]શાપ [૨૫]શાપ સુત [૨૬]આશ
આશ પાશ ચંદ સૌ ચાંદની અંદાજ કી.
કુંજ[૨૭] [૨૮]કચકંચનચંચલા અનંગ અંગરંગ
ઉપમા અનુપમા કહી બખાન ખાતકી
[૨૯]વજ કહે ચહે ગહેં નલહેસો કોનસંત
બિધના બંનાઈ ફાંસિ હે અજાત જાન હિ+ ॥૧૭॥

(૧. ફણા. ૨. પગપાન ઘરેણું. ૩. ઝાંઝર. ૪. માથું. ૫. બ્રમા [બ્રહ્મા]. ૬. શીંહ. ૭. તલાવ, ૮. ત્રણ વળદાર. ૯. વાયુ. ૧૦. વાયુ. ૧૧. અક્ષર. ૧૨. શ્રેષ્ઠ. ૧૩. વસ્ત્ર. ૧૪. દાંત. ૧૫. હાથી. ૧૬. શંખ. ૧૭. કમળ. ૧૮. અથડાવું. ૧૯. બંપોરીઆ ઝાડનું મુલ. ૨૦. મૌડું ફલ. ૨૧. પંક્તિ. ૨૨. ભમરો. ૨૩. ધનુષ, ૨૪. સર્પ. ૨૫. સર્પનાં બચાં. ૨૬. આશા. ૨૭. મંગળ. ૨૮. કમળ. ૨૯. **હીરો કવિ.**)

**સ્ત્રી કોં સ્વરૂપ બર્નન ॥ કવિત ॥**

મુખડી મધુરતાઈ મોહકી મરોરતાઈ,
નેન કી ઝકોરતાઈ સેનકી ગરૂરતા.
નાકકી શુબરતાઈ નથકસું ઝુલતાઈ
ઓઠકી અરૂનતાઈ દાંતકી દમકતા
ડીઠંકી ઢીઠાંઈતાઈ ગાલકી સુગોલતાઈ
કાનકી કોમલતાઈ બેંનીકો ગ્રંથનતાઈ
હાસ્યકી લલીતાઈ બેનંકી સઁલોનતાઈ
કુંચકી કઠોરતાઈ કરકી કરૂંરતા ॥૧૮॥
પ્યારી કો સુરૂપસિંધુ તામે માંનો તુંડ[૮] [૯]બીધું
અધર [૧૦]પ્રવાલ [૧૧]સીંધુ અમર કરતું હે
નેન મીન [૧૨]નાસા [૧૩]પુર છીપનકે બીચ મોતી
નાભી [૧૪]ભૌરી માનો જાજ મનકો હનતું હે

કુંચ દોને [15]નાક બંધુ કંપ[16] જ્યોં સેવાલ સ્નિગ્ધ.
ત્રિવલી તરંગ કટિ તટપે લસૂત હૈ
જોબનકી જોત બેલ બઢી જાત રેન દિન
[17]અગુરી કુરમ[18] કંબુ કઠ ધુનિ હોતુ હેં ॥૧૯॥
સરલ કવલ બદન [19]રદન કુંદનસે
મદન સનદ આનંદ [20]નકંદન હસે
ચંદ કે નંદન [21]બેદી ચંદકો [22]કહન બે નિ
ચંદન ગંડન સની ચાંદની બની લસે.
ખજન ગંજન અંજન રંજન કંજન સે.
ભજનલ જન જન મજ્જન અ જન સે
દગન મૃગન [25]મગ [26]મગન [27]ભૃગ ન [28]ભગ
[29]માર [30]માર ગત અન [31]ગનપનગનસે ॥૨૦॥
કરન કરન ફુલ તરૂન તરનિતુલ
તરૂનિ છબી તરંગી નીતરંગતરતે
મલિક[32] તિલક ઝલ કતિલ કુસુમનીક
ગુલિક[33] ચમકનથ [34]બીથનીમે ઝૂલતે.
અધર વિદ્રુમ[35] દ્રુમ[36] છંત[37]રહે ચુંબચુંબ
દેખત હે ધુમ ધુમ ધુમધામ બોલતે
કંઠ જુ કપોતપોત ભુખનકી જોત હોત
પ્રેમકો ઊધોત ઊર[38] ઊરજ ઊકસતે ॥૨૧॥
ભુજંગ ભૂજનીપર કંકન કિ કનિકળ
અમલ કમલ હું તે કરે[39]– તલકા મલં
સારિ કારિ જરકસિ દેહ દુતિઅર[40]કસિ
હાર વારિધારલસિ મોતી જોતિ વિમલં
ઊદર દરનાભિ સુંદર કંદર [41]અભ્ર
અંતરશંબર હર હરકૃત [42]શમલં
રસનામે નગજગ મગ ખગલેંગિ બેંગી[43]
તામે [44]મગી [45]મેંગી લગી [46]પગી સપરી મલં ॥૨૨॥

(૧. સુચના. ૨. દૃષ્ટિ. ૩. નિલજતા. ૪. ચોટલો. ૫. ગુંથણી. ૬. વેણ. ૭. સરસપણું. ૮. મહોડું. ૯. ચંદ્રમા. ૧૦. પરવાલુ. ૧૧. અમૃત. ૧૨. નાક. ૧૩. ફોરણાં. ૧૪. ભમરી. ૧૫. રત્નના પર્વતનો ભાઈ. ૧૬. ચોટલો. ૧૭. આંગડી. ૧૮. કાચબો. ૧૯. દાં.ત. ૨૦. સમુહ. ૨૧. ટીલી. ૨૨. રાહુ. ૨૩. માળ. ૨૫. ભીજાએલ. ૨૫. રસ્તો. ૨૬. આનંદીત. ૨૭. ભાંગવું. ૨૮. ઐશ્વર્ય. ૨૯. કામ. ૩૦. બાણ. ૩૧. સર્પ. ૩૨. કપાળ. ૩૩. મોતી. ૩૪. ગલી. ૩૫. પરવાળાં. ૩૬. ઝાડ. ૩૭. દાંતના આંકડા. ૩૮. કુંચ. ૩૯. હાથનું તલું. ૪૦. સૂર્યજેવી. ૪૧. વાદળુ. ૪૨. વેર. ૪૩. બીનડી. ૪૪. કોળાના બીજનો છોલેલો આખો ગર્ભ. ૪૫. મોંઘી. ૪૬. રસયુક્ત.)

॥ પુન દુમેલા છંદ ॥

કચ કુંડલિ મંડન શીર શશી
સુવિખંડન તુંડઅખંડ લસી
શ્રુતિ કુંડલ-મંડલ ગંડ પ્રભા

રસ ભાંડ[3] સુ ઓઠ [4]વિડંબ હસી
ભૂજદંડ કરીંદ્રકી સુંડ છબી
કંચ અંડ પ્રચંડ કલા વિલસી
રસકુંડ સું નાભી કમંડલુસે
કટિ પચ્છિમ ભાગ [5]દગંત કસી [૦.૧૬.૧]

(૧. નાગ. ૨. ખંડ. ૩. વાસણ. ૪. આડંબર. ૫. આંખના ખૂણા.)

**મુગ્ધા નાયકાકે બચન, સખિસે. ॥ કવિત ॥**

દેખત હી [1]કહિકાસે ભયે જ્યૌં[2] ક્રમુક જેસે
તાતે ભયે નિં[3]બુંકસેં તાતે બીલિ ફલસેં
તાહિતે શ્રીફલ ફલે તાતે તાલફલ તેસે
મનહું મનોજ કુંભ થાપહે નવલસે
આવે અબ પ્રીય આપ અપને દો હાથ હી તે
પૂજેંગેતો મહાં[5]નિધિ પાવેંગે અ[6]મલસે
જાબને મનોજનક ઓજ[7]નકી રોમ રોમ.
ધામધુમ છાઈ માઈ આઈ લોજ પ[8]લસે [॥૧૬.૧॥]

(૧. કળી. ૨.સોપારી. ૩. લીંબું. ૫. કામદેવ. ૫. મોટો ભંડાર. ૬. નિર્મળ. ૭. જોર. ૮. આંખનું મટકું.)

**॥ પુનઃ દુમેલા છંદ ॥ સિંહાવલોકનમે**

પટ ઘુંઘટ ઓરે[1] [2]પયાદેઘટા
ઘટ [3]હાટક [4]વુગ્મ ઊરોજ[5] છટા
છટકી મુખ ચંદકિ જોત[6]લટા
તટકી કચપાશ ભૂજંગફટા[7]
[8]ફટકીસિ હસી બસી હાસ્યઅટા
અટવી [9]અટતી [10]ઝટિતી પ્રકટા[11]
કટકી[12] કર [13]કોટિ કટાચ્છ [14]સટા
સટકી પટકી હૃદિ કામ[15]પટા [॥૧૭.૧॥]

(૧. પડદો. ૨. મેઘ. ૩. સોનું. ૪. બે. ૫.સ્તન. ૬. લટ. ૭. ફણા. ૮. ફટકડી. ૯. ચાલતી. ૧૦. ઝટ. ૧૧. પ્રકટ. ૧૨. વગાડી. ૧૩. હથેલી. ૧૪. સર. ૧૫. વસ્ત્રપડદો.)

*॥ ઈતી શ્રી હીરાશૃંગારે પરીક્ષા પરોક્ષ સ્ત્રી સ્વરૂપ કથન નામ પ્રથમ ભક્ષણ [?ભૂષણ] ॥૨॥*

-----

## [II. દ્વિતીય ભૂષણ : જાતિ પરત્વ સ્ત્રી સ્વરૂપ કથન]

### સ્ત્રીજાતીકથન સ્વરૂપ

### ચારની બર્નન. ॥ મદીરા છંદ ॥

ચારનિ બારનિ[૧] બારૂનિ[૨] આંખી ઊ
છારનિ બારિજસી[૩] હુલસી.
કારનિ મૂરતિ બરનિ મંગસૂ[૪]
ધારનિ અંગહિમે સરસી.
જારનિ દંદ બિડારનિ ફંદ ઊ
તારનિ પારનિ પાપરસી
મારહુકી રતિ કીરતિ હારનિ
પામરી પેરનિ નારનિસી. ॥૧॥

(૧. જુવાન. ૨. મદીરા. ૩. કમળ. ૪. સેંથો.)

### રજપુતાનિ બર્નન ॥ કુંડલિઆ ॥

રજપુતાનિ તાની તની સતન કસિ તને ઊતંગ
તનક તની તરૂનીમની બની ઠની સબ અંગ.
બની ઠની સબ અંગ આભરન સજગ જગોંનિ,
તજ તન લાજ તરંગ સુરત રસ રંગમેંદો નિ
મક્કરધ્વજ ભજ ભાવ બાનિ કોકિલાકિ ઠાંનિ.
દાની ગન કી ખાંની માનિ મન સુંદર કાંનિ. ॥૨॥

### ખવાસની બર્નન. ॥ કવિત ॥

ખવાસન સુવાસન મુહાસન કટાચ્છન
સુભાસન હુલાસન સુઆસન પ્રકાસનિ
ચલત અજા[૧] સનકી ચાલઈદરા સનસી
દ્યુતી જ્યૌં હુતાસનસિ ઊલાસન ઊપાસતિ.
શીતળ બરાસનસી ગાલતે પતાસનસી,
મોંહતે સરાસનસી[૨] કુપુરુસન ત્રાસનિ.
કોમલ કપાસનસી કુચ કલસનસી[૩]
શીશ હીતૈ સારી ખશી ભાવે ત્યૌં[૪] બીલાસની ॥૩॥

(૧. હંસ. ૨. ધનુષ્ય. ૩. કલશ. ૪. રમનારી.)

### નાગરાની બર્નન. ॥ કવિત ॥

નાગરી નગર પ્યારિ આગરી રૂપ કી ભારી.
ગાગરી ગુનકી સારી ઘાઘરી ઐ ઘુઘરી.
લપકી રહી હે અંગ કસેં નિ કસી ઊતંગ
અરૂન પતંગ રંગ સાચે માંહિકી ઢહી

અનિઆરી પનિયારી ઊજિયારી [૪]મતવારી
કજે[૫]રારિ કંજનકી પાખરી શી આખરી.
નાગરાની સુનીકાન જીય મિંન ઓર આંન.
દેખત હરત પ્રાન દર્સં[૬]તે કહાં કરી. ।।૪।।

(૧. મુખ્ય. ૨. કસ. ૩.અણીઆળી. ૪. મદવાળી. ૫. કાજરવાળી. ૬. ડસવાથી.)

**બામતિ બર્નન ॥ સવૈયા ॥**

બામિતિ દાં[૧]મિનિ [૨]ગામિનિ ભામિનિ
કામુકિ ભમિનિ ચાંદનિ જેસિ.
ધામનિ મેં ધસિ કામનિ મેં બસિ
કામન કી ફૂસિ બાત હી તેસિ.
ભાવનિ મેં ખસિ સારિ સુદેસી
દેખી બિધાં[૩]દ્ધરની ધરની [૪]હર
ની હરની મન દીરૈં[૫]ધ કેસી. ।।૫।।

(૧. વીજળી. ૨. ચાલનારી. ૩. દેવતાનું નામ. ૪. રહણી. ૫. લાંબા વાળવાળી.)

**બનિયાનિ બર્નન. ॥ કવિત ॥**

બનિયાની બની સુભગા તન તે.
અનજાની રતી રસ ઘાતનતે.
ધનિયાનિ ધનિકીં ભઈ તિન તેં
અભિમાનિ ગવારનિ સીમનતેં.
નશયાનિ ધુની સુરગાયન તેં
પર ભુખન પેરન જાનનતેં
ન અપાની કછું સબ બાતન તેં
છબિ છાઈ સુજોબન જો તનતે. ।।૬।।

**ભટિઆની બર્નન ॥ ચંચલા છંદ ॥**

ભટિઆની પાટિપારિ ના સુધારિબેનિઢારિ
સારી ચારિ હાથકી શિરૈ ઊરૈ કરૈ ધરૈ રિ.
ઘાઘરિ સુનેરિ ક્યારિ કેકિકીર ફૂલવારિ.
ચારિસો રૂપૈયનીકી ચાંદી પાય પાય ભારી ।।૭।।
રોરિ ખોરિ નોરિ ભોરિ હસ્તિશુંડ બાહુંદંડ
હસ્તિની સી હસ્તિચાલ ચંદ તેં પ્રચંડ તુંડ.
**નેનસેનમેન** એનગડ સર્કરા સુખંડ
કુચ કુંભ તુંગ રંભ રૂપકી ધટા ઘુમંડ ।।૮।।

**લુહાની બર્નન ॥ કવિત ॥**

લુહાનિ સુહાનિ મલિનિ સુમંદમતિ
ચલત ગયંદગતી ફટ્યોં નાક બારિતેં

ચોરતે ચોગુની બેરી દોદોપાયનિમેં પેરી
ચીથરાં લપેટ રાખે દુખ્યો પાવ ભારિ તેં.
ડિંઠોનાં[1] હજાર હાથ પાવ ઓર મુખ ચુંભે.
શ્રવન સુબરન તે ટૂટયા ઝાંલધારિતેં[2]
આંખનકો મીસ આંજયો બદન જયોં ઉર હાર.
લંગર મતંગજ કો ઢાંપ્યો મુખસારિ તેં ॥૯॥

(૧. ત્રાજવાં. ૨. કાનનું ઘરેણું.)

### સોનારી બર્નન ॥ કુંડલીઆ ॥

સોનારી સો નારિ તેં ન્યારિ સુનારિ પ્યારિ.
ત્યોં નારી બારિજમુખી બારિ કરત મનુહારિ.
બારિ કરત મનુહારિ ભારી સુરત સુખકારી.
ધારી સુરંગી સારિ કટારીસેં લોંચન ઢારી.
દેખનહારી સુચારિ નેંન તે અતિ રિઝવારી.
માનહું સુખ હી પિટારી, કામિ જનકી બટપારી ॥૧૦॥

### કાયસ્થાની બર્નન. ॥ ચોપાઈ ॥

કાયે[1]સ્થાસી કાયસ્થાની સુંદર [2]કાય સ્તની સુ[3]સ્થાની
ગાય રિઝાવત કોમલ બાની આયે[4]સમાંગત ફીર મુસક્યાની. ॥૧૧॥
સ્નેહનિકાય છાય ઊર ઝાની ધાય મિલત પાયરિઝાની
જાયમિલી હૈં તાય હેં જાની સુરત અધાય લેત ઊર આની ॥૧૨॥

(૧. હરડે. ૨. કાયા તથા સ્તન. ૩. સ્થાન સારૂં. ૪. રજા.)

### ભનશાલન બર્નન ॥ ચર્નાકુલ છંદ ॥

ભનત જું ભનસાલન સખિમાઈ
જો તિ ય અપનો જોબનપાઈ.
કંચન પાંચ શેર ન કમાઈ
સો નારી બંદરિકી નાંઈ ॥૧૩॥

### ॥ અલક છંદ ॥

ગોરિ તન મન ધન કો ચાહત
ભુખન બસન પહિર સબ જાનત
બનઠન કે પ્રીતિ તમ અતિઠાનત
માતેં પઢ ફીર બેટિ પઢાવત ॥૧૪॥

### કુનબનિ બર્નન ॥ દોહા ॥

કુનબનિ અનબનિ ધનિન તેં અનમનિ કઠિન તુ[?સુ?]ગાત.
ડોલત સદન નિબનનિં મે ચલત ખાતન અઘાત. ॥૧૫॥

### માલનિ. બર્નન ॥ સોરઠા ॥

માલતિ ગાબ સુભાલ માલ જાલ રચે ફુલકી.
ચાલત નેંન બિશાલ લાલન પાલન મેમકી ॥૧૬॥
બિરહ જ્વાલકી કામ ચાલશું ડાલકિ ચલનમેં
કરત નિહાલ હીં બાલ તાલ દેત પ્રીય લાલ કે ॥૧૭॥

### દર્જન બર્નન ॥ દોહા ॥

દરજન ગરજન દામકી પરજન[1] ઘટા સુઅંગ
વરજન[2] [3]તરજન કરત હેં ચઢત રતીરસરંગ ॥૧૬॥ [॥૧૬.૧॥]

(૧. વરસાત. ૨. ઠબકો. ૩. તિરસ્કાર.)

### સુતારન બર્નન. ॥ દોહા ॥

સૂતારન તારનતરન રતી તરંગિનિ પાર
ટારન મારન કિબ્યથા કારન મોહ અપાર. ॥૧૭॥ [॥૧૭.૧॥]

### તેલન બર્નન ॥ મદીરા છંદ ॥

તેલન મેલન કેલન[1] ખેલન
ચેલન[2] [3]ઝેલન મેં જબરી.
ગેલ[4] બોલન ગોરિન છેલન
ફેલન તેલન સેં કબરી[5].
બોર્જન[6] મેલન ઠેલન રેલન
હેલન ડોલન જ્યોં શબરી[7]
સાસન સાસન નાહન ભાસન
બેલન સી મત બે ખબરી. ॥૧૭॥ [॥૧૭.૨॥]

(૧. ક્રીડા. ૨. લોટવું. ૩. જીલવું. ૪. રસ્તા. ૫. ચોટલો. ૬. બોજો. ૭. ભીલડી.)

### તંબોલન બર્નન ॥ દોહા ॥

તંબોલન બોલન સલન લોલન ડોલન નેંન
છલન ખેલન ચલન તેં હિલન મિલન રતિએં ન ॥૧૮॥

### કોરન બર્નન ॥ ઈંદ્રવિજય છંદ ॥

કોરન ગોરન અંગ ઝકોરન
મૂખ કિ મોરન નેંન નિહોરે
ભોંહકી ઢોરન ચિંત કિ ચોરન.
જોરન પ્રીતમ ઠોરન ઠૌરે.
મે લિ અઘોરન મોરન ચોચન.
યોં ઝકઝોર ન ખોરન દોરૈ.
બોલન થોરન તોરન છોરન
મેંનહિ બેરસુ જ્યોં ઘનઘોરૈ. ॥૧૯॥

### ખાતરન બર્નન ॥ કવિત ॥

ખાતરનઅનખાત ઈતિરાધનિહિતેં
ધનિહિસોં ઊર ઝાત જાત ધન લેન કોં
સુંદર બસન ભાત બનઠન ધન તન
રતિરન ચાતના અઘાત રસ દેન કોં
માતકો સુહાતબાત ઊતર અનેક ભાતી
ઠોર ઠોર જન જન પેખત હે સેંનકો.
રેસમસિ રેસમ ઊખેરતહે રસમસી
કસ કસિબાંધિ ધસી લસિ સુખ ચેંનકો. ॥૨૦॥

### છીપની બર્નન ॥ સોરઠા ॥

છીપની દીપન દેહ રૂપ વીંપીન દિપિ ન સરિખી,
નેંન રતિ નકે મેહે સેત[૩] સારિ છિપ્રેંનગતી ॥૨૧॥

(૧. વન. ૨. વરસાત. ૩. સફેત. ૪. શીઘ્ર)

### આહિરનિ બર્નન ॥ સોરઠા ॥

આહિરનિ ગેંહિરનિરૂપ દહિદહિમહિમહિ ફીરન
તરનિ કીરન કો યુંપ માનહું અહિરાની અપર ॥૨૨॥

(૧. ધણી. ૨. થંભ. ૩. આયરાણી)

### મેંમની બર્નન ॥ દોહા ॥

મેંમનિ હેમનિ નથનિમેં પાવશેર ભર પ્હેરી
ઓઢત છોટી ઓઢની સુથન પાઈન ગ્હેંરી ॥૨૩॥
પ્રેમન તેં પ્યારી લગત આતખેમનિનગોડિ
નેંન નેંમની ધરત હૈં સુંદર કંઠ - ઠોડિ ॥૨૪॥

### બોરન બર્નન ॥ સોરઠા ॥

બોરન ગોરન ગાત મનચોરન જોરન રતી
પોરન બોલત ચાત ઝક ઝોરન દગ મન હરન ॥૨૫॥

### નટિની બર્નન ॥ દુમેલા છંદ ॥

નટિની કેંટિલી કટિપેં લપટી
પટકી લિઈ જાર ર્દજા કરની
[૨]પટિ કૂચ ઘટી [૩]ચિપટી ભૂકુટી
ત્રિંકુટી લંપટૂ પંટ મીંધરની.
બિધિ આસનમેં ઊલટી સુલટી
ઝર્પટી સીમટી ૨૫ ટીપરની
લટકી અટકી પટકી સરકી
હટેકી ઘટેકી ઠટેકી ટરેની ॥૨૬॥

(૧. ઝીણી વંકવાળી. ૨. કાંચલી. ૩. ચૌટી રહી. ૪. ત્રણ ઠેકાણે વળવાળી. ૫.મનોહર. ૬. વસ્ત્ર. ૭. ઝીણું. ૮. સેકેલાઈ. ૯. લપટી. ૧૦. છેટે જઈને. ૧૧. પની. ૧૨. ભાગીની. ૧૩. ટલીજનાર.)

॥ દોહા ॥

ભટકિ છટકિ ખટકિ ઢરી ફટકી સીદુતીલ તગાંત
મનસિ જ ભગસરસિજ દગન બેસરનાક સુભાલ ॥૨૭॥

*ઇતિ શ્રી હીરાશૃંગારે જાતિ પરત્વ સ્ત્રી સ્વરૂપ કથન નામ દ્વિતીય ભૂષણ*

---

## [ III. તૃતીય ભૂષણ : દેશ પરત્વ સ્ત્રી સ્વરૂપ કથન ]

### કચ્છની બર્નન ॥ ચર્મરી છંદ ॥

કચ્છની છબિ સવચ્છની મનરચ્છની રતિ યચ્છની
કચ્છની ચખમચ્છની વરલચ્છની પ્રિટા ઈચ્છની [પ્રિય ?]
અચ્છની સુવિવચ્છની દુખ તચ્છની ફૂલ વચ્છની
પચ્છની સુપ્રતચ્છની કટુ ભચ્છની વચ દચ્છની ॥૧॥

### દોહા

પત્તરિ કર કરન ચરન તેં છોટે કુચ રૂચી કારી
નેન બેનિ વપુ તે દિરઘ સુરત તુરત મનુ હારી. ॥૨॥

### મારવાડ-મેવાડન બર્નન ॥ ચર્ચરી છંદ ॥

મારવાડન કૂચ પાડન ઊડતા ડન મારની
દુઃખ ઝાડન સુખ બાઢન ગાલ ગાડન ધારની
ચાલ બારન બાર બરન લાજ કાઢન ભારની
કંજ લોચન લેંગી સોહન તુંડ મોહન ડારની ॥૩॥

### પુર્બની બર્નન ॥ દોહા ॥

પુરબનિ અપુરબનીમનો સુરબનિતા સિબિનીત
ઊરજની ઊકસતિ ક્રમુકનિ મુસકની કરનિઅનિત ॥૪॥
મોટી ઊદર ઊરકરચન અધરન તેં કિરની સિ
ફને હથેરી મુખ ચખનિ લઘુનરમ રૂઈનીસિ ॥૫॥

### ॥ ચર્નાકુલ છંદ ॥

પાપ કરિની સિનાક નથનિયાં
સારી લેંગી તન કસી અગિયાં
ભોંહ ધનુષ શિલિ મુખસી અખિયાં
ફરહરાત ચાદર જ્યોં પંખીયાં ॥૬॥

### બંગાલની બર્નન ॥ દંડક છંદ ॥

બંગાલની જંગાલની સાર તેં દેખત અંગની
બરગાલની બડે બાલની ગરે માલની ખચિનંગની.

વિન અંગિયાં બિન લેંગિયાં વપુ દૂતિયાં જ્યોં તરંગની
ગજ ચાલની સુભભાલની નરપાલની બનિ જંગની. ॥૭॥

**પંજાબની બર્નન ॥ દંડક ॥**

પંજાબની સંજાબની સારીપેં ચાદર ડારની
ચંદા¹ભમુખ ગંગા²ભરૂખ કંની³ભે⁴ચખ રસધારની.
રંભા⁵ભઊરૂ કુંભા⁶ભઊર મંદા⁷ભ તિલક લિલાટની
જા⁸લાભનથ વ્યા⁹લાભ કચ ¹⁰આલાપ પિક¹¹ સુખ કારની. ॥૮॥

(૧. ચંદ્રકાંતી જેવું મુખ. ૨. ગંગા જેવી. ૩. કમળ જેવું. ૪. આંખ. ૫. રંભા જેવી. ૬. કુંભ જેવી. ૭. શનિ જેવી. ૮. જાળ જેવી. ૯. સર્પ જેવી. ૧૦. બોલવું. ૧૧. કોયલ.)

**શીધની બર્નન ॥ સવૈયા ॥**

શિંધની મેનકે ધંધે¹ની અંધે²ની
બંધનિ મે પરબીન છબીલી.
સિંધુનિ સિંધુ ધુની ધુનિ જ્યૌં મિલે
ત્યોં રસ તૂરત માંહિ રસીલી.
રેધે³નિ દુખન કંધે⁴નિ ભૂખન
ગં⁵ધનિ ભાલ બની અં⁶બીલી.
⁷સીંધુનિ ઓઠ બડે ⁸ચખ ઝોટ
ઢહાવત માનકો કોટ હઠીલી. ॥૯॥

(૧. ધંધો. ૨. આંધળી. ૨. રાંધનારી. ૪. કાંધ. ૫. ચંદન. ૬. આલવીતરી. ૭. અમૃત. ૮. નેત્રના હીચક)

**પારસન બર્નન. ॥ કવિત ॥**

પારસન પારસમની સો દેહ દરસન
પરસન સુખબરસન ધરસન તેં
મન કરસન છબિ નથન નસન હીં તે
કરનમેં લટકન કરન કંચન તેં.
તામરસ સરસન લોચન રોચન ચિત
હરસન ધરસન રેસમ બસનતેં
આરસીસી ઝલમેલૈં સારસી સિચતૈં હિલૈં
નારસી મનોંડરાવની જબેરીસન તેં ॥૧૦॥

**મડમ બર્નન. ॥ કવિત ॥**

મડમ મધ્યઅતિ સુચ્છમ સુકટિ તટિ
ઝગમે લપટિ કધુ ઊર જહર સહીં,
જાનો આમકે પ્રવાલ ¹દલઔં અમલ મિં²હિં
ચંચલ જલમેં કલ³ધૌતકે કલસહિં
અંચલનિ મોતિન કિમાલ ફુલન કે ફબેહાર
મનોં મનોભવરતિ મંત્ર તે સુબસહિં

કંઠસુ કપોત ગોત કાન લટકન જોત
નાદ દીપક ઊધોત પંકજસે દસહિં ॥૧૧॥
બીચ [4]ઈંદ્રગોપ ઓપ તારકસું કોરઅ[5] સિ,
ધારન સિપની સુખદેંનિ મનહરનિ
ભ્રૂકુટી કુટિલ ધનુ તટલટક જ્યોં તુંન
અરૂન અધર દંત કુંદનકી કરનિ.
ગાલ જ્યોં ગુલાબ ફુલ તુંડ જ્યોં પુન્યો કો ચંદ.
તાપે આડયોં ચંદ ટોપિ બોલિ ફુલ ઝરનિ
સર્ગતેં જ્યૌં પૅરિ પૅરિ પરધરિ ખરિપાહિ
ધરિનરિ રૂપ ઝરી કેસર કે બરનિ. ॥૧૨॥

(૧. પાન. ૨. ઝીણું. ૩. સોનું. ૪. ચોમાસામાં થતો જીવડો, લાલ તથા લીલા રંગવાળો. ૫. તરવાર. ૬. પરી. ૭. પડી.)

**યવની બર્નન. ॥ દુમેલા છંદ ॥**

યવની નવનીતનસી તન કોમલ
શીતલ સેત સુગંધભરી,
દેવની દુખકી ભવની સુખકી
રવની રૂપકી કવનિ કબરી,
મુખચંદ્રપ્રભા ચખકંજછટા.
ભ્રૂકુટી ધનુ ગાલ લય બીથુરી.
અધરાનિહિ પ્રાનસુ ભુખનકા
ન બેસરનાકનિ જ્યોં બિજુરી. ॥૧૩॥
અંગુરી મંદરી કરિ નૂપુરલંગર,
સુંથન પાયચલી જ્યું કટી.
અંગીયા ઝગુલી ઊજરી બગુલી.
સસુઓઢની બારિક ભાતિ જરી
કુચ કોરનિ ઉપર દેખન માલ
સુટી દુલરોતિલરી સુધરી
દનુજી **સુનિકાનસુઓરમાન**
યહી મૃગલાની ખજાનિખરી. ॥૧૪॥

**ચીની બર્નન. ॥ દોહા ॥**

ચીની ઝીનિ પગ દગનતેં અલક પલક રૂમલીક
લંબે સુચ્છમ આભરન બસન દસન છબિનીક. ॥૧૫॥

**હફસન બર્નન. ॥ દોહા ॥**

હફસન દસનન સન નયન બદન અધર આકાર
ભોરી કારી કાકસી ખડે ભેડ સે બાર. ॥૧૬॥

*ઈતી શ્રી હીરાશૃગારે દેસપરત્વ સ્રીસ્વરૂપ કથન નામ તૃતીય ભૂષણ ॥૩॥*

-----

**સ્ત્રી સંગ દુષણ ॥ કબિત ॥**

દેખિ પરતિઆ અંગ ચિતમેં બઢ્યો અનંગ
અંગમેં ભયો તરંગ કબે અંગ સંગ વ્હૈ
દીનરાત ભયો ધ્યાન ભૂલ્યો જ્ઞાન ખાન પાન
કરકે જતન મિલ્યો જેસે આગી ભૃગ વ્હૈ
પાછેં તે સોંચન લાગ્યો જેસે સુપનેં તેં જાગ્યો
બુરો ભયો કામ જાતે દામ માન ભંગ વ્હૈ.
**વજૂ** કહે બારબાર આગે તે ન ક્યોં બીચાર
યહ નીરધાર પાર નાર બ્રમરંગ વ્હૈ. [૦.૧]

**ગ્રંથ કો પ્રયોજન ॥ દોહા ॥**

સંવત શશિ શશિ અંક શશિ તામે યહ શૃંગાર
**હીરાને** કીનો પ્રથમ કવિતાકો વ્યોહાર[ત્યો?] ॥૧॥
વસત હી **અમદાવાદ** મેં મનમેં બઢ્યો તરંગ
કરી હો અબ કવિતા કછુક રશ શૃગાર રતિ રંગ ॥૨॥
તાતે કીનો ગ્રંથ યહ મનને આયો ત્યોઈ
તન તે અનુભવ નાં કીયો ધ્રુવ ગિનિયો સબ કોઈ ॥૩॥
મેરો મન મ્હેં હરી ભક્તી પર માનત હે અતી મોદ
તઊ બલવંત મનોજને કીનો આપ વિનોદ ॥૪॥

**હરગીતિ છંદ ॥**

**દ્વારાવતી** તેં પૂર્વ કોશશીતેર **મોરબી**
યહ ગામકો **બનિયા શ્રીમાળી શાહ** કરકે ભોકબી ॥૫॥
જિનધર્મ **કાનજી** પૂત **હીરા ચંદ વૈષ્ણવેન** યહી
શૃગાર સ્ત્રીતનુરૂપ લચ્છન લચ્છતે પ્રકટ્યોં બહીં ॥૬॥

***ઈતિ કવિ હીરાચંદકૃત હીરાશૃગાર.***

*समाप्त संपूर्णम: दा. हरजीवन जी उदयराम*
*नकल उपरथी नकल उतारी छे. मुकाम.* ***कोलकी.***
*जे वांचे तेने न्मस्कार संवत १९३८ पोश वद ६ मंगलवार*

----------------

# મુખ્ય સંદર્ભ-ગ્રંથસૂચિ

**(૧) English Abbravitions**

| | |
|---|---|
| Ind. Ant. | Indian Antiquary |
| Ind. St. | Indische Studien, (Indian ancient works' studies-series started by A. Weber.) |
| Kl. Sch. | Kleine Schriften. (Copy of research articles of well-known German Indologists Collected together in book-form by the Glasenapp-Trust) |
| WZKM. | Wiener Zeitschrift fir die Kunde des Morgenlandes. (Research Jour nal of Vienna for the Oriental studies.) |
| ZDMG. | Zeitschrift der Deutschen Morgenländischen Gesellschaft. (Research Journal of the German Oriental Society.) |
| ZII. | Zeitschrift far Indologie and lranistik. (Research Journal for Indology and Iranian Studies.) |

**(૨) મુખ્ય સંદર્ભ ગ્રંથો**


આલ્સડોર્ફ. (૧૯૪૩) લુડવિગ આલ્સડોર્ફ ( Ludwig Alsdorf). Die Pratyayas. Ein Beitrag zur indischen Mathematik. (A contribution to the Indian Mathematics) ZII. 9. પા. ૯૭-૧૫૭. Kl. Sch-પા. ૬૦૦-૬૬૦.

કીલહોર્ન. ફ્રાન્ઝ કીલહોર્ન (Franz Kielhorn). Ind. Ant. 1884. પા. ૨૨૮ (?)

પાઠક. રામનારાયણ વિશ્વનાથ પાઠક : પ્રાચીન ગુજરાતી છંદો (એક ઐતિહાસિક સમાલોચના) : ગુજરાત વિદ્યાસભા - અમદાવાદ, પહેલી આવૃત્તિ. ૧૯૪૮.

યાકોબી ૧૮૮૪. હેરમાન યાકોબી (Hermann Jacobi) Über die Entwicklung der indischen Metrik in nachvedischer Zeit. (On the development of the Indian metrics in the post-Vedic time.) ZDMG 38. પા. ૫૯૦-૬૧૯. Kl. Sch. પા. ૧૪૩-૧૭૪.

—— ૧૮૯૧. હેરમાન યાકોબી....On Indian Metriks. WZKM.5. પા. ૧૪૭-૧૫૩. Kl. Sch. પા. ૧૨૭-૧૩૩.

—— ૧૯૨૩. હેરમાન યાકોબી...Zur Frage nach dem Ursprung des Apabhram'sa. (On the problem of the origin of the Apabhramsa.) Festschrifi Jacob Wackarnagel, Gottingen. પા. ૧૨૪-૧૩૧. Kl. Sch. પા. ૩૬-૪૩. (આ લેખ જર્મનીની જૂની ગોથ લિપિમાં લખાયેલો છે.)

—— ૧૯૨૧, હેરમાન યાંકોબી...edited. Sanatkumaracaritam, ein Abschnitt aus Haribhadras Neminathacaritam. Eine Jaina Legende in Apabharaṃśa. (सनत्कुमारचरितम् , a section from હરિભદ્ર's नेमिनाथचरितम् . A Jaina Legend in Apabhraṃśa.) Introduction (પા. VI - XXXV), Grammar (પા. ૧-૧૯), Meters (પા. ૨૦-૨૫). Text, Translation and Glossary, Different Read-

ings, etc. (all in German). Abhandlungen...Bayerischen Akademie der Wissenschaften... XXXI Band. 2. Abhandlung. Munchen.

—— ૧૯૩૩. હેરમાન યાકોબી Über die ältesten indischen Metriker and ihr Work. (On the oldest Indian writers on the Metrics and their works.) Indian Linquistics 3. પા.૧૩૧-૧૪૧. Kl. Sch. પા.૧૩૪-૧૪૪.

વેબર. આલ્બ્રેશ્ત વેબર (Albrecht Weber) Ind. St. 8. પા.૧૬૨

શૂબ્રીંગ. ૧૯૨૧. વાલ્ટેર શૂબ્રીંગ (Walther Schubring) Beiträge zur indischen Verskundo. Ein Seitenstück zum Prakṛta Pingala. (Contributions to the Indian Meter's study. A side-piece for the Prakṛta-Pingala.) ZDMG. 75, પા.૯૭-૧૨૧. Kl. Sch. પા. ૨૪૯-૨૭૩

—— ૧૯૨૬. વાલ્ટેર શૂબ્રીંગ...Prakrit Dichtung und Prakrit-Grammatik. (Prakṛt Poetry and Prakṛt-Grammar.) Festgabe Hermann Jacobi, ed. Willibald Kirfel, Bonn. (Beiträge zur Literaturewissenschaf und Giestesgeschichte Indiens). પા.૮૯-૯૭; K. Sch. પા.૩૦૦-૩૦૮.

**અહેવાલ**

# સંતકવિ છોટમની ૨૦૨મી જન્મજયંતી

◆

ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી

ગુજરાતના સુપ્રસિદ્ધ સંતકવિ છોટમ (છોટાલાલ કાલિદાસ)ની ૨૦૨મી જન્મજયંતી એ સંતકવિના વતન ગામ મલાતજ (તા. સોજિત્રા, જિ. આણંદ)માં ૧૨મી એપ્રિલ, ઈ.સ. ૨૦૧૪ના રોજ ધામધૂમથી ઊજવાઈ.

સંતકવિ છોટમ મલાતજના સાઠોદરા નાગર કુટુંબના હતા. એમની ધાર્મિક રચનાઓ સમસ્ત ગુજરાતમાં પ્રસરી હતી. 'ધર્મપ્રકાશ' અને 'બુદ્ધિપ્રકાશ' જેવાં સામયિકોમાં, 'શ્રી છોટમ કાવ્યસંગ્રહ' અને 'છોટમની વાણી' ગ્રંથ ૧ થી ૩ જેવા ગ્રંથોમાં પ્રકાશિત થઈ હતી. છોટાલાલ પોતાની કૃતિઓમાં 'છોટમ' નામ પ્રયોજતા તેમના નાના ભાઈ શ્રી વ્રજલાલ કાલિદાસ શાસ્ત્રી ગુજરાતીના આદ્ય ભાષાશાસ્ત્રી હતા ને તેઓ વિવિધ વિદ્યાઓનું અધ્યયન કરી અમદાવાદમાં ગુજરાત ધર્મ સભા તથા ગુ.વ.સોસાયટી જેવી સંસ્થાઓમાં સક્રિય સેવા આપતા હતા. તેઓ પોતાના વડીલ બંધુ છોટાલાલને સંસ્કૃત સાહિત્યની વિવિધ કૃતિઓથી માહિતગાર કરતા.

સંતકવિ છોટમની ૨૦૨મી જન્મજયંતી પ્રસંગે મલાતજના ભાવિક શ્રી શૈલેશ પરમારે સંતકવિ છોટમના વિવિધ કૃતિઓ સંકલિત કરી ''શ્રી છોટમ કવિની સુબોધ વાણી'' પુસ્તક પ્રકાશિત કરેલું. એમાં સંતકવિ છોટમની ૧૪ ધાર્મિક કાવ્યકૃતિઓ સંકલિત કરાઈ છે. એનું પુરોવચન શ્રી વ્રજલાલ શાસ્ત્રીના પૌત્ર પ્રા. હરિપ્રસાદ શાસ્ત્રીએ લખ્યું છે. આ સમારંભમાં મલાતજનાં વિવિધ મંડળોના હોદ્દેદારો તથા આમંત્રિત ગ્રામજનો, તેમજ અતિથિઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે તેઓ પોતાના કુટુંબીજનો સાથે સમારંભમાં ઉપસ્થિત હતા.

આ સમારંભ શ્રી રણછોડજી મંદિરના પરિસરમાં ઉજવાયો હતો ને એની સમીપમાં ગ્રામજનોએ સ્થપાયેલ સંતકવિ છોટમની આરસપહાણમાં કંડારેલી અર્ધપ્રતિમાના પૂજન-અર્ચનથી સમારંભનો આરંભ થયો હતો.



વડનગરના બૌદ્ધસ્તૂપ
(જુઓ ડૉ. ભારતી શેલતનો લેખ)



ધોળાવીરા - જળાશય
(જુઓ ડૉ. ભારતી શેલતનો લેખ)



ચિત્ર નં. ૬ સુવર્ણમુદ્રા - વડનગર
(જુઓ ડૉ. ભારતી શેલતનો લેખ)



ચિત્ર નં. ૭ માટીનું પક્વ મુદ્રાંક (બ્રાહ્મીલિપિ) અને રોમન સિક્કાની છાપ
(જુઓ ડૉ. ભારતી શેલતનો લેખ)



ચિત્ર નં. ૪ વડનગરનો બૌદ્ધવિહાર (જુઓ ડૉ. ભારતી શેલતનો લેખ)



ચિત્ર - ૭ (જુઓ ડૉ. મહેન્દ્ર ભાનાવતનો લેખ)



Fig. 1 - Nirṛti, Rajnandgaon, C.G.
C. 10th-11th century (See Dr. A.L.Srivastava's article)



Fig. 2 - Western wall, South west (See Dr. A.L.Srivastava's article)
(Brahmā Temple, Khedbrahma)



◀ Fig. 3 - Female deity on the north west corner of western wall (Brahmā Temple, Khedbrahma) (See Dr. A.L.Srivastava's article)



Fig. 4 - Gaja-Laksmi anointed by Eight elephants Bundi, Rajasthan, Medieval pd. (See Dr. A.L.Srivastava article) ▶











બ્રહ્માજીની સૈકાઓથી અડધી દટાયેલી મૂર્તિઓ

ફોટો : ડાહ્યાભાઈ પટેલ (૧૯૬૫)

ફોટો : સુભાષભાઈ વ્યાસ

ફોટો : ડાહ્યાભાઈ પટેલ (૨૦૧૩)

સાવિત્રી

સરસ્વતી

ફોટો : ડાહ્યાભાઈ પટેલ
(જુઓ નવીનચંદ્ર ગિ. પારેખ અને ડાહ્યાભાઈ બી. પટેલનો લેખ)